કુમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
વર્ષ એકોતેરમું
ઑગસ્ટ ૧૯૯૮
સળંગ અંક ૮૪૭
સંસ્થાપક : રવિશંકર રાવળ
તંત્રી : ધીરુ પરીખ

દત્તિયા પાસે સોનગીરનાં જૈનમંદિરોની શ્રેણીમાંનું મંદિર
ફોટો : લાલા દીનદયાલ (૧૮૮૨)





યશોદા અને કૃષ્ણ
[રાગ આશાવરી, આશરે ઈ.સ. ૧૭૦૦]

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૧મું — અંક ૮

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.

અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.

લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.

સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.

ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

ઑગસ્ટ — ૧૯૯૮

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૪૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩-૦૦

વાચકો લખે છે

તપોપુત મુ. શ્રી બચુભાઈને

સ્વ. મુરબ્બી શ્રી બચુભાઈ જન્મશતાબ્દી વિશેષાંક વાંચી ખૂબ જ ઊંડી લાગણીથી પ્રસન્નતા જઈ. એમની સાથે મારો આત્મીય નિકટ સંબંધ હતો. એમણે છપ્પન વર્ષ સુધી એક આસન પર બેસી રાતદિવસ 'કુમાર' દ્વારા ગુજરાતની પ્રજાનું ઘડતર કર્યું છે, એ અવિસ્મરણીય છે. ખૂબ જૂના હિન્દી સામયિક 'સરસ્વતી'ના સંપાદક જેઓ એ સમયે ૮૦ વર્ષના હતા તેમણે શ્રી બચુભાઈ પ્રત્યે ખૂબ આદર વ્યક્ત કર્યો હતો.

આ અંકમાં શ્રી બચુભાઈના સ્વયં હસ્તે લખાયેલા લેખો વાંચ્યા. આ લેખો, વ્યાખ્યાનો અને અન્ય સાહિત્ય એમની શુદ્ધ આંતર દૃષ્ટિને વ્યક્ત કરે છે. એમની નિષ્ઠા, શ્રદ્ધા અને પરિશ્રમ ભવિષ્યની પ્રજા માટે આદર્શરૂપે સિદ્ધ થશે.

એમણે કાવ્ય, બુધવારની કાવ્યસભા, કલા, સાહિત્ય, ગુજરાતી પત્રકારત્વ, સચિત્ર પત્રકારત્વ, પ્રેસ-પ્રૂફ રીડિંગ, પુસ્તકનું રૂપવિધાન, લિપિનો વિકાસ, એ બધા લેખોમાં એમની દૃષ્ટિ, આદર્શ અને સાચું દર્શન સ્પષ્ટ નજરે પડે છે.

એમણે કેટલાંક અંગ્રેજી પત્રો, સામયિકો અને વિશેષ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો, વાંચ્યા હતા અને એના નીચોડરૂપે 'કુમાર'નું સર્જન કર્યું હતું. જીવન ખૂંપી ગયું પરંતુ એનો થાક કે વિશ્રામ એમણે વિચાર્યાં નથી. એમના લેખો ગુજરાતના સાંસ્કૃતિક ક્ષેત્રે જીવતો જાગતો ઇતિહાસ છે. આ વિશેષાંકના અમુક લેખોનો બીજી ભાષાઓમાં અનુવાદ થવા જોઈએ. વિશેષ કરી હિન્દી ભાષામાં અવશ્ય થવા જોઈએ જેથી એમની ઊંડી દૃષ્ટિનો પરિચય થાય અને તંત્રીઓને નવી, સાચી દિશા મળે. આ ગ્રંથ ગુજરાતની દરેક લાયબ્રેરીઓમાં, શિક્ષણ સંસ્થાઓમાં અને સંસ્કારપ્રિય વ્યક્તિઓ પાસે અવશ્ય હોવો જોઈએ.

આ ગ્રંથનું સંપાદન કરનાર તંત્રી શ્રી ધીરુભાઈ પરીખને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છે અને 'કુમાર'ના ડિરેક્ટરો પ્રતિ આભાર વ્યક્ત કરું છું.

આવી વ્યક્તિ યુગો પછી વિરલ જન્મે છે. ગુજરાતનાં સંસ્કાર, સાહિત્ય અને કલાક્ષેત્રે એમનું ઋણ ભુલાય એમ નથી. ગુજરાતની પ્રજા એમની ઋણી છે.

- વાસુદેવ સ્માર્ત (સુરત)

'કુમાર' ઘણાં વર્ષોથી વાંચું છું. વાંચતાં વાંચતાં ઘરડો થયો. પણ કુમાર તો પુનઃ કુમાર સ્વરૂપે જ પ્રગટ્યું. હજી તેની તાજગી, થનગનાટ, નાવીન્યથી જિજ્ઞાસા પ્રેરક રહ્યું છે. સ્વ. બચુભાઈ રાવતની ઉમદા સ્મૃતિ સાચવીને સાચું તર્પણ કર્યું છે. 'કુમાર'ને માસિક પ્રકાશન તરીકે જોતો નથી. એક યાદગાર ગ્રંથ તરીકે તેનું આગવું મૂલ્ય છે. જે પહેલાં પણ હતું તે હથોટી આત્મસાત્ આપે કરી છે, જેનો લાભ અમને વાચકોને મળે છે. 'કુમાર' વાંચ્યા વિના તો રહેવાતું નથી. ન મળે તો સહેવાતું નથી. એ પરિસ્થિતિમાં આયખું કાઢીએ છીએ, તોય અમારું 'કુમાર'તો કુમાર જ રહેશે. તેને વૃદ્ધત્વ ના આવે.

- શંભુભાઈ યોગી (મણુંદ)

'કુમાર' એ ખરેખર પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. પૂ. બચુભાઈ રાવત જન્મશતાબ્દી વિશેષાંક ઘણો જ માહિતી સભર રહ્યો. 'લિપિનો વિકાસ' લેખ વાંચી બચુભાઈ રાવતની કલમનો અનુભવ માણ્યો. 'કુમાર'નો દરેક અંક પોતાની વિશિષ્ટ મહેક પ્રસરાવે છે. અમારા જેવા યુવા વાચકો માટે કુમાર વાચનની પિપાસા સંતોષે છે. 'સ્થિર નદી, સરતાં નીર' લેખમાં લેખિકાનો પ્રવાસ-અનુભવ વાંચવાની મજા આવે છે.

- વિજયસિંહ ડી. ઝાલા (વિજયનગર)

'કુમાર' અંક ૮૪૪માં એમ. એસ. શુભલક્ષ્મી પરનો સુશ્રી કમલા પરીખનો લેખ વાંચતાં કેટલીક જૂની યાદો હૈયે ચઢી આવી. સન ૧૯૪૭માં પૂના (પૂણે)માં, અભ્યાસના ત્રીજા વર્ષ દરમિયાન, 'મીરાં' ચિત્રમાં શુભલક્ષ્મીનાં ભજનો સાંભળેલાં. તેનાથી પ્રભાવિત થઈ, તેની રેકર્ડો (ડિસ્ક) ખરીદી. તેમાંથી ચારેક જેટલાં કંઠસ્થ કરેલાં. આ ભજનો ભક્ત-વિદ્વાન અને સંગીતજ્ઞ દિલીપકુમાર રાયના સંગીત-નિર્દેશન હેઠળ, એમની તર્જો મુજબ, ગવાયેલ હોઈ તેની ગાનરીતિ મેવાડી ન હોતાં બંગાળી કીર્તનકારોની છે. શુભલક્ષ્મીના ગાનમાં આથી કર્ણાટક સંગીતનો ઝંકૃત સ્વર અને બંગાળી ભાવુક્તા સંમિલિત થયાં છે : અને તેથી તેમાં માધુર્ય, આધ્યાત્મિક ભાવ અને ઊર્જસ્વિતાનું અદ્‌ભુત મિશ્રણ થયું છે. સન ૧૯૭૦ના અરસામાં વાય.જી.દોરાઈસ્વામીએ મને સદાશિવમ્ તથા એમની મારફત શ્રીમતી શુભલક્ષ્મીને મળવાની ગોઠવણ કરી આપેલી. શુભલક્ષ્મીએ (તે સમયે તો તાજેતરમાં જ) તેમને ફિલિપીન્સથી મળેલો મોટો (પચીસેક તોલાનો) સુવર્ણચંદ્રક મને બતાવેલો, અને ચાંદીના કટોરામાં કેસરી દૂધ પાયેલું એવું સ્મરણ છે. પણ તેઓ અંગ્રજી કે હિંદી બોલી શકતાં નહીં અને મને તામિલ આવડતું નહોતું, એટલે સંગીત સંબદ્ધ વિશેષ ચર્ચા નહોતી થઈ શકી. એમની સાથે મીરાંનાં ભજનોનો રિયાઝ કરવાની વાત જરૂર થયેલી, જે માટે તેમણે સંમતિ આપેલી. પછી બે-એક દિવસમાં જ મારે મહીસુર જવાનું થતાં, વાત બની શકી નહીં. અને બીજે વર્ષ ગયો ત્યારે તેઓ પ્રવાસમાં નીકળી ગયેલાં.

પ્રસ્તુત અંકમાં 'કેરી'વિષે શ્રી મનસુખલાલ સાતાનો માહિતીપ્રદ લેખ પણ વાંચ્યો. સન ૧૯૫૪-૫૫માં બાગાયત સંશોધનમાં પડ્યો હતો, ત્યારે આમ્રફળને શોધનો વિષય બનાવી, લગભગ ત્રણસોએક જેટલી, ભારતના જુદાજુદા પ્રાંત-પંથકોની આંબાની નામી જાતો

(અનુસંધાન પૃ. ૬૧૬)

નાહી રહ્યું વન ! / ભાનુપ્રસાદ પંડ્યા

[ગાન]

સરોવરમાં નાહી રહ્યું વન!
કૌતુકથી એનાં શાં માથાં ધુણાવતો
રમતો પ્રભાતી પવંન!
સરોવરમાં નાહી રહ્યું વંન!
વન ને પવનની ધીંગામસ્તીથી દૂર
ખૂલી ગઈ ઈશ્વરની આંખ,
પૂરવમાં ઝળહળતી ઊડીને આવતી
સૂરજની સોનેરી પાંખ!
જળના અંઘોળથી વનતણે અંગ-અંગ
ખીલે ઉમંગ કે સુમંન?
સરોવરમાં નાહી રહ્યું વંન!
પલળ્યાં કે શું - માની તરુવરની ડાળેથી
ઊડીને ભાગ્યાં સૌ પંખી,
જળનાં યે મીન રહ્યાં ઊછળતાં સરોવરથી
એકાએક નાસવાને ઝંખી!
પ્રથમીની ચંચલતા ઉપર એક ચૂપચાપ
ઝૂક્યું છે થીર ત્યાં ગગંન!
સરોવરમાં નાહી રહ્યું વંન!

એની સ્મૃતિમાં / ભગીરથ બ્રહ્મભટ્ટ

[ગાન]

એક બપોરે કોમળ છાંયો સાંજ બનીને ઢળી ગયો,
નાનો અમથો ઝીણો તણખો વડવાનલમાં ભળી ગયો.

પહાડ ઉપરથી ઝાડ પડ્યાં કૈં,
ફૂલો ઝૂરે ઝીણું,
આંખોમાં અંધારાં ખટકે,
કચ્ચર જેવું તીણું;

માળીથી પણ ના જીરવાયો એક બગીચો બળી ગયો!

કેમ આટલા પવનવેગથી
બપોરે દડબડ દોડી ?
શણગારેલી ચમક ચાંદની
કોણે તોડી-ફોડી?

જળપરપોટો જળનિધિમાં ઊંડે ઊતરી ગયો!

શું થયું ? / ગીતા પરીખ

[ઝૂલણા]

એ સમી સાંજરે
ક્ષિતિજને આંગણે
રાત ને દિવસ જ્યાં
બેઉ ભેગા થયા....
બેઉ ભેગા થતાં
સ્થાપવાને મથ્યાં
રાજ્ય પોતાનું ત્યાં
(માત્ર પોતાનું) પણ
રાત્રિ-અંધારમાં
શું થયું તે કળાયું નહીં.
કે અહો પૂર્વ-આકાશમાં
વ્હેલી પ્રાતઃતણા મૃદુલ અજવાસમાં
બેઉના મેળનો સૂર વાગ્યો
ને અહો
સાંજની સ્વર્ણ ગોરજ
પલોટાઈને પ્રગટી પરભાતના
દિવ્ય ઓજસ્ ભરેલા ગુલાલે !

જિંદગી છે! / વિષ્ણુ પટેલ

[ગઝલ]

બને કે ભટકવું પડે, જિંદગી છે!
અને તોય ટકવું પડે, જિંદગી છે!

હજુ તો ઉપાડ્યું જ હો ગીત ત્યાં તો
અચાનક અટકવું પડે, જિંદગી છે!

કદી મંચ પરથી બહાનું બતાવી
સમયસર છટકવું પડે, જિંદગી છે!

કરી વ્હાલ કોરેલ હોય શિલ્પ તો પણ
અરે ખુદ પટકવું પડે, જિંદગી છે!

ભટકવું - અટકવું - છટકવું થતું રહે;
રદીફ થૈ લટકવું પડે જિંદગી છે!

જોયું હતું / હરદ્વાર ગોસ્વામી

[ગઝલ]

મેં કરી નીચે નયન જોયું હતું,
મેં નવી રીતે ગગન જોયું હતું.

કાવ્ય-સર્જનનું ઇજન જોયું હતું,
ક્રૌંચનું છેલ્લું સ્તવન જોયું હતું.

બાગનું રડતું વદન જોયું હતું,
સાંજના ખરતું સુમન જોયું હતું.

તારા ચ્હેરામાં મહોરું છે જરૂર,
હાસ્યની પાછળ રુદન જોયું હતું.

આજ લકવાગ્રસ્ત હાથોમાં અમે
આંગળી વચ્ચે કવન જોયું હતું.

સ્પર્શથી વંચિત રહેલા હાથમાં
વજ્ર શું ગુલનું વજન જોયું હતું.

શક્ય છે તો હોય ઘર 'હરદ્વાર'નું -
તેં હવાનું ક્યાં સદન જોયું હતું!

માનવ થાઉં તો ઘણું

'તમે તો દેશના વડાપ્રધાન છો, મારે આપને મળવા આવવું જોઈએ.'

— સુધીર દેસાઈ —

અંગ્રેજો આપણા દેશમાં આવ્યા વ્યાપાર કરવા અને ધીમે ધીમે રાજ્યકર્તા બની ગયા. રાજ્યકર્તા બન્યા એનાથી આર્થિક નુકસાન તો થયું પણ સૌથી મોટું નુકસાન જે ૫,૦૦૦ વર્ષમાં નથી થયું તે આપણી સંસ્કારિતાનું ધોવાણ થયું તે છે.

આપણી ભારતીય સંસ્કૃતિએ માનવ-વ્યવહાર માટેના કેટલાક નિયમો બનાવ્યા જેને પરિણામે માનવી સુખી થઈ શકે અને આપણું જે સુખ બીજાને વાગે તે સાચા અર્થમાં સુખ ના કહેવાય. વળી માનવ માત્ર સમાન. મોટાને માન આપવું એ દરેકની ફરજ છે. એ જ સંસ્કારિતા છે. સામો માનવી કોઈ પણ ક્ષેત્રમાં મોટો હોય એટલે એ માનનો અધિકારી કહેવાય, પછી ભલે એ ક્ષેત્ર જોડે આપણે કોઈ પણ સંબંધ ન હોય.

એનામાં રહેતી એ વિશિષ્ટ શક્તિ જેને કારણે એ વ્યક્તિ એના ક્ષેત્રની મોટી વ્યક્તિ ગણાય છે એમાં આપણા પૂર્વજોએ ઈશ્વરનાં દર્શન કર્યાં છે. આ શક્તિ દરેકમાં નથી હોતી. અને એટલે જ આપણે એ શક્તિ જેનામાં રહેલી છે એ વ્યક્તિને વંદન કરીએ છીએ. તો સામે પક્ષે એ વ્યક્તિ જેનામાં એ શક્તિ રહેલી છે એ જાણે છે, કે એ બીજાઓ કરતાં વિશિષ્ટ દેખાય છે. એ શક્તિને કારણે એને જે વંદન કરવામાં આવે છે એ એને નહીં પણ પેલી શક્તિને વંદન થઈ રહ્યાં છે.

અને આમ તો એ સામાન્ય માણસ જ છે અને એને કારણે એણે સામાન્ય વ્યવહાર છોડી દેવાનો નથી, એ સામાન્ય નિયમોથી પર નથી. એ નિયમો પાળવાને કારણે જ એ વિશિષ્ટ વ્યક્તિ બને છે. મોટા પદ ઉપર પહોંચ્યા પછી પણ એણે એ નિયમો પાળવાના જ છે.

પણ આ અંગ્રેજોના વર્ષોના સંપર્કને કારણે આપણે સ્હેજ સ્હેજમાં તોછડા બની ગયા છીએ. આપણે મોકા શોધતા થઈ ગયા છીએ મોટાઈ બતાવવાના અને એ મોટાઈ બીજાને વાગે કે ખૂંચે નહીં ત્યાં સુધી આપણને સંતોષ થતો નથી.

માન મેળવવાનું નથી, માન મળે છે. માન મળે છે કારણ આપણામાં કોઈક વિશિષ્ટ શક્તિ રહેલી છે અને આપણે સંસ્કારી છીએ. આપણામાં કોઈક વિશિષ્ટ શક્તિ હોય પણ સંસ્કારી ન હોઈએ તો ઘણી વાર એવું બને કે સામે મળીએ તો માન મળે પણ પાછળ આપણી બદબોઈ થાય.

આપણા વૃદ્ધજનો કહે છે કે, ઝાડને ફળ આવે ત્યારે એ વધારે નમે. આપણા પૂર્વજોએ આપણા ઘડતર માટે, સાચા અર્થમાં માણસ બનવા માટે જે નિયમો બનાવ્યા એ આજે આપણે ભૂલી ગયા છીએ કે એ નિયમોનું મહત્ત્વ નહીં જાણવાને કારણે એને જાણી જોઈને તોડીએ છીએ. અને એમ કરવામાં સ્માર્ટનેસ સમજીએ છીએ, અને કેટલાક પોતાને મોટા સમજે છે. પહેલાંના જમાનામાં ગામના ચોરે મોટા માણસોની વાતો થતી અને એ વાતો દરેકના ઘર સુધી પહોંચતી. એમ સમગ્ર સમાજમાં મોટાઈ એટલે સાચા અર્થમાં શું એની સમજ ફેલાતી.

આજે આપણા સમાજમાં ગુનાહિત કૃત્યોની અને પૈસાની જ વાતો થાય છે. જેનું ચિંતન થાય એ સામે આવીને ઊભું રહે. મોટાઈની વાતો, આનંદની વાતો થાય તો આપણામાં એનો પ્રવેશ થાય. અને છતાં પણ આપણી આજુબાજુ એવા પ્રસંગો ક્યારેક ક્યારેક બને છે, જે દીવાની જેમ પ્રકાશી ઊઠે છે. એ પ્રકાશને ઘરમાં લઈ આવીએ તો ઘરનાં માનવીઓને પણ એ પ્રકાશનો લાભ મળે. ઘરમાં અત્તર લઈને જઈશું તો ઘર મ્હેકી ઊઠશે, એટલે ઘરમાં શું લઈને જવું, સમાજમાં કઈ વાતની ચર્ચાઓ કરવી તે આપણે નક્કી કરવાનું છે.

સાચા માણસો કોને કહેવાય એને માટેના બે પ્રસંગો અત્યારે યાદ આવે છે: દિલ્હીના હવાઈ મથક ઉપર કેબિનેટના બધા જ મંત્રીઓ હાજર હતા કારણ કે એક ખૂબ જ અગત્યની વ્યક્તિ પરદેશથી આવવાની હતી. એ હતા ઉત્તર વિયેટનામના પ્રમુખ શ્રી હો-ચી-મીન્હ. થોડી જ વારમાં એ મહેમાનને લઈને વિમાન આવી પહોંચ્યું. સાદા પોશાકમાં શ્રી હો-ચી-મીન્હ વિમાનમાંથી બહાર આવ્યા. એમણે અતિ સામાન્ય કોટ અને પાટલૂન પહેર્યાં હતાં. પગમાં બૂટ નહીં, ચપ્પલ પહેર્યાં હતાં. કેટલાક મંત્રીઓએ પ્રમુખને આવા પહેરવેશમાં જોઈને આઘાત લાગ્યો.

રાષ્ટ્રના માનવંતા મહેમાનને ચમકતી મોટરમાં બેસાડી મોટરોનો કાફલો રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યો. એમનો ઉતારો ત્યાં હતો. બીજે દિવસે મોટરોનો કાફલો હાજર થઈ ગયો. પ્રમુખ શ્રી હો-ચી-મીન્હને વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુને ત્યાં લઈ જવા માટે. પણ ત્યારે બધાના આશ્ચર્ય વચ્ચે એમને ખબર પડી કે પ્રમુખશ્રી તો મોટરોના કાફલાની રાહ જોયા વગર જ પગે ચાલતા પંડિતજીને મળવા નીકળી ગયા હતા.

જ્યારે એમને આ માટે પૂછવામાં આવ્યું ત્યારે એમણે સ્મિત વેરતાં કહ્યું: 'મારે શા માટે મોટરની રાહ જોવી જોઈએ. પંડિતજીનું ઘર તો પાસે જ છે. અમારે ત્યાં તો આનાથી ચાર ગણું અંતર કંઈ પણ વિચાર્યા વગર લોકો ચાલી જ નાખે છે. દેશના પ્રમુખ થવાને કારણે હું સામાન્ય નાગરિક મટી નથી જતો.'

સાચો મોટો માણસ આ રીતે વિચારે અને જે મોટો માણસ નથી પણ પોતે મોટો છે એવું જેને બતાવવું છે એ કેવી રીતે વર્તે છે તે આપણે જાણીએ જ છીએ.


આવો જ એક બીજો પ્રસંગ પણ જોવા જેવો છે. તે વખતે

(અનુસંધાન પૃ. ૫૬૯)

પંજાબના વતની પરંતુ ભરૂચ જિલ્લાની લડતનું
સુકાન સંભાળનાર સ્વરાજક્રાન્તિના પીઢ સેનાની

લજપતરાય હેમરાજ વર્મા

ડૉ. નરોત્તમ વાળંદ



પંજાબનું એ નાનું ગામ. ગામની પાસે આવેલી સાંગલા હિલ નામની ટેકરી પર આવેલી એક મિડલ સ્કૂલ. પાંચમા ધોરણથી આગળનો અભ્યાસ કરવા ગામના વિદ્યાર્થીઓ આ શાળામાં દાખલ થતા. વીસમી સદીની શરૂઆતનો એ સમય, જલિયાંવાલા બાગનો કિસ્સો તાજેતરમાં જ બન્યો હતો. એ વખતે અંગ્રેજ સરકારનો સૂર્ય તપતો હતો અને માર્શલ લૉ અમલી બન્યો હતો. શાળાનાં બાળકોને ગામથી છ-સાત માઈલ દૂર ચલાવીને લશ્કરના માણસો લશ્કરી થાણા પર લઈ જતા અને અંગ્રેજી સત્તાના યુનિયન જેક સામે સલામો ભરાવી, અંગ્રેજ સરકારનો જયજયકાર બોલાવરાવતા.

એ વખતે પાંચમા ધોરણમાં લજપતરાય નામે વિદ્યાર્થી ૧૧ વર્ષની વયે, હજી નવોનવો દાખલ થયેલો. એને કોણ જાણે કેમ, આ નિયમ પ્રત્યે નફરત જાગી. એના પિતા દેશભક્ત હતા અને એમની પાસેથી એટલું તો એ જાણી શકેલો કે અંગ્રેજો પરદેશીઓ છે અને તેઓ આપણા પર સત્તા ભોગવી રહ્યા છે. એટલે એણે યુનિયન જેક સામે ઝૂકવાની ના પાડી. એ શાળાના આઠમા ધોરણમાં ભણતા શાર્દૂલસિંહ નામના વિદ્યાર્થીએ પણ યુનિયન જેકને સલામી આપવાનો ઇન્કાર કર્યો; આથી શાર્દૂલને ૨૧ ફટકાની અને લજપતને ૧૧ ફટકાની સજા ફરમાવવામાં આવી. સજાનો અમલ થાય તે પહેલાં ડોક્ટરે બેઉની શારીરિક ક્ષમતા તપાસી. તે પછી શાર્દૂલને ૧૭ ફટકાની સજા નક્કી કરી અને લજપતનો નાજુક બાંધો જોઈને તેની ફટકાની સજા રદ કરીને સખ્ત કેદની સજા કરવાનો અભિપ્રાય આપ્યો. શાર્દૂલને નગ્ન કરીને ફટકા મારવામાં આવ્યા. ત્રીજા ફટકે તેની ચામડી ફાટી ગઈ અને લોહી વહેવા લાગ્યું. ચોથા ફટકે તે બેભાન બની ગયો, તો પણ ફટકા ચાલુ રહ્યા. ચામડી ચિરાઈ જવાથી, તેને ચેપ લાગતાં પંદર દિવસ બાદ શાર્દૂલ ગુજરી ગયો. લજપતને એના મરણનો ઊંડો આઘાત લાગ્યો અને તેના મનમાં બ્રિટિશ હકૂમત પ્રત્યે ભારે તિરસ્કાર જાગ્યો.

આ વિદ્યાર્થીનું પૂરું નામ લજપતરાય હેમરાજ વર્મા. મૂળ પંજાબનો વતની. પિતાજી હેમરાજ બ્રિટિશ સરકારના મહેસૂલ ખાતાના અધિકારી હતા, છતાં તેઓ એક રાષ્ટ્રવાદી માનવી હતા. તેઓ સૂતર કાંતતા અને ખાદી પહેરતા. વીર ભગતસિંહના કાકા અજિતસિંહ અને અંબાપ્રસાદ જેવા જવાંમર્દ દેશભક્તો સાથે તેમને ગાઢ સંપર્ક હતો. તેમણે બ્રિટિશ અધિકારીઓના કેટલાક ગુપ્ત કાગળો અજિતસિંહ અને અંબાપ્રસાદને પહોંચાડીને બ્રિટિશ હાકેમોને ખુલ્લા પાડ્યા હતા. આ માટે તેમને દેહાંત દંડની સજા થઈ શકે તેમ હતી, પરંતુ પૂરતા પુરાવાના અભાવે તે સજા ન થઈ અને તેમને નોકરીમાંથી બરતરફ કરાયા.

આવી ખુમારીવાળા પિતાને ત્યાં લજપતનો જન્મ તા. ૧૩-૨-૧૯૦૮ના રોજ થયો હતો. ત્રણ બહેનો પછી તેનો જન્મ થયો હોઈ, કુટુંબમાં તે સૌનો લાડકો હતો. એ વખતે ક્રાન્તિનું મોજું ધીરે ધીરે વાતાવરણમાં ફેલાતું હતું. લજપતે તરુણોની ટોળી જમાવી રેલ્વેના પાટા ઉખાડીને ટ્રેન ઉથલાવવાની યોજના બનાવી. લગભગ અડધા માઈલ સુધી આ તરુણો પાટાના સાંધાના ખીલા ઢીલા કરતા કરતા આગળ નીકળી ગયા. એવામાં રેલ્વેના એક અધિકારીએ તે જોઈ લેતાં, તેમનો પીછો કર્યો. તેમાં ચાર છોકરાઓ પકડાઈ ગયા. તેઓ માફી માગીને છૂટી ગયા, પરંતુ લજપતનું નામ આપી દીધું. તેનું નામ પોલીસના ચોપડે ચડી ગયું અને પોલીસ તેને પકડવા આવી, તે પહેલાં તો એક સ્નેહીએ તેને ભગાડ્યો. ત્યાંથી તે રાવલપિંડી આવ્યો અને ડેનીઝ હાઈસ્કૂલમાં દાખલ થયો. અહીં પણ તેની બ્રિટિશ સરકાર વિરોધી પ્રવૃત્તિ તો ચાલુ જ રહી.

૧૯૧૮ની સાલમાં બ્રિટિશ લશ્કરમાં બળવો કરવાનું એક કાવતરું પકડાઈ ગયું. કેનાલ ડિપાર્ટમેન્ટના યુસુફ નામના એક ઓવરસિયરે બ્રિટિશ સરકારને આ કાવતરાની બાતમી

આપી હતી. પરિણામે, રાસિબહારી બોઝ, કરતાલસિંઘ અને પિંગલ - એ ત્રણ ક્રાન્તિકારીઓની ધરપકડનું વૉરંટ નીકળ્યું. પરંતુ રાસબિહારી બોઝ જાપાન ભાગી ગયા, કરતાલસિંઘ અફઘાન સરહદે પહોંચી ગયા, માત્ર પિંગલ પકડાઈ ગયો. પછી તો કરતાલસિંઘ પણ પકડાયા અને તે બેઉને ફાંસીની સજા થઈ; આથી ક્રાન્તિકારીઓને યુસુફ આંખની કણીની માફક ખૂંચવા લાગ્યો. યુસુફને ફસાવવા બુટાસિંગ નામના ક્રાન્તિકારીએ ત્રાગડો રચ્યો. તેણે લજપતને યુસુફની ઑફિસમાં માસિક રૂપિયા ૧૩ના સામાન્ય પગારે પંખાકુલીની નોકરી અપાવી. લજપતે યુસુફનો વિશ્વાસ સંપાદન કર્યો એટલે તેને યુસુફના ઘરમાં નોકરી મળી. એક દિવસ મોકો જોઈને, યુસુફ અને તેની પત્નીની ગેરહાજરીમાં લજપતે બ્રિટિશ સરકારના કેટલાક કાગળો શોધીને ક્રાન્તિકારીઓને પહોંચાડી દીધા. ત્યાર બાદ થોડા વખતમાં યુસુફની હત્યા થઈ. પોલીસને તેમાં લજપતનો હાથ હોવાની શંકા ગઈ. આથી લજપતરાય ત્યાંથી છટકીને લાહોર ભાગ્યા.

પોલીસથી બચવા લજપતરાય શીખ વેશે ગુરુદ્વારામાં રહ્યા. ગુરુ સૂચાસિંગના શિષ્ય તરીકે તેઓ ભિક્ષા માગી લાવીને પોતાનું ગુજરાન કરતા. દરમિયાન પોલીસ તેમને શોધતી લાહોર આવી એટલે તેઓ નાસીને દિલ્હી આવ્યા. ત્યાંથી ૧૯૨૬ના એપ્રિલમાં અમદાવાદ આવ્યા અને અમદાવાદથી સુરત લગી, ટ્રેનમાં ફરીને તાનસેનની ગોળીઓ વેચવા લાગ્યા.

એ અરસામાં ગાંધીજીની આઝાદીથી લડતનું મુખ્ય કેન્દ્ર ગુજરાત બન્યું હતું. ભરૂચના ક્રાન્તિવીરો ચળવળ શરૂ કરવા થનગની રહ્યા હતા, એટલે લજપતરાયે ભરૂચને કર્મભૂમિ બનાવી. તેઓ ધોળીકૂઈ, દાંડિયા બજારના વિસ્તારમાં મકાન ભાડે રાખીને, પિતાની સાથે રહ્યા.

અહીં તેમને છોટુભાઈ પુરાણી, ચંદ્રશંકર ભટ્ટ, છોટે સરદાર ડૉ. ચંદુલાલ દસાઈ, દિનકરરાવ દેસાઈ, મોતીલાલ વીણ, હીરાલાલ નારિયેળવાળા - એ બધાનો પરિચય થયો. છોટુભાઈ ક્રાંતિકારીઓના ગુરુજી ગણાતા. છોટુભાઈએ લજપતરાયને ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લેવરાવી અને ખાદીનો પ્રચાર, દારૂબંધી માટે પિકેટિંગ, સ્વદેશીનો પ્રચાર, વિદેશી કાપડની હોળી - એ બધા કાર્યક્રમોમાં ભાગ લેતા કર્યા. લજપતરાય શારીરિક તાલીમ અર્થે બટુકનાથ વ્યાયામશાળામાં દાખલ થયા. આમ, ક્રાન્તિકારી તરીકે તેઓ છોટુભાઈની દીક્ષા પામ્યા.

૧૯૩૦માં ભરૂચ જિલ્લાના અંકલેશ્વર મુકામે સત્યાગ્રહીઓની સભામાં સરદાર પટેલે તીખું પ્રવચન કર્યું અને ત્યાંથી ક્રાન્તિની ચિનગારી પ્રગટી. ભરૂચમાં કલેકટર કચેરી પાસે સત્યાગ્રહ થયો, તેમાં લજપતરાયે ભાગ લીધો. એ વખતે સત્યાગ્રહીઓ પર લાઠીમાર થયો. લજપતરાય ઘવાયા અને પડી ગયા. પોલીસોએ તેમને પકડીને કોટ ઉપરથી નર્મદા નદીમાં ફેંકી દીધા. પછીથી તેમની ધરપકડ થઈ.

એ અરસામાં દાડીકૂચનો ઐતિહાસિક પ્રસંગ બન્યો. તા. ૨૦મી માર્ચે ગાંધીજીનો કાફલો જવાહરલાલ નેહરુ સાથે ભરૂચ જિલ્લાના કારેલી ગામમાં પ્રવેશ્યો. જિલ્લાના અગ્રણીઓએ કાફલાનું સ્વાગત કર્યું. જિલ્લામાં જ્યાં જ્યાં ગાંધીજીની સભાઓ યોજવામાં આવી હતી, તેનું અગાઉથી આયોજન કરવાની કામગીરી લજપતરાયને સોંપવામાં આવેલી.

દાંડીના મીઠાના સત્યાગ્રહના અનુસંધાનમાં તા. ૬ઠ્ઠી એપ્રિલ પછી અન્યત્ર મીઠાનો સત્યાગ્રહ કરવાની ગાંધીજીએ છૂટ આપી. આથી ભરૂચ જિલ્લામાં ક્યાં ક્યાં મીઠું પકવી શકાય છે તેની છોટુભાઈએ શોધ ચલાવી. તેમાં ત્રણ સ્થળ નક્કી થયાં : જંબુસર તાલુકાનું વેડચ, વાગરા તાલુકાનું અલદર અને હાંસોટ મહાલની દંતરાઈની ખાડી. વેડચના ભાઠામાં મીઠાના કાયદાનો ભંગ કરવાની જવાબદારી ડૉ. ચંદુલાલ દેસાઈની ટુકડીએ, અલાદરની જવાબદારી લજપતરાયે અને દંતરાઈની ખાડીની જવાબદારી યશવંતરાય જોષી અને બાપાલાલ વૈદ્યે લીધી.

અલાદર ૨૦૦-૩૦૦ની વસ્તીવાળું નાનું ગામ હતું. સરકારે અલાદર-ગંધાર બંધ બંધાવેલો, જેનો હેતુ દરિયાનું ખારું પાણી ખેતરોમાં પેસી સારી જમીન ખરાબ ન કરે તે હતો. એટલે મીઠાના કાયદાનો ભંગ કરનાર ટુકડીએ બંધને પેલે પાર જઈ જુવાળનાં આવેલ પાણી સુકાઈને મીઠું બની ગયાં હોય, તે ઉપાડીને કાયદાનો ભંગ કરવાનો હતો.

લજપતરાયની આગેવાની નીચે બધા સ્વયંસેવકો મીયાગામથી ભરૂચ સ્ટેશન પર આવ્યા. ત્યાંથી તેઓ રામધૂન સાથે સેવાશ્રમમાં આવ્યા. ડૉ. ચંદુલાલ દેસાઈએ તેમનું સ્વાગત કર્યું. તે પછી સત્યાગ્રહી ટુકડી રેલ્વે મારફતે પખાજણ સ્ટેશને ઊતરીને અલાદર પહોંચી. ગામલોકો ખૂબ ડરતા હતા, તો પણ ગામના હિંમતબાજ સરપંચ બકોરભાઈ પટેલે સૌને પોતાના ઘરમાં રાખીને બધી સગવડ આપી.

તા. ૯-૫-૧૯૩૦ના દિવસે લજપતરાયે મીઠાનો સત્યાગ્રહ કર્યો. પોલીસોએ તેમને પકડીને હાથની મૂઠીમાંથી મીઠું છોડાવવા ભારે જુલમ કર્યો. તેમના કાંડા પર સીસમની બેટનથી સખત પ્રહાર કરવામાં આવ્યા, પણ તેમણે મૂઠી ખોલી નહિ. પછી પોલીસે તેમને ધક્કો મારીને જમીન પર પછાડ્યા અને લોખંડની રિવેટવાળા હોલબૂટ તેમની મૂઠી પર મૂકીને તેમના હાથ છૂંદી નાખ્યા. એ વખતે લજપતરાય બૂમો પાડીને કહેતા હતા

કે, 'મારાં કાંડાં કાપી નાખો તોય મૂઠીનું મીઠું નહિ છૂટે.'

હતાશ થયેલા પોલીસો તેમને પકડીને મામલતદાર પાસે લાવ્યા. તેમના પર કેસ ચાલ્યો. માફી માગે તો છોડી દેવાનું મામલતદારે કહ્યું, પણ તેમણે માફી ન માગી એટલે તેમને ૭ માસની સજા થઈ. તેમને સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યા. ત્યાં વલ્લભભાઈ પટેલ, અમૃતલાલ શેઠ, મણિલાલ કોઠારી, અબ્બાસ તૈયબજી, મહાદેવભાઈ દેસાઈ અને દાદાસાહેબ ગણેશ માવળંકર 'એ' કલાસના કેદીઓ હતા અને મોરારજી દેસાઈ, બળવંતરાય મહેતા, અમૃતલાલ ઠક્કર(ઠક્કરબાપા), મોહનલાલ પંડ્યા, દિનુભાઈ પંડ્યા, કાલિદાસ ઝાસકર એ બધા 'બી' કલાસના કેદીઓ હતા. કવિ ઝવેરચંદ મેઘાણી, મોહનલાલ મહેતા(સોપાન), છોટે સરદાર ડો. ચંદુલાલ દેસાઈ અને ઠાકોરભાઈ દીવાન પણ જેલમાં હતા. લજપતરાય અને બળવંતરાય એક જ બેરેકમાં હતા.

જેલમાંથી છૂટીને લજપતરાય અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા. તે વખતે મોરારજીભાઈ વિદ્યાપીઠના કુલપતિ હતા. લજપતરાયે સેવાદળમાં જોડાઈને તાલીમ લીધી અને તેઓ સેવાદળના કેમ્પ મોનિટર બન્યા. એ વખતે મૃદુલાબેન સારાભાઈ મહિલા સેવાદળનાં મોનિટર હતાં.

૧૯૩૧માં ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન ગયા અને ખાલી હાથે પાછા ફર્યા. દેશભરમાં લડત ચાલી અને ધરપકડો ચાલુ થઈ. અન્ય સત્યાગ્રહીઓની સાથે લજપતરાયને પણ પોલીસે પકડી લીધા અને તેમને દોઢ વર્ષની સજા થઈ. તેમને સાબરમતી જેલમાં 'સી' કલાસમાં મોકલવામાં આવ્યા. જેલની બેરેકમાં વધુમાં વધુ ૪૦ કેદી રાખી શકાય તેમ હતું, છતાં ઠાંસી ઠાંસીને ૬૦ કેદીઓ ભરવામાં આવ્યા. આથી કેટલાક કેદીઓએ ઉગ્ર વિરોધ કરતાં લજપતરાય સહિત અન્ય કેદીઓને વીસાપુર જેલમાં ખસેડાયા, અહીં. એસ. કે. પાટીલ, વામન મુકાદમ, નરહરિ પરીખ, રવિશંકર મહારાજ હતા.

વીસાપુરની જેલમાં લજપતરાય એક આદર્શ કેદી તરીકે રહ્યા. તેમણે જાજરૂ સાફ કરવાનું કાર્ય સ્વેચ્છાએ સ્વીકાર્યું. જેલમાં કેટલાક નબળા બાંધાના કેદીઓને ઘંટીએ દળવાનું કામ સોંપાયેલું. તેમના હાથે છાલાં પડી જતાં ને તેઓ રડતા. આથી લજપતરાયે દળવાનું કામ પોતે ઉપાડી લીધું. અને નબળા કેદીઓને હળવું કામ સોંપાયું.

૧૯૩૨ના નવેમ્બરમાં એક બનાવ બન્યો. જેલર કેદીઓને બેરેકમાં પાછા દાખલ કરતી વખતે તેમના શરીર પર લાકડી ઘોંચીને અને અપમાનજનક શબ્દો બોલીને અંદર ધકેલતો હતો. લજપતરાયે આ બાબતે સુપરિન્ટેન્ડન્ટને ફરિયાદ કરી અને જેલર તેના ગેરવર્તનથી માફી માગે એમ જણાવ્યું. જેલર અક્કડ રહ્યો એટલે મોટા ભાગના કેદીઓ ઉપવાસ પર ઊતરી ગયા. જેલરે બળવાખોર કેદીઓને કાળકોટડીની અને હાથબેડીની સજા કરી, છતાં સૌ મક્કમ રહ્યા. અંતે જેલરે માફી માગી ત્યારે જ બધા કેદીઓ શાન્ત પડ્યા.

એક દિવસ જેલના સ્ટોરરૂમમાં આગ લાગી. ભયનો ઘંટ વગાડવામાં આવ્યો. સ્ટોરમાં કેરોસીનના ડબ્બા પણ હતા. આગ ફેલાય તો ભયંકર વિનાશ થાય તેમ હતું. એ વખતે લજપતરાયે જાનની પરવા કર્યા વિના, સમયસૂચકતા વાપરીને, આગમાં કૂદી પડીને, એક પછી એક એમ બધી વસ્તુઓ બહાર કાઢી લીધી અને આગ ઓલવી. તેમની બહાદુરીથી ખુશ થઈને સુપરિન્ટેન્ડન્ટે તેમને ખાસ ખોરાક મળે તેવી વ્યવસ્થા કરી, પરંતુ લજપતરાયે ના પાડી અને સૌ કેદીઓને મળતો ચાલુ ખોરાક લેવાનો આગ્રહ રાખ્યો..

જેલનો નિયમ હતો કે કોઈ પણ કેદી લાંબા વાળ રાખી શકે નહિ. કેદીઓએ અંદરોઅંદર એકબીજાના વાળ કાપવાનું કામ કરવાનું હતું. લજપતરાયે આ કામ ઉપાડી લીધું. તેમની સાથે દરબારસાહેબ ગોપાળદાસના પુત્ર મહેન્દ્રભાઈ પણ જોડાયા. કુલ ૧૨ જણની ટોળી આ કાર્ય માટે તૈયાર થઈ. કેદીઓમાં એસ. કે. પાટીલ પણ હતા. લજપતરાયે તેમના વાળ કુશળતાથી કાપ્યા. સુપરિન્ટેન્ડન્ટે આ જોયું એટલે ખુદ તેમણે લજપતરાયને પોતાના વાળ મિત્રભાવે કાપી આપવા વિનંતી કરી. તેમને વાળ કપાવવા છેક ૨૪ માઈલ દૂર અહમદનગર જવું પડતું હતું. લજપતરાયે તેમના વાળ સરસ રીતે કાપી આપ્યા, એટલે તેમનાં પત્નીએ પણ તેમની પાસે વાળ કપાવ્યા. બેઉ જણે ખુશ થઈને લજપતરાયના સવારના નાસ્તાની ગોઠવણ કરી, પરંતુ લજપતરાયે સવિનય ના પાડી અને સૌ કેદીઓની સાથે માત્ર રાબ પીવાનું રાખ્યું. છેવટે જેલની સજા પૂરી થતાં, છૂટતી વેળાએ સુપરિન્ટેન્ડન્ટે લજપતરાયને ભરૂચની ટિકિટ કઢાવી આપી ને ત્રણ રૂપિયા વાપરવાના આપ્યા.

જેલમાંથી છૂટીને લજપતરાય ભરૂચ આવ્યા. હવે કોઈ ધંધો કરીને ગુજરાન ચલાવવાનું હતું. એક સ્નેહીની સલાહથી તેમણે પખાજણ ગામે અનાજ દળવાની ઘંટી નાખી. એ માટે દિનકરભાઈ પંડ્યાએ તેમને રૂા. ૯૦૦/-ની સહાય કરી. એ સમયે છોટુભાઈએ ગ્રામજનોને સેવાદળની તાલીમ આપવાની યોજના મૂકી. લજપતરાયે સીગામમાં લાઠી અને કવાયતના વર્ગો શરૂ કર્યા અને તેની સાથોસાથ દેશમાં ચાલી રહેલા સત્યાગ્રહની ભૂમિકા પણ લોકોને સમજાવી. એ રીતે જનતામાં જાગૃતિ આવી. દરમિયાન, ૧૯૩૬ના મે માસની બીજી તારીખે લજપતરાયનાં લગ્ન પંજાબમાં તારામતી સાથે થયાં. લગ્ન

બાદ તેઓ પત્ની સાથે પાછા પખાજણ આવ્યા. અચાનક તેમને ટાઈફૉઇડ થયો. બચત તો કશી હતી જ નહિ. ત્યાં તો, હાંસોટથી બાપાલાલ વૈદ્યને ખબર પડતાં, તેમણે દવાઓ મોકલી અને સો રૂપિયાની પણ સહાય કરી. ભરૂચથી મોતીલાલ વીણે પણ બસો રૂપિયા મોકલી આપ્યા. ઉપકારવશ બનેલા લજપતરાય, એ વેળા ગામમાંથી મળતું ચોખ્ખું ઘી લઈને મોતીલાલ વીણને ત્યાં આપવા ગયા. મોતીલાલે કહ્યું : 'મેં તને રૂા. ૨૦૦/- તો લગ્નના ચાંલ્લા પેટે આપ્યા છે, એટલે ઘીના પૈસા તો તારે લેવા જ પડશે.' એમ કહીને તેમને ઘી પેટે રકમ આપી.

એક વાર, મુંબઈમાંના મોહન સ્ટુડીઓના ફિલ્મ ડાયરેક્ટર ચિમનલાલ ત્રિવેદી ભરૂચ આવ્યા. સેવાશ્રમ હૉસ્પિટલમાં તેમને લજપતરાયનો ભેટો થયો. લજપતરાય કાવ્ય અને સંવાદો લખે છે એવી તેમને ખબર પડી એટલે તેમણે લજપતરાયની રચનાઓ સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી. લજપતરાયે પોતાની રચનાઓનો પરિચય આપ્યો એટલે ચિમનલાલે પોતાની ફિલ્મમાં સંવાદ અને ગીતો લખવા માટે માસિક રૂપિયા બસોના પગારે તેમને મુંબઈ આવવા નિમંત્ર્યા. લજપતરાય મુંબઈ ગયા અને કલમનો કસબ અજમાવ્યો. થોડા સમય બાદ દેશમાં ચૂંટણીઓ આવી એટલે સરદાર વલ્લભભાઈના આગ્રહને માન આપીને તેમને કૉન્ગ્રેસના પ્રચાર અર્થે ભરૂચ આવવું પડ્યું.

૧૯૩૭ની ચૂંટણીમાં કૉન્ગ્રેસનો વિજય થયો. મુંબઈ પ્રાન્તમાં કૉન્ગ્રેસ સત્તા પર આવી. મોરારજીભાઈ દેસાઈ મહેસૂલ પ્રધાન બન્યા. ભરૂચ જિલ્લાના કૉન્ગ્રેસી ઉમેદવારો દિનકરરાવ દેસાઈ અને છોટુભાઈ પુરાણી ચૂંટાઈ આવ્યા. તે વખતે લજપતરાય જિલ્લાના ખેડૂતોની ફરિયાદોના નિકાલ માટે તેમના સાથી બન્યા. દરમિયાન મુંબઈથી ચિમનલાલનો આગ્રહભર્યો પત્ર આવ્યો. તેમાં તેમને રૂા. ૨૫૦/-ના માસિક પગારે સંવાદલેખક તરીકે આમંત્ર્યા હતા, એટલે લજપતરાય મુંબઈ ગયા.

ત્યાં તો ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહનાં મંડાણ કર્યાં. એટલે લજપતરાય મુંબઈથી પાછા આવ્યા. તેમણે પખાજણ પાસેના સીગામથી સત્યાગ્રહ શરૂ કરવાનું નક્કી કર્યું. પરંતુ સીગામ પહોંચે તે પહેલાં જ વાગરાથી તેમની ધરપકડ થઈ. તેમનેસાબરમતી જેલમાં લઈ જવાયા. અઠવાડિયા પછી તેમને થાણાની જેલમાં ખસેડાયા.

૧૯૪૨ના ઑગસ્ટની આઠમી તારીખે મુંબઈમાં ગોવાલિયા ટેક ખાતે કૉન્ગ્રેસ મહાસભાની બેઠક મળી. તેમાં ગાંધીજીએ બ્રિટિશ સત્તા વિરુદ્ધ 'હિંદ છોડો' અને 'કરેંગે યા મરેંગે'નો ઠરાવ પસાર કર્યો. ગુજરાતના પ્રતિનિધિ તરીકે લજપતરાય પણ મુંબઈ ગયા હતા. બીજે દિવસે વહેલી સવારે સરકારે ગાંધીજી અને અન્ય નેતાઓની ધરપકડ કરી. બીજી ધરપકડોના ભણકારા વાગી રહ્યા હતા એટલે છોટુભાઈ પુરાણી, ચંદ્રશંકર ભટ્ટ, લલ્લુભાઈ કુબેરભાઈ (બાદશાહ), રાયસિંગ દરબાર અને લજપતરાય ભૂગર્ભ પ્રવૃત્તિ ચલાવવા માટે અલગ અલગ રસ્તે થઈને વડોદરા પહોંચી ગયા.

સરકાર સામે બહારવટે ચડેલા આ ક્રાન્તિવીરોએ પોલીસ થાણાનાં હથિયાર લૂંટવાની યોજના ઘડી. છોટુભાઈ, ચંદ્રશંકર, લજપતરાય વગેરેની ટુકડીએ જંબુસર તાલુકાના વેડચને પોતાનું પહેલું નિશાન બનાવ્યું. એ દિવસ હતો ૧૯૪૨ના સપ્ટેમ્બરની ૨૧મીનો. ધોળે દિવસે તેમણે પોલીસથાણું લૂંટ્યું અને લોહીનું એક પણ ટીપું પાડ્યા સિવાય પોલીસનાં હથિયારો કબજે કરી લીધાં અને સારોદ ગામની સીમમાં, કોતરોમાં દાટી દીધાં. પછી તો એ જ ટુકડીએ સરભાણનું પોલીસથાણું લૂંટીને હથિયારો લીધાં અને પોલીસોના ડ્રેસ ઉતારી લઈને તેની હોળી કરી.

તે પછી લજપતરાય પત્ની અને બાળકોને ફતેહગઢમાં, સસરાને ત્યાં મૂકીને પોતે ઇન્દોરમાં મામાને ત્યાં રહેવા લાગ્યા. ત્યાં દેશરાજ નામ ધારણ કરીને લાકડાં-કોલસાનો વેપાર શરૂ કર્યો. અહીં તેઓ અઢી વરસ રહ્યા. દરમિયાન છૂપી પોલીસના માણસો ભૂગર્ભ પ્રવૃત્તિના કાર્યકરોની તપાસ કરતા કરતા ઇન્દોર પહોંચ્યા એટલે લજપતરાય ગુજરાતમાં આવી ભરાયા.

તા. ૩-૪-૧૯૪૬ના રોજ મુંબઈ રાજ્યમાં પ્રજાશાસનનો આરંભ થયો. વચગાળાની રાષ્ટ્રિય સરકારમાં મોરારજીભાઈ દેસાઈ મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન થયા. તેમણે ક્રાન્તિકારીઓ પરનાં ધરપકડનાં વૉરંટ રદ કર્યાં તે પછી ક્રાન્તિકારીઓએ લૂંટેલાં હથિયારોનો નાશ કરીને જાહેરમાં જાતે પ્રગટ થવાનું નક્કી કર્યું. તેઓ સૌ જંબુસર તાલુકાના કહાનવા ગામે પ્રગટ થયા. હજારો ગ્રામવાસીઓની ટુકડી ભરૂચ આવી ત્યારે ભરૂચના લોકોએ દારૂખાનું ફોડી, ગુલાલ ઉડાડી, બેન્ડવાજાં વગાડી તેમનું ભવ્ય સ્વાગત કર્યું. પછી તો ઠેર ઠેર તેમના સ્વાગત-સમારંભો થયા અને તેમને થેલીઓ અર્પણ થતી રહી. તા. ૨૩-૪-૧૯૪૬ના રોજ ભરૂચના આઝાદ મેદાનમાં મળેલી દસેક હજારની માનવમેદની વચ્ચે સર્વ ક્રાન્તિકારીઓનું શાનદાર સ્વાગત થયું. ભરૂચના અગ્રણી કૉન્ગ્રેસ કાર્યકર મોતીલાલ વીણે પોતાની લાક્ષણિક અને છટાદાર શૈલીમાં દરેક ક્રાંતિવીરની ઓળખ આપી. ડૉ. ચંદુલાલ દેસાઈએ પ્રેરક અને શૌર્યભરી વાણીમાં ભડવીરોને વધાવ્યા. જિલ્લાભરમાં ઉત્સાહ અને ઉત્સવનું અનેરું વાતાવરણ સર્જાયું.

૧૯૪૭ની પંદરમી ઓગસ્ટે દેશને આઝાદી મળી, તે પ્રસંગે લજપતરાય વાગરા તાલુકા કૉન્ગ્રેસ સમિતિના પ્રમુખ હતા. તેમણે રાત્રે બાર વાગ્યે વાગરા મામલતદાર ઑફિસ પરનો

યુનિયન જેક ઉતારીને ત્રિરંગી રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો અને તેને સલામી આપી. આ પ્રસંગે તેમને, નાનપણમાં યુનિયન જેકને સલામ નહિ કરવા બદલ પોતાને સજા થઈ હતી તે ઘટના યાદ આવી.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી પોતાનું જીવન-કર્તવ્ય પૂરું થયું એમ માનનાર લજપતરાયે સક્રિય રાજકારણમાં નહિ પડવાનો નિશ્ચય જાહેર કર્યો. તે નિશ્ચય તેમણે અક્ષરશઃ પાળી બતાવ્યો. ૧૯૫૨માં ભરૂચ જિલ્લાની લોકસભાની બેઠક પર ચૂંટણી લડવા સરદાર વલ્લભભાઈ પટેલે તેમને આગ્રહ કર્યો ત્યારે તેમણે સવિનય ના પાડી અને એક કૉન્ગ્રેસી તરીકે કોન્ગ્રેસના પ્રચારનું કાર્ય કરીને અટકી ગયા. શેષ જીવન રચનાત્મક સમાજોપયોગી કાર્યમાં ગાળવું એવા શુભાશયથી તેમણે મિત્રો સાથે મળીને મહારાષ્ટ્રમાં પવઈ ખાતે અન્નપૂર્ણા ફાર્મ વસાવ્યું.

આઝાદીની લડતના આ ક્રાન્તિવીરે પાંચ પાંચ વારની સજામાં કુલ સાડા છ વર્ષ કારાવાસ ભોગવ્યો હતો. પાણીનો કોસ ખેંચવાની અને ઘંટીએ દળવાની આકરી મહેનત તેમણે કરી હતી. એક આદર્શ કેદી તરીકે રહીને જાજરૂ સાફ કરવાનું અને કેદીઓના વાળ કાપવાનું કાર્ય સ્વેચ્છાએ કર્યું હતું. એક ક્રાન્તિકારી તરીકે સરકારી મિલકતનો નાશ કરવાની, બૉમ્બ ફેંકવાની, રેલ્વેના પાટા ઉખાડવાની અને ટેલિફોનના તાર કાપવાની જોખમી પ્રવૃત્તિઓ પણ તેમણે કરી હતી. તેમને જીવતા કે મરેલા પકડી લાવનાર માટે હજારો રૂપિયાનાં ઈનામ બ્રિટિશ સરકારે જાહેર કર્યાં હતાં, છતાં તે સલામત રહ્યા હતા. તેમનાં પત્ની તારામતી તેમને હર પળે સાથ અને સહકાર આપીને સાચા અર્થમાં સહચરી બન્યાં હતાં. પોલીસના જુલ્મો અને પતિવિરહ તેમણે બહાદુરીપૂર્વક સહન કર્યા હતા.

પવઈ જેવા દૂરના સ્થળે રહેતા લજપતરાયનેં ભરૂચ હજી ભૂલ્યું નથી. તા. ૧૭-૬-૧૯૮૯ના રોજ ભરૂચમાં અનેક મહાનુભાવોના સાન્નિધ્યમાં તેમનું નાગરિક સન્માન કરવામાં આવ્યું હતું અને તેમને અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવ્યો હતો. લજપતરાય પણ હજી પોતાની કર્મભૂમિ ભરૂચને ભૂલ્યા નથી. રાજપીપળાની અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ, છોટુભાઈ પુરાણી મહાવિદ્યાલય, નાંદ ગામનું છોટુભાઈ પુરાણી આયુર્વેદિક દવાખાનું, ભરૂચની આયુર્વેદિક હૉસ્પિટલ, બટુકનાથ વ્યાયામશાળા - એ સર્વ સંસ્થાઓને તેમણે આર્થિક સહાય કરી છે, અને હાલ પણ કરતા રહે છે. વિદ્યાર્થીઓમાં સાહસવૃત્તિ કેળવાય તે માટે તેઓ પ્રોત્સાહન-પુરસ્કાર પણ આપતા રહે છે. તેમને નિરામય દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય એવી પરમાત્માને પ્રાર્થના. □

અનુસંધાન] માનવ થાઉં તો... [પૃ. ૫૬૪થી

લાલબહાદુર શાસ્ત્રી વડાપ્રધાન હતા, એ વડાપ્રધાન થયા કે થોડા જ વખતમાં પાકિસ્તાને ભારત ઉપર આક્રમણ કરવાની તૈયારીઓ કરવા માંડી. આવા સમયે પાકિસ્તાન સાથે યુદ્ધે ચડવું કે નહિ? એની ચર્ચા ઠેર ઠેર થતી હતી.

કેન્દ્રની સરકારને નિર્ણય કરવાનો હતો. પણ આ નિર્ણય લેતાં પહેલાં દેશના બધા જ નેતાઓ અને પક્ષોના અભિપ્રાય જાણી લેવા જરૂરી હતું, એટલે લાલબહાદુર શાસ્ત્રીએ બધા જોડે ચર્ચા કરવા માંડી. શ્રી રાજગોપાલાચારી - રાજાજી એ વખતે સ્વતંત્ર પક્ષના નેતા હતા, એટલે લાલબહાદુર શાસ્ત્રીએ એમને તાર કરી દિલ્હી આવવાનું નિમંત્રણ પાઠવ્યું. મદ્રાસથી દિલ્હી આવીને રાજાજીએ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને ખબર આપ્યા કે, ‘હું દિલ્હી આવી ગયો છું, અને એકાદ કલાકમાં તમને મળવા આવું છું.’ હજી તો માંડ એ વાતને પંદર જ મિનિટ થઈ હશે ત્યાં રાજાજી જ્યાં ઊતર્યા હતા ત્યાં લાલબહાદુર શાસ્ત્રી પહોંચી ગયા.

લાલબહાદુર શાસ્ત્રીને આમ અચાનક જોઈને રાજાજીને ઘણી નવાઈ લાગી. શાસ્ત્રી જેવા રાજાજી પાસે પહોંચ્યા કે તરત જ રાજાજીએ કહ્યું : ‘તમે શા માટે તસ્દી લીધી? તમે તો દેશના વડાપ્રધાન છો. મારે આપને મળવા આવવું જોઈએ.’

આ સાંભળી લાલબહાદુર શાસ્ત્રીએ કહ્યું : ‘વડાપ્રધાન છું તેથી શું થઈ ગયું? અને તેથી આપ કંઈ મારા મુરબ્બી મટી નથી જતા. અને વડીલોને માન આપવું એ તો ભારતીય સંસ્કૃતિની એક પ્રશસ્ય પરંપરા છે. ચાલો, હું આપને લઈ જવા માટે જ આવ્યો છું.’

આ બન્ને પ્રસંગો મહાપુરુષોના છે. આ રીતે વર્તવાને કારણે જ એ મહાપુરુષો છે. ઊંચા હોદ્દા ઉપર તો ઘણા લોકો બેસે છે. પણ હોદ્દો પ્રાપ્ત કરવાથી મહાપુરુષ નથી બનાતું.

પોપની એક સરસ પંક્તિ છે :

Honour and shame from no condition rise;
Act well your part and there the honour lies ?

આવી નમ્રતા જ માનવીને સાચો માંનવ બનાવે છે. આવી વાતો વાગોળીએ તો એની અસર ક્યાંક ને ક્યાંક જીવનમાં થાય જ. આપણે આવી જ વાતો કરવાનું રાખીએ તો? બીજાની વાત જવા દઈએ. આપણી આજુબાજુ તો સારું વર્તુળ ઊભું થઈ જશે - સારા વિચારોનું સુરક્ષાચક્ર બનીને. □

ફક્ત દસ રૂપિયામાં એક વર્ષ માટે ‘કુમાર’

એક ‘કુમાર’ ચાહક સજ્જન તરફથી અમને મળેલા અનુદાનને કારણે ગ્રામવિસ્તારની શાળાઓ અને ગ્રંથાલયોને જુલાઈ ૧૯૯૮થી જૂન ૧૯૯૯ સુધી એક વર્ષ માટે રૂ. ૧૦માં ‘કુમાર’ મળી શકશે. વહેલો તે પહેલો એ ધોરણે ૨૦૦ ગ્રાહકોને આ યોજનાનો લાભ મળી શકશે. આજે જ ગ્રામવિસ્તારની શાળા કે ગ્રંથાલયના નામ સરનામાવાળાં લેટરપેડ પર માહિતી લખીને સાથે રૂ. ૧૦ મની ઑર્ડરથી મોકલી આપો અને એક વર્ષ માટે ‘કુમાર’ મેળવો. આ યોજનાનો લાભ તદ્દન નવા ગ્રાહકોને જ મળી શકશે.

કાળમુક્તિ

મૂ. લે. ગેહાન વિલસન અનુવાદક : અશોક હર્ષ

મારે જે કર્યા વિના છૂટકો નથી તે હું કરી છૂટું તે પહેલાં કશોક ખુલાસો પાછળ મૂકી જવાનો વિચાર મને યોગ્ય લાગે છે. સામાન્યતઃ આપઘાતની કોઈ પણ નોંધ પ્રત્યે મને નફરત છે, કેમ કે તે કરુણાજનક હોય છે. મને જિંદગી પ્રત્યે પ્રેમ છે - જો કે કેટલાકની માફક અતિ ઉત્કટ કહી શકાય એટલો નહિ, પરંતુ પ્રેમ જરૂર છે. એને તરછોડવાનો વિચાર મને સુખદ નથી લાગ્યો. જો મને કશો બુદ્ધિગમ્ય વિકલ્પ મળી આવે તો હજુ અત્યારે પણ હું એ ખ્યાલ જતો કરવા તૈયાર છું, પરંતુ કશો વિકલ્પ છે જ નહિ.

આ લખવા પાછળનો મારો આશય મારી પાછળ એક ખાસ ચેતવણી મૂકતા જવાનો છે. હું એક ચતુર આદમી હોઈને મેં જે કર્યું છે તે પણ ચાતુર્યયુક્ત છે. આ દુનિયામાં બીજા પણ ચતુર આદમીઓ છે અને એમાંના કેટલાક અત્યારે પણ કદાચ મારા જેવા જ પ્રયોગો પાછળ પડ્યા હશે - એ પ્રયોગો ક્યાં દોરી જવાના તેની કશી જ ગતાગમ વિના. હું આ વર્ગને જ સંબોધી રહ્યો છું.

એ પણ એક વદતોવ્યાઘાત છે કે, મારું જીવન લંબાવવા માટેનો પ્રયોગ જ મને મારા જીવનનો અંત આણવા પ્રેરી રહેલ છે. પોતાને પ્રાપ્ત જીવનકાળમાં માનવી પોતાની શક્તિની પરાકાષ્ઠાએ પહોંચે તે પહેલાં તો તેની એ શક્તિ ઓસરવા માંડે છે. આપણે ન્યુટન, કેપલર, બીટોવન કે દાન્તે જેવાં અનેક નામો આપી શકીએ એમ છીએ કે તેમની સર્જનશક્તિનો ગાળો એકાદ દાયકો વધુ લંબાયો હોત તો તે પોતાની એ શક્તિ દ્વારા શું કરતા ન જાત ?

માનવી પર સવાર થતા ઘડપણમાં મને બહુ રસ નથી. જો કે ઘરડાઓ પ્રત્યે મને સહાનુભૂતિ છે. જીવનની પુરબહાર ક્રિયાશીલતાનો ગાળો પૂરો થયા પછી વ્યક્તિના લંબાતા જીવનનું મને ખાસ કશું જ મૂલ્ય નથી જણાતું, જો કે પાછલું જીવન લંબાવવાના હાલના વિજ્ઞાનના પ્રયોગો સામે વાંધો નથી, મને તો તેના જીવનના ક્રિયાશીલ ગાળા સાથે નિસ્બત છે.

હું પ્રથમ કહી ગયો તેમ હું એક ચતુર આદમી છું. એ ચતુરાઈ મેં સ્વયં હાંસલ કર્યાની શેખી હું નહીં હાંકું, કારણ મને જન્મથી જ તે વરેલી છે. પરંતુ તેનો પૂરેપૂરો ઉપયોગ મેં કરી જાણ્યો છે. મને એમ લાગતું જ હતું કે, ઘડિયાળના કાંટા હું અવળા ફેરવી રહ્યો છું. હું કાળે ગોઠવેલા છટકાને શક્ય એટલી હદે છેતરવા માગતો હતો અને મારા નાનપણથી જ હું એ પ્રયોગો પાછળ પડેલો.

ઘડપણની સમસ્યા પ્રત્યેનો મારો અભિગમ અન્ય વિજ્ઞાનીઓ કરતાં તદ્દન નિરાળો હતો. ખુદ શરીરમાંના જ સૂક્ષ્મ અંશો મેં મારા પ્રયોગો માટે અજમાવવાનું નક્કી કરેલું. વિદ્યુત-રાસાયણિક (ઇલેક્ટ્રોનિકલ) પ્રક્રિયા દ્વારા તેમાં સફળ નીવડ્યો, જે સારી યે પ્રક્રિયા હું જે નોંધપોથી પાછળ છોડતો જાઉં છું તેમાં નોંધેલી છે.

મેં મારા પ્રયોગો માટે સર્વમાન્ય પદ્ધતિ અપનાવી, અને તે મારી માન્યતાઓને નિયંત્રિત પરિસ્થિતિમાં જુદાં જુદાં પ્રાણીઓ પર અજમાવવાની આ પ્રાણીશ્રેણીમાં ઊંદરોથી માંડી ચિમ્પાન્ઝીઓ સુધ્ધાંનો સમાવેશ થઈ જતો. શરૂઆતમાં તો એમનામાં પ્રયોગજન્ય કશો તફાવત ન જણાતો, પરંતુ આગળ જતાં તેમનાં શરીરમાં અને તેમના સ્વભાવમાં સ્પષ્ટ ફેરફાર જણાવા માંડ્યો. દા.ત. ચિમ્પાન્ઝીનો એક હાથ જડાઈ ગયેલો હોઈને બહુ મુશ્કેલીએ વળતો, પરંતુ મારા પ્રયોગનાં ત્રણ અઠવાડિયાં પછી તો તે તદ્દન સાજો થઈ જઈ મરજી મુજબ વાળી શકાતો બની ગયેલો. મારા પ્રયોગોનાં અપેક્ષિત પરિણામો આ રીતે મારી અપેક્ષા મુજબનાં જ રહેતાં.

મારા પ્રયોગોનાં આ પરિણામો પર હું ખુશ હતો, મારું જીવનસ્વપ્ન મારી નજર સામે સાકાર થવા માંડ્યું હોઈને જે ચમત્કાર કરી બતાવવા હું જન્મેલો એ ચમત્કાર માટેની શક્તિ હું મેળવી ચૂક્યો હતો. હા, અમર બની જવાની અણી પર હતો પણ ત્યાં જ હું ભૂલ કરી બેઠો જે ભૂલ ખતરનાક હતી. વર્ષો પર વર્ષો વીતતાં જતાં હતાં - દરેક વર્ષ એના પુરોગામી વર્ષ કરતાં વધુ ઝડપે. કાળથી મારી મુક્તિ હાથવેંતમાં હોઈ હું તે સાધવાનો લોભ જતો ન કરી શક્યો. મારી આ ઉતાવળ અણછાજતી હોવાનો આક્ષેપ હું સ્વીકારી લઉં છું, પણ તે બદલ આજે પણ હું મારી પોતાની જાતને દોષિત નથી ગણતો.

મેં મારા પ્રયોગો ખુદ મારા પર જ અજમાવવાનું શરૂ કર્યું. પ્રાણીઓ પરના મારા પ્રયોગોની જેમ જ શરૂઆતમાં તો મારામાં કશો ફેર પડતો ન જણાયો, પરંતુ ધીમે ધીમે મારાં પ્રત્યેક અંગની શક્તિ વધવા માંડી, માનસિક નજરે હું શાંતિ અને સંતોષ અનુભવવા લાગ્યો. ચાર અઠવાડિયામાં તો મારાં ભારે નંબરનાં ચશ્માં તદ્દન ઊતરી ગયાં. મને કંઈક કબજિયાત જેવું રહેતું તે તદ્દન દૂર થઈ ગયું. મારાં મન અને શરીર સ્ફૂર્તિથી ધબકવા લાગ્યાં.

મારા પ્રયોગ નીચેનાં પ્રાણીઓમાં ઘડપણનાં કશાં જ ચિહ્નો નહોતાં જણાતાં. એમાંનાં ઊંદરો તો ક્યારનાં મરી પરવારવાં જોઈતાં હતાં, છતાં તે જીવંત અને સ્ફૂર્તિમાન રહ્યાં હતાં.

 હાયોસિએમસ - HYOSCYAMUS

એક છોડમાંથી બનાવવામાં આવતી આ દવા ગાંડપણ દૂર કરવા માટેનું અકસીર ઔષધ છે. ગાંડપણ, ઉન્માદ, બેહોશી સાથેનું બિભત્સ વલણ, વગર કારણે ઝગડો કરે અને અસભ્ય ગાંડપણ વગેરે માટે ત્રણ દવાની ત્રિપુટી છે જેમાં લક્ષણોનો અભ્યાસ કરી દર્દીને એક દવા આપવાની હોય છે; બેલાડોના, સ્ટ્રેમોનિયમ અને હાયોસિએમસ.

ઉન્માદભર્યા ગાંડપણ માટે તથા તેની સાથે બેહોશી હોય તો હાયોસિએમસનું વિશેષ મહત્ત્વ છે. ઉન્માદ બીમારીની શરૂઆતથી હોય, મારામારી કરવા ધસી જતો હોય, ચહેરો લાલઘૂમ રહેતો હોય, ભાગી જવા માટે પ્રયત્ન કરતો હોય, અર્ધ મૂર્છા અવસ્થામાં જોર જોરથી ગમે તેમ બોલતો હોય તો બેલાડોના આપવી જોઈએ.

સ્ટ્રેમોનિયમ એવા ગાંડપણ માટે આપવામાં આવે છે જ્યારે દર્દી અંધારામાં અને એકલો રહેવાથી ગભરાતો હોય છે.

જૂનો માનસિક રોગી બહુ જ શંકાશીલ હોય છે. કોઈ પણ વાત ઉપર એ વિશ્વાસ કરતો નથી. દવા પીતી વખતે પણ સખત આનાકાની કરે છે કારણ કે તેને શંકા હોય છે કે તેને ઝેર આપવામાં આવી રહ્યું છે. હાયોસિએમસ આ દર્દી માટે ઘણી ઉપયોગી અને અસરકારક દવા છે

ઘણી વાર દર્દી અત્યંત બિભત્સ વર્તન કરે છે. કામોત્તેજક દશામાં તે ગુપ્તભાગ કપડાં ખોલીને બધાને બતાવતો હોય છે અને હાથથી ગુપ્ત ભાગ સાથે રમતો હોય છે. આવા રોગમાં હાયોસિએમસનો ૨૦૦ પાવરનો એક ડોઝ દર ત્રણ દિવસે આપવાથી બે ડોઝમાં જ ૯૦% રોગ દૂર થઈ જાય છે.

પ્રસૂતી પછી સ્ત્રીઓનો પેશાબ બંધ જેવો થઈ જાય અથવા અત્યંત થોડો યાને અટકી અટકીને આવે તો હાયોસિએમસ આપવાથી ઘણો ફાયદો થાય છે.

દર્દી દાંત કચકચાવે, શરીરમાં સૂક્ષ્મ ધ્રુજારી-આંચકા, અંગોનું ફરકવું વ. માટે તથા અત્યંત ઈર્ષા, પ્રેમભંગના કારણે લાગેલો માનસિક આઘાત, આંખો પહોળી અને ચમકતી રહેતી હોય ત્યારે પણ આ દવા આપવી જોઈએ.

પ્રસુતિ પછી આવેલા ગાંડપણ માટે પણ આ એક સારું ઔષધ છે, બાળકોને કરમિયાને કારણે તાંણ-આંચકી આવતી હોય, દર્દીની જીભ સુક્કી ચીરાવાળી રહેતી હોય, સ્પષ્ટ બોલી શકતો ન હોય તો આ ઔષધ આપવાથી ફાયદો થાય છે.

ઘણા હોમિયોપથી ડૉકટરો અજાણતાં થતા પેશાબ માટે, નપુંસકતા માટે, સ્ત્રીઓને માસિક સ્રાવ પહેલાં આવતી ફીટ/હિસ્ટેરિયા/ચક્કર માટે પણ હાયોસિએમસનો પ્રયોગ કરે છે.

હાયોસિએમસનો દર્દી નાની બાબત પકડીને મોટો ઝગડો કરે છે, તેને વારંવાર ઝાડા થઈ જાય છે તથા અજાણતાં સંડાશ થઈ જાય છે. બાલ્કનીમાં ઊભો રહી કપડાં કાઢી નાખે છે તથા હસ્યા કરતો હોય છે. ઘરના લોકોને જબરજસ્તી એને રૂમમાં લઈ જઈ કપડાં પહેરાવવાં પડે છે.

રાત-દિવસ ધંધામાં રચ્યોપચ્યો રહેતો હોય અને ધંધાની ચિંતાને લીધે ઊંઘ ન આવતી હોય - ભલે તેને ગાંડપણની અસર ન હોય - તો પણ આ ઔષધ આપવાથી અનિદ્રાનો રોગ દૂર કરી શકાય છે. □

અલબત્ત, એમાંનાં કોઈનું પણ મોત નિપજાવી શકાય તેમ હતું. પણ એ જો ઘાયલ થયું તો એ ઘા અકલ્પ્ય એટલી ઝડપે રૂઝાઈ જવા પામતું. મારી આ સિદ્ધિ ખરેખર અકલ્પનીય હતી. - પરંતુ એ પછીની ઘટનાઓ આટલી સુખદ નહોતી.

મારા પ્રયોગો નીચેનાં ઊંદરો માટે મેં ભુલભુલામણી ઊભી કરેલી, જેમાં તેમને પ્રવેશાવીને તેમના પ્રત્યાઘાતો હું નોંધતો રહેતો. શરૂઆતમાં તો ભુલભુલામણીથી બહાર આવવાની ઝડપ પર હું ભારે આનંદ અનુભવતો, પરંતુ ધીમે ધીમે તેમની ઝડપ ઓછી થવા માંડી, અને એક મહિના બાદ તો એ ભુલભુલામણીમાંથી છટકી નીકળવા તે પહેલાંના કરતાં બમણો સમય લેવા લાગ્યાં.

આવું જ પ્રયોગ નીચેનાં તમામ પ્રાણીઓમાં પ્રતીત થવા માંડ્યું. એમનામાં બાહ્ય કશો ફેરફાર નહોતો જણાતો, પરંતુ દરેક ક્રિયામાં તે પહેલાંના કરતાં વધુ સમય લેવા માંડ્યાં. ઊંદરોની જ વાત કરું તો ભુલભુલામણીમાં તેમને પ્રવેશાવ્યા બાદ તેમને તેમાંથી છટકી નીકળતાં સરેરાશ માત્ર દોઢ મિનિટ લાગતી, હવે લગભગ બે કલાક જેટલો સમય તેમને લાગવા માંડેલો. આ જ ગતિમંદતા અને ક્રિયાશિથિલતા પ્રયોગ નીચેનાં એકેએક પ્રાણીને લાગુ પડતી હતી. મેં એક ઊંદરની પૂછડી શાહીમાં ઝબોળી જેથી તેની ગતિનું પ્રમાણ જાણી શકાય. એક અઠવાડિયા પછી પૂછડીએ પાડેલા શાહીના નિશાન પરથી ફલિત થવા પામ્યું કે આખા અઠવાડિયામાં તે સવા ઈંચ જ આગળ વધી શકેલો. અલબત્ત, તેના શરીરમાં કે તેની આંખોની ચમકમાં કશો જ નોંધપાત્ર ફેર પડવા નહોતો પામ્યો.

પ્રાણશક્તિ મંદ પડતી જવાની આ પ્રક્રિયામાં હું પોતે પણ અપવાદરૂપ નહોતો. મને પોતાને પણ આ ગતિમંદતા અને ક્રિયાશિથિલતાનો અનુભવ થવા માંડ્યો. મેં નક્કી કરી લીધું કે મારે આ સ્થિતિને આગળ વધવા દઈને લોકહાંસીને પાત્ર ન બનવું. મને આ નોંધ ટપકાવતાં મારા ટાઇપ રાઇટર પર કેટલો સમય લાગ્યો હોવાનું તમે માનો છો? પૂરા નવ દિવસ!

હું મારા ટાઇપરાઇટર પાસે રિવૉલ્વર હાથમાં લઈને જ બેઠો છું. મારા લમણા સામે ધરી હું તે ફોડવાનો છું, જો કે તે કેટલો સમય લેશે તે હું ચોક્કસ કહી શકું તેમ નથી.□

૧૯૪૬નો નૌકાદળનો વિપ્લવ

અશોક ઠાકોર

સને ૧૯૪૬માં, નેતાજી સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજની ગૌરવગાથાઓ ભારતમાં, જન્મભૂમિના આદ્યતંત્રી સ્વ. શ્રી અમૃતલાલ શેઠે સૌપ્રથમ પ્રજાસમક્ષ મૂકી, તે હકીકત ભારતના તે સમયે 'રોયલ ઇન્ડિયન નેવી' કે જે 'આર. આઈ. એન.'ના નામે ઓળખાતા નૌકાદળના સૈનિકોની જાણમાં આવી.

ગત વિશ્વયુદ્ધમાં, અંગ્રેજ અને મિત્રરાજ્યોને જર્મની, ઈટલી, સ્પેન, જાપાનનાં સંયુક્ત આક્રમણનો સામનો કરવો પડ્યો ત્યારે બ્રિટિશ સરકારે ભૂમિદળનાં જેમ નૌકાદળમાં પણ મોટા પ્રમાણમાં ભરતી કરી.

આ ભરતીમાં નૌકાદળનાં યાંત્રિક કામો, સંદેશાવ્યવહાર તથા ઉચ્ચ પ્રકારની તોપો, વિમાન-વિરોધી તોપો, રડાર, ટોર્પિડો જેવાં શસ્ત્રો વાપરવા, ભણેલા મધ્યમ વર્ગના યુવાનોની 'શોર્ટ ટર્મ કમિશન' એટલે ટૂંકા ગાળાની નોકરીઓમાં મોટા પ્રમાણમાં ભરતી કરી. આ વર્ગ મુખ્યત્વે શિક્ષિત મધ્યમ વર્ગમાંથી આવેલો હતો અને નૌકાદળમાં જોડાતાં પહેલાં ભારતમાં અંગ્રેજો સામે લડાયેલી ગાંધીયુગની તથા પંજાબ, બંગાળ, મહારાષ્ટ્રના ક્રાંતિકારીઓની હિંસક લડત, ભગતસિંહ જેવાની શહાદતથી જ્ઞાત હતો.

યુદ્ધકાળમાં કેવળ વ્યાપક બેકારીને કારણે આજીવિકા મેળવવા જોડાયેલા આ ભારતીય જવાનો તથા નૌકાદળમાં અલ્પ શિક્ષિત ખલાસી વર્ગ કે જેને મોટે ભાગે શારીરિક કામ કરવાનાં હોય છે તેમને પગાર, ખોરાક, કપડાં, રહેવાની સગવડતામાં તેવાં જ કામ કરતા નૌકાદળના બ્રિટિશ નાગરિકો, ભારતમાં વસતા બ્રિટિશ સામ્રાજ્ય પરસ્ત ઍંગ્લોઇન્ડિયન કરતાં જુદી ઊતરતી સગવડો અને પગાર મળતાં હતાં.

બીજા વિશ્વયુદ્ધમાં નૌકાદળમાં ભરતી થએલા આ ભારતીય જનોએ નૌકાયુદ્ધમાં, નૌકાચાલનમાં તથા અન્ય ક્ષેત્રે બ્રિટિશરો તથા ઍંગ્લોઇન્ડિયનો કરતાં ચઢિયાતી કામગીરી તથા બહાદુરી બતાવ્યાનો અનેક વાર એકરાર બ્રિટિશ સત્તાવાળાઓએ લંડન તથા ભારતમાં કર્યો હતો.

પરંતુ પગાર તથા રહેવાની સગવડોના ક્ષેત્રે ભારતીય નાગરિકો સાથે જે ખુલ્લો ભેદ પડાયો તેથી નૌકદળના યાંત્રિક સંદેશાવ્યવહાર તથા યુદ્ધનાં શસ્ત્રો વાપરતા વર્ગમાં શિક્ષિત વર્ગ ઉપર ઊંડી અસર હતી અને વ્યાપક અસંતોષ હતો.

આ ગાળામાં જાપાનના હિરોશીમા-નાગાસાકી ઉપર અણુબૉમ્બ પડતાં બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યો; અને મલાયા, સિંગાપુર બ્રહ્મદેશમાં લડતા સુભાષબાબુની આઝાદ હિંદ ફોજના સૈનિકોને ફરી યુદ્ધકેદીઓ તરીકે અટકાયતમાં લેવાયા. તેઓ દોઢ લાખની સંખ્યામાં વિદેશી ધરતી પર પકડાયા. આ ફોજના સૈનિકોને ભારત લાવવાની કામગીરી મોટે ભાગે ભારતીય નૌકાદળને સોંપાઈ. આ નૌકાદળના અસંતોષ પામેલા નાવિકોને દરિયાઈ મુસાફરી દરમ્યાન, આ આઝાદ હિંદ ફોજના યુદ્ધકેદીઓનો યુદ્ધનૌકાઓમાં સારો સંપર્ક રહ્યો.

આ આઝાદ સૈનિકોએ તેમને સુભાષબાબુની આઝાદ હિંદ ફોજની ગૌરવભરી કહાનીઓ કહી. આ પશ્ચાદ્‌ભૂમિકામાં નૌકાદળના માનસિક રીતે જાગૃત, વિશ્વરાજકારણના બનાવોની જાણકારી ધરાવતા મોટા ભાગના સૈનિકોને પણ મા ભોમની આઝાદી માટે કંઈક કરી છૂટવાની તમન્ના જાગી.

વળી, સુભાષબાબુનાં વિદેશી ધરતી ઉપરથી થતાં રેડિયો પ્રવચનો આ ભારતીય નૌકાસૈનિકો તેમની અદ્યતન સંદેશાવ્યવહાર સાધનસામગ્રીથી ધ્યાનથી સાંભળતા. આ સંદેશામાં સુભાષબાબુ ભૂમિસેનાની જેમ નૌકાદળ અને વાયુસેનાને પણ બ્રિટિશ શાસકો સામે બગાવત કરવા પ્રેરણા આપતા. આ સાથે આઝાદ ફોજના સેનાનીઓ, સૈનિકો સામે લાલ કિલ્લામાં જે ઐતિહાસિક મુકદમો ચાલ્યો અને તેને વર્તમાન- પત્રો દ્વારા પ્રસિદ્ધિ મળી તેની અસર આ નૌકાસૈનિકો ઉપર ખૂબ પડી.

વળી, નૌકાદળના ગોરા ઉચ્ચ અધિકારીઓ અને તેના પિઠ્ઠુ બનેલા થોડાક ભારતીય અધિકારીઓ, ભારતીય નૌકાના સૈનિકોને નાના ગુન્હા માટે સખ્ત સજા કરતા. આ સજા સામે અપીલ કરનારને નજરમાં રાખી વધુ પરેશાન કરાતો. અપાતા ખોરાકની સામગ્રીની હલકી ગુણવત્તા, ભેળસેળ વગેરેની ફરિયાદો પણ સખ્તાઈપૂર્વક દબાવી દેવાતી.

૧૯૪૬ના જાન્યુઆરીના અંતમાં બીજું વિશ્વયુદ્ધ બંધ પડ્યું. આથી યુદ્ધકાળમાં ઉત્તમ સેવા બજાવનાર યુદ્ધમાં ભરતી થએલા નૌકાદળના મોટા ભાગના સૈનિકો સામે છટણીનો પ્રશ્ન આવી પડ્યો ને તે લોકોને નજીવું વળતર આપી છૂટા કરવા માંડ્યા.

આ ગાળામાં બંગાળમાં ભીષણ દુકાળ પડ્યો. નૌકાદળમાં સારી સંખ્યામાં અવિભાજિત બંગાળી યુવાનો જોડાયા હતા. તેમના મનમાં આ માનવસર્જિત દુષ્કાળમાં બંગાળમાં અનાજ વગર મરતા ભાંડુઓની વાતોએ વ્યાપક રોષ ફેલાવ્યો.

મુંબઈના કોલાબા ખાતેના નૌકામથક - 'એચ. એમ. ઇ. એસ. તલવાર' કે જ્યાં ૧૫૦૦ નૌકાસૈનિકો સંદેશાવહેવાર વિભાગની તાલીમ લેતા હતા તેમણે પ્રથમ પોતાના પ્રશ્નો પતાવવા અહિંસક સત્યાગ્રહ કર્યો; પણ તેને સખ્ત રીતે દાબી તેના નેતા બી.સી. દત્તની તથા બીજાઓની ધરપકડ કરી. મુંબઈ ખાતેના અન્ય નૌકામથકના સૈનિકો જે કામની છુટ્ટીના સમયમાં હરતાફરતા, છાપાં વાંચતા તે સૌએ હજારોની સંખ્યામાં, તેમના નૌકામથકના યૂનિયન જૅક બ્રિટિશધ્વજને ઉતારી ત્રિરંગો

ધ્વજ ફરકાવી બહાર આવ્યા અને દેશના મુખ્ય રાજદ્વારી નેતાઓને મળી તેમના પકડાયેલા નેતાઓને મુક્ત કરાવવા તથા તેમના પ્રશ્નો ઉકેલવા સહાય માગી. મહાત્માજીએ અહિંસક સત્યાગ્રહ કરવા સલાહ આપી - જે નૌકાદળના સુભાષને આરાધ્ય દેવ માનતા સૈનિકોએ ન સ્વીકારી. ફક્ત પં. નેહરુએ સિંગાપુરથી સંદેશો મોકલ્યો કે, 'તેઓ તેમના પ્રશ્નો ઉકેલવા સહાયભૂત થશે.' અરુણા અસફઅલીએ આ નૌકાસૈનિકોના પ્રશ્નમાં ઊંડો રસ લઈ તેમની માગણીઓ વાજબી છે અને તે ઉકેલવા ઉચ્ચ નેતાઓને દરમ્યાનગીરી કરવા દોડદોડ કરી. પં. નેહરુને સીંગાપોરમાં, તેમને જ આ પ્રશ્નની પ્રથમ જાણકારી હતી. નેહરુ પણ ભારત આવી ગાંધી-સરદારની ભાષામાં જ બોલવા લાગ્યા, આથી નૌકાસૈનિકો વધુ રોષે ભરાયા.

બ્રિટિશ શાસકોએ મુંબઈમાં નૌકાદળનાં મથકો ઉપર ગોરા સૈન્યને ગોઠવ્યું. મુંબઈમાં ગોરા લશ્કર અને નૌકાદળના વિદ્રોહે ચઢેલા સૈનિકો વચ્ચે સશસ્ત્ર અથડામણો પણ થઈ.

આથી નૌકાદળનાં તમામ સૈનિકોમાં બેદિલી ફેલાઈ અને કરાંચી, વિશાખાપટ્ટમ્, કોચીન, કલકત્તાના નૌકાદળના શસ્ત્રવિભાગમાં આક્રમણાત્મક તથા સંરક્ષણાત્મક યુદ્ધસામગ્રીના સંચાલનમાં મોટા ભાગે ભારતીય નૌસૈનિકો-અધિકારીઓ હતા, અને તેથી નૌકાદળનાં મોટા ભાગનાં યુદ્ધજહાજોમાં તેઓ આવાં મહત્ત્વનાં સ્થાન સંભાળતા હતા. તેઓએ તેથી સંભવિત બ્રિટિશ નૌકાદળ, ગોરા ભૂમિદળ, વાયુસેનાના હુમલા થાય તો મુકાબલો કરવા પૂરી તૈયારી કરી નાખી. ફક્ત આ વિપ્લવી નૌકાસૈનિકો પાસે ખોરાકનો પુરવઠો મર્યાદિત હતો, પણ જનતાએ દરેક સ્થળે તે પૂરો પાડ્યો.

મુંબઈ ખાતેનું નૌકાજહાજ 'આસામ' તેમાં જોડાયું, વિપ્લવે ચઢેલા નોકાસૈનિકોએ 'રૉયલ ઇન્ડિયન નેવિ' નામ બદલીને 'ઇન્ડિયન નૅશનલ નેવિ' તરીકે પોતાની ઓળખ ઊભી કરી, અને તેમણે પોતાની શરતો મૂકી : તલવાર નૌકાજહાજના અટકમાં લેવાયેલા નૌસૈનિકોની બિનશરતી મુક્તિ તથા બીજા નૌસૈનિકોની મુક્તિ અને ભારત છોડી અંગ્રેજોએ ચાલ્યા જવું.

તા. ૧૯ ફેબ્રુ. ૧૯૪૬ના રોજ મુંબઈમાં ડોકયાર્ડમાં સૌ નૌસૈનિકો ભેગા થયા. આ સૈનિકોએ મુંબઈના સમુદ્રમાં ઊભેલાં લડાયક જહાજો તથા મુંબઈના કિનારા પરનાં નૌકામથકો જે કામ કરતાં હતાં, તેમની પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. દરેક નૌકાદળનાં જહાજોએ પણ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આમાં મુંબઈના વિદ્યાર્થીઓ અને મજૂરો પણ જોડાયા.

આ સૈનિકોએ મુંબઈના રાજ્યમાર્ગો ઉપર કૂચ કરી. જનતાએ તેમનું સ્વાગત કર્યું. આ કૂચ સંપૂર્ણ શિસ્તપૂર્વકની છતાં હિંસક બની ગઈ. આ વખતે એક પારસી ગૃહસ્થના માથે કોઈએ ઘા કર્યો. તે ઘવાયા, મરણ પામ્યા. આથી મુંબઈના બ્રિટિશરો-ઍંગ્લોઇન્ડિયન્સ ભૂગર્ભમાં જતા રહ્યા.

લઘુકથા

ભીંત-દર્પણ

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના રૂમના બારણા પાસે ઊભા રહી શિષ્યે રૂમમાં જોયું તો ગુરુ રૂમની વચ્ચે ઊભા રહી રૂમની દીવાલ તરફ એકીટશે જોઈ રહ્યા હતા. શિષ્યને ગુરુની આ ચેષ્ટા જોઈ આશ્ચર્ય થયું. ગુરુ આમ કેમ ઊભા હશે?! પણ ગુરુને કંઈ પણ પૂછવાની તેની હિંમત ચાલી શકી નહીં.

એટલે બજુવાએ જ શિષ્યને પૂછ્યું : 'શું મારું કંઈ કામ છે?'

'ના, કામ તો કંઈ નથી. પણ એક પ્રશ્ન પૂછવો છે જો આપ અનુમતિ આપો તો...' શિષ્યે આજ્ઞા માગી.

'ખુશીથી પૂછી શકે છે.'

'આપ ભીંત સામે ક્યારના એકીટશે શું જોઈ રહ્યાં છો?'

'મારું પ્રતિબિંબ... ભીંતમાં વળી બીજું શું જોઉં ?'

'પણ ભીંતમાં પ્રતિબિંબ થોડું જોઈ શકાય?'

'પણ ભીંત જ જો દર્પણ બની જાય તો પ્રતિબિંબ કેમ ન જોઈ શકાય?' બજુવા બોલ્યા.

'પણ ભીંત તે વળી દર્પણ બની શકતી હશે?'

'હા, જોતાં આવડે તો ભીંત તો શું દરેક વસ્તુ દર્પણ બની જાય...' ગુરુએ કહ્યું.

'એ કેવી રીતે ?' શિષ્યે જિજ્ઞાસા વ્યક્ત કરી.

'કોઈ પણ વસ્તુ અને આપણી વચ્ચે જે અવકાશ નિર્માણ થાય છે, એ અવકાશ જ અધ્યાત્મનો - સાક્ષીત્વનો રાજમાર્ગ છે. આ સાક્ષીત્વ જ કોઈ પણ વસ્તુને દર્પણ બનાવી દે છે..' ને ગુરુએ ઉમેર્યું : 'સાક્ષીત્વથી બીજું એકેય મોટું દર્પણ નથી.'

'પણ મને તો ભીંતમાં દર્પણ દેખાવાને બદલે હજુ ભીંત જ કેમ દેખાતી હશે?' શિષ્યે પૂછ્યું.

ને બજુવાએ મર્મ ટકોર કરી : 'તને ભીંત દેખાય છે એટલા માટે કે તું દર્પણને પણ દર્પણ તરીકે જોઈ શકતો નથી!!' □

આ વિદ્રોહી નૌકાસૈનિકોએ મધ્યસ્થ હડતાળ સમિતિ નીમી. તેમણે 'કેસલ બૅરેક' નામના મહત્ત્વના નૌકામથકના નૌસૈનિકોને પોતાની સાથે જોડવા ફરી ત્રણ માગણીઓ રજૂ કરી : (૧) શ્રી અરુણા અસફઅલી અને અન્ય રાજકીય નેતાઓનો સંપર્ક સાધવો, સલાહ લેવી; (૨) તેમની માગણીઓ, મુશ્કેલીઓ, હક્કની માગણી સ્વીકારાવવી; (૩) ત્યાં સુધી હિંસક આક્રમણ ન કરવું, ઉપવાસ કરવા.

આ વિદ્રોહમાં નીચેનાં નૌકાદળનાં યુદ્ધજહાજો જોડાયાં : 'એસ. આગ્રા' ઓરીસ્સાના કિનારે, 'અમદાવાદ' વિશાખાપટ્ટમ્માં, 'આસામ' મુંબઈ ડૉક્યાર્ડ, 'બાલસુર' જામનગર, 'બલુચિસ્તાન' આંદામાનમાં, 'બરોડા' કોલંબોમાં, 'બેંગાલ' આંદોમાન, 'બેગર' મુંબઈ, 'બિહાર' અને 'કર્ણાટક'

આંદામાનમાં, 'કાવેરી' ડોક્યાર્ડ મુંબઈ, 'કલાઈવ' મધ્યદરિયે, 'દેલહાહુસી'- તાલીમીનૌકા, 'ડેક્કન' આંદામાન, 'દીપાવતી' તાલીમી જહાજ, 'ધનુષ્ય' મુંબઈ બંદર, 'ગોંદવાના' મધ્યદરિએ, 'ફ્લોટીલા' વિશાખાપટ્ટમ્, 'હીરા' મધ્યદરિએ, 'હિન્દુસ્તાન' કરાંચી, 'ઈન્ડસ' મધ્યદરિએ, 'કલાવતી' મધ્યદરિએ, 'કાઠિયાવાડ' વિશાખાપટ્ટમ્, 'ખૈબર' મધ્યદરિએ, 'કીટરના' આંદામાન, 'કુમાયોન' મુંબઈ, 'લાહોર' મધ્યદરિયે, 'મરાઠા' મોતી, 'મદ્રાસ' મુંબઈ બંદર, 'નર્મદા' મધ્યદરિયે, 'નીલમ' ઔંધ, 'પંજાબ' બંદરમાં, 'રોહીલખેડ' આંદામાન, 'સિંધ' કરાચી, 'સોનાવતી' વિશાખાપટ્ટમ, 'શીલોંગ' વિશાખાપટ્ટમ્, 'સતલજ' મધ્યદરિયો, 'તીર' બંદરમાં, 'ત્રાવણકોર' કરાંચી, 'ટેસ્ટ' નવું જહાજ.

ભૂમિદળ ઉપરના મુંબઈ, થાણા, કરાચી, કલકત્તા, નવી દિલ્હી, જામનગર અને કોચીનનાં વીસ નૌકા કેન્દ્રો પણ વિપ્લવમાં જોડાયાં. કુલ ૩૦,૦૦૦ નૌકાસૈનિકોએ ભાગ લીધો, તેમાંના ૨૦,૦૦૦ બીજા વિશ્વયુદ્ધમાં કસાયેલા નૌસૈનિકો હતા.

સામા પક્ષે ટપમાંથી ફક્ત ચાર યુદ્ધજહાજો હતાં. નૌકાદળના વડાએ રોયલ નેવિના તમામ ગોરા અધિકારીઓને પોતાનાં જહાજો છોડી બંદરમાં આવી જવા હુકમ કર્યો.

તા. ૨૦ ફેબ્રુઆરીએ દેશનાં લશ્કરી મથકોનાં પોલીસદળે નૌકાદળના સૈનિકોની સહાનુભૂતિમાં પ્રતીક હડતાળ પાડી. મુંબઈ પ્રજાના આક્રોશથી કાયદો-વ્યવસ્થા ભાંગી પડી.

વિદેશનાં અગ્રગણ્ય અખબારોએ આ વિદ્રોહને મોટાં હેડિંગ આપી ચમકાવ્યો. અમેરિકા, રશિયા, ફ્રાન્સનાં અખબારોએ પણ તેની નોંધ છાપી. ભારતનાં દરેક પત્રોએ તેના વિસ્તારથી હેવાલો છાપ્યા. આ વિદ્રોહને કોન્ગ્રેસ, મુસ્લિમ લીગ, ફોરવર્ડ બ્લોક, સમાજવાદી પક્ષ આદિનું સમર્થન મળ્યું.

પ્રજાએ વિદ્રોહી સૈનિકોને ખાધાખોરાકી, વાહનો છૂટથી આપ્યાં. હવાઈદળનાં વીમાંનો ઉપર વિદ્રોહીઓએ એન્ટી એર ક્રાફ્ટ ગનથી ગોળાબાજી કરી ભગાડ્યાં.

આ વિપ્લવમાં ૧૩ વિદ્રોહી નૌસૈનિકો અને ૪૧૩ બ્રિટિશ નૌસૈનિકો મરાયા-ઘવાયા. ૧૨૯ નાગરિકોની ધરપકડ થઈ.

આ પછી કૉન્ગ્રેસ, મુસ્લિમ લીગ, ફોરવર્ડ બ્લૉક, હિન્દુ મહાસભા, કોમ્યુનિસ્ટ નેતાઓની દરમ્યાનગીરીથી સમાધાન થયું. વિદ્રોહ પાછો ખેંચાયો. બધા જ વિદ્રોહીઓ સામે પગલાં ન લેવાનું, પકડાયેલાઓને છોડી મૂકવાનું, નોકરીમાંથી બરતરફ ન કરવાની શરતો સ્વિકારાઈ, પણ પૂરું પાલન ન થયું. વિદ્રોહીઓના નેતાઓને નોકરીમાંથી બરતરફ કરાયા.

'બ્રિટિશ સામાજ્ય વિસર્જન કરવા હું વડાપ્રધાન બન્યો નથી.' તેવી ગુલબાંગ મારનાર ચર્ચિલ, વિરોધપક્ષના નેતા શ્રી એટલી, પૂર્વ એશિયાના સર સેનાપતિ લૉર્ડ માઉન્ટબેટન પણ આ નૌકાદળના બળવા પછી ભારતમાંથી અંગ્રેજોને ઉચાળા ભરવાની સલાહ આપતા હતા.

નેતાજી સુભાષ બોઝે આઝાદ હિંદ ફોજ દ્વારા જે પ્રથમ મરણતોલ ફટકો બ્રિટિશ સામ્રાજ્યને માર્યો તે પછી તે સામ્રાજ્યને ભારતમાં શબપેટીમાં પૂરવાનું અંતિમ કામ નૌકાદળે કર્યું. અને પૂર્વના ક્રાંતિવીર ગદ્દાર દળ, ભગતસિંહ, રાસબિહારી, સાવરકર, મેડમ કામા, રાણા શ્યામજી કૃષ્ણ વર્મા 'કોમાટામાર' સ્ટીમર દ્વારા કેનેડા પહોંચવા ગયેલા અને શહાદત ભોગવનારના ભૂતકાલીન ઇતિહાસને પૂર્ણ બનાવ્યો અને ભારતની આઝાદીના અંતિમ ઇતિહાસમાં સોનેરી અક્ષરે પોતાનું નામ અંકિત કર્યું. □

લઘુકથા] **નૉર્મલ** [ભગીરથ બ્રહ્મભટ્ટ

નૉર્મલ

ત્યારે હું રોજ સવારે પાંચ વાગે સ્ટેશને ચાલવા જતો. ડોક્ટરે લોહીના સ્હેજ ઊંચા દબાણની વાત કરેલી એટલે એ ક્રમ ગોઠવેલો. વહેલી સવારે બીજું હોય પણ શું? ઠંડો ઠંડો પવન, આછું આછું અજવાળું, સૂનો સૂનો માર્ગ ને સ્હેજસ્હેજ ચહલપહલ. શરૂશરૂમાં તો એકલા-અટૂલા ચાલવાનો કંટાળો પણ આવતો, પરન્તુ પછી તો એ તાજગીમાં પંખીનો કલશોર સાંભળવાનું વ્યસન થઈ ગયું!

છેલ્લા ત્રણેક મહિનામાં તો એ ક્રમ આદતમાં ફેરવાઈ ગયો. રોજ સવારે આંખ ખૂલી જ જાય. પાંચ ને પાંચ મિનિટે તો પગ ઘરની બહાર, પાંચ અને પચીસની આસપાસ 'મિલન' બસ-સ્ટૉપ પહોંચી જ જવાય. એ સ્ટૉપની આગળ કે પાછળ લગભગ 'એ' મળે જ. શરૂશરૂમાં તો ધ્યાનેય નહોતું, પણ ધ્યાન ગયા પછી એ પણ ફરવા જ આવે છે એમ જ માની લીધેલું. બરાબર પાંચ અને પચીસની આસપાસ એ રોડ ઉપર અમે વીંધાતાં. એ મને જોઈ ન જોઈ આંખ ફેરવી લેતી ને હું એને. ન કોઈ વાત, ન કોઈ ચીત.

ઊંચો અંબોડો, સુતરાઉ લેંઘો, ઝીણી ચોકડીવાળું બુશશર્ટ અને મધ્યમસરની ઊંચાઈ, ભરાવદાર શરીરના બાંધાથી એ મને જાણે કે બાંધતી, ને હું બંધાઈને છૂટી જતો.

એક વાર અમારા ફેમિલી ડોકટર બહાર ગયેલા એટલે હું શહેરમાં એક ડૉકટરને ત્યાં મારું બી. પી. મપાવવા ગયેલો. બાંકડે બેઠો. થોડી જ વારમાં પે...લી સવારવાળી 'એ' દેખાઈ. હું ઊભો થયો. ને મેં આંખોથી સાશ્ચર્ય પૂછ્યું. - 'ત.... મે?' એટલામાં ડૉકટરે મને બોલાવ્યો. હું ડોકટર પાસે ગયો. બી.પી. માપ્યું. ડોકટરે હસીને કહ્યું : 'અરે ભાઈ! તમને કોણે કહ્યું બી.પી. છે? તમે તો નોર્મલ છો!' હું બહાર આવ્યો ને 'એ' અંદર ગઈ. વળી પાછી તરત એ બહાર આવી અને સહસા બોલી ઊઠી - 'ખરું કે'વાય ! મારે પણ નૉર્મલ !!!' □

આવો, શીખીએ અંગ્રેજી (૧૨)

ધનુભાઈ મહેતા

પૂર્ણકાળ (The Perfect Tenses)

વર્તમાનકાળ, ભૂત અને ભવિષ્ય એમ ત્રણ સાદા કાળ અને એ પ્રત્યેકના ચાલુ, પૂર્ણ અને પૂર્ણ ચાલુ એમ મળી કુલ બાર કાળમાંથી આપણે ત્રણ સાદા અને ચાલુ એમ મળી છ કાળ જોયા. આમ, આપણી કાળયાત્રા અર્ધ વાટે પહોંચી.

હવે પૂર્ણકાળ શીખવા માટેની પાયાની સામગ્રી 'to have' ક્રિયાપદનાં ત્રણે કાળનાં રૂપ તથા ક્રિયાપદનાં ભૂતકૃદંતનાં રૂપ આપણે શીખ્યા છીએ. તેથી પૂર્ણકાળ શીખવાનું સરળ બનશે. પૂર્ણ વર્તમાનકાળને અંગ્રેજીમાં 'The Perfect Present Tense'કહેવામાં આવે છે. વર્તમાનકાળમાં કોઈ ક્રિયા પૂર્ણ થઈ ગઈ છે એવું વિધાન કરતું વાક્ય તે પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય કહેવાય. ગુજરાતીમાં 'હોવું' અથવા 'થવું' મૂળ ક્રિયાપદ વર્તમાનકાળના પુરુષ અને વચન પ્રમાણેનાં રૂપ 'છું', 'છીએ' 'છે' એ વર્તમાનકાળના ત્રણે પ્રકારન ઓળખ છે. સાદા, ચાલુ કે પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય હોય તો તેને છેડે 'છું', 'છીએ' કે 'છે' આવેલું હોય જ. નીચેનાં વાક્યો પરથી તેની પ્રતીતિ થશે.

સૂર્ય રોજ સવારે પૂર્વમાં ઊગે છે (સાદો વર્તમાન)

સૂર્ય હમણાં પૂર્વમાં ઊગી રહ્યો છે. (ચાલુ વર્તમાન)

સૂર્ય પૂર્વમાં ઊગ્યો છે. (પૂર્ણ વર્તમાન)

તો આ દરેક વાક્યને અંતે આવેલું 'છું', 'છીએ', 'છે' આ ત્રણે વાક્યો વર્તમાનકાળના જ પ્રકારો છે એમ સહેજે ખ્યાલ આપે છે. દા.ત. 'જવું' ક્રિયાપદ લઈએ તો 'રોજ જાય છે', 'હમણાં જઈ રહ્યો છે' અને 'ગયો છે' - એ પ્રકારની સાદા વર્તમાન, ચાલુ વર્તમાન અને પૂર્ણ વર્તમાન એમ અનુક્રમે ત્રણે કાળની રચના થાય. ગુજરાતીમાં ક્રિયાપદના સાદા ભૂતકાળના રૂપ પછી 'છું', 'છીએ' કે 'છો' આવેલ હોય તો તે વાક્ય પૂર્ણ વર્તમાનકાળનું જાણવું. પુનરુક્તિ દોષ દોહરાવવો પડે. દૂધ ભાષાના વ્યાકરણની પાકી સમજ પરભાષાના વ્યાકરણની શિક્ષણ કેડીએ ભોમિયારૂપ બની રહે એ હેતુથી જ પૂર્ણ વર્તમાનને પ્રથમ માતૃભાષામાં જ બરાબર સમજી લઈએ.

પૂર્ણ વર્તમાનકાળના ગુજરાતી હકારવાચક વિધાન વાક્યનું અંગ્રેજી કરવા માટે કર્તા પછી 'to have'નું કર્તા પ્રમાણેનું યોગ્ય રૂપ એટલે કે 'have' કે 'has' મૂકવું અને પછી ક્રિયાપદનું ભૂતકૃદંત વાપરવું. વાક્યોમાં આ નિયમ કેમ લાગુ પડે તે નીચેનાં ઉદાહરણ રૂપ વાક્યો પરથી સમજાશે :

સૂર્ય પૂર્વમાં ઊગ્યો છે.

The sun has risen in the sky.

to rise - રાઈઝ - ઊગવું, rose - ભૂ.કા. Risen - ભૂતકૃદંત)

રામાયણ વાલ્મીકિએ લખ્યું છે.

Valmiki has written the Ramayan.

મેં મારા શબ્દો પાછા ખેંચ્યા છે.

I have withdrawn my words.

(to withdraw - વીથડ્રો - પાછા ખેંચવું,
withdrew - ભ.કા., withdrawn - ભૂ.કૃ.)

અમે અમારી ફરજ બજાવી છે.

We have performed our duty.

(to perform - પરફોર્મ-ફરજ બજાવવી.)

તમે નવું સ્કૂટર ખરીદ્યું છે.

You have purchased a new scooter.

to purchase - પરચેજ - ખરીદ્યું.

પૂર્ણ વર્તમાનકાળના ગુજરાતી વિધાન વાક્યને છેડે 'છું', 'છે' કે 'છીએ' આવે છે એમ આગળ આપણે શીખ્યા પણ પૂર્ણ વર્તમાનના નકારવાચક વિધાનવાક્યને છેડે આ 'છોગું' આપણને દેખાતું નથી. દા.ત. 'મંજુલા આજે નિશાળે ગઈ નથી.' છેડે 'છું', 'છે' કે 'છીએ' તો દેખાતું નથી! તો તે ક્યાં સંતાયું છે તે જોઈએ. 'નથી'ને છૂટું પાડો તો 'છે+નહિ' એમ થશે. હવે ઉપરના વાક્યને એ રીતે ગોઠવીએ 'મંજુલા આજે નિશાળે ગઈ છે નહિ.' પણ આપણે ત્યાં 'ગઈ છે નહિ' એમ બોલાતું નથી, 'ગઈ નથી' એમ જ બોલાય છે. આ પરથી પૂર્ણ વર્તમાનકાળમાં વાક્યને છેડે 'છું', 'છે' કે 'છીએ' આવે તે મુદ્દો સ્પષ્ટ થશે. પૂર્ણ વર્તમાનકાળના નકારવાચક વિધાનવાક્યની અંગ્રેજી રચના આ પ્રમાણે થાય : કર્તા પછી 'to have'નું કર્તા પ્રમાણેનું 'to have' નું વર્તમાનકાળનું રૂપ ' have' કે 'has' પછીનું ' not' અને પછી ક્રિયાપદનું ભૂતકૃદંત. થોડાંક ઉદાહરણ જોઈએ :

મેં 'આ ઝાડ કાપ્યું નથી. I have not cut this tree.

તમે આ કેરીના પૈસા ચૂકવ્યા નથી.

You have not paid for these mangoes.

(to pay for - પે ફોર - ના પૈસા ચૂકવવા - paid - પેઈડ - ભૂ.કા., ભૂ કૃ.)

લતાએ તેના વાળ ઓળ્યા નથી.

Lata has not combed her hair.

(to comb hair - કોમ્બ હેર - વાળ હોળવા)

ખેડૂતોએ ખેતર ખેડ્યું નથી.

Farmers have not tilled the field.

(to till - ટિલ - ખેડવું.)

પૂર્ણ વર્તમાનકાળનું પ્રશ્નાર્થ વાક્ય આમ બને. વાક્યને પ્રારંભે કર્તા પ્રમાણેનું 'to have'નું વર્તમાનકાળનું યોગ્ય રૂપ 'have' કે 'has', પછી કર્તા અને પછી ક્રિયાપદનું ભૂતકૃદંત.

વસંત ઋતુ બેઠી છે ?

Has the spring set in ?

(spring - સ્પ્રિંગ - વસંત; to set in - સેટ ઈન - આરંભ થવો. ઋતુ બેસવી. set - ભૂતકાળ તથા ભૂ.કૃ.)

મેં તમારું કાંઈ બગાડ્યું છે ?

Have I done anything wrong to you ?

(to do a wrong - ટુ ડુ અ રોન્ગ - બગાડવું; did - ભૂ.કા., done - ભૂ.કૃ.)

તમે આ નવલકથા વાંચી છે?

Have you read this novel ?

(to read - રીડ - વાંચવું, read - રેડ - ભૂતકાળ, ભૂત કૃ., novel - નોવેલ - નવલકથા)

આતંકવાદીઓએ ગોળીબાર કર્યો છે ?

Have the terrorists fired ?

(a terrorist - ટેરરિસ્ટ - આતંકવાદી.)

પૂર્ણકાળના સંદર્ભમાં 'ever' (એવર-કદી) 'never' (નેવર - કદી પણ નહિ), 'already' (ઓલરેડી - ક્યારનુંય), 'yet' (યટ - હજી સુધી), 'for' (ફોર - અમુક મુદતથી), તથા 'since' (સિન્સ - અમુક ચોક્કસ મુદતથી) આટલા સમય-દર્શક ક્રિયાવિશેષણના પ્રયોગ શીખવા જરૂરી છે. થોડાંક ઉદાહરણનાં વાક્યો જોવાથી આ બધાંનો અર્થ સ્પષ્ટ થશે અને તફાવત પણ સમજાશે :

તમે કદી તાજમહાલની મુલાકાત લીધી છે ?

Have you ever visited the Taj mahal ?

'ever' પૂર્ણ વર્તમાનકાળના હકારવાચક પ્રશ્નવાક્યમાં વપરાય. 'never' પૂર્ણ વર્તમાનકાળના નકારવાચક વિધાનવાક્યમાં વપરાય.

ના, મેં કદી તાજમહાલની મુલાકાત લીધી નથી.

No, I have never visited the Taj mahal.

'already' અને 'yet'નો પ્રયોગ પૂર્ણ વર્તમાનકાળના વિધાન અને પ્રશ્ન એમ બન્ને પ્રકારના વાક્યમાં નીચે પ્રમાણે થશે :

સાત તો ક્યારનાય વાગી ગયા છે.

It has already struck seven.

(to strike - સ્ટ્રાઇક - સમય થવો. Struck - ભૂ.કા. બને ભૂ.કૃ.)

હજી સાત નથી વાગ્યા ?

Has it not struck seven yet ?

પણ 'already' ફક્ત પૂર્ણ વર્તમાનકાળના હકાર વાક્યમાં જ વપરાય છે, નકારમાં નહિ. જ્યારે 'yet' ફક્ત નકારમાં જ વપરાય, હકારમાં નહિ - જુઓ :

આગગાડી ક્યારનીય આવી ચૂકી છે.

The train has already arrived.

આગગાડી ક્યારનીય આવી ચૂકી છે ?

Has the train already arrived ?

પણ 'yet' માત્ર પૂર્ણ વર્તમાનકાળના નકારવાચક વિધાન અને પ્રશ્નમાં જ વપરાય છે, હકારમાં નહિ.

મુખ્ય મહેમાન હજી આવ્યા નથી.

The chief guest has not come yet.

હજી વિમાને ઉતરાણ કર્યું નથી ?

Has the Plane not landed yet ?

(to land - લૅન્ડ - ઉતરાણ કરવું.)

'For' સમયનો ગાળો એટલે કે (period of time - પિરિયડ ઓફ ટાઈમ) દર્શાવે છે. સરળ શબ્દોમાં કહીએ તો અડસટ્ટે સમયનો ગાળો સૂચવવા માટે વપરાય છે. જેમ કે 'ત્રણ દિવસથી', 'એક અઠવાડિયાથી', 'ચાર મહિનાથી', 'બે વરસથી'. જ્યારે 'since' ચોક્કસ સમય એટલે કે 'Point of Time' (પૉઈન્ટ ઓફ ટાઈમ)નો નિર્દેશ કરે છે. બીજા શબ્દોમાં ચોક્કસ તારીખ, વાર, સમય, માસ, વરસ કે પ્રસંગ દર્શાવે છે. નીચેનાં વાક્યો 'For' અને 'since' વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરશે :

શાળામાં તે ત્રણ દિવસથી ગેરહાજર છે.

He has been absent from school for three days.

(absent - એબસન્ટ - ગેરહાજર.)

કુ. લ્યુસી બે વરસથી ભારતમાં છે.

Miss Lucy has been in India for two years.

આ લત્તામાં અમે ઘણાં વરસો રહ્યાં છીએ.

We have lived in this area for many years.

(area - એરિઆ - લત્તો, વિસ્તાર.)

હું એકાદ અઠવાડિયાથી સરલાને મળ્યો નથી.

I have not met Sarala for about a week.

'For'નો પ્રયોગ આ રીતે અડસટ્ટે સમયગાળો બતાવે છે. જ્યારે હવે 'since' કઈ રીતે વપરાય તે સમજીએ. અને તે પરથી 'For' અને 'Since'ના પ્રયોગ વચ્ચેનો ભેદ સમજી તે પ્રમાણે જ વ્યાકરણશુદ્ધ વાક્યરચના કરો.

મેં ૧૯૬૪ની સાલથી ભાવનગર છોડ્યું છે.

I have left Bhavnagar since 1964.

આજ સવારથી જ તે કામમાં વ્યસ્ત છે.

He has been busy since this morning.

મારા પિતાજી પાંચ વાગ્યાના બહાર ગયા છે.

My father has gone out since five o'clock.

મેં તેને લાંબા સમયથી જોયો નથી.

I have not seen him since long.

શ્રીમતી ગાંધી શુક્રવારથી શાળામાં આવ્યાં નથી.

Mrs. Gandhi has not come to school since Friday.

આમ, હવે પૂર્ણ વર્તમાનના ઇતિશ્રી કરીને પૂર્ણ ભૂતકાળ પર આવીએ. પૂર્ણ ભૂતકાળ એટલે the perfect past tense.

ભૂતકાળમાં અમુક ક્રિયા પૂર્ણ થઈ હતી એવી અભિવ્યક્તિ તે પૂર્ણ ભૂત. પૂર્ણ વર્તમાનની માફક જ ત્રણે પૂર્ણ કાળની પ્રથમ ગુજરાતી વાક્યરચના જોઈએ :

વરસાદ વરસ્યો. (સાદો ભૂતકાળ)

વરસાદ વરસતો હતો. (ચાલુ ભૂતકાળ)

વરસાદ વરસ્યો હતો. (પૂર્ણ ભૂતકાળ)

'વરસતો હતો' અને 'વરસ્યો હતો' - તે બન્ને વાક્યો વચ્ચેનો તફાવત સમજો, જેથી આ પ્રકારની વાક્યરચનાનું ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતી કરવામાં ભૂલ ન થાય.

વરસાદ વરસ્યો. It rained.

વરસાદ વરસતો હતો. It was raining.

વરસાદ વરસ્યો હતો. It had rained.

પૂર્ણ વર્તમાન સવિગત સમજ્યા પછી પૂર્ણ ભૂતકાળ શીખવો ઘણો જ સરળ છે. આમ પણ પૂર્ણ ભૂતકાળ ગળે ઊતરવો અઘરો નથી, કારણ કે 'to have'નું ભૂતકાળનું ત્રણે પુરુષ અને વચનનું રૂપ માત્ર 'had' જ થાય છે. એટલે તેમાં પુરુષ અને વચનનું કોઈ બંધન નથી. પૂર્ણ ભૂતકાળનું હકાર વિધાનવાક્ય એટલે કર્તા + 'to have' નું ભૂતકાળનું રૂપ. એટલે કે ફક્ત 'had' + ક્રિયાપદનું ભૂતકૃદંત. બસ, પૂર્ણ ભૂતકાળ તૈયાર. ઉદાહરણોથી આ સમજાશે :

લાંબી રજાઓ પૂરી થઈ ગઈ હતી.

The Vacation had been over. (to be over - ટુ બી ઓવર - પુરું થવું.)

વડાપ્રધાને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

The Prime Minister had hoisted the national flag. (to hoist - હોઈસ્ટ - ફરકાવવું.)

ગાડી ક્યારનીય ઊપડી ગઈ હતી.

The train had already left.

નકારવાક્ય બનાવવા માટે કર્તા પછી had વાપરીને 'not' મૂકવું અને પછી ક્રિયાપદનું ભૂતકૃદંત વાપરવું.

અમે વડોદરામાં સંગ્રહાલયની મુલાકાત લીધી નહોતી.

We had not visited the museum in Vadodara.

(a museum - મ્યૂઝીઅમ - સંગ્રહાલય.)

વિલિયમ ટેલે સફરજનને બે ભાગમાં ચીર્યું હતું.

William Tell had split the apple in to two.

(to split - સ્પ્લિટ - ચીરવું, Split - ભૂ.કા. - ભૂત કૃદંત)

પૂર્ણ ભૂતકાળમાં પ્રશ્નવાક્ય બનાવવા માટે વાક્યને પ્રારંભે 'had' મૂકીને કર્તા મૂક્યા બાદ ક્રિયાપદનું ભૂતકૃદંત વાપરવું. જેમ કે - બાગમાં ફૂલો કરમાઈ ગયાં હતાં ?

Had the Flowers withered in the garden?

(to wither - વિધર - કરમાઈ જવું.)

તમે ગઈ કાલે બસ ચૂકી ગયા હતા ?

Had you missed the bus yesterday ?

આમ, પૂર્ણ વર્તમાન અને પૂર્ણ ભૂતકાળ શીખ્યા. હવે પૂર્ણ ભવિષ્યકાળ વિષે જાણીએ. અંગ્રેજીમાં તેને 'The Perfect Future Tense.' કહેવાય. અમુક ક્રિયા ભવિષ્યમાં પૂરી થઈ ગઈ હશે એમ કહેવામાં આવ્યું હોય ત્યારે પૂર્ણ ભવિષ્યકાળનું વાક્ય બને. પૂર્ણ ભવિષ્યકાળના હકારવાચક વિધાનવાક્યમાં પ્રથમ કર્તા પછી 'to have'નું ભવિષ્યકાળનું કર્તાના સંદર્ભ પ્રમાણેનું યોગ્ય રૂપ 'shall have' કે 'will have' અને ક્રિયાપદનું ભૂતકૃદંત આવે. થોડાંક નમૂનાનાં વાક્યો જોઈએ :

કાલે સવારે સાત વાગતાં તો અમે મુંબઈ પહોંચી ગયા હોઈશું. We shall have reached Bombay to-morrow, morning by 7-00.

વસંતમાં છોડવાઓ પર ફૂલો ખીલ્યાં હશે.

Flowers will have bloosmed on plants in spring.

ચૂંટણીઓ પહેલાં જાહેર પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હશે.

The Public examinations will have been over before the elections.

કર્તા પછી 'shall' કે 'will' પછી 'not' વાપરીને 'have' અને ક્રિયાપદનું ભૂતકૃદંત મૂકો એટલે પૂર્ણ ભવિષ્યકાળનું નકારવાક્ય બને.

કામવાળીએ હજી તેનું કામ પૂરું કર્યું હશે નહિ.

The maid servant will not have finished her work yet.

તમારી અરજીને આચાર્યે લક્ષમાં લીધી હશે નહિ.

The Principal will not have considered your application. (to consider - કન્સિડર - લક્ષમાં લેવું, ધ્યાન આપવું. an application - એપ્લિકેશન - અરજી.

(અનુસંધાન પૃ. ૫૮૨)

સંગીતશાસ્ત્ર - ૧૭

ડૉ. હસુ યાજ્ઞિક

રાગ-વર્ગીકૃત કરવાના શાસ્ત્રીય પ્રયાસો

બાર સ્વરોના સરળવાળા-બાદબાકી અને તેના ક્રમની વિશિષ્ટ ગોઠવણીથી સંગીત જન્મે છે, વિવિધ પ્રકારના ઢાળ થાય છે, રાગ બને છે, એના જ્ઞાનની સાથે જ આપણા સપ્તકને કેટકેટલી રીતે, ક્યા મેળમાં ગોઠવી શકાય એ દિશામાં અભ્યાસ આગળ વધ્યો ને ગણિતની સહાયે તર્કનો આશ્રય લઈને સપ્તકના સ્વરોના કેટલા મેળ કરી શકાય એનો નિર્દેશ કર્યો 'ચતુર્દંડી પ્રકાશિકા'માં પં. વ્યંકટેશ ગોવિંદ દિક્ષિતે. એમનો સમયગાળો ઈ. ૧૬૬૦ આસપાસનો. તેમના પિતા તાંજોરના દીવાન હતા. દક્ષિણના આ પંડિત સારંગદેવની પરંપરાના તાનપ્પાચાર્યના શિષ્ય હતા. 'ચતુર્દંડી પ્રકાશિકા'માં વ્યંકટમખીએ ગણિતની પદ્ધતિથી ૭૨ થાટ અને ૪૮૪ રાગ કેવી રીતે બને તે દર્શાવ્યું છે. દક્ષિણ ભારતમાં સંગીતશાસ્ત્રનો વિકાસ વીણાના માધ્યમે ગાણિતિક પદ્ધતિએ અગ્રસર બનેલો. ઈ.સ. ૧૨૧૦-૧૨૪૭ દરમિયાન થઈ ગયેલા પં. સારંગદેવે 'સંગીત-રત્નાકર'માં સાત અધ્યાયમાં સ્વર, શ્રુતિ, જાતિ, ગ્રામ, રાગ, તેનાં નામ-વિવરણ-યાદી, વાગ્ગેયકાર, ગાયકના ગુણદોષ, પ્રબંધ, વાદ્ય અને તેના પ્રકારો, નૃત્ય અને તુકાઓનો પરિચય આપ્યો છે. કાશ્મીરના આ પંડિતના પિતા સોંઢલ સંસ્કૃતના વિદ્વાન હતા. સારંગદેવે 'સંગીત રત્નાકર'માં ભરત, દત્તિલ-કોહલ, ભરત, મતંગ, પાર્શ્વદેવ અને નારદ જેવા પૂર્વે થયેલા સંગીતશાસ્ત્રીઓનાં મંતવ્યો પર પ્રકાશ પાડ્યો છે. ભરતે સારણાપદ્ધતિ અને ચલ-અચલ વીણાની પદ્ધતિ આપી ને તે પછીના સંશોધક સારંગદેવે એક વીણા પર જ ૨૨ તાર બાંધીને શ્રુતિ અને સ્વરની પદ્ધતિમાં એક ડગલું આગળ ભર્યું તે પછી 'રાગ વિબોધ'ના કર્તા પં. સોમનાથે એક વીણા પર જ ૨૨ તાર બાંધવાને બદલે મેરુદંડ પર ૨૨ પરદા - ફ્રેટ - બાંધવાની યુક્તિ અજમાવી. આમ કરવાથી વીણા પર ચાર તાર બાંધીને પહેલા ત્રણ તારને ષડજની આગળની ત્રણ શ્રુતિઓમાં મેળવી ચોથા તાર પર શુદ્ધ અથવા અચ્યૂત મધ્યમ રાખવાની પદ્ધતિ આપી. સારંગદેવે 'સંગીત રત્નાકર'માં વિકૃત સ્વરો દર્શાવેલા તેના નાદ વધારીને 'રાગ વિબોધ'કાર સોમનાથે પંદર વિકૃત સ્વરોનાં નામ આપ્યાં. ૧૭મી સદીના 'સંગીત પારિજાત'કાર પં. અહોબલે તારની લંબાઈને આધારે સ્વરસ્થાન દર્શાવ્યાં અને વીણા પર ૧૨ પરદા લગાવ્યાં. 'રાગતત્ત્વવિબોધ'કાર પં. શ્રીનિવાસ અહોબલના જ અનુયાયી હતા.

આ પરંપરામાં જ સત્તરમી સદીના ઉત્તરાર્ધના સમયગાળામાં પં. વ્યંકટમખીએ 'ચતુર્દંડપ્રકાશિકા'માં પૂર્વાર્ધન ૬ સ્વરની ૬ પ્રકારે ગોઠવણી થાય એ દર્શાવી ૬ × ૬ = ૩૬ અને એ રીતે ઉત્તરાર્ધના ૬ સ્વરોની છ રીતે ગોઠવણી કરતાં ૬ × ૬ = ૩૬ એમ ૩૬ + ૩૬ = ૭૨ મૂળ થાટ આપ્યા. આ પદ્ધતિ સમજવા માટે સા, રે, રે, ગ, ગ, મ, મા, પ, ધ, ધ, નિ, નિ એ ૧૨ સ્વર છે, તેમાં તીવ્ર 'મા' બાદ કરી પૂર્વાર્ધ લઈએ તો પૂર્વાર્ધમાં સા, રે, રે, ગ, ગ, મ રહે છે. તેને નીચે પ્રમાણે ૬ મેળમાં :

(૧) સા રે રે મ (૪) સા રે ગ મ
(૨) સા રે ગ મ (૫) સા રે ગ મ
(૩) સા રે ગ મ (૬) સા ગ ગ મ એમ ૬ રીતે

લઈ શકાશે. તે રીતે ઉત્તરાર્ધ : પ, ધ, ધ, નિ, નિ, સાં

(૧) પ ધ ધ સાં (૪) પ ધ નિ સાં
(૨) પ ધ નિ સાં (૫) પ ધ નિ સાં
(૩) પ ધ નિ સાં (૬) પ નિ નિ સાં એમ મેળ થાય.

હવે આ પૂર્વાર્ધ પ્રથમ મેળ સા રે રે મ સાથે ઉત્તરાર્ધને જોડીને પૂર્ણ સપ્તક બનાવીએ તો-

(૧) સા રે રે મ પ ધ ધ સાં
(૨) સા રે રે મ પ ધ નિ સાં
(૩) સા રે રે મ પ ધ નિ સાં
(૪) સા રે રે મ પ ધ નિ સાં
(૫) સા રે રે મ પ ધ નિ સાં
(૬) સા રે રે મ પ નિ નિ સાં એવા ૬ મેળ મળે.

આમ પૂર્વાર્ધના પ્રથમ મેળ સાથે ઉત્તરના ૬ મેળ જોડ્યાં તે રીતે પૂર્વાર્ધના ૨, ૩, ૪, ૫, ૬ ને પણ જોડીએ તો ૬ × ૬ = ૩૬ મેળ થયા. અહીં માત્ર શુદ્ધ 'માં' લીધો છે. હવે તે છોડીને તીવ્ર મધ્યમ 'મા' લઈને મેળ કરતાં બીજાં ૩૬ મેળ થાય ને એ બન્ને મળી ૩૬ + ૩૬ = ૭૨ મેળ થાય.

બધા રાગો આ ૭૨ મેળ કે થાટમાંથી મળ્યા છે. અર્થાત્ જે કંઈ રાગો છે તે બધા જ રાગોના પોતાના બંધારણમાં ઉપરના ૭૨ પૈકીના કોઈ એક સંયોજનનો જ એકમ જોવા મળશે. આથી આ મેળ અથવા તો થાટને રાગના જનક કહેવામાં આવે છે અને રાગને જન્ય, આ થાટાશ્રયસ્વર સપ્તકમાંથી જન્મેલા કહેવામાં આવે છે.

અહીં પં. વ્યંકટમખીએ એવું તર્કબદ્ધ ગણિત કામે લગાડ્યું કે કોઈ પણ રાગ હોય તેના સ્વરનાં આરોહ-અવરોહના સ્વર ૭૨ પૈકી કોઈ એક પ્રકારમાં આવે. ગણિતની દૃષ્ટિએ આ ૭૨

થાટ બરાબર છે, પરંતુ કંઈ ૭૨ થાટના સ્વરસંયોજન કર્ણમધુર ન લાગે. આથી જે રાગ અસ્તિત્વના છે તે પૈકીના મોટા ભાગના રાગના સ્વરોના આરોહ-અવરોહનો સમાવેશ થઈ શકે એવા મુખ્ય થાટ ૧૦ પં. ભાતખંડેએ નિશ્ચિત કર્યા છે.

આ રીતે ૭૨ થાટમાંથી રાગની સંખ્યા તેની જાતિ એટલે કે એમાં આવતા સ્વરની સંખ્યાને આધારે કર્યા છે. રાગ બનવા માટેની મુખ્ય પ્રમાણભુત શરત ત્રણ છે : (૧) એના સ્વરસંયોજનમાં સ્વરસંખ્યા ઓછામાં ઓછી પાંચની હોવી જોઈએ. (૨) 'મ' અને 'પ' પૈકી કોઈ એક વર્જ્ય કરી શકાય, બન્ને બાદ કરી ન શકાય અને (૩) આવું સંયોજક રંજક હોવું જોઈએ, કર્ણમધુર લાગવું જોઈએ. પં. વ્યકટમખીએ મેળ અને જાતિને ધોરણરૂપે રાખીને રાગસંખ્યા ૪૮૪ નિશ્ચિત કરી:

આરોહ-અવરોહમાં સાતે સાત સ્વરો હોય તેવી જાતિના રાગની સંખ્યા ૧ સંભવે. આરોહ-અવરોહની દૃષ્ટિએ સંપૂર્ણ-સંપૂર્ણ, સંપૂર્ણ-ષાડવ, સંપૂર્ણ-ઓડવ, ષાડવ-સંપૂર્ણ, ષાડવ-ષાડવ, ષાડવ-ઓડવ, ઓડવ-સંપૂર્ણ, ઓડવ-ષાડવ અને ઓડવ-ઓડવ એમ ૩ x ૩ = ૯ થાય. આ નવ જાતિમાં ૧ + ૬ + ૧૫ + ૬ + ૩૬ + ૯૦ + ૯૫ + ૯૦ + ૨૨૫ = ૪૮૪ રાગ માત્ર એક જ મેળમાંથી થઈ શકે. આવા મેળ તો ૭૨ છે. તેથી ગાણિતિક દૃષ્ટિએ ૪૮૪ x ૭૨ = ૩૪,૮૪૮ રાગ આ થાટમાંથી જન્મી શકે. અહીં સ્પષ્ટતા કરવી જોઈએ કે રાગની સંખ્યા આ નિશ્ચિત સંખ્યા કરતાં પણ વિશેષ સંભવી શકે. એનું કારણ એ કે આ તો માત્ર ૧૨ સ્વરોના વધારેમાં વધારે સાત અને ઓછામાં ઓછા પાંચ એવી સંખ્યાના આરોહ-અવરોહનું ગણિત છે. રાગ માત્ર આરોહ-અવરોહ પર આધાર નથી રાખતો. રાગના સ્વરૂપનો આધાર તો એ આરોહ-અવરોહના સ્વરોના ચલન, લગાવ, સીધા કે વક્ર પ્રયોગ, એમાં પ્રયોજાતા મુખ્ય ધ્વનિઘટકો રાગવાચક સ્વરના અર્થાત્ પકડસ્વરનાં એકમો, રાગના વાદી-સંવાદી, કોઈ સ્વરના અલ્પત્વ-બહુત્વ વગેરે પર આધાર રાખે છે. ૭૨ થાટમાંથી આરોહ-અવરોહ પાંચની નિમ્નતમ મર્યાદામાં ૩૪,૮૪૮ થાય પરંતુ એક જ પ્રકારના આરોહ-અવરોહ ધરાવતા રાગ જુદા હોઈ શકે. આનું દૃષ્ટાંત રાગ ભૂપાલી અને દેશકાર છે. બન્નેમાં સ્વરો તો સારેગપધસાં-સાંધપગરેસા છે. મ-નિ વર્જ્ય, શેષ શુદ્ધ.છતાં વાદી-સંવાદી, સ્વર લગાવ, અલ્પત્વ-બહુત્વ, ન્યાસ વગેરેથી આ બન્ને રાગો જુદા છે, એમને પોત-પોતાનું આગવું સ્વરૂપ છે.

બીજી એ વાત પણ અહીં લક્ષમાં લેવી જોઈએ કે ૩૪,૮૪૮ પ્રકારના જે આરોહ-અવરોહ થાય એ બધાં જ કંઈ રાગ બનવા માટેની 'રંજકત્વ'ની પહેલી શરતને પૂરી પાડતા નથી. એ બધાં સ્વર-સંયોજન કંઈ કર્ણમધુર નથી બનતાં. આથી પં. ભાતખંડે કહે છે કે, પ્રત્યક્ષ પ્રચારમાં ૨૦૦ રાગથી અધિક જોવા નથી મળતા, તે વાસ્તવિક અને ગ્રાહ્ય છે. રાગ-રાગ વચ્ચેનાં વિવિધ સંમિશ્રણો થયાં છે અને મેધાવી સંગીતકારોએ કેટલાક અવનવા રાગો પ્રયોજ્યા છે અને કેટલાય રાગ અપ્રસિદ્ધ રહ્યા છે, એ લક્ષમાં લઈએ તો પાંચસો જેટલા રાગ ગણી શકાય, પણ તે પૈકી મોટા ભાગના તો પ્રમુખરાગમાં કરેલાં અલ્પ પરિવર્તનો અને ભિન્ન રાગોના પૂર્વાર્ધ-ઉત્તરાર્ધનાં સંમિશ્રણો જ હોય છે, જે બધાં જ વ્યાવર્તક વર્ચસ્વી માધુર્ય ધરાવતાં નથી અને એની પરંપરા ચાલતી નથી.

મેળ કે થાટ આ રીતે રાગના મુખ્ય ઘટક એવા રાગ પ્રયુક્ત સ્વરોના ક્રમાનુસારી આરોહ-અવરોહનું ગણિત છે. વિપુલસંખ્ય રાગને ઓળખાવાનું, સમપ્રકૃતિ ધરાવતા રાગોને એક વર્ગમાં કે જૂથમાં જોવાનું ને એ રીતે અભ્યાસ કરવાનું સાધન છે. કોઈ પણ શાસ્ત્ર કે કલાના કોઈ પણ વર્ગ અને એનું કોઈ એક નિશ્ચિત ધોરણે થતું વર્ગીકરણ એક પ્રકારની અભ્યાસોપયોગી પદ્ધતિ છે. થાટ પણ એક એવી પદ્ધતિ છે અને એના મુખ્ય નિયમો આ પ્રમાણે છે : (૧) તેમાં કુલ ૧૨ સ્વરમાંથી ૭ સ્વર લેવામાં આવે છે. (૨) તે સા,રે, ગ, મ,પ,ધ,નિ ના આરોહ અને તેના અવરોહ લેવાયા છે. પરંતુ આરોહ જ પર્યાપ્ત ગણાય. આરોહ આવશ્યક નથી. (૩) એક જ સ્વરના શુદ્ધ અને કોમળ કે શુદ્ધ અને તીવ્ર સાથે આવી શકે. (૪) આવા સ્વરસમૂહમાં રંજકતા જરૂરી નથી. (૫) થાટને તે પ્રકારના સ્વર ધરાવતા મુખ્ય રાગને નામે ઓળખાવાય છે. (૬) રાગ ગેય છે તેમ થાટ કંઈ ગાવા માટે નથી.

થાટની પદ્ધતિ જ રાગના વર્ગીકરણમાંથી વિકસી છે. પંદરમી સદીના અંતિમકાળના 'રાગતરંગિણી'કાર લોચને રાગના વર્ગીકરણની ગ્રામ અને મૂર્ચ્છનાની પદ્ધતિને બદલે થાટની પદ્ધતિ અજમાવી. લોચનના કથન પ્રમાણે ૧૬,૦૦૦ રાગ ગોપીઓ કૃષ્ણ સામે ગાતી હતી એમાંથી ૩૬ રાગ જ પરંપરામાં પ્રસિદ્ધ બન્યા. લોચને આ રાગ માટે (૧) ભૈરવી (૨) તોડી (૩) ગૌરી (૪) કર્ણાટ (૫) કેદાર (૬) ઈમન (૭) સારંગ (૮) મેઘ (૯) ધનાશ્રી (૧૦) પૂર્વી (૧૧) મુખારી અને (૧૨) દીપક થાટ આપ્યા તે રાગઆધારિત થાટનાં લક્ષણ આપી તેમાં (૧) <u>ભૈરવી,</u> નીલાંબરી, (૨) <u>તોડી</u>, (૩) <u>ગૌરી,</u> માલવ, શ્રીગૌરી, ચૈતી ગૌરી, પહાડી ગૌરી, દેશીતોડી, દેશિકાર, ગૌરી, ત્રિવણ, મુલતાની, ધનાશ્રી, વસંત, રામકરી, ગુર્જરી, બહુલી, રેવા, ભટિયાર, પટ, પંચમ, જયંતશ્રી, આસાવરી, દેવગાંધાર, સેંધવ્યાસાવરી, ગુણકરી, (૪) <u>કર્ણાટ</u> કાનર, વેગીશ્વરી કાનર, ખંભાવતી, સોરટ, પરજ, મારુ, જૈજૈવંતી, કકુભા, કામોદ, કામોદી, ગૌર, માલકૌશિક, હિંડોલ, સુગ્રાહી, અડાણા, ગૌરકાનર, શ્રીરાગ, (૫) <u>કેદાર</u>, કેદારનાટ, આભીરનાટ, ખંભાવતી, શંકરાભરણ, બિહાગરા, હમ્મીર, શ્યામ, છાયાનટ, ભૂપાલી, ભીમપલાસી, કૌશિક, મારુ (૬) <u>ઈમન</u>, શુદ્ધ કલ્યાણ,

પૂરિયા, જયતકલ્યાણ, (૭) સારંગ, પરમંજરી, વૃંદાવની, સામંત, લડહંસક, (૮) મેઘ, મેઘમલ્હાર, ગૌણસારંગ, નાટ, બેલાવલી, અલૈયા, સૂહ, (૯) ધનાશ્રી, લલિત (૧૦) પૂર્વી, (૧૧) મુખારી, (૧૨) દીપક એમ કુલ બાર થાટમાં એકયાશી જેટલા રાગ વર્ગીકૃત કર્યા. ૧૭મી સદી સુધીમાં રાગને થાટમાં વર્ગીકૃત કરવાનું પ્રચારમાં હતું તેથી પં. અહોબલે 'સંગીત-પારિજાત' અને પં. સોમનાથે 'રાગ વિબોધ'માં પણ દૃષ્ટિગોચર થાય છે. 'રાગવિબોધ'માં થાટની સંખ્યા ૨૩ અને 'સ્વરમેલકલાનિધિ'માં ૨૦ દર્શાવી છે. 'ચુતર્દંડપ્રકાશિકા'માં વેંકટમખીએ ૭૨ મેળ દર્શાવ્યા ને થાટ ૧૯ સંખ્યાના બતાવી, ગાણિતિક ધોરણે કરેલા ૭૨ મેળને મહોર મારતા પં. વ્યંકટમખીએ આ સંખ્યામાં તો કોઈ વધઘટ સંગીતના આદિપુરુષ ભગવાન શંકર પણ કરી ન શકે તેમ કહ્યું.

આ વર્ગીકરણ પ્રચલિત રાગને સમાન જૂથના સ્વર ધરાવતા રાગોના વર્ગ તરીકે વિશેષ ઉપયોગી ન હતું આથી પં. વિષ્ણુનારાયણ ભાતખંડેએ, પ્રચલિત મુખ્ય રાગો અને તેના સ્વરોને લક્ષમાં લઈ બધાં શુદ્ધ સ્વરવાળા, તીવ્ર 'મા'વાળા, રે-ધ કોમળ છે તેવા, રે-ધ કોમળ સાથે મધ્યમ તીવ્ર 'મા'વાળા, રે કોમળ ધ શુદ્ધ ને 'મા'વાળા, રે, ગ, ધ, નિ, ચારે કોમળવાળા એવા પ્રચલિત રાગોના સ્વરસ્વરૂપની લાક્ષણિકતાને આધારે મુખ્ય ૧૦ થાટ આપ્યા અને તે રાગના મુખ્ય રાગના નામને આધારે કલ્યાણથાટ, બિલાવલ, ખમાજ, ભૈરવ, પૂર્વી, મારવા, કાફી, આસાવરી, ભૈરવી અને તોડી આપ્યા અને તે થાટના સ્વર આ રીતે આપ્યા:

(૧) યમન અથવા કલ્યાણ થાટ	: સા રે ગ મા પ ધ નિ સાં
(૨) બિલાવલ	: સા રે ગ મ પ ધ નિ સાં
(૩) ખમાજ	: સા રે ગ મ પ ધ નિ સાં
(૪) ભૈરવ	: સા રે ગ મ પ ધ નિ સાં
(૫) પૂર્વી	: સા રે ગ મા પ ધ નિ સાં
(૬) મારવા	: સા રે ગ મા પ ધ નિ સાં
(૭) કાફી	: સા રે ગ મ પ ધ નિ સાં
(૮) આસાવરી	: સા રે ગ મ પ ધ નિ સાં
(૯) ભૈરવી	: સા રે ગ મ પ ધ નિ સાં
(૧૦) તોડી	: સા રે ગ મા પ ધ નિ સાં

પં ભાતખંડેનું આ પ્રકારનું વર્ગીકરણ પ્રચલિત વિવિધ રાગોને સમજવામાં, એના સ્વરૂપને યાદ રાખવામાં અત્યંત અભ્યાસોપયોગી અને પ્રચલિત મુખ્ય રાગોના સ્વરસ્વરૂપને ધોરણરૂપે રાખતું હોઈ શાસ્ત્રીય છે. અહીં (૧) તીવ્ર મા (૨) સર્વ શુદ્ધ (૩) નિ (૪) રે - ધ (૫) રે મા ધ (૬) રે મા ધ (૭) ગ નિ (૮) ગ ધ નિ (૯) રે ગ ધ નિ (૧૦) રે ગ મા ધ - એ પરિવર્તનો સહેજે ધ્યાનમાં આવે છે, સરળ છે, યાદ રહી શકે તેવા છે અને વિપુલસંખ્ય રાગના સ્વરના મુખ્ય બંધારણને સમજવા માટે, યાદ રાખવા માટે ઉપયોગી છે. વિવિધ પ્રકારના, વિવિધ ભાવ કે પ્રકૃતિના, વિવિધ ગાન સમયના, વિવિધ ઋતુના જે જે રાગો છે અને એ જ તો જે ભારતીય રાગોની પ્રકૃતિ છે, એનું મૂળભુત સ્વરૂપ ને તે બધાંનું વાસ્તવિક રૂપ અહીં ધ્યાનમાં લેવાયું છે. આ બધી દૃષ્ટિએ આ થાટ પદ્ધતિ અને રાગોનું વર્ગીકરણ વ્યવહારુ, વાસ્તવિક અને અભ્યાસોપયોગી છે. જે સંગીતશાસ્ત્રી થાટના આ વર્ગમાં જ બધા જ રાગો સમાય એવો આગ્રહ રાખે એને આ વર્ગીકરણ અધૂરું, ઊણું લાગશે. કેમ કે કેટલાક એવા થાટની દૃષ્ટિએ સંકીર્ણ રાગો છે જેને કયા થાટમાં મૂકવો, એ પ્રશ્ન થાય. કોઈ રાગ એવો હોય જેના આરોહ-અવરોહ જુદા હોય, સ્વરચલન વક્ર હોય, આરોહે શુદ્ધ અને અવરોહે કોમળ સ્વરો પ્રયોજાતા હોય એવા રાગને આવા કોઈ એક થાટમાં મૂકી નહીં શકાય. આવા રાગને મિશ્ર કે સંકીર્ણ થાટનો ગણવો જોઈએ. પરંતુ આ કારણે કંઈ આ પદ્ધતિ અધૂરી, અપર્યાપ્ત, બિનજરૂરી કે અશાસ્ત્રીય ન કહી શકાય. અનેક રાગોને વર્ગીકૃત કરવાની, એનાં મૂળ કે મુખ્ય કુળને તથા સ્વરસ્વરૂપના બંધારણને નક્કી કરવાની, વિપુલસંખ્ય રાગોના કોઈ એક કે બે જ સ્વરના ભેદને સમજીને તેને યાદ રાખવાની જે ઉપયોગિતા આ થાટની તેનું મૂલ્ય કંઈ ઓછું નથી.

ખરેખર તો કર્ણમધુર કે રંજક ધ્વનિ કેમ જન્મે છે, કઈ કઈ શ્રુતિઓના કેવા પ્રકારનાં સંમિશ્રણો કઈ રીતે ભાવવ્યંજક બને છે, એ જાણવા માટે પણ ભવિષ્યમાં આ વર્ગીકરણ જ ઉપયોગી બને તેવું છે. કોમળ ઋષભનું શુદ્ધ ગાંધાર લઈને થતું તીવ્રમધ્યમની શ્રુતિ સાથેનું સંમિશ્રણ, શુદ્ધને બદલે કોમળ ગાંધાર પ્રયોજે ત્યારે કેવું જુદા જ ભાવનું પરિવર્તન બને છે. તીવ્રમધ્યમની શ્રુતિ કોમળ મધ્યમમાં સંકળાય તે કરતાં તે શુદ્ધમાં સંકળાય ત્યારે કેવી જુદી બને છે, કેવળ રંજકતાની દૃષ્ટિએ જ નહીં, ભાવવ્યંજકતાની દૃષ્ટિએ, તે જોવા-જાણવા-સમજવા અને તેનું પૃથક્કરણ કરીને તેની રંજકતા અને વ્યંજકતાને પામવા માટેની સંશોધન સુવિધા છે. દરબારી કાનડામાં ગમરેસા, નિપ, છે, મલ્હાર પ્રકારમાં રે-પની સુદીર્ઘ મીંડ છે, અન્ય રાગોમાં મારેગથી પ્રગટતો વ્યંજક ધ્વનિઘટક છે, તે જ ષડજ-મધ્યમ ભાવે કે ષડજ-પરિવર્તને કયું રૂપ લેશે? શું ષડજ-મધ્યમ ભાવ કે અન્ય સ્વરને ષડજસ્થાને સ્થાપવાથી જ કોઈ એક ગવાતા રાગમાંથી જ કોઈ નવો રાગ થયો હોય એવું પણ નથી બન્યું ? કયા કયા કેટલા કેટલા સ્વરાન્તરો, એનાં સંમિશ્રણો રંજક છે, વ્યંજક છે, લોકસંગીત અને શાસ્ત્રીય રાગસંગીતમાં Musical Motif બની, નવો ચમત્કૃત કરતો અંશ ધરાવી એની પરંપરા સર્જે છે ને તે જ અંતે રાગવાચક બની નવો રાગ બનાવે છે - આ બધી હવે કરવાની થતી સંગીતની શોધ છે. ભવિષ્ય માટેનું સંશોધન છે. ને એ કરવામાં પણ રાગસ્વરૂપોનાં થાટ પદ્ધતિએ જે વર્ગીકરણ થયાં તે સહાયક બને તેવાં છે.

(ક્રમશઃ)

વાયરલેસના પ્રથમ શોધક

સર જગદીશચંદ્ર બોઝ

પ્રહ્લાદ છ. પટેલ



કોઈ પણ માહિતી અથવા જ્ઞાનકોષનાં પાનાં ફેરવતાં જોવા મળશે કે 'બિનતારી સંદેશાવ્યવહાર પ્રણાલી (Wireless Communication System)' નાપ્રથમ શોધક તરીકે માર્કોનીનું નામ જોવા મળે છે. એટલું જ નહીં પણ ૧૯૦૯ની સાલનો ભૌતિકવિજ્ઞાનનો નોબેલ પુરસ્કાર માર્કોનીને એનાયત કરવામાં આવ્યો હતો. આજકાલ હવે તો દસ્તાવેજી પુરાવા મળી શક્યા છે અને વધુ મળી શકે તેમ છે કે બિનતારી સંદેશાવ્યવહાર પ્રણાલીના પ્રથમ શોધક ભારતના ભૌતિક વિજ્ઞાની સર જગદીશચંદ્ર બોઝ હતા. સાહિત્ય, શાંતિ અને વિજ્ઞાનના ક્ષેત્ર (પૂર્વગ્રહો અને પસંદગીઓને આધારે) નોબેલ પુરસ્કાર અપાયાના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. હવે ઘણાને લાગે છે કે નોબેલ પુરસ્કાર એનાયત કરવા માટે 'વિચાર' નહીં પણ 'પ્રચાર'નું મહત્ત્વ વધી રહ્યું છે.

સંદેશાવ્યવહારનું પ્રથમ વ્યાપક ઉપકરણ ટેલિફોન છે. આ પ્રણાલીમાં તારનાં દોરડાં આવશ્યક છે. જો કે સેલ્યુલર ટેલિફોન એ બિનતારી પ્રણાલીનું વિશિષ્ટ વૃત્તાન્ત છે.વાયરલેસ પ્રણાલીમાં તારનો ઉપયોગ થતો નથી. આ પ્રણાલીમાં વિદ્યુતચુંબકીય તરંગો પ્રસારણ મથક (transmitter)થી ગ્રાહી મથક (receiver) સુધી જતાં હોય છે. વિદ્યુતચુંબકીય સંકેતો હવા કે શૂન્યાવકાશમાં એકથી બીજે સ્થળે સંદેશા લઈ જાય છે તેને પ્રસરવા માટે માધ્યમ જરૂરી નથી.

સર જગદીશચંદ્ર બોઝે (૩૦-૧૦-૧૮૫૮ - ૨૩-૧૦-૧૯૩૭) તેમના જીવનના પૂર્વાર્ધનો ઘણોખરો સમય ભૌતિક વિજ્ઞાનના અધ્યયન, અધ્યાપન અને સંશોધનમાં પસાર કર્યો હતો. તેમણે તેમના જીવનના ઉત્તરાર્ધમાં જીવવિજ્ઞાનના વિષયે પ્રખર સંશોધન કર્યું અને આ ક્ષેત્રે તે જગપ્રસિદ્ધ થયા. તેમણે અત્યંત સંવેદનશીલ ઉપકરણ ડિટેક્ટર તૈયાર કર્યું. વનસ્પતિ ઉપર કોઈ પણ ક્રિયા કરતાં તેના તરફથી મળતી પ્રતિક્રિયા આ સાધન વડે નોંધી શકાતી હતી. છોડને ઈજાગ્રસ્ત કરતાં તેમાં પેદા થતી ધ્રુજારી નોંધવા માટે આ સાધન પૂરતું સક્ષમ અને સંવેદનશીલ હતું. આને આધારે બોઝ નક્કી કરી શક્યા કે વનસ્પતિમાં જીવ છે.

ઈંગ્લંડથી બી.એસસી. કરીને આવ્યા બાદ બોઝ કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. વિદ્યુત ચુંબકીય તરંગોના પ્રાયોગિક શોધક એચ. હર્ટ્ઝનો તેમના ઉપર ઘણો પ્રભાવ હતો. બોઝ કલકત્તામાં રહી વિદ્યુત ચુંબકીય તરંગો અને પ્રકાશ ઉપર અવનવા પ્રયોગો કરતા અને તે માટે જરૂરી વૈજ્ઞાનિક ઉપકરણો જાતે જ તૈયાર કરતા. આ રીતે આત્મનિર્ભરતાનો તેમનો ગુણ દૃષ્ટાંતરૂપ છે. ૧૮૯૫માં તેમણે બિનતારી સંચારણનું પ્રથમવાર નિર્દેશન કર્યું. કલકત્તાના ટાઉનહૉલમાં બંગાળના લે. ગવર્નરની ઉપસ્થિતિમાં ૨૫ મીટર સુધી વિદ્યુતચુંબકીય તરંગોનું પ્રસારણ કરી બતાવ્યું. માર્કોનીને પોતાના સેટ દ્વારા ૧૦ મીટર સુધી વિ. ચું. તરંગો મોકલવા સફળતા મળી. આ શોધની માર્કોનીએ ઈંગ્લંડમાં ૧૮૯૬માં પેટન્ટ કરાવી હતી. ખુદ બોઝની શોધેલી પ્રયુક્તિ વડે માર્કોનીએ ૧૯૦૧માં ટ્રાન્સઆંટલાન્ટિક વિ. ચું. તરંગોનું પ્રસારણ કર્યું હતું. કરુણતા તો એ છે કે માર્કોનીએ આ પ્રયુક્તિની નોંધ કે કબૂલાત ક્યાંયે-ક્યારેય કરી નથી. I.E.E.E. (યુ.એસ.ની Institute of Electronics and Electrical Engineers) ના સભ્યોએ આ ઘટનાનો, સંશોધન બાદ, પર્દાફાશ કર્યો છે. યુ. એસ.ની સંસ્થાઓ નાસા (National Aeronautics and Space Administration) અને આઈ.ઈ.ઈ.ઈના સભ્ય બંદોપાધ્યાયે બતાવ્યું છે કે માર્કોનીએ તેના પ્રથમ પ્રયોગમાં તરંગો મોકલવા માટે બોઝની પ્રયુક્તિનો ૧૮૯૮માં ઉપયોગ કર્યો હતો. બોઝની શોધ 'Mercury Coherer with Telephone', જેનો માર્કોનીએ ઉપયોગ કર્યો હતો તે લંડનના 'Proceedings of Royal Society' નામના સામયિકમાં ૨૭ એપ્રિલ, ૧૮૯૯માં પ્રસિદ્ધ થયો હતો. બે વર્ષ બાદ, ૧૨, ડિસેમ્બર, ૧૯૦૧માં માર્કોનીએ પ્રથમવાર બિનતારી પ્રસારણ કર્યું હતું.

એશિયાટિક સોસાયટીના પ્રમુખે, ૧૮૯૫માં, તેમના જાહેર વ્યાખ્યાનમાં બોઝની બિનતારી સંદેશાવ્યવહારને લગતી શોધનો ઉલ્લેખ કર્યો હતો. ૧૮૯૬માં 'ડેઈલી ક્રોનિકલ'ના એક હેવાલમાં પ્રસિદ્ધ થયું હતું કે બોઝે પેદા કરેલા વિ. ચું. સંકેતોને ૧૬૦૦ મીટર સુધી મોકલવામાં સફળતા મળી હતી. આ હેવાલમાં જણાવ્યું છે કે, 'સૈદ્ધાંતિક અજાયબીનું જોઈ શકાય તેવું આ

પ્રથમ પ્રમાણ મૂલ્યવાન વિનિયોગ ધરાવે છે.' ડેઈલી ક્રોનિકલની આ નોંધ દર્શાવે છે કે, બિનતારી પ્રણાલીના પ્રથમ શોધક બોઝ હતા. બોઝની મહાનતા એ હતી કે તેમણે બિનતારી પ્રણાલીની પેટન્ટ કરાવી નહીં, કારણ કે તે પોતાની શોધને કમાણીનું સાધન બનાવવા માગતા ન હતા. x - કિરણોના શોધક રોંજને પણ આ ઉમદા ઉદ્દેશ્યને કેન્દ્રમાં રાખી પોતાની શોધની પેટન્ટ કરાવી ન હતી, અને જીવનના છેલ્લા દિવસો દર્દમય ગયા. બોઝે પોતાની શોધની પેટન્ટ ન કરાવી તે હકીકત તેમની ડાયરી તેમજ કવિશ્રી રવીન્દ્રનાથ ટાગોરના લખેલા પત્રોમાંથી વિદિત થાય છે.

૧૯૦૦ની સાલમાં તેમણે એક અજોડ પ્રયુક્તિ તૈયાર કરી હતી. તેમાં તેમણે ગેલેના નામના ખનિજ સીસાના સ્ફટિકનો ઉપયોગ કર્યો હતો. અર્ધવાહક (Semiconductor) તરીકે તેનો ઉપયોગ કદાચ પ્રથમવાર કરવામાં આવ્યો હતો. આ સ્ફટિકનું વ્યાપારી મહત્ત્વ ઘણું વધારે હતું. ૧૩, નવેમ્બર, ૧૯૦૦ના રોજ પોતાની ડાયરીમાં તે લખે છે કે, 'મારા સિદ્ધાંતની વ્યવહારોમાં ઉપયોગિતા પરત્વે એક ટેલિગ્રાફી કંપનીના અધ્યક્ષનું ધ્યાન ગયું. અને તેમણે જણાવ્યું હતું કે, મારા સૂચનથી તે કંપનીને અકલ્પ્ય ફાયદો થાય તેમ છે, આ સાથે મારા બીજા વૈજ્ઞાનિક વિચારો પ્રસિદ્ધ ન કરવા. એણે જણાવ્યું કે તેમની શોધની પેટન્ટ કરવા તે અધ્યક્ષને મંજૂરી આપવી. તે અધ્યક્ષે મને જણાવ્યું હતું કે, 'મારા 'વિચારો'માંથી તે ઘણી મોટી 'વસ્તુ' બનાવી શકે તેમ છે. પણ મારા જીવનના એક પણ અંશનો હું પૈસા કમાવા માટે ઉપયોગ કરવા માગતો નથી.' વળી અધ્યક્ષે મને જણાવ્યું કે, 'તમારી શોધની જાહેરાત કરીને તમે કેટલાં બધાં નાણાં ફેંકી દીધાં છે?' ને છતાં પેટન્ટ કરવા માટે તેમણે તે મહાશયને સ્પષ્ટ ના પાડી દીધી.

એવું કહેવાય છે કે માર્કોની વાતચીતમાં અને લખાણોમાં' ચાલાકીપૂર્વક બીજાના વિચારોનો ઉપયોગ કરતો હતો.

બોઝે વિ. ચું. તરંગોના પ્રસારણનો અભ્યાસ તો કર્યો તે સાથે સાથે આ તરંગોની ધ્રુવીભૂત (Polarised) સ્થિતિનો પણ કર્યો. તેમના પ્રયોગોમાં સૂક્ષ્મતરંગો (Microwaves) માં hornfeed અને waveguide નો ઉપયોગ આજે ઉપગ્રહોમાં થાય છે તેમણે 'Dual Prism Attenuator' તૈયાર કર્યું તેનો ઉપયોગ આજે યુ. એસ. ના ટસ્કન ખાતે આવેલ નેશનલ એસ્ટ્રોનોમી ઑબ્ઝર્વેટરીમાં થઈ રહ્યો છે.

ગમે તે કારણ હોય પણ તેમણે બિનતારી પ્રણાલી ઉપર સંશોધન બંધ કરી દીધું અને ૧૯૦૦માં વનસ્પતિના અભ્યાસ પ્રત્યે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. અહીં પણ વનસ્પતિ જૈવિક સંવેદનો અનુભવે છે તેવી જગપ્રસિદ્ધ શોધ કરી બતાવી. સાચો વિજ્ઞાની કોઈ પણ ક્ષેત્રે ઝળકી ઊઠે છે તે વાતને બોઝે પ્રતીત કરી બતાવી. યુ.એસ.ના કોલોરાડો રાજ્યના ડેન્વર ખાતે માઈક્રો તરંગો માટે મળેલ આંતરરાષ્ટ્રિય પરિચર્ચામાં બોઝની બિનતારી પ્રેષણ-ગ્રાહી પ્રણાલીની વિગતો બહાર આવી. આજથી ૧૦૦ વર્ષ પહેલાં તેમણે માઈક્રો તરંગોનું નવું જ વિજ્ઞાન જગતને અર્પણ કર્યું હતું.

આર્થિક મુશ્કેલીઓ હોવા છતાં તેમણે પોતાની શોધની કેટલાંય પ્રલોભનો આપવામાં આવ્યા છતાં પેટન્ટ ન કરાવી. તેમના આ નિર્ણયમાં ભારતના આદર્શો અને ઉદાર હિંદુ સંસ્કારોનાં દર્શન થાય છે, પોતાની શોધમાંથી તેમણે કશું જ મેળવ્યું નહીં. પેટન્ટ ન કરાવી તે અકસ્માત ન હતો પણ ભારતીય સંસ્કૃતિના રંગે રંગાયેલા બોઝે પોતાની સમજથી પોતાની શોધને અર્થોપાર્જનનું સાધન બનાવ્યું નહીં. નોબેલ પુરસ્કાર સમિતિના દિલમાં ભલે માર્કોની વસી ગયા હોય પણ ભારતના પ્રત્યેક નાગરિકના દિલમાં બોઝનું સ્થાન સ્થાપિત થશે તો તે ઘટના નોબલ પુરસ્કાર કરતાં અનેક ગણી મોટી અને મૂલ્યવાન હશે. □

અનુસંધાન] આવો, અંગ્રેજી શીખીએ [પૃ. ૫૭૭થી

વાક્યના પ્રારંભે કર્તા પ્રમાણે 'shall' કે 'will' મૂક્યા બાદ કર્તા મૂકીને 'have' પછી ક્રિયાપદનું ભૂતકૃદંતનું રૂપ વાપરો એટલે પૂર્ણ ભવિષ્યકાળનું પ્રશ્ન વાક્ય બને :

રેડિયો પર આ વિમાન હોનારતના સમાચાર બધાંયે સાંભળ્યા હશે? Will all have listened to the news about the Plane Crash on Radio?

પોલીસે ખૂનીની ધરપકડ કરી હશે?

Will the police have arrested the murderer?

(to arrest - એરેસ્ટ - ધરપકડ કરવી, a murderer - મર્ડરર - ખૂની.)

અંગ્રેજીમાં ત્રણે પૂર્ણકાળના હકાર-નકાર, વિધાન, અને પ્રશ્નવાક્ય બનાવવાના નિયમો શીખ્યા. ઉદાહરણરૂપ વાકયોનો પણ અભ્યાસ કર્યો. 'To have'ના ત્રણે કાળનાં રૂપ અને ક્રિયાપદનું ભૂતકૃદંત આવડે તો પૂર્ણ કાળ આવડે એ વાત પણ સમજ્યા હશો. ક્રિયાપદના ભૂતકૃદંતનાં રૂપોનું માહાત્મ્ય જાણજો. ક્રિયાપદના ભૂતકૃદંતનાં રૂપોનો ચોક્કસ ખ્યાલ ન હોય તો ન આવડે પૂર્ણકાળ કે ન આવડે અંગ્રેજીની 'કર્તરી-કર્મણી' (Active voice અને Passive Voice') વાક્યરચના. આગળના પાઠોમાં શીખેલી સામગ્રીની અંગ્રેજી શિક્ષણની કેડીએ આગળ વધતાં ડગલે ને પગલે જરૂર પડવાની છે તેથી તે બધું બરાબર સમજીને સ્મૃતિમાં રાખજો, કારણ કે આ ક્ષેત્ર પૂરતું તો 'To remember a bliss but to forget a burden' - યાદ રાખવું એ સુખદ છે પણ ભૂલવું એ દુઃખદ. (ક્રમશઃ)

[સુધારો : જુલાઈ અંકમાં પૃ. ૫૨૫માં બીજા કૉલમમાં ઉપરથી ૧૩મી લીટીમાં Beggars વાંચવું. અને પૃ. ૫૨૬માં પહેલા કૉલમમાં બીજી લીટીમાં Inviteને બદલે admit વાંચવું.]

શરૂઆતનો વરસાદ

મુનિકુમાર પંડ્યા

વાદળાં વરસવાને તૈયાર થઈ ગયાં છે. વરસશે ?

ના, હા. વાતાવરણમાં સખત ઉકળાટ છે. ક્યારે વરસાદ પડશે એ કહેવું સહેલું નથી. વરસાદ પડે પણ ખરો અને નયે પડે. કશું કેમ કહી શકાય?

યશોધરે ઊંચે આકાશમાં જોયું અને પછી કાંડે બાંધેલી ઘડિયાળમાં જોયું. સમય થઈ ગયો છે. મારે હવે નીકળવું જોઈએ. બાગમાં પહોંચતાંમાં સાડાપાંચ થઈ જશે. સુનંદા સાથે વાયદો થયો છે - સાંજે સાડાપાંચ વાગ્યે નેહરુ બાગમાં મળવું. આજે સુનંદા પોતાનો ફાઇનલ નિર્ણય જણાવવાની છે. એનો નિર્ણય હા હશે? ના હશે? તેના પિતાએ સંમતિ આપી હશે? એના પિતા નિવૃત્ત લશ્કરી અધિકારી છે, એનો કડપ ભારે છે. તૈયાર થઈને યશોધર રૂમની બહાર નીકળ્યો. રૂમને તાળું માર્યું. કમ્પાઉન્ડનો ઝાંપો ખોલીને રસ્તા પર આવ્યો. નેહરુ બાગની દિશામાં ચાલવા લાગ્યો.

વાદળ ઉપર વાદળ ઘેરાયે જાય છે. બફારો અસહ્ય થતો જાય છે. શ્વાસ લેતાંય ગૂંગળામણ અનુભવાય છે. ચોમાસાનો અષાડ મહિનો ચાલે છે. વરસાદના આ તો દિવસો કહેવાય. વરસાદે વરસવું જોઈએ, ખૂબ વરસવું જોઈએ. વરસવું એ જ તો એનો ધરમ. પછી શ્રાવણે તો સરવડાં આવ્યા કરે અને ભાદરવે વરસાદ ઓછો થઈ જાય. ક્યારેક ઝાપટાં પડે તો પડે.

યશોધર રેલવેમાં સર્વિસ કરે છે. બે વર્ષ પહેલાં તેને રેલવેમાં એકાઉન્ટન્ટની નોકરી મળી છે અહીં તે એકલો રહે છે. વિશ્વવિજય સોસાયટીમાં અનંતરાયના મકાનના નાનકડા આઉટહાઉસમાં તે ભાડે રહે છે. અનંતરાય અને મંગળાગૌરી સાઠી વટાવી ગયેલાં દમ્પતી છે. તેઓ એકલાં રહે છે. એમનાં ત્રણેય સંતાનો અમેરિકામાં છે. સુખી કુટુંબ છે. ઢળતી સંધ્યાએ, કમ્પાઉન્ડમાં બાંધેલા હીંચકે બેસીને બંને જણાં સુખને વાગોળી રહે છે. ઉનાળાની સાંજે પાણી છાંટેલા કમ્પાઉન્ડમાં વરસાદ પછીની ઠંડક જેવું વાતાવરણ ઊભું થાય છે.

માની તો હા છે જ. મોટા ભાઈ વિદ્યાધરને પણ એમાં કાંઈ વાંધો નથી. યશોધરને ગમતું હોય તો ભલે એ પોતાની પસંદગીની કન્યા જોડે લગ્ન કરતો, બન્ને સુખી થાય. પિતા તો ચાર વર્ષ પહેલાં અવસાન પામ્યા છે. યશોધર ગ્રેજ્યુએટ થયો છે. એને સરસ નોકરી મળી છે. વળી, પરણવા જેવડી એની ઉંમર પણ થઈ ગઈ છે. વિલંબ કરવાને કોઈ કારણ નથી.

ગોરંભાયેલા વાદળમાંથી બેચાર છાંટા યશોધર ઉપર પડ્યા. ચોમાસું બેસી ચૂક્યું છે ને! ભલે પલળી જવાતું, શરૂઆતના વરસાદમાં ભીંજાવાનો એક આનંદ છે. ઉન્માદી વાતાવરણ ને માટીમાંથી ઊઠતી ભીની સુગંધ માણવાના દિવસો ગણાય.

સુનંદા આવી હશે? આવશે? ઊંચી, પાતળી, સોટા જેવી સુનંદા. ઘઉંવર્ણી... નહીં નહીં. ઘઉંવર્ણી નહીં પણ સહેજ શ્યામ કહી શકાય એવી સુનંદા. એની લાંબી આંખો બુદ્ધની મૂર્તિની આંખોની યાદ આપી જાય છે. એ આંખો ઉપર ઝળૂબતી પણછ શી ખેંચાયેલી ભમ્મર. અમસ્તાય હસી રહેતા એના પાતળા હોઠ. આ સુનંદા સરસ લાગે છે નહીં ? યશોધરને મનમાં પ્રશ્ન થયો. પોતે પ્રશ્ન પૂછ્યો છે પોતાને, ઉત્તર પણ પોતાને માટે જ છે - 'હા'.

ભરાવદાર મૂછોવાળા, પડછંદ, લશ્કરી દોરદમામધારી એના પિતા પાસે સુનંદા કેવી લાગતી હશે? ઘનઘોર વાદળમાં આશ્રિત વીજ ! 'ચાલ આપણે ભાગી જઈને લગ્ન કરીએ'- યશોધરે સુનંદા પાસે એક વાર દરખાસ્ત મૂકેલી. પણ ના, નહીં. સુનંદા એ માટે તૈયાર નથી. માતા તો હયાત નથી. પિતાને જતી ઉંમરે આઘાત પહોંચે એવું પગલું ભરવાનું સુનંદાને પસંદ નથી. પિતા ઉશ્કેરાઈ જાય એવા છે.

પોતાની ફોઈયાત બહેન નલિનીનો દાખલો સુનંદાએ આપેલો. નલિનીએ મનપસંદ યુવકની જોડે નાસી જઈને લગ્ન કરેલાં. આ સાંભળીને પિતાજી ઊકળી ઊઠેલા, 'આવી છોડીને તો બંદૂકની ગોળીએ દેવી જોઈએ. મા-બાપથી છાનાંમાનાં ભાગી જઈને લગ્ન કરે એ કેવાં છોકરાં?' ફોઈબા અને ફૂવા ઉપર પણ ચીડાઈ ગયેલા : 'તમારો તમારાં છોકરાં ઉપર દાબ નહીં એ તમે તે કેવાં મા-બાપ?' ઘરમાં બૉમ્બ ફૂટ્યો હોય એવું વાતાવરણ તે દિવસે થઈ ગયેલું.

'બાપુજી જેટલા ઉશ્કેરાટવાળા છે એટલા લાગણીશીલ પણ છે. હું એમને સમજાવીશ. બધી વાત કરીશ. નાતજાતના ભેદ હવે અગાઉના જેવા રહ્યા નથી. મોટી બહેન તો પરણીને સાસરે ગઈ છે. હવે મારી એકની જ ચિંતા એમને છે. મારા માટે મુરતિયો તો તે ગોતતા જ હશે?, સુનંદા વિચારી રહી.

એક તો બફારો છે અને એમાં વળી ડામાડોળ પરિસ્થિતિ. યશોધરના કપાળે પરસેવાનાં ટીપાં બાઝી ગયાં. સામે ચોકમાંથી જમણા રસ્તે વળતાં જ નેહરુ બાગ દેખાશે.

આકાશમાં ગડગડાટ થયો.

હા, એ સુનંદા જ છે. નેહરુ બાગના દરવાજા પાસે સીંગચણાની લારીની પાસે ઊભેલી યુવતી સુનંદા જ છે. બીજું કોણ હોય?

યશોધરને આવતો દેખીને સુનંદા જરા દૂર બાગના દરવાજા ભણી હઠી. યશોધરે ઝડપ વધારી. હૃદયમાં જાગેલા ઉત્સાહે બળ પૂર્યું. સુનંદા આવી છે એનો અર્થ જ એ કે...

(અનુસંધાન પૃ. ૫૮૮)

ઈસ્લામિક કેલેન્ડર

પ્રફુલ્લ એ. પરીખ

કેલેન્ડરનું આજના યુગમાં જેટલું મહત્ત્વ છે એટલું કયારેય ન હતું. જન્મ-મરણ, સંધિ-કરાર, કાયદો-વ્યવસ્થા, આંતરદેશીય, આંતરરાષ્ટ્રિય અને અંતરિક્ષ વાહનવ્યવહાર, નાણાંકીય લેવડ-દેવડ, હિસાબ-કિતાબ, સંદેશ-તાર-ટપાલની વ્યવસ્થા અને વિશ્વના તમામ રોજિંદા વ્યવહારનું નિયમન એના વગર લગભગ અશક્ય છે. ઘડિયાળ અને કેલેન્ડર જે સમય-દર્શકો છે એના વગર દુનિયામાં કઈ જાતની અવ્યવસ્થા સર્જાય અને અંધાધૂંધી ફેલાય એની કલ્પના જ આપણને ભયભીત કરી મૂકે તેમ છે.

આથી દરેક પ્રજા - કોમમાં પોતપોતાનાં આગવાં કેલેન્ડરો-પંચાંગો પણ હોય છે જેના આધારે તેઓ તેમના ધાર્મિક પ્રસંગો, ઉત્સવો, તહેવારો, ક્રિયાકાંડ-વિધિઓ વગેરેનો ચોક્કસ સમય અને દિવસનું અગાઉથી આયોજન કરી શકે. કેલેન્ડર કોઈક વાર ઐતિહાસિક ઘટના, શાહી ફરમાન કે પછી ધર્માચાર્યો-પયગંબરોના આદેશ સાથે કોઈ ને કોઈ કારણસર સંબંધ ધરાવતું પણ હોય છે. આથી ઈસ્લામિક કેલેન્ડર વિષે જાણતાં પહેલાં ઈસ્લામના ઉદયની પૂર્વભૂમિકા જાણવી, એનું વિહંગાવલોકન કરવું યોગ્ય છે.

દુનિયાના ધાર્મિક ઈતિહાસમાં ઈસ્લામનો ઉદય સામાજિક અને રાજકીય દૃષ્ટિએ એક મહત્ત્વની ઘટના છે. એના સામાજિક અને માનવીય ઉન્નતિના સિદ્ધાંતોને કારણે એ બહુ જ ટૂંકા સમયમાં પ્રસાર પામ્યો અને સારાયે વિશ્વમાં ફેલાઈ ગયો. ઈસ્લામ શબ્દ મૂળ અરબી ભાષાના 'સલોમ' શબ્દ પરથી બન્યો છે - જેનો અર્થ શાંતિ સ્થાપવી, નમી જવું, ઝૂકી જવું એવો થાય છે. (Islam means surrender or submission to the will of Allah in whose eyes all men are equal, in whose service all men are brothers)

ઈસ્વીસનના છઠ્ઠા સૈકા સુધી અરબસ્તાન અને આજુબાજુના રેગીસ્તાન પ્રદેશમાં અનેક ધર્મો પ્રવર્તતા હતા. પ્રજા વિવિધ દેવદેવીઓની પૂજા-ઉપાસના કરતી હતી. પશુઓનાં બલિદાન દેવામાં આવતાં. દરેક રખડુ 'કબીલા' ટોળીનો ખુદા જુદો હતો. પરસ્પર ધન, સ્ત્રી કે બીજી નજીવી બાબતોમાં સતત યુદ્ધો કરતા રહેતા. અંદર અંદરની લડાઈઓમાં સ્ત્રીઓ, બાળકોને પકડતા અને તેમને ગુલામની જેમ ખુલ્લા બજારમાં વેચવામાં આવતાં. સમાજમાં પુત્રીનો જન્મ અપશુકનિયાળ ગણાતો. આખો સમાજ જુગારી, આળસુ અને વિવિધ પ્રકારની બદીઓમાં સપડાયેલો હતો. શરાબ, જુગાર, મોજમજાહ, બેફિકરાઈ અને દીવાનીમાં તેઓ મસ્ત રહેતા. આમ દરેક પ્રકારે એમની હાલત બૂરી હતી. કુરાને શરીફમાં આ યુગને 'અલ-જહીલિવાહ' એટલે અજ્ઞાન ને અંધકારના યુગ તરીકે વર્ણવામાં આવ્યો છે.

આવી વિકટ પરિસ્થિતિમાં ઈ.સ. ૫૭૦ના અરસામાં હઝરત મહંમદ પયગમ્બર સાહેબનો (અ.અ.વ.) જન્મ થયો. તેમણે આગળ જતાં અરબસ્તાનની પ્રજાને ઈમાનદારીનો ધર્મ સમજાવ્યો. પ્રજાને પ્રેમ, શાંતિ અને ધર્મનો પેગામ આપી ઉચ્ચ-નીચ, ગરીબ-અમીરના અને જાતિના ભેદ મિટાવી પરસ્પર ભાઈચારાનો ધર્મ સમજાવ્યો. છેતરપિંડી, જુગાર, વ્યભિચાર, ચોરી, હિંસા વગેરે અનેક બદીઓથી દૂર રહેવાનો ઉપદેશ આપ્યો. તેમજ અનેક દેવદેવીઓની પૂજા-ઉપાસનાનો ત્યાગ કરી એક જ 'અલ્લાહ'ને માનવાનો ઉપદેશ આપ્યો અને 'અલ્લાહ જ મહાન છે' એ બાબત ઉપર ભાર મૂક્યો. 'અલ્લાહો અકબર' આમ યુદ્ધમાં લલકાર, શાંતિમાં પ્રાર્થના અને ભાઈચારા-એકતાનો પેગામ ઈસ્લામમાં પ્રચલિત થયો. પયગમ્બર સાહેબે આમ અરબસ્તાન-રેગીસ્તાનની પશુ જેવી રખડુ ટોળીઓની પ્રજાને સંસ્કારી બનાવી અને નીચેના સિદ્ધાંતો-ધાર્મિક ફરજોનું ચુસ્તપણે પાલન કરવા - અદા કરવાનો આદેશ આપ્યો.

૧. તોહીદ -	એક જ ખુદાને માનવાનો એકરાર. (There is no God but God.)
૨. નમાઝ -	દરેક મુસ્લિમે દિવસમાં નિયમિત સમયે ૫ નમાઝ અચૂક અદા કરવી.
૩. રોઝા -	પવિત્ર રમઝાન મહિનામાં દરેક મુસ્લિમે રોઝા-ઉપવાસ રાખવા.
૪. ઝકાત -	દરેક મુસ્લિમે પોતાની મિલ્કતનું સરવૈયું કાઢી નિયમ પ્રમાણે ગરીબ-ગરબાંને દાન કરવું જોઈએ.
૫. હજ -	દરેક મુસ્લિમે જિંદગીમાં એક વાર અચૂક મક્કા હજ જે ઝિલ્હિજ મહિનામાં આવે છે તે કરવી.

ઈતિહાસમાં જેમ બનતું આવ્યું છે તેમ દરેક નવી વિચારધારાનો હંમેશાં ઉગ્ર વિરોધ, ખૂનામરકી અને કોઈ વાર યુદ્ધ અને રાજકીય ઊથલપાથલો પણ થઈ છે; પરિવર્તન વિના નવનિર્માણ શક્ય નથી કારણ એ કુદરતનો નિયમ છે. અગાઉ વર્ણવેલી વિકટ પરિસ્થિતિમાંથી ઈસ્લામના સ્થાપક પણ બાકાત ન રહી શક્યા. શરૂ શરૂમાં પયગમ્બર સાહેબને અનેક યાતનાઓ, સંકટો અને પારાવાર મુસીબતો વેઠવી પડી. વિરોધીઓ સામે સતત ઝઝૂમતા રહેવું પડ્યું. યુદ્ધો થયાં અને એમના અનેક દુશ્મનો ઊભા થયા. છેવટે એમની સામે કાવતરાં થયાં અને એમને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળવા માંડી.

આવા વિકટ સંજોગોમાં છેવટે પયગમ્બર સાહેબને મક્કાથી મદીનાની હજરત કરી જવાની ફરજ પડી. સમયના વહેણ સાથે નવી વ્યવસ્થા અંગેનું અજ્ઞાન દૂર થતું ગયું અને પરિસ્થિતિ થાળે પડતી ગઈ. ધીરે ધીરે વિરોધ શમતો ગયો અને એમના અનુયાયીઓ વધતા ગયા. આમ ઇસ્લામ કપરી કસોટીમાંથી બહાર આવી, અરબસ્તાન ઉપરાંત વિશ્વના અન્ય દેશોમાં ફેલાઈ ગયો.

ઇસ્લામિક કેલેન્ડરની શરૂઆત બસ અહીંથી જ થાય છે. હજરત મહંમદ પયગમ્બર સાહેબની મક્કાથી મદીના હિજરત કર્યાની ઐતિહાસિક ઘટનાને સાંકળતી હિજરી સન ઇસ્લામમાં તે વર્ષથી શરૂ થઇ ગણવામાં આવે છે. ઇસ્લામિક કેલેન્ડર સંભવતઃ ખલીફ ઉમરે ઈ. સ. ૬૩૮-૩૯ના અરસામાં પ્રચલિત કરેલું મનાય છે. ઇસ્લામી કેલેન્ડરની હિજરી સન ૧૫મી જુલાઈ ઈ.સ. ૬૨૨ના ગુરુવારની સાંજથી એટલે કે ઇસ્લામી મહિના મહોર્રમના નવા ચંદ્રદર્શનથી શરૂ થઈ ગણાય છે (ઇસ્લામમાં દિવસો એક સાંજથી બીજા દિવસની સાંજ સુધી ગણાતા હોવાથી તે દિવસ શુક્રવાર ગણાય). પયગમ્બર સાહેબે મક્કાથી મદીના સપ્ટેમ્બર ૨૦, ઈ. સ. ૬૨૨ (૮ રબી ૧)ના અરસામાં હિજરત કરી હતી, તે પહેલાંનું આ નવું વર્ષ હતું.

ઇસ્લામિક કેલેન્ડર સંપૂર્ણ રીતે 'ચાંદ્રપંચાંગ'- ચંદ્રની ગતિ આધારિત (Lunar Calendar) કેલેન્ડર છે; અને તેનો સૌર વર્ષ (Solar Year) સૂર્યની ગતિ આધારિત વર્ષ સાથે કશો જ સબંધ નથી. ઇસ્લામિક વર્ષ ૧૨ ચાંદ્રમાસનું બને છે અને આકાશમાં અમાસ પછી નવો ચંદ્ર દેખાય ત્યારથી દરેક નવા મહિનાની શરૂઆત થાય છે. દરેક મહિના આથી અનુક્રમે ૩૦ અથવા તો ૨૯ દિવસના હોય છે, અને ૩૫૪ (૩૫૪.૩૭) - ૩૫૫ દિવસનું એક ચાંદ્રવર્ષ થાય છે જે સૌરવર્ષ કરતાં લગભગ ૧૧ દિવસ ટૂંકું રહે છે (૩૬૫.૨૪ દિ. - ૩૫૪.૩૭ દિ = ૧૦.૮૭ દિવસ). આથી ઇસ્લામિક કેલેન્ડરનું નવું વર્ષ ઋતુઓના હિસાબે એ પ્રમાણે પાછું હટતું જાય છે અને લગભગ ૩૩ ૧/૨ સૌરવર્ષના ગાળામાં એક ચક્ર (Cycle) ફરી રહે છે.

હિજરી મહિનાની શરૂઆત અમાસ પછીના નવા ચંદ્રના પ્રત્યક્ષ ઊગવા સાથે થતી હોવાથી એ મહિનો અંગ્રેજી મહિનાની કઈ તારીખે શરૂ થશે એ અગાઉથી નક્કી કરી શકાતું નથી. બીજું હિજરી રોજ એક સાંજથી બીજા દિવસની સાંજ સુધી ગણાતા હોવાથી ભારતીય મહિનાની સુદિ ૨ના દિવસે ચંદ્ર દેખાય તો તે દિવસની રાત અને સુદિ ૩ના દિવસનો ભાગ ઇસ્લામિક મહિનાનો ૧ લો રોજ ગણાય છે.

બીજના ચંદ્રનું ઇસ્લામમાં પ્રાધાન્ય છે. એક કવિએ એનું સુંદર વર્ણન કર્યું છે :

ઓ ! પણે ! પેલો ?
વંદ્યો સમુદાય ત્યાં ઝડપી તને
આતુર નજરથી નેહઘેલો
આછી મધુરવી મુસ્કુરાહટ શું બદન તવ ઊઘડ્યું
સન્ધ્યા તણે ભાલે ખુદાઈ નૂરનું ચુંબન કર્યું
ગાજી મિનારેથી મુઅઝ્ઝિનરી અઝાન દુવાભરી,
દિલ સૌ, 'મુબારક !' બોલતા એહસાનમંદ લળી લળી.

અમાસ પછી નવો ચંદ્ર ક્યારે દેખાશે તે વાદળાં, ધુમ્મસ જેવું અસ્વસ્છ વાતાવરણ, સ્થળની ઊંચાઈ અને એવાં બીજાં કારણોને લઈને અનિશ્ચિત રહે છે. કદાચ એવું પણ બને કે અમાસ પછી ચંદ્રની કળા (Phase) ખૂબ જ પાતળી હોય અને જોનાર વ્યક્તિને તે ન પણ દેખાય. આ બધાં કારણોને લઈને કયારેક એક સ્થળે ચંદ્ર દેખાય અને બીજે સ્થળે તે ન દેખાવવાનું પણ બને. આથી જુદે જુદે સ્થળે ઉજવાતા તહેવારોમાં અગાઉ ક્યારેક ૧ દિવસનો ફરક પડી જતો. પરંતુ રેડીઓ-ટીવી. અને સંદેશાવ્યવહારની અદ્યતન વ્યવસ્થાથી ચંદ્ર ઊગવાની જાહેરાત તરત જ કરવામાં આવતી હોવાથી હવે તહેવારો એકસરખી રીતે બધે જ ઉજવાય છે. કોઈક વાર વધારાનો ૧ દિવસ છેલ્લો ઝિલ્હિજ મહિનામાં ઉમેરવામાં આવતો હોવાથી તેના ૩૦ દિવસ ગણતરીમાં લેવામાં આવે છે અને તેથી તે વર્ષના ૩૫૫ દિવસ ગણાય છે.

ખગોળ અને સમય ગણનાના હેતુસર મહિનાની લંબાઈ અવલોકનથી નહીં પણ નિયમોથી નક્કી કરવામાં આવી છે આથી મહિનાઓની લંબાઈ નીચે પ્રમાણે રહે છે :

૧.	મહોર્રમ (દિવસ)	૩૦	૭	રજબ (દિવસ)	૩૦
૨.	સફર	૨૯	૮	શાબાન	૨૯
૩.	રબી-ઉલ-અવ્વલ	૩૦	૯	રમઝાન	૩૦
૪.	રબી-ઉસ-સાની	૨૯	૧૦	શવ્વાલ	૨૯
૫.	જમાદિ-ઉલ-અવ્વલ	૩૦	૧૧	ઝિલ્કાદ	૩૦
૬.	જમાદિ-ઉસ-સાની	૨૯	૧૨	ઝિલ્હિજ	૨૯/૩૦

વર્ષના દિવસો ૩૫૪/૩૫૫

અઠવાડિયાના દિવસો નીચે પ્રમાણે હોય છે :

૧.	ઇતવાર-રવિવાર	૫	જુમેરાત-ગુરુવાર
૨.	પીર - સોમવાર	૬	જુમ્મા-શુક્રવાર
૩.	મંગલ - મંગળવાર	૭	શનીચર-શનિવાર
૪.	બુધ-બુધવાર		

મહંમદ પયગમ્બર સાહેબના અવસાન બાદ (ઈ.સ. ૬૩૨) ઇસ્લામના અનુયાયીઓમાં એકમાત્ર પ્રચલિત ઇસ્લામિક કલેન્ડર સંપૂર્ણરીતે ચાંદ્રપંચાંગ છે. પણ એ વાત સુનિશ્ચિત છે કે આ સમય પહેલાં દક્ષિણ એશિયા, અરબસ્તાન, બેબીલોન અને

યહૂદી પ્રજામાં ૧૩ મહિનાનું ચાંદ્ર પંચાંગ પ્રચલિત હોવું જોઈએ

એક સામાન્ય માન્યતા એવી છે કે દૂરના દેશોમાંથી અને અરબસ્તાનના અન્ય ભાગોમાંથી જ્યારે યાત્રાળુઓ મક્કા-હજ કરવા આવતા (હજ એ ઇસ્લામ પહેલાંનો પ્રચલિત રિવાજ છે) ત્યારે ઘણી વાર એવું બનતું કે મક્કાના પંચાંગ પ્રમાણે તે સમયે અધિક મહિનો ચાલતો હોય અને તેથી બધા જ પ્રકારની ધાર્મિક વિધિઓનો નિષેધ હોવાથી હાજીઓને એવી વિધિઓ કરવા માટે ૧ મહિનો રોકાઈ જવું પડતું. દૂરથી આવનાર યાત્રાળુઓને આથી ઘણી જ તકલીફમાં મુકાઈ જવું પડતું. આવા પ્રસંગો બનતા અટકાવવા માટે પયગમ્બર સાહેબે ૧૩ મા અધિક - વધારાના મહિનાનો ઉપયોગ ન કરવાનું ફરમાવ્યું અને ઇસ્લામિક કેલેન્ડરને સંપૂર્ણ ચાંદ્ર પંચાંગ કરવાનો આદેશ આપ્યો.

પ્લુતવર્ષ-લીપ યરમાં ઝિલ્હિજ મહિનામાં ૧ દિવસ વધારે જેને 'કબિશા' કહેવાય છે તે ગણતરીમાં લેવામાં આવે છે. તેથી તે વર્ષના ૩૫૫ દિવસ ગણાય છે. ૩૦ વર્ષના એક સમય-ચક્રમાં (30 - Year Cycle) ૩૫૪ દિવસવાળાં ૧૯ (૩૫૪ x ૧૯ = ૬૭૨૬ દિવસ) સામાન્ય વર્ષો (Common Years) અને ૩૫૫ દિવસવાળાં ૧૧ પ્લુતવર્ષો-લીપ યર (Leap Years) આવે છે. (૩૫૫ x ૧૧ = ૩૯૦૫ દિવસ). આમ ૩૦ વર્ષના ૩૬૦ ચાંદ્ર-માસના ૧૦૬૩૧ દિવસ (૬૭૨૬ + ૩૯૦૫ = ૧૦૬૩૧ દિવસ થાય છે; જે તેમના ખરેખરા સમયગાળા કરતાં ૦.૧૨ દિવસ જેટલા ઓછા થાય છે.

ઇસ્લામિક કેલેન્ડરના નિશ્ચિત પંચાંગમાં પ્લુતવર્ષ-લીપ યર નક્કી કરવાનો નિયમ એવો છે કે જે હિજરી સનની સંખ્યાને ૩૦ વડે ભાગવાથી શેષ રકમ ૨, ૫, ૭, ૧૦, ૧૩, ૧૬, ૧૮, ૨૧, ૨૪, ૨૬, અથવા ૨૯ વધે તો તે હિજરી સનનું પ્લુતવર્ષ-લીપ યર ગણવામાં આવે છે.

અગાઉ જણાવ્યું તેમ ઇસ્લામિક પંચાંગ સંપૂર્ણ રીતે ચાંદ્ર પંચાંગ હોવાથી તેનો સૌરવર્ષ સાથે મેળ મેળવવા વધારાનો ૧ મહિનો ઉમેરવામાં આવતો નથી. જેથી મહિનાઓનો ઋતુઓ સાથે કદી મેળ પડતો નથી. આથી દર ૩૩ ૧/૨ વર્ષ દરમિયાન મહિનાઓ સંપૂર્ણ રીતે બધી જ ઋતુઓમાં પાછા હટતા જાય છે, એટલે ઋતુચક્રમાં વારાફરતી બધા જ મહિના આવી જાય છે. આ જ કારણને લઈને ઇસ્લામિક તહેવારો લગભગ દર ૩૨ વર્ષે ૧ મહિનો વહેલા આવે છે. આ ગણતરી પ્રમાણે ઇસ્લામિક કેલેન્ડર સૌર પંચાંગ - હાલમાં વપરાતા અંગ્રેજી કેલેન્ડર(ગ્રેગરિયન કેલેન્ડર જેટલું - ક્રિશ્ચિયન કેલેન્ડર, વ્યવહારમાં અંગ્રેજી કેલેન્ડર તરીકે સામાન્ય રીતે ઓળખાય છે.) ચોક્કસ ન બનતાં ૨૫૭૦ વર્ષના ગાળા દરમિયાન ૧ દિવસ જેટલું ટૂંકું હોય છે. ૩૩ ઇસ્લામિક વર્ષો લગભગ ૩૨ અંગ્રેજી કેલેન્ડર જેટલાં થાય છે. મહોર્રમ અને રમઝાન ઇદ જેવા તહેવારો કેવી રીતે પાછા હઠતા જાય છે તે નીચેની હકીકતથી સ્પષ્ટ સમજાશે :

મહોર્રમ - નવું વર્ષ તા.	હિજરી સન	રમજાન ઈદ તા.
૧-૭-૧૯૯૩	૧૪૧૩	૨૫-૩-૧૯૯૩
૨૦-૬-૧૯૯૪	૧૪૧૪	૧૪-૩-૧૯૯૪
૯-૬-૧૯૯૫	૧૪૧૫	૪-૩-૧૯૯૫
૨૮-૫-૧૯૯૬	૧૪૧૬	૨૧-૩-૧૯૯૬
૧૮-૫-૧૯૯૭	૧૪૧૭	૯-૨-૧૯૯૭

અરબસ્તાન, અખાતના દેશો તેમજ અન્ય મુસ્લિમ રાજ્યોમાં ઇસ્લામિક કેલેન્ડર કેવી રીતે બદલાતું રહ્યું તે હવે જોઈએ.

સાઉદી અરેબીઆ અને યમનમાં હિજરી સન જાહેર અને બીજા બધા વ્યવહાર માટે ઉપયોગમાં લેવામાં આવે છે; જ્યારે મધ્યપૂર્વના અખાતી દેશો, ઇજીપ્ત, સીરીઆ, જોર્ડન અને મોરોક્કોમાં હિજરી સન અને ઇસ્વી સન એમ બંને કેલેન્ડરોનો ઉપયોગ કરવામાં આવે છે. અંગ્રેજી કેલેન્ડર ફક્ત જાહેર કાર્યો માટે વપરાય છે જ્યારે ઇસ્લામિક કેલેન્ડરનો ઉપયોગ પોતાના આગવા વ્યવહાર જેમ કે તહેવારો ઊજવવા, ધાર્મિક ક્રિયા વગેરે માટે ઉપયોગમાં લેવાય છે. ભારતમાં પણ આજ પ્રથા અનુસરવામાં આવે છે.

કેટલાંક મુસ્લિમ રાજ્યોએ આ બાબતમાં વચગાળાનો માર્ગ અપનાવ્યો છે. તુર્કસ્તાનમાં ૧૦૮૮ હિજરી સનમાં (ઈ.સ. ૧૬૭૭) સૂર્ય આધારિત જુલિયન કેલેન્ડર મહિનાઓનાં નામ સાથે પણ હિજરી સન ચાલુ રાખી અપનાવવામાં આવ્યું હતું અને માર્ચ મહિનાની ૧લી તારીખથી નવા વર્ષની શરૂઆત કરવામાં આવી હતી, જે સામાન્ય રીતે મારટી વર્ષ (Mart માર્ચ માટે વપરાતો તુર્કી શબ્દ) તરીકે ઓળખાતું. છેવટે ૧૯મી સદીના અંતમાં તુર્કીએ અંશતઃ અંગ્રેજી (Gregorian) કેલેન્ડર અપનાવ્યું હતું, જેને ૨૦મી સદીમાં પ્રે. કમાલ આતા તુર્કે સંપૂર્ણ રીતે અપનાવી અમલમાં આણ્યું હતું.

ઇરાનમાં રેઝા શાહ પહેલવીએ (૧૯૨૫-૧૯૪૧) પણ સૂર્યઆધારિત સૌરવર્ષ હિજરી સન ચાલુ રાખી અપનાવ્યું. પરંતુ મહિનાનાં નામ પર્શીઅનમાંથી રાખી, માર્ચ ૨૧મીથી ઇસ્લામનું નવું વર્ષ શરૂ કરવાનું નક્કી કર્યું હતું. આ પ્રમાણે ઈરાનનું ૧૩૫૮નું વર્ષ માર્ચ ૨૧, ૧૯૮૦થી શરૂ થયું ગણાય.

હવે ઇસ્લામિક કેલેન્ડરમાં આવતા તહેવારો વિષે જાણીએ:

શબે મિરાજ, શબે બરાત, રમઝાન મહિનાનો પહેલો દિવસ, શબે કદ્ર, જમાતુલ વીદા, ઇદુલ - ફિત્ર (રમઝાન

ઈદ), ઇદુઝ - ઝુહા (બકરી ઈદ), મોહર્રમ (તાજિયા), ઈદે - મિલાદુ (ઈદે-મિલાદુ-નબી) ૧૨ રબી- ઉલ-અવ્વલ હજરત મહંમદ પયગમ્બર (સ. અ. વ.)સાહેબનો જન્મ દિવસ, ઈદે - મૌલાદ.

ઈસ્લામનું નવું વર્ષ મોહર્રમ મહિનાના ૧ લા રોજથી શરૂ થાય છે. શરૂઆતના ૧૦ દિવસ દરમિયાન હઝરત ઈમામહુસેન-પયગમ્બર સાહેબના પૌત્ર અનેં હઝરતઅલી-ફાતિમાના પુત્ર) તથા તેમના કુટુંબની હિજરી સન ૬૧માં યઝદી સાથેની કરબલમાં થયેલી લડાઈમાં શહીદ થયાનો શોક મનાવવામાં આવે છે અને તે અંગે તાજિયાનાં ઝુલુસ કાઢવામાં આવે છે.

ઈસ્લામિક કેલેન્ડરનો ૯મો મહિનો રમઝાન તરીકે ઓળખાય છે. પવિત્ર રમઝાન મહિનામાં રોઝા-ઉપવાસ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી રાખવામાં આવે છે. રોઝા ઈસ્લામના ૫ માર્ગદર્શક સિદ્ધાંતોમાંનો એક મુખ્ય સ્તંભ છે જેની સાથે ઈબાદત-બંદગી તથા હમદર્દી સાંકળવામાં આવ્યાં છે. રોઝા રાખવાનો મુખ્ય ઉદેશ માનવી સદ્‌ગુણી, સદાચારી બની ભાઈચારો, પ્રેમભાવ, સંયમ, સંતોષ વગેરે ગુણો વિકસાવી ઉન્નતિના શિખરે પહોંચે એ છે. રમઝાનના પવિત્ર મહિનામાં કુરાનનું વાચન અને ખુદાની બંદગી ખૂબ જ અદબથી કરવામાં આવે છે અને આખોય મહિનો આનંદ અને ઉલ્લાસથી પસાર કરવામાં આવે છે. રોઝા પૂરા થયા બાદ બીજનો ચંદ્ર દેખાય ત્યારે ઇદ-ઉલ-ફિત્રનો તહેવાર આનંદથી ઉજવાય છે. ઈસ્લામિક પ્રજાએ સૌથી પ્રથમ રોઝા ૧લી રમઝાન હિજરી સન ૨, ફેબ્રુઆરી ૨૬, ઈ.સ. ૬૨૪ના રોજ રાખ્યા હતા.

ઇદ-ઉલ-ફિત્ર પછી લગભગ ૨ મહિના બાદ ઇદ-ઉલ-ઝુહા આવે છે, આ દિવસે મુસલમાનો મક્કાની યાત્રાએ જાય છે. જેને હજ કહેવાય છે. આ દિવસે બકરા અથવા ઘેટાનું બલિદાન અપાય છે. આ દિવસે પયગમ્બર ઈબ્રાહીમે પોતાના પ્યારા દીકરા ઈસ્માઈલનું ખુદાને બલિદાન આપવાની તૈયારી બતાવી હતી તે બનાવની યાદ તાજી કરાય છે. ખુદાએ ઈબ્રાહીમની કસોટી કરવા આ પ્રસંગ યોજ્યો હતો અને ઈસ્માઈલને બદલે ઘેટાને ગોઠવી ખુદાએ ચમત્કાર સર્જ્યો હતો. ઇદ-ઉલ-ઝુહાનો દિવસ એ મહાન બલિદાનના ઉત્સવ રૂપે ઉજવાય છે. ઈદે-મિલાદનો દિવસ હજરત મહંમદ પયગમ્બર સાહેબના જન્મદિવસ તરીકે મનાવવામાં આવે છે.

ઉપર જણાવ્યું તેમ ઘણાંખરાં મુસ્લિમ રાજ્યોએ પોતપોતાની રીતે ઈસ્લામિક કેલેન્ડરમાં યોગ્ય સમયે ફેરફારો કર્યા છે. એ બાબતમાં હવે ભારતના એક વિદ્વાનનો અભિપ્રાય જોઈએ:

'હૈદ્રાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીના ડો. હાસિમ અમીર અલીએ દર્શાવ્યું છે, કે મુસ્લિમ પંચાંગ શરૂઆતમાં શુદ્ધ ચાંદ્ર પંચાંગ નહોતું પણ ચાંદ્ર-સૌર (Lunar-Solar) પંચાંગ હતું અને જ્યારે જરૂર પડતી ત્યારે તેમાં અધિક માસ ઉમેરાતો હતો, આ દષ્ટિબિંદુને ભારત સરકારના એક વખતના કેળવણી ખાતાના મહમ્મદ અજમલખાનનો મજબૂત ટેકો મળ્યો હતો. તેઓની દઢ માન્યતા છે કે, હજરત મહંમદ પયગમ્બર સાહેબનાં છેલ્લાં વર્ષો સુધી એટલે કે હિજરી સન ૧૦ અથવા ઈ.સ. ૬૩૨ સુધી જરૂરત પ્રમાણે અધિક મહિનો ઉમેરાતો. આરબોમાં ખગોળની ગણતરીઓ કરી શકે તેવા લોકો પ્રમાણમાં થોડા હતા અને તેમની ગણતરી પ્રમાણે ૧૩મો મહિનો ઉમેરાશે કે નહિ તેની જાહેરાત હજના સમયે (એટલે કે વર્ષના છેલ્લા મહિના ઝિલ્હિજ દરમિયાન) કરવાની ફરજ કલામાં તરીકે ઓળખાતા ખગોળશાસ્ત્રીઓના એક કુટુંબ પર હતી, ખગોળની દષ્ટિએ ૮ વર્ષમાં ૩ વાર અથવા ૧૯ વર્ષમાં ૭ વાર આવો અધિક મહિનો ઉમેરવાની જરૂર પડે છે. આ અધિક મહિનો ક્યારે ઉમેરવો તે નક્કી કરવામાં કલામાઓના વડાને થોડી સ્વતંત્રતા હતી અને તેને લીધે જ પાછળથી મોટો ગોટાળો ઊભો થયો હતો.'

આ મત પ્રમાણે હિજરી સન ૧૦ સુધી આવશ્યકતા પ્રમાણે અધિક મહિના ઉમેરવામાં આવતા. હિજરી સન ૧૦ની હજ પછી આવતું વર્ષ માર્ચ ૨૯ ઈ.સં. ૬૩૨ (એટલે કે વસંત સંપાત - ૨૧મી માર્ચ - (Vernal/Spring Equinox) પછીના પહેલા નવા ચંદ્રદર્શનથી શરૂ થયાં હશે. આ રીતે જોતાં મહિનાનાં સ્થિર સ્થાન ઋતુઓમાં નીચે પ્રમાણે આવવાં જોઈએ:

૧.	મહોર્રમ	માર્ચ-એપ્રિલ
૨.	સફર	એપ્રિલ-મે
૩.	રબી.-૧	મે-જૂન
૪.	રબી.-૨	જૂન-જુલાઈ
૫.	જમાદિ-૧	જુલાઈ-ઓગસ્ટ
૬.	જમાદિ-૨	ઓગસ્ટ-સપ્ટેમ્બર
૭.	રજબ	સપ્ટેમ્બર-ઓકટોબર
૮.	શાબાન	ઓકટોબર-નવેમ્બર
૯.	રમઝાન	નવેમ્બર-ડિસેમ્બર
૧૦.	શવ્વાલ	ડિસેમ્બર-જાન્યુઆરી
૧૧.	ઝિલ્કાદ	જાન્યુઆરી-ફેબ્રુઆરી
૧૨.	ઝિલ્હિજ	ફેબ્રુઆરી-માર્ચ

સામાન્ય માન્યતા પ્રમાણે હિજરી સનની પ્રારંભ તારીખ ઈ.સ. ૬૨૨ની ૧૬મી જુલાઈ છે પરંતુ આ મત સ્વીકારવામાં આવે તો આ પ્રારંભદિનને કોઈ વહેલી તારીખ પર ખસેડવો પડે, કારણ કે તે હિસાબે હિજરી ૧ ના બેસતા વર્ષ અને હિજરી સન ૧૧ ના બેસતા વર્ષ (જે ૨૯ માર્ચ ઈ.સ. ૬૩૨

છે) વચ્ચે જ અધિક મહિનો એટલે કે ૧૧૮ દિવસ દાખલ કરવા પડે. આ દૃષ્ટિએ હિજરી સનની શરૂઆતનો સમય ઈ.સ. ૬૨૨ની માર્ચ ૧૯ના શુક્રવારની સાંજ થાય છે જે વસંત-સંપાત પછીનો બીજો જ દિવસ છે.

ટૂંકમાં કેલેન્ડરની રચના મનુષ્યના ૩૦૦૦થી વધુ વર્ષોના પ્રયત્નોની કુદરત સાથે સુંદર સમન્વય સાધતી અને સારાયે વિશ્વને એક યા બીજી રીતે સાંકળી લેતી એક અદ્‌ભુત સિદ્ધિ અને અણમોલ ભેટ છે. પૃથ્વીને સૂર્યની આસપાસ પરિભ્રમણ કરતાં એક આંટો મારતાં લગભગ ૩૬૫ ૧/૪ દિવસ લાગે છે એનું ચોક્કસ માન ૩૬૫ દિ. ૫ ક. ૪૮ મિ. અને ૪૬ સેકન્ડ (૩૬૫.૨૪૨૨ દિવસ) છે જ્યારે ચંદ્રના પૃથ્વીની આસપાસ પરિભ્રમણના બાર ચકાવાની લંબાઈ ૩૫૪ દિ. ૮ ક. ૪૮ મિ. અને ૩૪ સેકન્ડ (૩૫૪.૩૬૭૭ દિવસ) છે. જો આ બંને વર્ષનો સમય પૂર્ણ સંખ્યામાં હોત - અપૂર્ણાંક વગરનો તો કેલેન્ડર રચવાનું કામ સહેલું બનત. પશ્ચિમના દેશોમાં વર્ષ, મહિના અને દિવસના એકમોને પરસ્પર સાંકળવા ઘણા પ્રયત્નો થયા પણ ચંદ્ર અને પૃથ્વીના પરિભ્રમણના અપૂર્ણાંકનો કોઈ રીતે મેળ બેસાડવાની સમસ્યા હજી સુધી હલ થઈ શકી નથી. એવા કેટલાક પ્રયત્નો ટૂંકમાં જોઈએ :

ઈ.સ. પૂર્વ ૪૬નું રોમન પંચાંગ ઋતુના આરંભ કરતાં ૯૦ દિવસ વહેલું શરૂ થતું હતું. આથી મહિનાઓને ઋતુઓના હિસાબે તેમના સાચા સ્થાને આણવામાં તે વર્ષમાં ૯૦ દિવસ વધારાના દિવસો ઉમેરવા પડ્યા, જેથી તે વર્ષના કુલ ૪૪૫ દિવસ થયા. ઇતિહાસમાં આ વર્ષ 'ગોટાળા વર્ષ' (Year of Confusion) તરીકે જાણીતું થયું છે.

ઉપરની ભૂલ સુધાર્યા પછી પણ તે કેલેન્ડર જે જુલિયન કેલેન્ડર તરીકે ઓળખાતું તેમાં પણ ૧૫ સૈકા બાદ ૧૦ દિવસની ભૂલ એકઠી થયેલી જણાઈ. ઈ.સ. ૧૫૮૨માં ના. પોપ ગ્રેગરી ૧૩માએ એક જાહેરનામું બહાર પાડી આ ભૂલ સુધારવા તે વર્ષના ઑક્ટોબરની ૫ તારીખને ૧૫ ઑક્ટોબર ૧૫૮૨ ગણવાનું ઠરાવી કેલેન્ડરમાંથી ૧૦ દિવસ ઓછા કરી નાખ્યા. એમણે કરેલા આ સુધારાને લઈને હાલનું અંગ્રેજી કેલેન્ડર એમના નામ પરથી 'ગ્રેગરીઅન કેલેન્ડર' તરીકે ઓળખાય છે.

રૂઢિચુસ્ત બ્રિટને છેક ઈ.સ. ૧૭૫૨માં કેલેન્ડરમાંથી ૧૧ દિવસ ઓછા કરી ૩જી સપ્ટેમ્બરને ૧૪મી સપ્ટેમ્બર ૧૭૫૨ ઠરાવી સુધારા કર્યા ત્યારે લંડનની શેરીઓમાં લોકોએ હુલ્લડો મચાવી 'અમોને અમારા ૧૧ દિવસ પાછા આપો' (Give us back our eleven days) - એવા નારા લગાવ્યા હતા. વિશ્વના બીજા અનેક દેશોને કેલેન્ડરમાં ચાલી આવેલી ભૂલ સમજાતાં તેમણે પણ ક્રમે ક્રમે સુધારા કર્યા હતા અને આજે અંગ્રેજી કેલેન્ડર ફક્ત ૨૬ સેકન્ડ જેટલા જ ફરક જેટલું વૈજ્ઞાનિક રીતે ચોક્કસ બનાવી શકાયું છે જે ફરકને ૧ દિવસ જેટલો થવા ૩૩૨૩ વર્ષ જોઈએ. એટલે ઈ.સ. ૫૦૦૦માં ૧ દિવસ ઓછો કરવાની જરૂર પડશે. આ સમય દરમિયાન મનુષ્યની બુદ્ધિ કંઈક રસ્તો કાઢશે. આ છે આધુનિક વિજ્ઞાન અને માણસ જાતનું બુદ્ધિકૌશલ્ય!!

વિકસતું રહે જ્ઞાન એ 'વિજ્ઞાન' અને જ્ઞાનના વિકાસ સાથે કોઈક વાર જૂની માન્યતાઓ, પરંપરાઓ, રૂઢી, રિવાજોમાં પરિવર્તન અનિવાર્ય બને છે. ગેલિલિયોને પણ પોતાના સિદ્ધાંતો માટે રોમન કૅથોલીક ચર્ચે ઘણી આકરી સજા કરી હતી પણ જ્યારે સત્ય સમજાયું ત્યારે એ જ ચર્ચે જાહેર કર્યું કે ગેલિલિયો સાચો હતો.

હજરત મહંમદ પયગમ્બર સાહેબે એમના સમય દરમિયાન દૂરદેશોમાંથી હજયાત્રા કરવા આવતા યાત્રાળુઓને અધિક મહિનો ઉમેરવાથી અગાઉ વર્ણવેલી તકલીફ ન પડે તે માટે ખૂબ જ ડહાપણ અને દુરંદેશી વાપરી વધારાનો ૧ અધિક મહિનો જે અગાઉ ઇસ્લામિક કેલેન્ડરમાં ઉમેરવામાં આવતો તે ન ઉમેરવાનું ફરમાન કર્યું હતું. આજે જ્યારે રેડીઓ-ટીવી અને એવાં બીજાં અદ્યતન સંદેશાવ્યવહારનાં સાધનો શોધાયાથી વિશ્વના કોઈ પણ ખૂણે બનતા બનાવો તરત જ પ્રસારિત થતા હોવાથી તેમજ ઇસ્લામિક તહેવારો, હજયાત્રાની તારીખો પણ જાહેર થતી હોવાથી જે હેતુ માટે અધિક મહિનો ન ઉમેરવાનું ઠરાવ્યું હતું એનું અસ્તિત્વ જ રહ્યું નથી.

છેલ્લે ઇસ્લામિક કેલેન્ડરમાં સમય અનુસાર યોગ્ય સુધારા કરવા માટે અને ખાસ કરીને ઇસ્લામી જગતમાં કેલેન્ડરની એકવાક્યતા લાવવા માટે જો બીજો કોઈ બાધ ન નડતો હોય તો તેને વૈજ્ઞાનિક ઢબે મૂકવા માટે વિચારણા કરવી કે કેમ એ પ્રશ્ન ઇસ્લામના વિદ્વાનો, ધર્મગુરુઓ અને જરૂર પડે તો નિષ્ણાત ખગોળશાસ્ત્રીઓ ઉપર છોડવો એ જ ઉચિત છે. □

અનુસંધાન] શરૂઆતનો વરસાદ [પૃ. ૫૮૩થી

આકાશે ફરી ગડગડાટ કરીને વરસાદના આગમનની આલબેલ પોકારી. ટપ... ટપ... ટપ... ટપકતાં ટીપાંનું જોર વધી રહ્યું. ચોમાસું છે, વરસાદ વરસે નહીં તો દુષ્કાળ પડે. વરસાદ વિના તો બધું નકામું. સુનંદા પાસે પહોંચતાં યશોધર પલળી ગયો. સુનંદા પણ કોરી રહી નથી. યશોધર અને સુનંદા સાથે ભીંજાવા લાગ્યાં. એકબીજાં ભણી જોઈને બંને આછું હસ્યાં. અત્યાર સુધી બાફ વેઠ્યો એનું વળતર મળવું શરૂ થયું. વરસાદ ભલે વરસે. ભલે ખૂબ વરસે. એ કાંઈ રોક્યો રોકાય એમ નથી. આ તો શરૂઆતનો વરસાદ છે. એમાં ભીંજાવાનો ઉન્માદી આનંદ બંને જણાં માણી રહ્યાં. □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં (૪)

પ્રા. પ્રવીણ ન. શેઠ

નવી મહિલા : પરિવર્તનની સંવાહક

૨૧મી સદીના ભારતીય અમેરિકન સમાજમાં જો કોઈ એક અંગની ભૂમિકા સૌથી મહત્ત્વની બનનાર હોય તો તે કદાચ ભારતીય મહિલાની હશે. ૧૯૬૦ના દશકામાં શહેરી ઉપલા વર્ગની, મુંબઈના પેડર રોડ કે સાન્તાક્રુઝ કે નવી દિલ્હીના ગ્રેટર કૈલાસમાં રહેતી યુવતી લગ્ન કરીને અહીં આવતી ત્યારે શરૂઆતના ઉત્સાહ પછી પાછી ભારત ચાલી જવાની લાગણી પણ અનુભવતી. પતિ આખો દિવસ કામે ગયો હોય, પોતાની અમેરિકામાં સારી આવક માટે આવશ્યક તેવી તત્કાલીન પ્રોફેસનલ કે પેરા-મેડિકલ ડિગ્રી નહિ હોય ત્યારે પરચૂરણ કામ કરવું પડે. ઘરમાં કપડાં-વાસણ-સફાઈ બધું જાતે કરવું પડે. વતનમાં તો નોકર-રસોઈઓ અને મનફાવે ત્યારે કાર કે ટેક્સી લઈને ફિલ્મ જોવા કે મિત્રોને ત્યાં પહોંચી જવાનું! જો કે, આની સરખામણીમાં પટેલ કે પંજાબની ખેડૂત જ્ઞાતિની યુવતીઓને અહીં તરત ગમી જતું. વતનમાં ય ઘરની સ્થિતિ સારી હોય તો પણ કામ કરવું પડતું અને રૂઢિવાદી સમાજની અનેક મર્યાદા તેના વર્તનવ્યવહારની સીમા આંકતી અહીં સામાજિક સ્વાતંત્ર્યનો માહોલ તેમને જચી જતો. પછી ભલે પોતાની સામાન્ય કૉલેજ ડિગ્રી હોવાને કારણે કે - માર્ટ, હેરિસમાં સુપરસ્ટોરમાં બિલ ફાડતા ક્લાર્કની કે એથીય પરચૂરણ નોકરી ગારમેન્ટ્સનાં બૉક્સ ભરવાનાં હોય, યા ઘરના સ્ટોર કે મોટેલમાં દિનરાત કામ કરવાનું હોય.

પણ હવે ભારતીય મહિલાને ઘરમાં એનો પતિ કામમાં સહાય કરે છે. બાળકોને સ્કૂલમાં મૂકવા જવા કે બીજી ડાન્સ, સ્કેટિંગ કે રમતગમતની પ્રૅક્ટિસ માટે લાવવા-લઈ જવાનાં હોય. યુવતીઓ પોતે તબીબી, પેરામેડિકલ, કમ્પ્યુટર સાયન્સ, શિક્ષણ અને હવે તો ફાઈનાન્સ મેનેજમેન્ટના ક્ષેત્રમાં આગળ આવતી જાય છે. ખાસ કરીને ગુજરાત, દક્ષિણ ભારત અને ભારતનાં મહાનગરોમાંથી છેલ્લા દસકાંથી આવેલી યુવતીઓ આવા સારી આવક અને પ્રતિષ્ઠા આપતા વ્યવસાયોમાં ધ્યાન ખેંચવા માંડી છે. મહિલાઓ પુરુષ પર આધાર રાખતી નથી. કલ્પનાબેન શાહ, ગીતાબેન વગેરે જેવાં સમય મળ્યે એકલાં એથેન્સથી ફિલાડેલ્ફિયા ડ્રાઈવ કરીને જાય છે. ઉમાબેન પટેલ અને એની દીકરીઓ કોલંબસમાં ખસ્તા-કચોરી, પાણીપુરી, સમોસા, કાજુ-કતરી એવા ભાતભાતના નાસ્તા(સ્નેક્સ)ની વાનગીઓ બનાવી તેનું પેકેજિંગ અને વેચાણ-હિસાબ જાતે રાખીને ધીકતો ધંધો કરે છે. જયશ્રી કદલબાલ પોતાને ઘેર કમ્પ્યુટર પર આર્કિટેકટની ડિઝાઈન કરીને, કમ્પ્યુટર દ્વારા ટોલીડોની ઑફિસે તે મોકલે છે અને વારંવાર કુટુંબના મિત્રોને ઘેર બોલાવીને સુંદર ભોજન-પ્રસંગો પણ ગોઠવતી રહે છે. ઘણી વાર પતિની નોકરી છૂટી ગઈ હોય ત્યારે પત્નીની નિયમિત આવક પર ઘર સારી રીતે નભે છે. કોલંબસમાં મુખ્યત્વે મહિલાઓ 'ગુર્જરી' અંકનું સંપાદન કરે છે. પન્ના નાયક, નંદિની શાહ, પ્રીતિ સેનગુપ્તા જેવાં સાહિત્ય-સાંસ્કૃતિક મિલનો ગોઠવીને ભારત-અમેરિકા વચ્ચેના સાતત્યને ધબકતું રાખે છે. મહિલાઓ સ્વાધ્યાય અને જૈન સંસ્કારનાં અભિયાનો ચલાવવામાં ફાળો આપે છે. ડૉ. જયના શેઠ મૂળ વતનીઓના સાહિત્યમાંથી કાવ્યસંગ્રહનું પુસ્તક કૉલેજના અંગ્રેજીના વિદ્યાર્થીઓને કાવ્યોની સમજ સાથે સંપાદન કરીને પૂરતું કમાઈ લે છે. અને પ્રસિદ્ધ સિટી યુનિવર્સિટી ઑફ ન્યૂયૉર્કની પ્રોફેસરીથી મુદત પહેલાં નિવૃત્તિ લઈને, પુરુષ વિના પોતાનો વિકાસ કરી શકે છે અને છેક એરીઝોના જઈને પોતાનું 'હાઉસ' ખરીદીને સર્જન દ્વારા પ્રવૃત્તિનો રાહ સ્વેચ્છાએ કંડારી શકે છે. ન્યૂ જર્સીની નંદિની શાહ વર્ષો પહેલાં કમ્પ્યુટર પ્રિન્ટિંગનું પ્રેસ કાઢીને તેને અદ્યતન બનાવતાં રહીને, આ ક્ષેત્રમાં ઊપસી આવે છે. મેડિકલ ક્ષેત્રમાં તો ઘણી મહિલાઓએ પ્રશસ્ય સેવા બજાવીને નામ કાઢ્યું છે.

યુવતીઓ આ સંદર્ભમાં ઘરમાં પુરુષપ્રધાન કુટુંબપ્રથાને પડકારી અને ક્યારેક સંઘર્ષ કરીને, ક્યારેક પતિ સાથે આપસી સંવાદ-ચર્ચાની લાંબી પ્રક્રિયા પછી નવા સમીકરણને આકાર આપવા મથી રહી છે. બાળકોના ઉછેર, ઘરકામ, રોજિંદા વપરાશની સામગ્રીની ખરીદી - આ બધાંમાં તેઓ ઉત્તરોત્તર પોતાના પતિનો હિસ્સો પૂરતો હોય તે માટે આગ્રહ સેવતી જાય છે, ને મહદંશે તે સફળ પણ થાય છે. પુરુષ પણ ઠીક પ્રમાણમાં સમજીને કે ઉદારવાદી (લિબરલ) વિચારનો હોઈ, આ સ્ત્રી-પુરુષના નવા સમીકરણની પ્રક્રિયા આગળ વધશે, તેમ નહિ માનવાને કારણ નથી. આગળ સાઉધેમ્પટન (ન્યૂયૉર્ક)ની જીત નાયક કહે છે : બહાર વ્યવસાયમાં આધુનિક પુરુષો પછી ઘરમાં તો 'ઇન્ડિયન રૂટીન'માં ગોઠવાઈ જાય છે. ઘરમાં ખાસ પરિવર્તન દેખાતું નથી. 'આપણી જવાબદારી એ છે કે ઘરના આ માહોલને બદલવું પડશે.' ને ઘણા પુરુષો તે સાથે સંમત થતા દેખાય છે.

બીજી બાજુ મહિલાઓમાં ભારતીય સંસ્કૃતિ એટલે પુરુષકેન્દ્રી સમાજ-વ્યવસ્થા એવો વ્યવહાર થાય ત્યારે તેની સામે પડકાર અને કોઈ વાર વિદ્રોહની ઘટનાઓ પણ આકાર લે છે. 'ક્રિયાશીલ

(ઍક્ટિવિસ્ટ) નારીઓની પ્રવૃત્તિ, એ ભારતીયત્વ સાથે બંધબેસતી નથી,' એવા ભારતીય મુખ્ય પ્રવાહના કે ધર્મસંસ્થાઓના અગ્રણીઓનો આગ્રહ હોય, તો તે અહીંની શિક્ષિત નારીઓને માન્ય નથી. તેવું જ સ્ત્રી-પુરુષ વચ્ચેના કે 'સેકસ' સંબંધના ખ્યાલ વિશે, બીજી પેઢીમાં કેટલાંક આત્યન્તિક તત્ત્વો પણ જોવા મળે છે. કેટલીક યુવતીઓની આત્મકથાત્મક રચનાંઓમાં તેની પોતાની રૂમ-મેટ કે સહેલીઓ સાથેના સજાતીય સહચારના સંકેતો મળે છે. ખાસ કરીને અમેરિકાના પૂર્વોત્તર આટલાન્ટિક તટપ્રદેશમાં (હાર્વર્ડથી ન્યૂયૉર્ક)માં સામાજિક અને રાજકીય મુક્તિવાદની વિચારસરણી સૌથી પ્રબળ છે ત્યાં સેલ્ગાં, મસાલા અને ત્રિકોણ જેવી સંસ્થાઓ ગે, લેસ્બિયન અને એવા લૈંગિક સ્વતંત્રતામાં માનતાં યુવક-યુવતીઓની નિજી ઓળખોને સમર્થન આપતું નેટવર્ક કામ કરે છે. અલબત્ત, સંખ્યાની દૃષ્ટિએ તે નજીવી છે, પણ નોંધવા યોગ્ય છે.

દસકા પહેલાં ન્યૂજર્સી રાજ્યમાં ભારતીય મહિલાના કપાળ પરનો ચાંલ્લો (બિન્દી) ભૂંસી નાખવાના ચાળે કેટલાક ઈટાલિયન અમેરિકનો અને ભૂખડીબારસ જેવા ગોરાઓ ચઢ્યા હતા. બીજે કેટલેક સ્થળે આ ઉપરાંત ખુદ દક્ષિણ એશિયન સમાજની મહિલાઓ પ્રતિ ખરાબ વર્તાવ અને કૌટુંબિક હિંસાના બનાવોના હેવાલો આવ્યા, ત્યારે માનસશાસ્ત્રની અધ્યાપિકા સાયન્તની દાસગુપ્તાએ યુનિયન, ન્યૂજર્સીમાં 'માનવ' નામની નારીવાદી સંસ્થા (૧૯૮૫) સ્થાપી હતી. આવા પ્રકારની તે પહેલી સંસ્થા હતી. ભારતમાંથી પોતાની બહેન, વિધવા ભાભી કે ગરીબ મહિલાને ઘરકામ માટે અહીં લાવીને બંને કામ કરતાં હોય તેવાં યુવાન પતિપત્ની તેમનું શોષણ કરે છે, તેમને બહાર બીજાં ભારતીય સાથે બોલવા-ચાલવા પણ દેતાં નથી. આવા કિસ્સાઓમાં ન્યૂયૉર્ક (સખી) અને સિલીકોન બેલીની મહિલાઓ આવી કમનસીબ અબળાઓ માટે લડે છે. કેટલાક પુરુષો આવી 'માનવી' (નારીવાદી) મહિલાઓની 'દાનવી' (સ્ત્રી-દાનવ) તરીકે મજાક ઉડાવે છે. પણ ઘરમાં મહિલા પ્રતિ હિંસા, તેના છૂટાછેડા વ. પ્રશ્નોમાં તાજેતરમાં સલાહ અથવા લીગલ કલીનિક સ્થાપીને 'માનવી' ઉપકારક કામ કરી રહી છે. પ્રો. ચિત્રા દેવકારુણીએ કેલિફોર્નિયાના 'બે એરિયા'માં 'મૈત્રી' નામની મહિલાસહાયક સંસ્થા સ્થાપી છે.

છેલ્લા થોડા સમયથી હવે વધુ ને વધુ દક્ષિણ એશિયન (ભારતીય સહિત) મહિલાઓ પોતાની જાતિની બહાર, બિનભારતીય પુરુષોને પરણવા માંડી છે. પ્રો. સાયન્તની દાસગુપ્તા કહે છે કે, આમાં જેઓ કુટુંબની બહાર વધારે જતી હોય યા આખાબોલી કે ક્રિયાશીલ મહિલાઓ છે, તેમાંની મહિલાઓમાં તેનું પ્રમાણ સારું એવું છે. ખાસ કરીને બીજી પેઢીમાં જેઓએ ખૂબ સિદ્ધિ મેળવી છે, તેવી યુવતીઓમાં બિનભારતીય એશિયનો કે ગોરાઓને પરણવા તરફનો ઝોક વિશેષ છે. જ્યારે સફળ થતા યુવકો તો પોતાની જીવનસાથી શોધવા સ્વેચ્છાએ પોતાનાં માબાપની માતૃભૂમિ તરફ આંખ માંડતા હોય છે.' પહેલી પેઢીના (પછી તે ૧૯૭૦માં અહીં આવ્યા હોય, કે ૧૯૮૬માં) તો ભારતમાં ઊછરેલી યુવતીને જ વધુ પસંદ કરે છે. આજે ય ઇન્ડિયા એબ્રોડ, ઇન્ડિયા વેસ્ટ, ગુજરાત સમાચાર કે બીજાં છાપાંઓમાં 'મેટ્રીમોનીઅલ' કે 'લગ્નવિષયક' જાહેરાતો જોઈએ તો તેમાં અહીંના ગ્રીનકાર્ડધારી કે નાગરિક યુવક-યુવતીઓ પોતાની જ્ઞાતિના-ભાષાના-પ્રદેશના સમયવયસ્કોની પસંદગી પર ભાર મૂકે છે, તે સ્પષ્ટ થાય છે. પણ સૂચક બીના તો બીજી પેઢીના વલણ અંગે છે. સાયન્તની અને એની નારીવાદી પુત્રી શમિતા કહે છે : '(જીવનસાથીની પસંદગીનાં ધોરણો બાબત) દેખીતી રીતે જ, બીજી પેઢીની બે જાતિઓ (યુવકો-યુવતીઓ) વચ્ચે જાણે પરસ્પર એકબીજાં સામે અવિશ્વાસનો મત પ્રવર્તે છે.'

ભારતીય પુરુષેતર લગ્ન કરવાની જેમ છૂટાછેડા લેવાની બાબતમાં પણ ભારતીય મહિલાઓનું પ્રમાણ થોડું વધ્યું છે. નોંધપાત્ર તો એ છે કે તેમાં પટેલ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. કેલીફોર્નિયામાં અને પ્રમાણમાં રૂઢિચુસ્ત છે એવા અમેરિકાના દક્ષિણ પટ્ટાનાં રાજ્યોમાં પણ છૂટાછેડા લેતી પટેલ યુવતીઓના કિસ્સા જાણવા મળે છે.

અહીંની ખ્યાતનામ નવલકથાકાર ભારતી મુખરજી એમની નવલકથા 'જસમાઈન'માં ભારતીય મહિલાની અમેરિકાના વસવાટ દરમિયાન પરિવર્તનની યાત્રા નિરૂપે છે. હસનપુરની જ્યોતિ અમેરિકામાં આયોવા રાજ્યમાં વસવાટ કરે છે. ભારતીય પરંપરા અને અમેરિકન મધ્યપ્રવાહનાં સામસામેની દિશાનાં દબાણો વચ્ચે તે પોતાની ઓળખની ફરીથી ખોજ કરતાં જેસ્મીન અને છેલ્લે જેઈન બને છે. જ્યોતિ જોષી સાધારણ રીતે સરેરાશ ભારતીય મહિલા પ્રમાણમાં નરમ અને પોતાના પિતા-પતિના આદેશોને વશ વર્તે છે. પણ જેઈન એટલે પરંપરાગત સાંસ્કૃતિક મૂલ્યો સામે સંઘર્ષ કરનાર અને અહીંના નવા પ્રવાહને અનુકૂળ થઈ શકનાર મહિલા. અહીંના મૂળ ભારતીય વંશની પહેલી અને બીજી પેઢીની જે મહિલાઓ કદર પામેલું હોય તેવું સાહિત્ય સર્જી શકી છે, કે મિડીઆપર્સન છે કે પછી કાચુંપાકું લખે છે કે અધ્યાપિકા તરીકે આ મુદ્દે નાના પણ દૃષ્ટિવંત લેખો લખે છે તે બધાં પોતાને પરંપરાથી મુક્ત (લિબરેટેડ) માને છે. પણ મોટા ભાગનાં બાળકોના સંસ્કરણને પોતાની 'જોબ' કરતાં મહત્ત્વ આપે છે અને સંવાદ દ્વારા કુટુંબમાં નવી સમતુલાને આકારવાનો અભિગમ ધરાવે છે.

ભારતમાં સદીઓથી કુંઠિત થયેલી તેમની સામાજિક ઊર્જા

(અનુસંધાન પૃ. ૫૯૬)

બંધ દરવાજા ખૂલતાં

• પ્રીતિ સેનગુપ્તા •

એ દિવસ સવારથી જ વાદળિયો, ભીનાં અને ઠંડો હતો. જાણે એનો પીછો છોડાવવો હોય એમ વહાણ જલદીથી ત્યાંથી ખસી ગયું. હજી તો સવારના અગિયાર થવામાં હતા. યાઁગ્ત્સે પરની ત્રીજી જાણીતી ગર્ત, નામે 'શિલિન્ગ' -ને આવતાં બહુ વાર ના થઈ.

સૌથી પહેલાં ઉત્તર કિનારા તરફથી નદીને આવી મળ્યું. 'સુગંધી ઝરણું'. એનું પાણી ભૂરું, સ્વચ્છ હતું. પણ નદીનું? એ તો ડહોળું લીલું-કથ્થાઈ જ રહે છે. ગમે તેટલાં ઝરણાં કે નાની નદીઓ ઠલવાય, પણ યાઁગ્ત્સેનાં જળનો રંગ બદલાતો નથી; અને મહાનદીના મોભાને પણ આંચ આવતી નથી!

દરેક વળાંકે આવતી ભેખડોની ભીંસ જાણે જુદી જુદી લાગતી હતી. કેટલાંકને નામ અપાયેલાં હતાં. જેવાં કે, 'તલવાર તથા યુદ્ધની કળા પરના પુસ્તકની ગર્ત', કે 'બળદનું અને ઘોડાનાં ફેફસાંની ગર્ત.' બહુ વિચિત્ર અને કલ્પનાની ઘેલછા જેવાં આ નામ છે. અનુવાદમાં તો ઘણાં વિકૃત પણ થઈ જતાં હશે.

આકાશ વાદળોથી ઘેરાયેલું હતું. વરસાદ પડી પણ રહ્યો હતો. ચલન-કક્ષ પણ ઠંડો હતો આજે તો. ક્યાં બીજાં બધાં પ્રવાસીઓ? ગરમ-રમત-ખંડમાં ભીડ કરી રહ્યાં હતાં કે શું? શૃંગો ખૂબ ઊંચાં હતાં, ને વાદળના શ્યામલ ઓછાયા પાછળ હતા. ધુમ્મસનો ઓથાર ફેલાયેલો હતો. હાવર્ડ કહે, 'ગૂઢ, રહસ્યમય.' મારે જોઈને જ સંતોષ માનવાનો હતો. ફોટામાં દૃશ્યને ઝડપી શકું તેમ હતું નહીં; કૅમેરા હતપ્રાણ થયેલો હતો ને.

૧૯૮૫માં એક મોટી ભેખડ ધસી પડી હતી તે જગ્યા આવી. હોનારત સર્જાઈ હતી ત્યારે. અત્યાર સુધીમાં તો, તૂટી પડેલી એ બાજુ પર સોપાન-ક્ષેત્ર થઈ ગયાં હતાં, ને કેટલાંક ઘર પણ વસી ગયાં હતાં. જીવનનો નિયમ ફરી સળવળી ઊઠવાનો છે. સામી તરફની ટેકરીઓ પર પણ બધે જ વાવેતર હતું. લીલી ઝાંય થઈ હતી સર્વત્ર. તૂટી પડેલા પહાડની પાકની માટી પર જીવન સારું જતું હતું - ફરી કોઈ હોનારત ના થાય ત્યાં સુધી.

'નીલ વેળુ-તટ' નામ નદી પરના નીચા, રેતાળ કિનારાવાળા એક સ્થાનને મળ્યું હતું. ત્યાં વસેલા ગામને પણ એ જ નામ અપાયું હતું. તટ પરનાં વાવેતર અને માનવ-જીવનની કુમાશની સાથે સાથે જ ઉપસ્થિત હતી અણધારી દેખાતી સાવ સીધી ઊંચી કાળ-કર્કશ ભેખડો. એની કિનારીઓ તીક્ષ્ણાકાર હતી. પાષાણોની અંદર ગુફાઓ કોતરાઈ ગઈ હતી. કાળ અને ઋતુઓના હુમલાની અસર પાષાણો પર સ્પષ્ટ દેખાતી હતી. એમની સપાટી પર એટલી બધી તડો પડેલી હતી કે ઈંટો-ઈંટો જેવો દેખાવ થઈ ગયો હતો શિલાઓનો. પાછી એ બધી તડો ત્રાંસ પડતી થયેલી હતી - જ્યારે ઊભી હતી ત્યારે, તેમજ આડી હતી ત્યારે પણ આશ્ચર્યજનક ચિતાર હતો એ, અને કાળ શું કરી શકે છે એની ભયજનક સાબિતી પણ.

શિલિંગ ગર્તનો ગમન-પથ પંચોતેર કિ.મી. લાંબો હતો. એ દરમ્યાન વારાફરતી અનેકવિધ નામોવાળાં સ્થાન તરફ આંગળીઓ ચીંધાતી ગઈ : 'બળદની ગર્ત', 'છાયા-નાટકની ગર્ત', 'ત્રણ મુસાફરોની ગુફા', 'હ્વાન્ગલિન્ગનું મંદિર' વગેરે. એટલી બધી શિલાઓ, ને એટલાં બધાં શિખરો. ક્યારેક તો નામકરણ થયેલી જગ્યાને બદલે કોઈ બીજી પણ જોતાં હોઈશું, ક્યારેક આંગળી ક્યાં ચીંધાઈ છે એનો ખ્યાલ પણ નહીં આવતો હોય! પણ આસ્વાદ લેવાનો હતો એ જળ-સ્રવણનો. ખરેખર જ અસાધારણ હતો યાઁગ્ત્સેનો સંગાથ.

દૂરથી 'ઈ ચાન્ગ' ઘણા મોટા શહેર જેવું દેખાયેલું. એનાં પરાં ફેલાઈને પડ્યાં હતાં. એના આવા વિસ્તારનું કારણ હતું નદી પર બંધાયેલો નાનો બંધ, અને વહાણો પસાર કરવા માટેના 'દરવાજા' - જેમને Locks કહે છે. ઉપરવાસ તરફ જતી સ્ટીમરની અમારે રાહ જોવાની હતી. એ આવે તો બે 'દરવાજા'ની વચ્ચેનો ભાગ -લૉક-જળથી ભરવામાં આવે. અડધાએક કલાક પછી અમારું વહાણ ઊંચા થયેલા 'લૉક'માં પ્રવેશ્યું. લાંબું અને પહોળું 'લૉક' હતું. અમારી પછી ત્રણ વહાણ એમાં આવી ગયાં. સ્થાનિક પ્રજા માટેની એક નૌકા બાજુમાં ઊભી રહી. સાવ સાદી હતી એ, ને ઘણી જૂની પણ. બધાં જ ચીની મુસાફરો એના તૂતક પરથી 'લૉક'નું કામકાજ જોવા આવી ઊભાં હતાં.

એ ચાર વહાણોની પાછલો દરવાજો સૌ પહેલાં બંધ થયો. પછી આગલો દરવાજો ખોલાયો. એ સાથે 'લૉક'માંનું પાણી ઝડપથી ખાલી થવા માંડ્યું. અમે માણસના હાથે બનેલી કૃત્રિમ ગર્તમાં છથી સાત મીટર નીચાં ઊતરી ગયાં. અમારો પ્રવેશ થયો ત્યારે 'લૉક' એટલું ઊંચું હતું. અમારા ઉપલા તૂતક પરથી આસપાસ ચણાયેલું પ્લેટફૉર્મ અને ગામના રસ્તાઓ દેખાયા હતા. પાણી ખાલી થતાં અમે પ્લેટફૉર્મની સમાંતર આવી ગયાં હતાં. 'લૉક'માંથી પસાર થવાનો અનુભવ પહેલાં મેં યુરોપમાં લીધેલો, તેથી એની રીતની ખબર હતી. છતાં, યાઁગ્ત્સેની વાત તો જુદી જ ને વળી!

આગળનો દરવાજો ધીરે ધીરે ખૂલ્યો. એવી જ ધીરે ધીરે નદી ચક્ષુગત થતી ગઈ. ત્યાં તો એણે વિશાળ સરોવરનું

સ્વરૂપ લીધેલું હતું. નદી પરનાં પાસેપાસેનાં ગામો પર જતી-આવતી નૌકાઓ ઘણી સંખ્યામાં હતી. અમે સાચવીને 'લૉક'ની બહાર નીકળ્યાં, અને નદીના જળ-સભર આકાર સાથે પહોળો વળાંક લીધો.

મારા વહાણનાં ઘણાં પ્રવાસીઓને છેવટે ચલન-કક્ષની ભાળ મળી લાગતી હતી. ત્યાં અંદર-બહાર કરવાની પ્રવૃત્તિ વધી ગઈ હતી. થોડી વારમાં ઈ ચાન્ગ શહેરનો મુખ્ય ભાગ આવી લાગ્યો, ને વહાણ ત્યાં નાંગર્યું. મેં વિચારેલું કે હું ગામમાં નહીં જાઉં. 'ટ્રાફિક ને ઘોંઘાટમાં કોણ પડે?', એમ મેં હાવર્ડને કહેલું પણ છેલ્લે હું લલચાઈ ગઈ, ને હાર્મનિવાળા તાઈવાની જૂથ સાથે બસમાં બેસી ગઈ. આ શહેરના રસ્તા પહોળા અને વૃક્ષોથી આચ્છાદિત હતા. ટ્રાફિક, ભીડ અને ઘોંઘાટ પણ બહુ ન હતાં. આ ગામ તો જુદું હતું, ભાઈ ! કોઈક રીતે એ ઓછું ચીની હતું, મને લાગ્યું. ભીડ ન હતી એ કારણ હશે ? આકર્ષક પણ કશું ત્યાં હતું નહીં. નવાં મકાન બંધાઈ રહ્યાં હતાં. એમનાં પૂરાં થયેલાં ચિત્રાંકનો મોટાં પાટિયાં પર કરાયેલાં હતાં - ભારતમાં, કે હોન્ગકોન્ગમાં, કે ન્યૂયૉર્કમાં, કે ક્યાંક પણ, જોવા મળતાં હોય છે તેવાં.

એક સાવ સાધારણ કૉમ્પ્લેક્સમાં 'મત્સ્યવિભાગ' વસ્યો હતો. યાઁગ્ત્સેમાં જ પાકતી, 'ચાન્ગ શો' નામની માછલીના ઉછેર-વિષયક અભ્યાસ ત્યાં થતો હતો. 'મને શું રસ એમાં?', મેં જાતને પૂછ્યું. હવામાં ઘણી ઠંડક હતી.બીજી બસો બીજે ક્યાંક ગયેલી લાગતી હતી. સાથે જોડાયેલી સ્થાનિક ચીની ગાઈડનો અવાજ બહુ મોટો ને કર્કશ સંભળાતો હતો - માઈક્રો ફોનમાંથી આવતાં, ને બોલવાની એની રીત ખૂબ ખરાબ હતી. મેં કાનમાં પૂમડાં ખોસ્યાં. અટક્યા વગર બોલતી હતી, એ. અસહ્ય લાગતું હતું મને.

સિરામિકની ચીજોની ફેક્ટરી પાસે અમે ઊતર્યાં ખરાં, પણ ગયાં એની દુકાનમાં જ. પ્રાણીઓના આકારનાં સિરામિક-પૂતળાં વેચાતાં હતાં. મોટા, રેશમી રૂમાલોને ખરીદી લેવા જૂથ તૂટી પડ્યું. ફિન્નિ નામની બીજી તાઈવાની ગાઈડને હજી વધારે જોવું-બતાવવું હતું. તેથી બાળકોના એક ઉદ્યાનમાં બસને લેવડાવી. છ વાગ્યા હતા, બંધ કરવાનો સમય હતો. મૅનેજર અમારી બસ પર ચિડાયો!

એક દુકાનમાં કાષ્ઠ-શિલ્પ વેચાતાં હતાં - વૃક્ષનાં થડ, ડાળ, મૂળમાંથી બનાવેલાં. ક્યાંક કુદરતી આકાર રખાયા હતા, ક્યાંક સહેજ ફેરફાર કરીને વિશિષ્ટ આકાર બનાવાયા હતા. કેટલાક ખૂબ જ મોટા હતા. સિંહનું એક શિલ્પ સૌથી વધારે ધ્યાન ખેંચતું હતું. મેં નોંધ્યું હતું કે, આવાં નાનાં શહેરોની દુકાનોમાં હું કશું જોવા ઊભી રહું કે તરત કોઈ કર્મચારી પાસે આવી જાય, ને એ ચીજ વિષે માહિતી આપવા માંડે - ચીની ભાષામાં. હું ઊંચું જોઉં, એ મારું મોં જુએ, અટકી જાય, દૂર ખસી જાય - કોઈ વાર માફી માગતાં, તો કોઈ વાર જરા સંકોચ પામીને. આવા ભિન્ન પ્રકારના દેખાતા માણસને જોવાનો વારો એમને કેટલો મળ્યો હોય?!

આ બસને વહાણ પર પહોંચતાં બહુ જ મોડું થયું. મને ક્યાંય નહીં જોઈને હાવર્ડ બહુ ચિંતિત થઈ ગયો હતો. મને શોધવા ગામના બજાર સુધી પણ જઈ આવેલો. એને કહ્યા વગર જતી રહી એની માફી મેં તરત માગી. કોણ કરે આવી ચિંતા પારકાની ? સીધાં જમવા જ મારે જવું પડ્યું. ત્યાં એક જાપાની ગૃહસ્થ મને કશું કહેવા આવ્યા. એક બીજાંને સમજવાની મુશ્કેલી હતી. જાપાની ગાઈડ ચીની ભાષા જ જાણતી હતી - અંગ્રેજી નહીં. તેથી બીજી ચીની ગાઈડ શોધી કે જે અંગ્રેજી બોલતી હોય. આમ ત્રણ ભાષા ને બે ગાઈડની મદદ લીધી! શ્રીયુત નાકામુરાનું કહેવું એમ હતું કે, 'તમે એકલાં પ્રવાસ કરી રહ્યાં છો, અને જમવા એકલાં બેસો છો, તો અમારા ટેબલ પર બેસવાનું આમંત્રણ આપીએ છીએ. - અને જરૂર અમારી સાથે બેસો.' વાહ, કેટલું સરસ ! મને સૌથી પસંદ દેશ અને પ્રજા, ને અહીં પણ એ જાપાની જૂથે જ આવો વિવેક દાખવ્યો. એમનાં ટેબલ પાસે ગઈ કે તરત બધાંએ તાળીઓ પાડી. દરેક જણ કોઈ ને કોઈ રીતે મને મિત્રતા દાખવી રહ્યું. જાપાની ભાષા શીખેલી, ને હવે એ જેટલી યાદ રહેલી, તે વાપરીને મેં પણ ગાડું સરસ ગબડાવ્યું !

જમ્યા પછી મનોરંજન કાર્યક્રમ હતો. એ માટે મેં સાડી પહેરી. કેટલાંક પ્રવાસીઓ અને કાર્યકરોએ ગીતો ગાયાં. પાછળ તાઈવાની ફિલ્મોનાં દશ્ય વિડિયો દ્વારા દેખાતાં હોય. 'મ્યુઝિકલ ચૅર' રમવા તો બધાંએ મને પણ ખેંચી. ખૂબ મઝા આવી. કાર્યક્રમનો દોર હાવર્ડના હાથમાં હતો. એ ચીની અને અંગ્રેજીમાં બોલતો હતો. બધાં એકમેક સાથે સરસ હળીમળી ગયાં. બેઠક-ખંડમાં લટકાવેલી રંગરંગીન ઘણી બત્તીઓના પ્રકાશ જેવું હાસ્ય બધાં પ્રવાસીઓનાં વદન પર ચમકવા લાગ્યું હતું. દરવાજા ખૂલતાં જાણે સાહચર્યના જળ-તરંગ બધાં પર ફરી વળ્યા હતા.

(ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

અમેરિકન વાહનવ્યવહાર

તા. ૩-૬-૯૮. હા, આવતા અઠવાડીઆનો (તા. ૧૦-૬નો)કાગળ કદાચ મોડો થશે કારણ કે તા. ૮, ૯, ૧૦ હું ઓસ્ટીન યુનિવર્સિટીમાં જાઉં છું. ત્યાં સાપેક્ષતા (Relativity)નું એક મોટું સેન્ટર છે. આમ તો અત્યારે ઉનાળુ વૅકેશન ચાલે છે એટલે નિયમિત વર્ગો વગેરે બંધ છે અને ઘણાખરા શિક્ષકો વૅકેશન પર છે. પણ તે સેન્ટરના વડાએ મને ટેલિફોન પર કહ્યું કે, 'અમે પી.સી. વૈદ્યનું નામ તો બહુ સાંભળ્યું છે એટલે રૂબરૂ મળવાનો પ્રસંગ મળે માટે તમને અહીં બોલાવીએ છીએ.'

તો આમ આવતા બુધાવરે મારે ઓસ્ટીન જવું છે. અમદાવાદથી નવસારી, વલસાડ જેટલું દૂર હ્યુસ્ટનથી ઓસ્ટીન થાય. એટલે પહેલો વિચાર તો એ આવ્યો કે ટ્રેનમાં જશું. પણ પછી ખબર પડી કે હ્યુસ્ટન રેલ્વે સ્ટેશન જ નથી. ઓસ્ટીન ટેકસાસ રાજયનું મુખ્ય શહેર છે અને હ્યુસ્ટન ટેકસાસનું બહુ મોટું શહેર છે પણ તે બે શહેરો વચ્ચે પેસેન્જર ટ્રેન-વ્યવહાર નથી! આમ તો અમારા ઘરની નજીકથી રેલ્વેના પાટા પસાર થાય છે પણ અહીં રેલ્વેના પાટા ઉપર મુખ્યત્વે ભારખાનાં જ દોડે છે. હ્યુસ્ટનથી ઓસ્ટીન માલગાડી જાય છે, પેસેન્જર ગાડી નહિ! ઓસ્ટિન જવું હોય તો કાં તો મોટરમાં જાઓ નહિતર ઍરોપ્લેનમાં. એટલે હું ઓસ્ટીન ઍરોપ્લેનમાં જવાનો છું. પણ તેનાં ભાડાંમાં પણ વિચિત્રતા છે. બુધવારે સવારે હું નીકળીશ ત્યારે હ્યુસ્ટનથી ઓસ્ટીનનું ભાડું ૨૪ ડૉલર થશે. (અહીંના પગારની દૃષ્ટિએ અહીં ૧ ડૉલર આપણે ત્યાંના ૧ રૂપિયા જેવો ગણાય.) ૬૫ વર્ષથી વધુ ઉંમરના વડીલજન (Sinior Citizen)માટે ઍરોપ્લેનના ભાડામાં રાહત મળે છે. એટલે મારું ભાડું ૨૪ ડૉલર છે. પણ આ રાહત સોમવાર બપોરથી ગુરુવાર સવાર સુધી જ મળે છે તે પછી અઠવાડિક રજાઓ (શનિ-રવિ)નો ટ્રાફિક વધી જાય એટલે રાહત ન મળે. વળતાં હું શુક્રવારે પાછો આવું છું. એટલે પૂરું ભાડું, પણ તેમાં યે ફેર. જો શુક્રવારે સાંજના ૭-૦૦ પહેલાં મુસાફરી શરૂ કરું તો ભાડું ૫૯ ડૉલર અને સાત વાગ્યા પછી નીકળું તો ૪૩ ડૉલર. હું ઓસ્ટીનથી સાંજે ૭-૧૫ વાગે નીકળીશ એટલે વળતાંનું ભાડું ૪૩ ડૉલર થશે. આમ ૨૪+૪૩=૬૭ ડૉલર ઓસ્ટીન જવા-આવવાનું એર-ભાડું થશે. એટલે સસ્તાં ભાડાં માટે ટ્રેન કે બસની ગરજ શેની રહે!

હા, અહીં બાળકોને ખબર પડે કે ટ્રેન શું કહેવાય એટલે ૭૦ માઈલ લાંબો જૂની ટેકસાસ સ્ટેટ રેલ્વેનો ટુકડો સાચવી રાખ્યો છે. તેની ઉપર રોજ બપોરે ૧૧-૩૦ વાગે ગાડી ઊપડે. ૧-૩૦ વાગે સામે સ્ટેશને પહોંચે, ત્યાં પિકનિક લંચની વ્યવસ્થા હોય. ત્યાંથી ૩-૦૦ વાગે ઊપડી સાંજે ૫-૦૦ વાગે પાછાં. બાળકોને મન તો 'છૂક છૂક છૂક છૂક કરી આવ્યાં, આખી દુનિયા ફરી આવ્યાં.'

જૂનેટીન્થ

તા. ૧૭-૬-૮૮. અમેરિકાથી લખાતો આ છેલ્લો પત્ર છે. અમેરિકાની આ અમારી ત્રીજી ટ્રિપ છે. ૧૯૬૪-૬૫માં અમે દેશને ઉત્તર પશ્ચિમ છેડે વૉશિંગ્ટન રાજયમાં હતાં. ત્યાં વસ્તી પાંખી, કાળા લોકો તો બિલકુલ નહિ, એકાદ રડ્યો ખડ્યો જોવા મળે અને લોકો બહાદૂર અને સાહસિક. અમે તો પ્રોફેસરોનાં એપાર્ટમેન્ટસ્‌માં રહેતાં હતાં. ત્યાં પણ સવારે બારણું ઉઘાડો તો સામા એપાર્ટમેન્ટમાં શિકાર કરેલા કોઈ જંગલી પ્રાણીનું શબ લટકતું દેખાય. શનિ-રવિની રજામાં જંગલમાં જઈ શિકાર કરી અને પછી માંસ મોટાં મોટાં ફ્રિજ-(ફ્રિજીડેર)માં સાચવી રાખવાં - આ પ્રવૃત્તિ યુનિવર્સિટીના પ્રોફેસરો માટે પણ સહજ એવો એ પ્રદેશ. અહીં પણ એ પ્રદેશ માટે Wild West - વન્ય (જંગલી) પશ્ચિમ - શબ્દ વપરાય છે. ૧૯૮૦માં અમે પીટસબર્ગ-કોલંબસ વિસ્તારમાં રહ્યાં. દેશના મધ્યભાગમાં આ વિસ્તાર આવે. 'જંગલી પશ્ચિમ'ના પ્રમાણમાં આ વિસ્તાર 'સુધરેલો' લાગે. શિકાર કરવો અહીં સરળ નહિ અને તેથી લૉબીમાં પ્રાણી લટકતાં જોવા ન મળે.

અને ૧૯૮૮માં અમે ટેકસાસમાં રહ્યાં. ટેકસાસ આપણા ગુજરાતને ઘણું મળતું આવે. ઠંડી પ્રમાણમાં ઓછી. ઘઉં, કપાસ અને તમાકુ ઉગાડતો પ્રદેશ અને હવે તો પેટ્રોલ પેદા કરતા પ્રદેશ તરીકે વધુ જાણીતો છે. આ પ્રદેશ અમેરિકાના દક્ષિણ ભાગમાં છે. અહીં કાળાઓની વિશાળ વસ્તી છે. આજથી દોઢસો-બસો વર્ષ પહેલાં અહીં ખેતરોમાં કામ કરવા માટે આફ્રિકાથી પકડી આણેલા કાળા લોકો ગુલામો તરીકે વેચાતા મળતા. ગુલામીની પ્રથા અમેરિકાના દક્ષિણ ભાગમાં હતી, ઉત્તર ભાગમાં ન હતી. અબ્રાહમ લિન્કનના પ્રમુખકાળ દરમિયાન ઉત્તર અને દક્ષિણ ભાગો વચ્ચે ગુલામી નાબૂદ કરવા આન્તર વિગ્રહ થયો. દક્ષિણવાળા હાર્યા અને ગુલામી નાબૂદીની જાહેરાત ૧૯મી જૂને થઈ. પરમ દા'ડે ૧૯મી જૂન છે અને ટેકસાસના કાળાઓ તે દિવસને Juneteenth (June Nineteenthનું જૂનેટીન્થ થઈ ગયું છે)તરીકે ઊજવે છે અને ટેકસાસ રાજયનો તે જાહેર રજાનો દિવસ છે. ૧૮૬૫ની જૂનની ૧૯મીએ ટેકસાસના કાળાઓ ગુલામ મટીને સ્વતંત્ર નાગરિક થયા. એ વાતને હજુ સવાસો વર્ષો પણ પૂરાં નથી થયાં!

૧૯મી જૂન (જૂનેટીન્થ) રવિવારે આવે છે એટલે ટેકસાસના

ધોળાઓને મન તો 'એક રજા ઓછી થઈ'. અલબત્ત, કાળાઓ તે દિવસે મુક્તિના માનમાં પ્રાર્થનાઓ યોજશે.

સુરેશ જોશી

તા. ૧૪-૯-૮૬. ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં નવો ચીલો પાડનાર તથા સાહિત્યિક સમાલોચનામાં સઘળી ભારતીય ભાષાઓમાં આધુનિકીકરણનો પવન દાખલ કરનાર સુરેશ જોશીનું અવસાન થયું. વ્યવસાયે શિક્ષક, વડોદરા યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે રિટાયર થયા. પણ સાહિત્યિક ક્ષેત્રમાં તેમની નામના એટલી બધી કે તેમનું અવસાન થયું ત્યારે હું કલકત્તા હતો. ત્યાંના અખબાર સ્ટેઈટ્સમેનમાં પહેલે પાને તેમના અવસાનના ખબર વાંચ્યા. સાંજે કલકત્તા ટી.વી. ઉપર બંગાળી સમાચારમાં પણ તેનો ઉલ્લેખ હતો. પરંતુ આ સ્થિતિએ પહોંચવા પહેલાં ગુજરાતમાં તેમણે ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદમાં ઉમાશંકર જૂથનું વર્ચસ્વ. સુરેશ જોશી ચીલાચાલુ સાહિત્યપરંપરા સાથે જરાયે બંધ બેસે નહિ - બંડખોર. ઉમાશંકર જૂથ સાથે તેને કદી જ બન્યું નહિ; પરિણામે ગુજરાતી સાહિત્યના કોઈ ચંદ્રકો તેને મળ્યા નહિ. એટલું જ નહિ પણ વડોદરા યુનિવર્સિટીમાં ગુજરાતીના લેક્ચરર તરીકે ૨૦ વર્ષ રહ્યા પણ રીડર થયા નહિ. રીડરની જગ્યા પર નડિયાદ કૉલેજના લેક્ચરર 'અનામી' નિમાયા પણ સુરેશ જોશી નહિ.

પણ સુરેશની વાર્તાઓનો અન્ય ભાષાઓમાં અનુવાદ થયો. સમાલોચના (criticism)ના તેના સિદ્ધાન્તો અંગ્રેજીમાં પ્રગટ થયા અને દેશભરમાં તેની આબરૂ થઈ એટલે ઉપાય ન રહ્યો. વડોદરા યુનિવર્સિટીએ તેને રીડર બનાવ્યો અને છેવટે છેલ્લાં બે વર્ષ પ્રોફેસર બનાવ્યો!

ગુજરાતી સાહિત્યની આ જૂથબંધીની પહેલી ખબર મને વાઈસ ચાન્સેલરશિપ દરમિયાન થઈ. અમારે ત્યાં રીડરની જગ્યા માટે બે લેક્ચરરો ઉમેદવાર. એક ઉ. જોશીના અને બીજા સુ. જોશીના ! મને તો આ ખબર નહિ પણ આપણા એક સાહિત્યકાર વડીલનો ફોન આવ્યો. પોતે રૂબરૂ મળવા ઘેર આવ્યા પેલા ઉ. જોશીના ઉમેદવાર માટે ! ત્યારે ઉ. જોશીની દાદાગીરી અને સુ. જોશીને શું સહન કરવું પડ્યું તેની મને ખબર પડી !

આ સુરેશ જોશી ૧૯૪૮માં વિદ્યાનગરમાં લેક્ચરર હતા અને તે તથા મોહનભાઈ પટેલ અમારી નીચેના બ્લોકમાં જ રહેતા હતા. ઓળખાણ તો ત્યારની પણ તેમનો પહેલો નવલિકા સંગ્રહ 'ગૃહપ્રવેશ' વાંચ્યો ત્યારે તેમની સર્જનાત્મક ઉત્કૃષ્ટતા અનુભવવા મળી.

તા. ૧૬-૧૦-૮૬. આ સુરેશ જોશી તમારા વિદ્યાર્થીકાળ પછીનો સાહિત્યકાર તેથી તેનું સાહિત્ય તમારા કોઈના વાંચવામાં ન આવ્યું હોય પણ તે વાંચવા જેવું છે. તેની ટૂંકી વાર્તાઓ વાંચો તો નવી જ ભાત જોવા મળે. પણ સુરેશ જોશીની વિશેષતા તો તેણે લખેલા લલિત નિબંધોમાં દેખાય, 'જનાન્તિકે' આવો એક નિબંધસંગ્રહ છે. તેમની શૈલીનો એક નમૂનો જોઈએ - સુરેશ સુરત જિલ્લાના હતા. પોતાના ગામ પાસેના જંગલ વિષે તેમને યાદ આવી તેવી વાત નીચેના શબ્દોમાં લખી છે : 'ગ્રીષ્મમાં મોગરા અને શિરીષની અત્યુક્તિ હવામાં સંભળાયા કરે છે. પછી ચૈત્ર તરફથી વૈશાખ ઢળતાં ઘેરો રંગ ગુલમોરમાં ઘૂંટાઈને લાલ ચટ્ટક બનશે. વર્ષામાં થનારા પૃથ્વી અને આકાશના ગાઢ પરિભ્રમણની કુમકુમ પત્રિકા ગુલમોરની લિપિમાં લખાઈ જશે. શીમળાનાં ફૂલની રતાશ પણ એવી પ્રગલ્ભ છે. પણ શીમળો રેશમ જેવાં રૂની સાથે પોતાનાં સ્વપ્નોને જાણે ઉડાવે છે. મહુડાની મદિર સુગન્ધ પણ ગ્રીષ્મનાં પાત્રમાં ઘૂંટાય છે. ગ્રીષ્મ આવે છે ને મન ઝાલ્યું રહેતું નથી. શૈશવ અને કૈશોર્યનું સંગી પેલું ગુજરાતની પૂર્વ સરહદના તાપી-કાંઠાનું અરણ્ય યાદ આવે છે અને મન ઝૂરે છે...'

નીચેના ગદ્યનો તમારે જે અર્થ કરવો હોય તે કરજો પણ તેમાં સુરેશની વિશેષતા દેખાય જ છે :

ત્રણ અકસ્માત : ૧. બારણું બંધ કરવાનું રહી જવાથી એક માણસ ઘર છોડીને બહાર નીકળી ગયો. ઘરે એની વહુ-દીકરો રાહ જુએ છે. પણ ધૂનમાં ને ધૂનમાં એ ઝાડ નીચે બેસી રહ્યો. ખાધા-પીધા વિના મરવા પડ્યો. કહે છે કે, એક ભરવાડણે દયા લાવી દૂધ પાયું. હવે સ્થિતિ સુધારા પર છે. એનું નામ પૂછતાં ગૌતમ બુદ્ધ એમ એ કહે છે. લાગતાવળગતાએ ઘટતી તપાસ કરી એ વ્યક્તિનો કબ્જો લઈ લેવો.

૨. સાંજને વખતે ટેકરી ઉપર ઊભા કરેલા એક થાંભલા ઉપર ચઢીને એક માણસ કશુંક જોવા ગયો. એ શું જોવા ગયો હતો તે વિષે કશી આધારભૂત માહિતી જાણવા મળતી નથી. પણ અંધારામાં ઊતરવા જતાં એ ખીલામાં ભેરવાયો અને એ જ દશામાં મરણ પામ્યો. તેનું નામ ઈસુ એમ કહેવામાં આવે છે. પોલીસને એની સાથેના સંબંધ વિષેની ખાતરી આપતાં મૃતદેહ સોંપવામાં આવશે.

૩. બે બન્દૂકની ગોળી સાંજને વખતે સહેજ લટાર મારવા નીકળી હતી. કોઈ 'રામ રામ' બબડતો ધૂની માણસ દેખતો છતાં ન દેખતો એ ગોળીના માર્ગમાં આડે આવવાથી ગોળીના માર્ગમાં અન્તરાય ઊભો થયો. એનું નામ મોહનદાસ હતું એમ કહેવાય છે. આવા ગાફેલ વિશે ભવિષ્યમાં કાળજી રાખવી.'

ભાદરવા મહિનાનો કૃષ્ણ પક્ષ શ્રાદ્ધ પક્ષ ગણાય છે. શ્રાદ્ધ શબ્દ શ્રદ્ધામાંથી આવે છે. સુરેશ જોશીના મૃત્યુ બાદ પહેલા શ્રાદ્ધ-પક્ષમાં તેનું શ્રદ્ધા-પૂર્વક સ્મરણ કરવા લખાયેલા એક લેખમાંથી ઉપરના ફકરા લીધા છે.



સુરેશ જોશી



શિવકુમાર જોશી



ઉમાશંકર જોશી

શિવકુમાર જોશી

તા. ૮-૭-૯૮. ચોથી જુલાઈએ કલકત્તામાં શિવકુમાર જોષીનું ૭૩ વર્ષની વયે અવસાન થયું. તમને બધાંને તેમનો પરિચય હશે કે નહિ તે તો ખબર નથી પણ અમારા પરિવારને તેમનો વિશિષ્ટ પરિચય છે. આજથી પંદરેક વર્ષ પહેલાં તેમના નાના પુત્ર રુચિરનાં ચિત્રોનું અમદાવાદમાં પ્રદર્શન ભરાયું હતું. પ્રદર્શનનાં ચિત્રો તો યાદ ન રહ્યાં પણ બાળ ચિત્રકાર રુચિરનું નામ યાદ રહી ગયું. અને આજથી ૧૦ વર્ષ પહેલાં બેનાને ભાઈ મળ્યો ત્યારે આ ગમી ગયેલું નામ નાનકડા ભાઈને આપ્યું. આમ અમારા રુચિરભાઈ એ શિવકુમાર શુકલ સાથેના અમારા પરિવારના પરિચયનું પ્રતીક છે.

શિવકુમાર કલકત્તામાં વેપારમાં જોડાયા હતા. લોકોને આશ્ચર્ય થતું કે સાહિત્યનો આ માણસ વેપાર-ધંધામાં કેમ ફિટ થતો હશે અને વાત સાચી નીકળી - ધંધામાં ભાગીદારો સાથે ફાવ્યું નહિ અને છૂટા થયા!

શિવકુમારનાં નેવું જેટલાં પુસ્તકો પ્રગટ થયેલાં છે જેમાં ૨૮ નવલકથાઓ, ૧૪ વાર્તાસંગ્રહો, ૩૨ નાટકોના સંગ્રહો છે. તેમની નવલકથા 'કંચૂકી-બંધ'ની ચાર ચાર આવૃત્તિઓ થઈ છે, 'અનંતરાગ' અને 'આભ રુવે નવલખ ધારે'ની ત્રણ ત્રણ આવૃત્તિઓ થયેલી છે. કેટલાંક નાટકોનાં પણ પુનર્મુદ્રણ થયેલાં છે. રઘુવીર ચૌધરી નોંધે છે : 'છતાં ગુજરાતમાં પ્રકાશન-વિતરણ-વ્યવસાયની એવી સ્થિતિ છે કે માત્ર લેખનની આવક ઉપર ૭૨ વર્ષનો લેખક નિવૃત્તિ ભોગવી શકે નહિ.'

કેવી વિષમ સ્થિતિ? નર્મદે કલમને ખોળે માથું મૂકી લેખનમાંથી જ આજીવિકા રળવાનો ઉમદા પ્રયત્ન કર્યો. કદાચ તે જમાનાના ગુજરાતી સમાજે તેનો પ્રયત્ન બિરદાવ્યો હશે. પરંતુ આજના જમાના માટે તો ઈશ્વર પેટલીકરની સલાહ યોગ્ય છે - શ્રમના પ્રમાણમાં લેખનમાંથી મળતું વળતર ઘણું ઓછું છે માટે લેખકોએ નોકરીધંધા છોડવા નહિ.

શિવકુમારને છ માસ પહેલાં પક્ષઘાતનો પહેલો હુમલો થયો હતો. છ મહિનામાં સાજા થયા. નવું લેખન-કાર્ય શરૂ કર્યું. (સ્વમાનભેર જીવવા માટે લેખકે તો લખતા રહેવું જ રહ્યું!) ત્યાં જૂનની ૨૭મીએ પક્ષઘાતનો બીજો હુમલો થયો અને ૪થી જુલાઈએ અવસાન પામ્યા.

ઉમાશંકર જોશી

તા. ૨૧-૧૨-૮૮. ૧૯-૧૨-૮૮ને રોજ ઉમાશંકર જોશી ગુજરી ગયા. ઉમાશંકરને હું પહેલવહેલો રૂબરૂ મળ્યો તે વિચિત્ર સંયોગોમાં. ૧૯૪૩ના એપ્રિલમાં અમે (હું, પત્ની તથા એક બાળકી)નાણાં ખૂટી જતાં બનારસથી પાછાં કલોલ આવ્યાં. કલોલથી મુંબઈ જતાં વચ્ચે અમદાવાદના નાગરગૃહમાં પંદરેક દિવસ રહ્યાં. હું નોકરીની શોધમાં હતો અને એલ.ડી.આર્ટ્સ કૉલેજ માટે ગણિતના લેકચરરની જાહેરખબર વાંચી. હું તો સીધો પ્રિન્સિપાલને મળ્યો. પ્રિન્સિપાલ તો મારી રિસર્ચથી ખુશ થયા, પણ કહે, અહીં તો એજ્યુકેશન સોસાયટીના શેઠ સાહેબ કહે તેમ થાય, માટે ત્યાં લાગવગ લગાડો. હું તો કોઈને ઓળખું નહિ. હિન્દી પ્રચારવાળા જેઠાલાલ જોશીને મળ્યો. ઉમાશંકર તેના સગા થાય એટલે એ મને ઉમાશંકર પાસે લઈ ગયા. અને આમ મારે તેમને પહેલું મળવાનું થયું. પછી તો ૧૯૪૪માં મેં ઈટોલામાં ૨૦૦ યુવાનોનો કૅમ્પ ચલાવ્યો ત્યાં પણ ઉમાશંકર આવેલા અને મને બરાબર ઓળખતા થયા.

અમારા ઘરમાં સૌને ઉમાશંકર સાથે આડકતરો સંબંધ રહ્યો છે. તેમની દીકરી સ્વાતિ અમારી દીનાથી એકાદ વર્ષ મોટી હશે. દીના જન્મી તે અરસામાં ઉમાશંકર સંદેશમાં સાહિત્યનું પાનું લખતા અને તેમાં જ મેં પેલી કવિતા વાંચેલી:

ભૂલું પડ્યું રે ભૂલું પડ્યું, ભગવાન ભૂલકું ભૂલું પડ્યું;
અમને જડ્યું રે અમને જડ્યું, અમારે આંગણે અમને જડ્યું.

બાળકીના જન્મ ટાણે પિયર ગયેલી પત્ની ઉપર મેં આખી કવિતા લખી મોકલી. તે કાગળ તો આજ દિન સુધી સચવાઈ રહ્યો છે અને કુટુમ્બમાં બાળકને ઊંઘાડવા માટે નાનાંમોટાં બધાં તે કવિતાને હોંશે હોંશે હાલરડા તરીકે ગાય છે. અને અમારા કુટુમ્બમાં ખૂબ પ્રચલિત પેલી 'નાનાલાલને નુકસાન થાય તેનું શું?' વાળી વાત પણ ઉમાશંકરે લખેલી છે.

ઉમાશંકરભાઈને પણ અમારા કુટુમ્બ પર એટલો જ ભાવ હતો. મારી પુત્રીનાં લગ્ન પ્રસંગે રિસેપ્શનમાં આવેલા ત્યારે મને એક બાજુ બોલાવીને કહ્યું: 'વૈદ તમે નશીબદાર, એક દીકરીને પરણાવી, મારું એવું નશીબ ક્યારે થશે?'

દુનિયા કહે છે કે તે મોટા સાહિત્યકાર હતા, જ્ઞાનપીઠ એવોર્ડ મેળવ્યો હતો, ભારતની સાહિત્ય એકેડેમીના અધ્યક્ષ હતા, વગેરે વગેરે... પણ ગુજરાતના સમજુ કુટુમ્બની એકેએક વ્યક્તિ સાથે પોતાની સાહિત્ય કૃતિઓ મારફત કુદરતી રીતે જ સંકળાઈ જાય તેવાં સાહિત્યનું તેમણે સર્જન કર્યું એ જ મારે મન એમની મહત્તા છે.

સત્યાગ્રહનું નવું સ્વરૂપ

તા. ૩-૧-૮૯. પૂનામાં ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટીની પરિષદ હતી. પરિષદનુ ઉદ્‌ઘાટન મહારાષ્ટ્ર રાજયના શિક્ષણ પ્રધાન કરવાના હતા. અત્યારે મહારાષ્ટ્રમાં કૉલેજ-શિક્ષકોની હડતાળ ચાલે છે. અને નવા જમાનાના આ પ્રોફેસરો આંદોલન કેવી રીતે ચલાવે છે તેની તાસીર જોવા મળી. જે સભાગૃહમાં ઉદ્‌ઘાટન થવાનું હતું તેની આજુબાજુ પોલીસ ટુકડી ગોઠવાઈ ગઈ હતી. દૂર પ્રોફેસરોનાં ટોળાં મિલ-મજૂરો જેવાં જ સ્લોગન બોલતાં હતાં. પણ મિલ-મજૂરો અને પ્રોફેસરો વચ્ચેનો ભેદ તો પાછળથી દેખાયો.

ઉદ્‌ઘાટન ૧૦-૦૦ વાગે હતું. ૧૦-૪૫ થઈ તો યે પ્રધાનનું ઠેકાણું નહિ. એટલામાં એક પોલીસ ઑફિસર આવ્યા અને એમની વાત ઉપરથી મજૂરો અને પ્રોફેસરો વચ્ચેનો ફેર સમજાયો. પ્રોફેસરોના નેતાઓએ પોલીસ સાથે સંતલસ કરી નક્કી કર્યું હતું કે પોલીસે લાઠીમાર કે ધરપકડ કરવી નહિ, હડતાળિયાઓ મિનિસ્ટરને ઘેરી વળશે, સ્લોગન બોલશે અને પાંચ મિનિટ પછી ઘેરામાં થોડું છીડું પડશે જેમાંથી મિનિસ્ટર બહાર નીકળી આગળ ચાલશે. પૂના શહેરમાં થઈને પ્રધાનને આવા કેટલા ઘેરાવમાંથી પસાર થવું પડશે તે ઉપરથી ગણી કાઢ્યું કે પ્રધાનશ્રી સભાગૃહમાં લગભગ ૧૧-૩૦ વાગે પહોંચશે. અને પ્રધાન બરાબર સાડા અગિયારે પહોંચ્યા! સ્વર્ગમાં બેઠો ગાંધી પણ તેના સત્યાગ્રહના નવા સ્વરૂપથી અંજાઈ ગયો હશે.

ઉદ્‌ઘાટન સમારંભ શરૂ થયો અને ૧૨-૧૫ વાગે મિનિસ્ટરના ભાષણનો વારો આવ્યો. પ્રધાનશ્રી માઈક પર પહોંચ્યા અને સભાગૃહના પાછલા ભાગમાંથી સ્લોગનો શરૂ થયાં. પણ અમને કોઈને ચિંતા ન થઈ, કારણ કે આ પણ પેલી સંતલસનો ભાગ હશે. થોડી જ વારમાં પોલીસ સભાગૃહમાં આવી અને પેલા સ્લોગનિયા પ્રોફેસરો પોલીસની પાછળ પાછળ બહાર નીકળી ગયા ! જાણે કાંઈ નથી થયું એમ પ્રધાનશ્રીએ ભાષણ શરૂ કર્યું.

પોલીસ સાથેના આવા સહકારને કારણે હડતાળ લાંબી ચાલી શકે પણ આશા રાખીએ કે તે લાંબી ન ચાલે અને જેવી સંતલસ કરી તેવું જ સમાધાન પણ કરી લેવાશે.

અનુસંધાન] અમેરિકામાં ભારતીયો [પૃ. ૫૯૦થી

હવે પરંપરાના સામાજિક વાડામાંથી મુક્ત બનીને ઊછળતી વહેવા માંડી છે. પ્રમાણમાં પૂર્વના ન્યૂ ઇંગ્લન્ડ અને પશ્ચિમના કેલિફોર્નિઆના ઉદારવાદી પ્રદેશો નહિ, પણ ખુદ દક્ષિણ પટ્ટાના પરંપરાગત અને ઓછા શહેરી સમાજના અનુભવથી પણ ડૉ. કૌશિક શાહ ભારપૂર્વક કહે છે: 'દરેક (ભારતીય) મહિલામાં એક ક્રાન્તિકારી ભૂમિકા છુપાયેલી છે.' ઘણી મહિલાઓમાં પુરુષોની સમોવડી ગણાવવા માટેના વિદ્રોહનાં તત્ત્વો રહેલાં છે, તે વિશે તેઓ કહે છે: કદાચ પટેલો સિવાય દરેક મા પોતાની દીકરીઓને દીકરાની જેમ ઉછેરશે. તેઓ પુરુષપ્રધાન સામાજિક વ્યવસ્થાને પડકાર આપવા માંડી છે. આની સાથે જ બીજી પેઢી જે રીતે પહેલી પેઢીના ભારતીય સંસ્કૃતિ અને આત્મઓળખના મુખ્ય વિચારને પડકારી શકી છે, તે ઘટનાને જોડીએ તો એ સ્પષ્ટ થાય છે કે, આજના મુખ્ય પ્રવાહ કે પ્રભાવક વ્યવસ્થાને બદલવાની પ્રક્રિયા તો આ સદી પૂરી થાય, તે પહેલાં જ શરૂ થઈ ગઈ છે. મોટા ભાગના પુરુષો પણ નવા માહોલમાં ખુલ્લું મન રાખીને મહિલા સાથે જરૂરી સ્નેહાકૂલન સાધવા તૈયાર થયો છે. ભારત કરતાં એક જ પેઢીમાં આમ ગુણાત્મક સામાજિક પરિવર્તન અને અમેરિકાના ભારતીય સમાજમાં આવે, એ એક ખૂબ સૂચક અને દૂરગામી પરિવર્તનની ઘટના બની રહેશે. મહિલાના સ્થાન વિશે એક ભારતીય મહિલાએ અહીં ચર્ચાપત્રમાં 'પુરુષકેન્દ્રી સર્કલ અને સાયકલ(ચક્ર)ને ભેદવાનું' આહ્‌વાન આપ્યું છે. ભારતમાં જે સદીઓ પછી થવા માંડ્યું છે, તે અહીં એક જ પેઢીમાં વર્તાવા માંડે તેવો સીનાર્યો સામાજિક સાયકો - ડાયનેમિકસને આધારે કલ્પી શકાય તેમ છે. (ક્રમશઃ)

વિશ્વસ્થાપત્યનાં સીમાચિહ્નો


ઝૂલતા મિનારા

હેમન્ત વાળા

અમદાવાદનો સ્થાપત્ય ઈતિહાસ ઘણો સમૃદ્ધ છે. સ્થાપત્ય-ક્ષેત્રના ઘણાં નોંધપાત્ર નમૂનાઓ અમદાવાદની ભૂમિ પર આજે પણ હયાત છે. ભારતના ઐતિહાસિક, પરંપરાગત તેમજ અર્વાચીન સ્થાપત્યના ઈતિહાસમાં અમદાવાદને અલાયદું પ્રકરણ ફાળવવું પડે છે. અમદાવાદની મસ્જિદો, તેનાં મંદિરો તથા વાવ ઐતિહાસિક સ્થાપત્યનો અમૂલ્ય વારસો છે. સ્થાનિક જીવનસરણીને અનુરૂપ પ્રાપ્ય સાધનોનો ઉપયોગ કરી આબોહવાનાં વિપરિત પરિબળોને અસરકારક રીતે નિયંત્રિત કરતાં અહીંની પોળનાં આવાસ પણ સ્થાપત્ય-ક્ષેત્રના ઉલ્લેખનીય નમૂના છે. સાંપ્રત સમયમાં પણ વિશ્વવિખ્યાત સ્થપતિઓએ અમદાવાદને આંગણે પોતાનું સર્જન સ્થાપિત કરી અમદાવાદને વિશ્વના અર્વાચીન સ્થાપત્યના નકશામાં સ્થાન આપ્યું છે.

અમદાવાદના ઐતિહાસિક સ્થાપત્યના વારસારૂપ મસ્જિદો સમગ્ર ભારતની મસ્જિદો કરતાં કંઈક અલગ ભાત ઉપસાવે છે. સન ૧૪૧૪માં અમદાવાદની સૌપ્રથમ મસ્જિદનાં બાંધકામથી મસ્જિદોની આગવી શૈલી અસ્તિત્વમાં આવી. અમદાવાદની મસ્જિદોમાંથી ઘણી વિશ્વ-સ્તરે વખણાઈ છે પરંતુ અહીં આપણે વિશ્વમાં બીજે ક્યાંય જોવા ન મળતા ઝૂલતા મિનારા વિષે ચર્ચા કરીશું. મસ્જિદમાં બનાવાયેલા આ મિનારામાંના એક મિનારાને હલાવતાં બીજા મિનારામાં પણ કંપન થાય છે.

આવા મિનારા એક સન ૧૪૪૫માં રાજપુર વિસ્તારમાં બનેલ બીબીની મસ્જિદમાં તથા બીજા ત્યાર પછી ૬૫ વર્ષે સન ૧૫૧૦માં બનેલ સીદી બશીરની મસ્જિદમાં છે. અહમદશાહ બાદશાહ બીજાના વિશ્વાસુ ગુલામે માતા મખદુમ-ઈ-જહાનની યાદમાં બનાવડાવેલ આ બીબીની ૪૫૯૮ ચો.મી. વિસ્તારમાં ફેલાયેલી વિશાળ મસ્જિદની રચના ચોક્કસ ભૌમિતિક ભાત પ્રમાણે થઈ છે. તેનું પૂર્વ સન્મુખ ફસાડ ત્રણ કમાનદ્વારવાળું છે. જેમાં વચ્ચેની મુખ્ય કમાનની બન્ને તરફ એક એક એમ બે ઝૂલતા મિનારા હતા. આમાંનો એક મિનારો વીજળી પડવાથી ખંડિત થયો છે; જો કે લોકવાયકા પ્રમાણે અંગ્રેજોએ ઝૂલતા મિનારાની તકનિક જાણવા એક મિનારો તોડાવ્યો હતો તેમ કહેવાય છે. અમદાવાદની અન્ય મસ્જિદોના મિનારાઓમાં હોય છે તેમ આ ઝૂલતા મિનારામાં સર્પાકાર નિસરણી નીચેથી શરૂ થતી નથી. અહીં મિનારા પર પહોંચવા માટે મસ્જિદની છત સુધી દીવાલની જાડાઈમાં જ બનાવાયેલ નિરસણીનો ઉપયોગ કરવો પડે છે અને ત્યાર બાદ મિનારા અંદરની સર્પાકાર નિસરણી વડે ઉપર ચઢી શકાય છે. મિનારા ઉપરાંત આ મસ્જિદના પાંચ હિન્દુ-ભાત અનુસારની કોતરણીવાળા



સન ૧૪૫૪માં બનાવાયેલ તોડાની મસ્જિદ તરીકે ઓળખાતા ઝૂલતા મિનારા.

સુંદર મિહરાબ ધ્યાનાકર્ષક છે. આ મસ્જિદની ઉત્તર દિશામાં પ્રવેશ-મંડપ છે જેના પરના ઘુમટની કોતરણી ઉલ્લેખનીય છે.

અહમદશાહના ગુલામ સીદી બશીર દ્વારા સારંગપુર દરવાજા બહાર બનાવવામાં આવેલ તેના જ નામની મસ્જિદ હાલમાં હયાત નથી પરંતુ મસ્જિદનું મુખ્ય પ્રવેશ-દ્વાર, તેની પડખેના ઝૂલતા મિનારા તથા તેમને જોડતો પુલ સારી સ્થિતિમાં છે. અહીંના મિનારામાં દરેક માળે ચારે તરફ ફરતા એવા ત્રણ ઝરૂખાઓ છે. ૨૧.૩૪ મીટર ઊંચા આ મિનારા અમદાવાદની મીયાંખાન ચીસ્તીની મસ્જિદના મિનારા જેવા આકર્ષક પણ છે. સીદી બશીરની મસ્જિદના એક મિનારમાં ઉપરના ઝરૂખેથી હાથ વડે ધક્કા મારી કંપન ઉત્પન્ન કરતાં પાંચેક મીટર દૂર બનાવાયેલા બીજા મિનારામાં પણ કંપન ઉત્પન્ન થાય છે. વિવિધ નિષ્ણાતોએ કંપનની આવી અસર માટે જુદી જુદી છણાવટ કરી છે જેમાં પ્રમાણમાં પોચા તથા સ્થિતિસ્થાપક પથ્થરોનો બનાવાયેલો પાયો, મિનાર વચ્ચેની સર્પાકાર નિસરણીથી ઉત્પન્ન થતી સ્પ્રિંગ-અસર, મિનારાની ઊંચાઈ તથા તેના તળ-આધાર વચ્ચેનો ગુણોત્તર, બન્ને મિનારાને જોડતા પુલની બાંધણી તથા બાંધકામમાં પથ્થરના સાંધા પૂરવાની વિશિષ્ટ રીતનો સમાવેશ થાય છે. એમ કહેવાય છે કે અમદાવાદની જુમ્મા મસ્જિદમાં પણ આવા મિનારા હતા.

અમદાવાદમાં પ્રથમ ઝૂલતા મિનારા બનાવાયા બાદ ૫૫૦ ઉપરાંત વર્ષ વીતી ગયા છતાં પણ સીદી બશીરની મસ્જિદ સિવાય વિશ્વમાં અન્ય કોઈ પણ ઇમારતમાં આવા મિનારા બનાવાયા નથી અને તેથી જ આ મિનારા વિશ્વસ્થાપત્યનાં સીમાચિહ્ન સમા છે. □

પ્રસંગપરાગ

અવિસ્મરણીય આતિથ્ય

વિનોદ અધ્વર્યુ

મા હેશ્વર નર્મદાતીર પરનું ઐતિહાસિક તીર્થ. રમણીય સ્થળ. નાનું ગામ. નદી તીર પરની ટેકરી જેવી ભેખડ ચઢીએ એટલે ઉપર વળી નાની વસાહત - જૂનું ગામ. હોલ્કરનું આ મૂળ થાણું. દરબાર ગઢી જેવો એમનો મૂળ નિવાસ હજી મોજૂદ. એમાં પુણ્યશ્લોક રાણી અહલ્યાબાઈની પૂજા હજી યથાવત્. રાજકુટુંબનાં અત્યંત કલાત્મક સમાધિમંદિરો. થોડાંક નાનાં જૂનાં મંદિરો. ઉપરથી નીચે નજર કરતાં ઘાટ અને પહોળા પટમાં વહેતી નર્મદા દેખાય !

પણ અહીં પહોંચતાં ભારે મુશ્કેલી વેઠવી પડેલી. ગામમાં વાહન નહીં. બસસ્ટેન્ડથી ટેકરી સુધી ચાલવાનું ને પાછું ઉપર ચઢવાનું ! વૃદ્ધ માતુશ્રી માટે એ મુશ્કેલ ! છતાં જેમતેમ પહોંચ્યાં, ને પહોંચીને પ્રસન્ન થયાં. પણ અહીં હવે રાતવાસો ક્યાં કરવો? આ સહસ્રાર્જુનની માહિષ્મતી અને હોલ્કરની મૂળ રાજધાની માહેશ્વરમાં હોંશથી આવ્યાં તો ખરાં પણ અત્યંત ભંગાર ધર્મશાળા (નીચેના ગામમાં) સિવાય નિવાસની કોઈ સવલત નહીં. સરકારી ઉતારો દૂર અને દુર્લભ. ઉપરના ગામમાં તો કશી જ સવલત નહીં!

મંડનમિશ્રના આ ધામમાં અમારી મૂંઝવણ ભારે હતી, ત્યાં... મંદિરોના સંકુલ ફરતા ચોકની નદી તરફ એક પુરાણી પાળ પર એક વૃદ્ધને બેઠેલા જોયા. 'એમની પાસે જઈ આદરપૂર્વક પ્રણામ કરી પૂછ્યું: યાત્રીઓ છીએ. સાથે આ કુટુંબ છે. વૃદ્ધ માતુશ્રી છે. અહીં કોઈ ઉતારો મળી શકે ? કોઈ ગોર - પંડા - ?' શાંત નેત્રોએ અમને અવલોક્યા, 'અહીં એવું કંઈ છે નહીં.' ... ગંભીર અવાજે કહ્યું... અમે નિરાશ થઈ એક મંદિરને ઓટલે બેઠાં. તેમને કદાચ કુટુંબ અને માતાજીને જોઈ મુશ્કેલી સમજાઈ હશે તે તેમણે બોલાવ્યાં. કહ્યું : 'મારો પુત્ર શિવમંદિરમાં આરતી કરવા ગયો છે. તે આવે એટલે આવો.' અમારામાંના આશાના સંચારે આરતીને અધિક ઉજ્જ્વળ બનાવી. આરતી પતી. અમે મળ્યાં. તેમનો પુત્ર યુવાન અને પૂજારીવેષમાં. વૃદ્ધ સજ્જને વાત કરી. પુત્ર સાથે મસલત કરી અને અમને પોતાને ત્યાં ઉતારો આપ્યો. ટેકરા ઉપરના નાનકડા એક બે ફળિયાના ગામમાં મંદિરોની નજીક જ નાર્મદી બ્રાહ્મણોના ફળિયામાં ગયા. રસ્તા પરની દીવાલમાંનું બારણું ઊઘડતાં જ સામે ખુલ્લું આંગણું પછી બે ત્રણ પગથિયાં ઊંચો ઓટલો. પછી વળી એક પગથિયું ઊંચો વરંડો - પહોળો બેઠકખંડ જેવો. ઉપર ઢાળવાળું નળિયાં છાયેલું છાપરું લાકડાની થાંભલીઓ પર મંડાયલું. વરંડો લાંબો પહોળો. ટેબલ પર અને ગોખલામાં પુસ્તકોના ખડકલા. પાટ અને જૂની ઢબની આરામખુરસીઓ. અંદર નજર કરી તો ઘર ખાસ્સું લાંબું. મોટો ઓરડો. પાછળ પણ વાડો હશે એમ લાગે. પણ નારીમંડળને તો વળી બાજુના ઘરમાં - અંદરથી જ લઈ ગયાં. ત્યાંય આવી જ રચના. પણ આગળની જગામાં ગાયો. વરંડામાં રસોડું. જાણે બે ઘરને એક કરીને પ્રવેશ અંદરથી જ રાખેલો. ગાયો માટે જુદો માર્ગ. લાગ્યું કે જાણે એકાદ સદી પહેલાંના શ્રોત્રીય બ્રાહ્મણના પરંપરાગત નિવાસમાં જઈ ચઢ્યાં છીએ!

સ્વાગત પ્રેમથી. સાંજ ઢળી જતાં વૃદ્ધ વડીલ આવ્યા. કુટુંબમાં છતાં વૈરાગી જેવા. મુલાકાતમાં જણાયું કે પરમ વિદ્વાન. વેદાંતના પ્રખર અભ્યાસી. વ્યાકરણ વગેરેમાં પણ નિષ્ણાત. પણ વૈરાગી જેવા નિરીહ, આત્મસ્થ. રજાઓ દરમ્યાન ઘેર આવેલા વિદ્યાર્થીઓ ભણવા આવે તો કેવળ પ્રેમથી સંસ્કૃત શીખવે. નહીં તો નર્મદા તટે શાંત બેઠક અને જપમાળા અથવા વિદ્યાવ્યાસંગ ! કોઈ સંન્યાસી સાથે આખું ભારત ફરેલા. ઘણું જાણે - ઓછું બોલે. પણ મંડનમિશ્ર વિષે પૃચ્છા કરતાં એમને અમારામાં રસ પડ્યો. વાતો કરતાં અમારા ગામની તેમની મુલાકાત અને અમારા વેદાંતી વિદ્યાવ્યાસંગી વડીલને એમણે યાદ કર્યા. સંબંધનો તાર બંધાઈ ગયો. કુટુંબ કુટુંબ સાથે - છોકરાં છોકરાં સાથે ભળી ગયાં અને અમે વેદાંતાદિની વાતો કરતાં ધનતેરસ ઊજવી. મંડનમિશ્રના ધામમાં આવા શ્રોત્રીયને મળવા - સાંભળવાનું થતાં દિવાળી ઉજમાળી થઈ ગઈ. એમણેય કહ્યું કે, આવા પર્વે અતિથિ આવતાં ને જ્ઞાનવાર્તા થતાં પર્વ સુપુરે ઉજવાયું.

બીજે દિવસે અમે વિદાય લીધી. પેલા પૂજારી-પુત્ર વાસ્તવમાં ભોપાલ મ્યુનિ.માં ઇજનેરી ખાતામાં ઇજનેર હતા. પર્વનિમિત્તે આવેલા. તેમણે છોકરાંને ફટાકડા ફોડાવ્યા ને સવારે છેક ઉપર આવેલી એક પ્રવાસી-બસમાં ગોઠવણ કરી આપી - ઇન્દોર જવા માટે. વિદાય લેતાં અમે દક્ષિણા મૂકી. પણ એ લે ખરા ? 'જ્ઞાનવાર્તાનો આનંદ થયો શુભ પર્વે' વડીલ એટલું જ બોલ્યા. તેમનાં પત્નીએ કહ્યું, 'આવા પર્વે અતિથિ ક્યાંથી?' 'બસમાં બેસતાં વળાવવા આવેલા ઇજનેરની નાની બહેનના હાથમાં ભાઈબીજ નિમિત્તે ભેટ મૂકી તો તેમણે એ જ નિમિત્તે મારી દીકરીના હાથમાં તે પાછી મૂકી!

અમે આભાર માન્યો ત્યારે તેમણે એક રહસ્ય ખોલ્યું: તેમને પહેલી નોકરી ગુજરાતમાં મળેલી - સુરેન્દ્રનગરની આસપાસના વિસ્તારમાં. મધ્યપ્રદેશના બ્રાહ્મણનું ત્યાં કોઈ પરિચિત નહીં, ત્યારે ત્યાંના લોકોએ તેમને અતિથિની જેમ જે રીતે રાખેલા - જાળવેલા તે એ ભૂલી શક્યા ન હતા! વરસ પછી તે નોકરી બદલી પાછા વતનની નજીક આવ્યા. પણ પેલા ગુજરાતના અતિથ્યની જે મીઠાશ મનમાં રહી ગઈ તે આમ અમારા અતિથ્યમાં વ્યક્ત થઈ હતી!

થોડા વખત પછી તેમનું લગ્ન હતું. કહ્યું, 'આ સરનામું, કંકોત્રી જરૂર પાઠવજો.' એમણે કંકોત્રી ન જ મોકલી! માહેશ્વરની સહસ્રધારા જોવા તો ન જવાયું, પણ જે આ એક ધન્ય ધારામાં સ્નાન કર્યું તે નર્મદાસ્નાનથી સ્હેજે ઓછું પુણ્યવંતું ન હતું !

સહસ્રાર્જુન અને પરશુરામ પછીયે મંડનમિશ્ર - અહલ્યાબાઈ - આ શાસ્ત્રી.... સનાતન સંસ્કૃતિની નર્મદા વહેતી રહી છે... ! એ નર્મદાને નમસ્કાર...'નમામિ દેવિ ! નર્મદે !'□

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૧૩)



—જયન્તીલાલ મહેતા

મુનશીએ ૧૯૨૨માં સ્થાપેલ સાહિત્ય સંસદનાં સંમેલનો દર વર્ષે નિયમિત મળવા માંડ્યાં. અને તેમાં પ્રમુખ તરીકેનું-ઉદ્‌ઘાટન પ્રવચન મુનશી આપતા રહ્યા. આ મંગળ પ્રવચનોને તેમણે સરસ શીર્ષક આપ્યું : 'આદિવચનો'. અને આ આદિવચનોનું પ્રથમ પુસ્તક ૧૯૩૩માં પ્રસિદ્ધ થયું તેમાં ૧૯૨૩થી ૧૯૨૯ સુધીનાં સાત વર્ષનાં આદિવચનો સંગ્રહાયાં છે. પ્રસ્તાવનામાં મુનશી લખે છે : 'આ પ્રમુખસ્થાનેથી વંચાયેલા લેખો નથી ભાષણ અને નથી નિબંધ. એમાં તત્કાલ જે અભ્યાસ કરતો તેનો ઉપયોગ કરતો. મારા વિચાર અને પ્રેરણા બંનેનો એમાં સમાવેશ કરતો. સાહિત્ય અને જીવન વિષે મારાં ઘણાંખરાં મંતવ્યો એમાં આવી જાય છે...'

૧૯૨૩ના પ્રથમ અધિવેશન પ્રસંગે ઉચ્ચારાયેલ આદિવચનનું શીર્ષક છે : 'ગુજરાત - એક સંસ્કારિક વ્યક્તિ'. કારણ મુનશી પહેલા અને છેલ્લા ગુજરાતી જ હતા ને રહ્યા. ગુજરાત સદાસર્વદા તેમને હૈયે વળગેલું રહેતું અને ગુજરાતની મહાનત્તા, ગુજરાતની અસ્મિતા, ગુજરાતીતા એ મુનશીનો જીવનમંત્ર હતો અને આ આદિ આદિવચન પણ ગુજરાતીતાનું મહાસ્તોત્ર જ બની રહે છે. તેના શબ્દેશબ્દમાં ગુજરાત પ્રત્યેની અવ્યભિચારિણી ભક્તિ ઊભરે છે. આપણે તો માત્ર તેમાંથી થોડીક કણિકાઓ ઉતારી શકીશું. પ્રારંભમાં ગુજરાતી લેખકની અવદશા ચીતરતાં મુનશી નોંધે છે : '... આપણા સાહિત્યસેવકની સ્થિતિ ઘણી કફોડી છે. પરભાષાના શોખીનો તેના તરફ તિરસ્કારથી જુએ છે. સાધારણ વાચકો મહેરબાનીની નજર નીચે તેને કચરી નાખે છે.'

અને પછી અંગ્રેજી વિરુદ્ધ ગુજરાતીની વાત કરતાં મુનશી લખે છે : '... પોતાના દેશનો બધો વ્યવહાર સ્વભાષામાં ચાલે; પોતાની ભાષા, સાહિત્ય અને સંસ્કાર દુનિયામાં શ્રેષ્ઠ ગણાય. પોતાનો અને પોતાની સંસ્કૃતિનો આત્મા શબ્દરૂપે બહાર પડે - આ બધાં સ્વપ્નાં નિરંતર સેવવામાં મને જે આકર્ષણ દેખાય છે તે પરદેશી ભાષા અને સંસ્કારના ભાડૂતી સિંહાસન પર બિરાજવામાં કે ભાવના વિહીન ને શુષ્ક મહત્તાના શિખર પરથી તિરસ્કારપૂર્વક દૃષ્ટિપાત કરવામાં મને દેખાતો નથી...' આજના આંગ્લપ્રેમીઓને આ સાદર સમર્પણ કરવા જેવાં વિધાનો છે. તે વામણા નક્કલખોરોમાંથી બીજા મુનશી તેઓ પકવી શકતા નથી.

અને મુનશીજી ગુજરાતની અસ્મિતાની વ્યાખ્યા બાંધતાં લખે છે : '... આ ભાવના તે એક અને અવિભક્ત ગુજરાતની. ભવ્ય ભૂતકાળથી શોભતી, ઉત્સાહી વર્તમાનમાં રાચતી અને તેજસ્વી ભાવિની વાટ જોતી, કૃષ્ણચંદ્રની કૌમુદી-ઊજળી આ સંસ્કાર ભૂમિની... અલ્પશ્રદ્ધામાં આનંદ માનતા કેટલાકો પ્રાંતિક અસ્મિતાની અવગણના કર છે. તેઓ માને છે કે, આ અસ્મિતા હિંદી રાષ્ટ્રિયતાની આડે આવે છે. પણ પરદેશી ધોરણો આ દેશને લગાડવાની ઉતાવળમાં આમ માનનારા આપણા ઈતિહાસે, સંયોગોએ અને પરિસ્થિતિએ પેદા કરેલાં સત્યો વિસારી મૂકે છે. સૈકાઓ ને સૈકાઓ થયાં હિંદમાં પ્રાંતિક સમાજ, પ્રાંતિક સાહિત્ય અને પ્રાંતિક સંસ્કારો ચાલ્યાં આવ્યાં છે. અને દરેક પ્રાંતની સંસ્કૃતિએ લાક્ષણિક સ્વરૂપ લઈ નિરનિરાળી અસ્મિતા પ્રગટાવી છે. અને છતાં આર્યોના પ્રબલ આત્માએ આ બધા પ્રાંતોના જીવન અને સંસ્કારમાં એવી એકતાનતા આણી છે કે નિરાળા દેખાતા પ્રાંતો પર હિંદી રાષ્ટ્રિયતાની નિશ્ચલ છાપ પડી છે. તેથી પ્રાંતિક અસ્મિતા મજબૂત થતાં રાષ્ટ્રિયતાનો વિકાસ અટકવાનો નથી. ઊલટું. એમ કહીએ તો ચાલે કે જેમ જેમ પ્રાંતિક અસ્મિતા વધશે, તેમ તેમ આર્યાવર્તમાં રાષ્ટ્રિયતાનો વિકાસ વધતો જશે.. '

આ ગુજરાત એટલે શું? તેની ઐતિહાસિક, ભૌગોલિક સીમાઓ વર્ણવતાં મુનશી લખે છે: '... આબુથી મુંબઈ સુધીનો સાગરતટસ્થ પ્રદેશ અજબ રીતે ભૌગોલિક ને સાંસ્કારિક વ્યક્તિત્વ સાચવી રહ્યો છે... ઋગ્વેદકાલની પણ પૂર્વે એ કુશાવર્તખંડનો વિભાગ હતો. આર્યોની કુશજાતિએ પહેલવહેલા ત્યાં વાસ કરી કુશસ્થલી (દ્વારિકા) સ્થાપી લાગે છે... ગુજરાતની સાહસિકતા ને વ્યાવહારિક બુદ્ધિની શરૂઆત કુશ જાતિએ કરી. ગુજરાતને સત્તાનો શોખ અને વ્યવસ્થાશક્તિ ભૃગુઓએ આપી? ભાર્ગવ જામદગ્ન્ય રામે(પરશુરામે) સહસ્રાર્જુનને હણ્યો.... ગુજરાત નવ આર્યાવર્ત બન્યું... આર્યસંસ્કૃતિ જનતાના ઈતિહાસમાં પ્રથમ બલ છે. હવા, પાણી ને સમયની અસમાનતાને તિરસ્કારી, જ્યાં એ ગઈ છે ત્યાં વિજય મેળવ્યો છે. એ સંસ્કૃતિએ હજારો વર્ષ થયાં વ્યક્તિત્વ અને સાતત્ય જાળવી રાખ્યાં છે.. પરસંસ્કાર ગાળી અર્ધસંસ્કાર શુદ્ધ રાખવાનું હિંદ એક પ્રયોગક્ષેત્ર છે. ગુજરાત - રામનું નવ અર્યાવર્ત - એ ક્ષેત્રની પ્રતાપી ભઠ્ઠી છે.. થોડીક સદીઓ ગઈ, પણ ગુજરાતનું સ્થાન તે જ રહ્યું. આનર્તના રાજાએ અને વસુદેવના પુત્ર

બલદેવે આર્યોનાં શૌર્ય સતેજ રાખ્યાં. ભૃગુવંશજ માર્કંડેયે તાપીતટ પર રહી આર્યભાવના સજીવન રાખી. અને પ્રણયી મુત્સદ્દી, વીર ને યોગી કૃષ્ણ વાસુદેવે આર્યસંસ્કૃતિના શ્રેષ્ઠ આદર્શો મૂર્તિમાન કરી ગુજરાતનો નવ-આર્યાવર્ત કહેવડાવાનો અધિકાર ચાલુ રાખ્યો...'

અને આ નવ-આર્યાવર્તની પ્રજા એટલે કોણ ? મુનશી વર્ણવે છે : '...અત્યાર સુધી પરદેશી, સત્તા, ધર્મ અને સંસ્કૃતિને ગાળવા આર્યાવર્તે અનેક સાધન પેદા કર્યાં છે. આમાંનું પ્રથમ સાધન તે બ્રાહ્મણ. હાલના જમાનામાં સ્વાર્થી લેખાતા એ વર્ગની ઐતિહાસિક મહત્તા મપાય એમ નથી. બ્રાહ્મણે યુગો થયા અસ્મિતા જાળવી રાખી છે. એણે ઘરસંસાર સેવી સમાજની પ્રગતિ સાથે સંબંધ જોડ્યો છે. એણે પોતાની જાતને ભૂદેવ માની દૈવી નિશ્ચલતાનો દાવો કર્યો છે. જરૂર પડ્યે એણે પ્રગતિ કરી છે; જરૂર પડ્યે એણે સ્વ-સંસ્કારને ટેકવ્યા છે. એની કાર્યદક્ષતામાં ચાણક્યનું પ્રતિબિંબ છે. એના ક્રોધમાં ઔર્વનું ઝનૂન જણાય છે છતાં એના સાહિત્યપ્રેમમાં વેદવ્યાસનો ઉત્સાહ છે; એનામાં સંસારની વ્યવસ્થા રચવાનો શોખ યાજ્ઞવલ્કયનો છે. એનામાં સંસ્કારપ્રેમ વસિષ્ઠનો છે.... શક ને હૂણ, ગ્રીક ને ગુર્જર પચાસ વર્ષમાં એને પ્રતાપે આર્ય બની જઈ, સમાજમાં સ્થાન પામતા... બ્રાહ્મણ જ્યાં ગયો ત્યાં કાશી પ્રગટ્યું... જ્યાં એ ગયો ત્યાં સંસ્કૃત ભાષા ને સાહિત્યની ભક્તિ લઈ ગયો. દેવ ભલે બદલાય, સંપ્રદાય ભલે છોડાય, પણ સંસ્કૃતિ વિના શુદ્ધિ નહિ. આ માન્યતા મનાવવાનો એણે જાદુ કર્યો. આર્યાવર્તમાં આજે સંસ્કૃતિનું સ્થાન અપ્રતિમ અને અસ્પર્શ્ય છે. એ માત્ર લેટિન જેવી ગતયુગની ભાષા નથી. સંસ્કૃતિ એટલે ઇતિહાસ, જીવન, ધર્મ ને ભાવના. સંસ્કૃત એટલે આર્યત્વના આત્માને ઓળખવાનું સાધન. સંસ્કૃતિ એટલે આ ભવની પ્રેરણા ને પરભવનો મોક્ષમાર્ગ. ને સંસ્કૃત એટલે આર્યાવર્તના ઐક્ય ને અસ્મિતાનો પાયો... બ્રાહ્મણે પ્રગટાવેલ ત્રીજું બલ પૌરાણિક કથાઓ છે... બ્રાહ્મણે એક વધુ સાંસ્કારિક બલ પ્રગટાવ્યું તે શૈવમત... પૌરાણિક સાહિત્ય ને પાશુપતકાળના સંયુક્ત બલથી બ્રાહ્મણે આર્યસંસ્કારની ભઠ્ઠી સતેજ રાખી હોય એમ સ્પષ્ટ દેખાય છે... આર્યસંસ્કૃતિનું ગુજરાતમાં બીજું મોટું સાધન તે જૈનસાધુ. તેને પણ સંસ્કૃતિનું પ્રાધાન્ય સ્વીકારવું પડ્યું.'

મુનશીની કલમ દોડે છે : '...ઈ.સ. ૯૬૧માં ગુર્જર મૂલરાજ સોલંકી પાટણની ગાદીએ આવ્યા. મધ્યકાલીન ગુજરાતની મહત્તાના એ વિશ્વકર્માએ પાટણની સત્તા દુર્જય કરી... તેના પ્રપૌત્ર સિદ્ધરાજના સમય સુધી આ જ્વાલા વધતી ગઈ. તે મહાપ્રતાપી સમ્રાટ ગુજરાતની સીમાને કાર્તવીર્યની રાજ્યસીમા સુધી લઈ ગયો. ઉજ્જયિની અને અજમેર ગુજરાતનાં અંગ થયાં. અને બુંદેલખંડ ને કોલ્હાપુરમાં પાટણના નરેશની વિજયઘોષણા સંભળાઈ... તે સમયનાં વિસરાયેલાં, ખોવાયેલાં, છૂટાંછવાયાં પડેલાં ઐતિહાસિક સાધનોમાંથી બે વ્યક્તિ નિરાળી પડે છે. એમના આછા રેખાચિત્રમાં પણ તે સમયની સંસ્કૃતિ જોઈ શકાય છે.. આમાંની એક વ્યક્તિ તે ભાવ બૃહસ્પતિ. તે કાન્યકુબ્જના બ્રાહ્મણ હતા. ધર્મશાસ્ત્ર વિશારદ હતા. અને પાશુપતમતના આચાર્ય હતા. સોમનાથમાં આવેલા મઠના તે પતિ હતા. સિદ્ધરાજના ને કુમારપાળના પરમમિત્ર હતા. ને માલવાના રાજાના ગુરુ હતા. એમના પ્રતાપે સિદ્ધરાજના મરણ સુધી શૈવમતનું પ્રાબલ્ય કાયમ રહ્યું... પણ એનાથી નિરાળી બીજી વ્યક્તિ તે ધંધુકાના મોઢ વાણિયા ચાચીગની - હેમચંદ્રાચાર્યની... સંપ્રદાય પ્રસારવાની દક્ષતામાં કે સાંસ્કારિક અસ્મિતા પ્રગટાવવાની કલામાં, વિદ્યાની સેવામાં કે બુદ્ધિની તીક્ષ્ણતામાં, અહિંસાના પ્રચારમાં, તપની સિદ્ધિમાં કે શબ્દબ્રહ્મની અડગ ભક્તિમાં આ કલિકાલસર્વજ્ઞે વિશિષ્ટ આર્યત્વના શ્રેષ્ઠ આદર્શો પોતાનામાં મૂર્તિમંત કર્યા... એમની પ્રેરણાથી કુમારપાળે વીરતા ત્યાગી, અહિંસાત્મક નિર્બળતા સ્વીકારી. ગુજરાતે શસ્ત્ર છોડવા માંડ્યાં ને સિદ્ધરાજનું સામ્રાજ્ય તૂટી પડ્યું. હોલવાતી વીરજ્વાલે વસ્તુપાલ-તેજપાલને પ્રેર્યા. પણ વિધિના લેખ કાંઈ જુદા હતા, એટલે 'અલ્લા હો અકબર'ની રણહાક સંભાળાવા લાગી... અરબસ્તાનના પયગમ્બરનો સંદેશ લઈ પરદેશીઓ હિંદ પર તૂટી પડ્યા. હિંદનું ધન લૂંટાયું. તેની સ્વતંત્રતા નષ્ટ થવા લાગી. તેના ધર્મ ને સંસ્કાર ઉપર આફત આવી. આ પરસંસ્કારનું બલ દુર્ઘર્ષ હતું. દર વર્ષે વિદેશીઓ ધન ને રાજ્યના લોભે આવતા. લોકોને વટલાવતા અને નાનાંમોટાં રાજ્યોની ઊથલપાથલ કરતા. અને એ રીતે નવી સંસ્કૃતિની ધૂંસરી જોરજુલમથી આ દેશ પર બેસાડવાના પ્રયત્ન થયા. તુર્કસ્તાન અને ઈરાનની આ સંસ્કૃતિના અગ્નિથી જૂના સંસ્કારો બળીને ભસ્મ થઈ જતા હતા. આર્ય સંસ્કૃતિના જીવનમાં કટોકટીનો પ્રસંગ આવ્યો.... આર્યસંસ્કૃતિના આત્માએ એક નવી પ્રવૃત્તિ આદરી. જીવનનો પ્રવાહ નિશ્ચેતન ન થાય, હૃદયનો ઉત્સાહ ન દબાય, અને સંસ્કાર સજીવન રાખે એવું એક મહાપ્રચંડ બલ તેણે પ્રગટાવ્યું. આ બલે ધર્મસંપ્રદાય સ્થાપ્યા. તેણે એક ભાવના પ્રગટાવી. તે ભાવનાએ એક પુસ્તકનું સ્વરૂપ લીધું. તે પુસ્તક તે શ્રીમદ્ ભાગવત. શ્રી કૃષ્ણે ધીમેધીમે હિંદુકથાઓમાં મધ્યસ્થ સ્થાન લેવા માંડ્યું હતું... રાજભાષાના સિંહાસન પરથી સંસ્કૃતિ પદભ્રષ્ટ બની હતી. પરિણામે તેણે ધાર્મિક વ્યાસપીઠ પર પોતાનો કાબૂ મજબૂત કર્યો. એટલું જ નહિ, પણ તેની પ્રેરણા વડે પ્રાંતિક ભાષાઓને નવું જીવન આપ્યું. આ પરાક્રમ શ્રીકૃષ્ણના નામથી, અને ભાગવતની પ્રેરણાથી થયું.... ગુજરાતમાં ભાલણે (૧૪૩૯-

૧૫૩૯) નવો સાહિત્ય યુગ શરૂ કર્યો. મીરાં ને નરસિંહનાં કાવ્યો પણ આ નવા બળની પ્રેરણાથી રચાયાં... પ્રેમાનંદે નાનકડી રંગભૂમિ પર ભગવાન વેદવ્યાસનો પાઠ ભજવવાનો કંઈ પ્રયત્ન કર્યો... અને દયારામ સુધી - મુસ્લિમ યુગ પૂરો થયો ત્યાં સુધી આ નવા બળની પ્રેરણા કાયમ રહી... આ સમયમાં ભાગવત સંપ્રદાય પણ આ બળનું અંગ થઈ રહ્યો.... ઈ.સ.૧૪૭૯માં શ્રીમદ્ વલ્લભાચાર્ય જન્મ્યા, ચૈતન્યદેવ ૧૪૮૫માં જન્મ્યા. સોળમા સૈકામાં વૈષ્ણવ નરસિંહ થયા. ભાલણ અને ભીમ પર એ સંપ્રદાયની અસર દેખાય છે અને તે દયારામ (૧૭૬૭-૧૮૫૨) સુધી ચાલી આવી એ પણ નિર્વિવાદ છે. આ સંપ્રદાયના છેલ્લા પ્રતિનિધિ સહજાનંદ સ્વામી થયા (૧૭૮૧ થી ૧૮૪૦). ત્યાં સુધી આ સંપ્રદાય સાંસ્કારિક બળ તરીકે રહ્યો.'

અને પછી મુસ્લિમ આક્રમણથી વધુ ખતરનાક અને હરામી અંગ્રેજ આક્રમણની વાત કરતાં મુનશી કહે છે : '... આ પરસંસ્કારે આદરેલો કાર્યક્રમ આપણા જીવન, ધર્મ ને સંસ્કાર-ત્રણેના પાયા ઉખેડી નાખવાનો હતો.... જે દેશે મુસલમાન સંસ્કૃતિના ત્રાસને તિરસ્કાર્યો તે આ જાદુમાં ફસાઈ ગયો. પૂર્વજોની કીર્તિ કલંકિત કરી, આત્મા-સંસ્કારને તિરસ્કારી, આપણે પાશ્ચાત્ય સંસ્કૃતિના તેજમાં આંધળા બની ગયા... એણે જ્ઞાન અને શુદ્ધિ પર રચાયેલી વર્ણવ્યવસ્થા તોડી, પૈસાદાર ને ગરીબના વર્ણો રચ્યા; એણે બ્રાહ્મણની વિડંબના કરાવી સાહેબપૂજા શીખવી; એણે મર્યાદાની ભાવના તોડી સ્વચ્છંદ શીખવ્યો; મિતાહારી જીવન ત્યજાવી ક્ષુદ્ર વાસનાઓ પાછળ ઘેલા કર્યા; એણે સંસ્કૃતિને વિસરાવી અંગ્રેજીની ભક્તિ દાખલ કરી; આપણું સાહિત્ય છોડાવી, પરસાહિત્યની ગુલામગીરી કરાવી; આપણો ઇતિહાસ ભુલાવી, પારકી મહત્તાના જાપ જપાવ્યા; આપણી રીતિ ને પહેરવેશ, આપણા આચાર ને વિચાર, આપણી ભાવના તે ગૌરવ : બધાં કલંકરૂપ હોય એમ ત્યાગતાં શીખવ્યું. ભૂતકાળ વીસરાવી એણે આપણું ભાવિ વેચાતું લઈ લીધું... આર્ય સંસ્કારના ઇતિહાસમાં આ પ્રકરણો કલંકરૂપ છે...'

'... ગુજરાતમાં એનું જોર ઝાઝું ચાલ્યું નહિ... નવ આર્યાવર્તમાં અગ્નિની આંચ ધીકતી રહી... આ અંગારમાં પહેલો તણખો ઊડ્યો મોરબીના બ્રાહ્મણરૂપે... તેણે સંસ્કારિક અસ્મિતા ફરી પ્રગટાવી. એના પ્રતાપે યુગોનાં અંતર છતાં વેદોનો ટંકાર ફરી સંભળાયો... પણ દયાનંદનું (૧૮૨૫-૧૮૮૩) કર્તવ્યક્ષેત્ર ગુજરાતની બહાર હતું... તાપીતટે સાહિત્યિકરૂપે સ્વસંસ્કારનો આત્મા પ્રગટ્યો. નર્મદ વીર હતો, તત્ત્વદ્રષ્ટા હતો... સ્વસંસ્કારને પુનર્જીવન આપનાર મહાગુજરાતીઓની જે અનન્તમાલા અનાદિકાળથી ચાલી આવે છે તેનો એ મણકો થઈ રહ્યો. એને મેં હાલના સાહિત્યમન્વન્તરનો મનુ કહ્યો છે (મુનશી : નર્મદ)... પરસંસ્કાર ગાળી નાંખી, સ્વસંસ્કારને સતેજ રાખવા બીજે એક ઠેકાણે જ્વાલા પેદા થઈ. તે જ્વાલાને નડિયાદ સંપ્રદાયને નામે ઓળખી શકાય. ગોવર્ધનરામ(૧૮૫૫-૧૯૦૭) આ સંપ્રદાયના... મણિલાલ નથુભાઈ (૧૮૫૮-૧૮૯૮)નું એ સંપ્રદાયમાં પ્રાચીન ગૌરવ ને જ્ઞાનનું ગુજરાતના ભાન કરાવનાર તરીકે મોટું છે.'

'... ગુજરાતી સંસ્કૃતિનું એક સુંદર લક્ષણ લોકનું સ્વમાન છે. આ લક્ષણને લીધે પ્રતાપી ગુજરાતમાં વર્ગશાસન કે આપખુદી સત્તા ટકી શકતાં નહિ.... ઈ.સ. ૧૯૧૪માં એક ચિરસ્મરણીય બનાવ બન્યો... ગુજરાત ગાંધીજીનું થયું... ગાંધીજી એક માણસ નથી, પણ અનેક સંસ્થાઓનો સમૂહ છે; ભાવનાઓનો સમુચ્ચય છે; સાંસ્કારિક બલનું કેંદ્રસ્થાન છે; સંસ્કૃતિકાર છે. એ વર્તમાનકાળના નથી. એમનામાં ભૂતકાળની મહત્તા અને ભાવિની ભવ્યતા છે... એમણે આપણી સંસ્કૃતિનો જીવનમંત્ર ઉચ્ચારવાનો, પોતાનો વિકાસક્રમ નક્કી કરવાનો અને ચારે તરફ પોતાનો વિજયધ્વજ ફરકાવવાનો હક્ક સિદ્ધ કર્યો... એમણે ગુજરાતી સંસ્કૃતિના લક્ષણો આખા હિંદમાં ફેલાવ્યાં...આ ઉપરાંત આર્યસંસ્કૃતિના કેટલાંક પરમ લક્ષણો એમણે મૂર્તિમાન કર્યાં. તપ ને અહિંસા, સત્ય, સંયમ અને સ્વાસ્થ્ય માત્ર ભાવનાઓ થઈ રહ્યાં હતાં તે જીવનમાં ઉતાર્યાં. માત્ર ગુજરાતી સંસ્કૃતિ નહિ, પણ મૌલિક આર્યસંસ્કૃતિ 'સાબરમતીના સાધુ'ને રૂપે વિજયી થઈ, ને આખા દેશમાં વિચરી રહી...'

'... આર્યત્વનું અમોલુ અંગ કાવ્યમયતા, રસિકતા અને પ્રેમપૂજા. એ યાદવકાલથી ગુજરાતી સંસ્કારનું અગત્યનું અંગ હતું. મીરાંએ અને નરસિંહે તેને પોષ્યું હતું... આ સાંસ્કારિક બળને શુદ્ધ કરવાનો પ્રથમ પ્રયાસ નરસિંહરાવે ૧૮૮૬માં 'કુસુમમાલા'માં કર્યો. કાન્તે 'ચક્રવાકમિથુન'માં તે પ્રયાસ ઝીલ્યો. કલાપીએ તેને જીવનમંત્ર કર્યો અને 'કેકારવ' દ્વારા કરાવ્યો. નાનાલાલે 'વસંતોત્સવ'માં એ બળને જરા ધાર ચડાવી..., અને ગુજરાતની સાંસ્કારિક અસ્મિતા આ બધી પ્રવૃત્તિ પર અધિષ્ઠાત્રી રૂપે બિરાજે છે. જાણે-અજાણે બધાં એક ને અવિભક્ત ગુજરાતનાં અંગ બને છે. જેમ અંગેઅંગની એકતાનતા પરથી જ આત્મા પરખાય છે, તેમ ગુજરાતી સંસ્કૃતિના પ્રતાપી આત્માની સાક્ષી દે છે. કાર્તવીર્ય અને પરશુરામની આ ભૂમિ આર્યસંસ્કૃતિનો વિજયધ્વજ લઈ ઊભી છે. અને આર્યત્વનાં સનાતન તત્ત્વો : મહત્ત્વાકાંક્ષા ને વીરતા; સ્વમાન ને સ્વાશ્રય; શુદ્ધિ, સ્વાતંત્ર્ય ને વ્યવસ્થા; તપ, શક્તિ ને સંયમ; પિતૃભક્તિ ને જીવદયા; શબ્દબ્રહ્મની સર્વાંગસેવા; અને પ્રેમ-નિર્મલ ને નિરંકુશ - આ પુરાણા નવ-આર્યાવર્ત (ગુજરાત)ની પ્રેરણાથી દશે દિશામાં પ્રસરશે...' ૧૯૨૩ના આ પ્રથમ અદિવચનના આ મંત્રો સાંભળતાં આપણી છાતી આજ પણ ગજ ગજ ફૂલે

છે અને તેથી જ મુનશીને ગુજરાતી અસ્મિતાના પ્રથમ અમલબરદાર - જ્યોતિર્ધર તરીકે સલામ કરવી ગમે છે.

પરંતુ આ પાયાનાં સૂત્રોના ઉદ્‌ગાતા મુનશી શું માત્ર પરંપરાપૂજક પ્રત્યાઘાતી હતા ? જવાબમાં જડે છે. સ્પષ્ટ ના! કારણ બીજા જ વરસે ૧૯૨૪માં સાહિત્ય સંસદના પ્રમુખપદેથી રજૂ કરેલ વક્તવ્યનું શીર્ષક જ તેમણે રાખેલ 'પ્રણાલિકવાદ', જેમાં જૂની, સડેલી પ્રણાલિકાઓને તોડીફોડી નવા ચીલા પાડવા જ તેમણે પ્રજાને આહ્‌વાન કર્યું હતું. તેમાંથી થોડાક અંશો : '... પૂર્વજો તરફ પૂજ્યભાવ એ સંસ્કારનું અગત્યનું અંગ છે. પણ એ પૂજ્યભાવને અનુભવનાર ઘણી વખત જૂની પ્રણાલિકાનો ભક્ત થઈ જાય છે. એનું મગજ અસલી જીવન, આદર્શ અને પદ્ધતિમાં મચ્યું રહે છે. અને તેથી તેની અસિહષ્ણુતાઓનો પાર રહેતો નથી... આમ આદરણીય પૂજ્યભાવ અને ભયંકર પ્રણાલિકાવાદ વચ્ચે ઘણો જ ફેર રહ્યો હોય છે... પૂજ્યભાવ એટલે કદર; પ્રણાલિકાવાદ એટલે અંધશ્રદ્ધા. ... સાચી પ્રણાલિકા એટલે - તો પ્રાચીનોનાં જીવનનાં સ્મરણો પર અર્વાચીનીઓએ રચેલું નવું ધોરણ ... પણ માત્ર એ સંસ્મરણો પર રચાયેલા આદર્શોનો ઉપયોગ કરવો તે હાલના સમરાંગણમાં ગદાયુદ્ધનો ઉપયોગ કરવા જેવું હાસ્યાસ્પદ થઈ પડે .... જો પ્રાચીનનો તેમના સંયોગો પ્રમાણે જીવી ગયા તો મારે શા માટે મારા સંયોગો પ્રમાણે ન જીવવું ?..... આપણે ત્યાં તો સંસ્કૃતિ, ધર્મ, સંસાર ને કલા ને સાહિત્ય : બધાંને યુગોના યુગો સુધી નિશ્ચેતન પ્રણાલિકાની શૃંખલાથી બાંધી રાખવામાં જ મહત્ત્વ ગણાયું છે. ... આખા સંસ્કૃત સાહિત્યમાં પ્રણાલિકાવાદે વૈવિધ્યનો નાશ કર્યો છે... ધર્મ, નીતિ, પ્રતિષ્ઠા કે સત્ય - ગમે તે સ્વરૂપે આવે તો પણ પ્રણાલિકાવાદની અવગણના કર્યા વિના સાહિત્યનો ઉદ્ધાર કે વિકાસ નથી... અત્યારે ગુજરાતી સાહિત્ય વૈવિધ્ય અને સમૃદ્ધિ પામતું જાય છે. નવીન લેખકોના મગજમાં નવતરંગો ઊઠી રહ્યાં છે. નવી રસવૃત્તિ નવે નવે સ્વરૂપે બહાર પડવા મથે છે. આ વખતે પ્રણાલિકાવાદ પણ પોતાની પુરાણી પ્રણાલિકાને કોઈ પણ સ્વરૂપે સ્વીકારવાની તજવીજ કરશે... જેના હૃદયમાં કથનકાર થવાનો ઉલ્લાસ હોય, જેના મગજમાં રસવૃત્તિએ નવી સૃષ્ટિ સરજાવી હોય તેણે તો પ્રણાલિકા, ધર્મ ત્યાગી પોતાનો સ્વધર્મ જ વિચારવો જોઈએ... અપૂર્વતાની પરમ ભાવના તારું જ દર્શાવેલું સત્ય મારે જોવું છે. તેં પ્રેરેલી ભાવના મારે દર્શાવવી છે. તેં વ્યક્ત કરેલી અપૂર્વતા મારે સરજાવવી છે. તું જ મારો ધર્મ, જાતિ,' પ્રતિષ્ઠા ને સત્ય. તું દેખાડે તે નિમય; તું ન દેખાડે તે મિથ્યા દર્શન...'

અને ૧૯૨૫ના આદિવચનમાં ઉપરોક્ત આદિવચનોનું અનુસંધાન સાચવી મુનશી બ્યુગલ ગજવે છે : 'અર્વાચીન સાહિત્યનો પ્રધાનસ્વર : જીવનનો ઉલ્લાસ. અને પૂરાં વીસ પાનાં ભરી આ ઉલ્લાસનું રણશીંગું વગાડતાં મુનશી પુરાણ અને નવીન સાહિત્યના તુલનાત્મક અભ્યાસની માંડણી કરી નૂતન સાહિત્યના દાખલા-દલીલો ટાંકી આ આદિવચનને પણ કાવ્યમય બનાવી દે છે. તો તેમાંથી થોડીક રસપ્રસાદી ચાખી લઈએ : 'પરભવનું હેત વીસરી આ ભવનું આકર્ષણ અનુભવવું એ વિશિષ્ટતા નવા કાળના આખા સાહિત્યમાં તરત નજરે ચઢે છે... ચારસો વરસના મધ્યકાળમાં બધા કાંઈ મહાત્માઓ ન હતા. તે ખાતા, પીતા, કોઈક ચોરી કરતા, થોડાક મોજ કરતા. પણ પુરાણોમાંથી પ્રેરણા મેળવનાર પ્રેમાનંદના પૂજ્ય અપવાદ સિવાય, જીવનના પ્રતિનિધિઓ સરખા સાહિત્યિકોની દૃષ્ટિ તો મૃત્યુ પર લાડથી ચોંટી હતી... કલ્પના-સાહિત્યના શોખી શામળ ભટ્ટ પણ એમાંથી બચ્યા નહિ.... એમને મન જીવન એટલે મૃત્યુ. જીવન એટલે મરણ પછી શરૂ થતી કારકિર્દી, અને આ સિદ્ધાંતની વેદીમાં આવરદાની આહુતિ આપી મૃત્યુના આ પયગંબરો ગુજરાતના જીવનને ઉલ્લાસહીણું બનાવી રહ્યા હતા... સાહિત્યને પરોક્ષ કે અપરોક્ષ રીતે જાણી જોઈને કે અજાણતાં જીવનના બે વિષયને સ્પર્શ્યા વિના ચાલતું નથી. એક માનવતા અને બીજો સ્ત્રી... મધ્યકાલીન સાહિત્યિકોએ આ બન્ને વૃત્તિને વાસ્તવિક દુનિયામાંથી નિતારી કાઢી... પરિણામે માનવતાનું ધોરણ અપ્રાપ્ય સાધુતા, નિર્દોષતા કે ડહાપણભરી કાયરતા થઈ બેઠાં અને પ્રભાવ, સત્તા ને સ્વાસ્થ્યની ધૂન તો જીવન જીવતાં જ આવે છે એ વાત તેમને અશક્ય લાગી... સ્ત્રી તરફની મધ્યકાલીનોની દૃષ્ટિ પણ તેવી જ છે... એ એક એવું પ્રચંડ બળ છે કે જેના વડે જીવન પ્રફુલ્લ બને છે. જાનવરશાસ્ત્રની દૃષ્ટિએ તે જીવનની માતા છે; ભાવનાની દૃષ્ટિએ તે જીવનની નિર્માતા છે. સ્ત્રી, એક દૃષ્ટિએ જોતાં, જીવન છે...'

મુનશીનું વક્તવ્ય આગળ ચાલે છે. '... પણ અર્વાચીન કાળ આવ્યો. પશ્ચિમની સંસ્કૃતિના સંઘટનથી ગુજરાતના આત્મામાં પરિવર્તન થયું. મૃત્યુની હિમાયત જતી રહી. લોકના અંતરના ઊંડાણમાં રહેલો જીવન-ઉલ્લાસ જાગ્યો. જીવન નરનારીઓને નિમંત્રી રહ્યું. અને માનવની શક્તિઓ અને વૃત્તિઓને આ જ દેહે સંતોષવાની ઇચ્છા પ્રગટી... નર્મદે માનવતાની આ બે વૃત્તિને પ્રેમ-શૌર્યના જીવનમંત્રમાં જડી દીધી.... નરસિંહરાવની આકાંક્ષા 'જીવન વેગે વટાવી' દિવ્ય મંદિરનાં દ્વાર ખોળવા તત્પર થાય છે. નાનાલાલ ત્રિકાળ ને ત્રિભુવનની પર થઈ રસબ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનો ઉત્સાહ બતાવે છે... કલાપી 'લાખો દીવાલો બાંધતાં' પણ છૂટી નાસવાનો અધિકાર સિદ્ધ કરે છે... ગાંધીજીની કૃતિમાં પરભવની પરવા નથી, એમાં મૃત્યુનો ભય નથી... આ બધું શું બતાવે છે? એટલું જ કે માનવતાની દરેકે દરેક વૃત્તિ સતેજ થઈ રહી છે.... અને નાના મોટા સાહિત્યિકો આ વ્યક્ત કરવા તરવરી રહ્યા છે.

જીવનનાં રહસ્યો ઉકેલતાં તેમના આદર્શોને બંધન નથી, તેમની શૈલીને શૃંખલા નથી, તેમની દષ્ટિને સીમા નથી, તેમના વિહારને સંકોચ નથી... મધ્યકાલીન ને અર્વાચીનમાં આ મોટો ફેર નોંધવા જેવો છે...

'.... ગોવર્ધનરામને મન : 'સ્ત્રી હવે જંજાલ કે ત્રિયા નથી. તેમ સનમ, સુંદરી કે રંભોરુ નથી. તે રસધર્મને વરનારી છે'; નરસિંહરાવને મન 'દેવી છે, પ્રેમઅગ્નિહોત્ર પથમાં સહધર્મચારિણી છે'; રમણભાઈ નીલકંઠને મન: 'રસમય કરતી મધુમક્ષિકા છે'; નાનાલાલને મન: 'પ્રાણેશ્વરી ! વ્રતિની જીવનસાથ કેરી છે', ખબરદારને મન : 'જીવનસખી, જીવનભાગ સખી' છે, કવિ કાન્તને મન : 'પ્રિય સખી ને અર્ધ આત્મા' છે... તૉલ્સ્તોયો કે ગાંધીજીઓ ગમે તેમ માને. પણ પ્રેમ - ઐક્યસિદ્ધિ - એ માત્ર શારીરિક કે સામાજિક વૃત્તિ સંતોષવાનું કે પિતૃઋણ ફેડવાનું સાધન નથી રહ્યું. પણ મધ્યકાલીન ભક્તિની માફક વિકાસ સાધવાનું, પ્રભાવ પ્રાપ્ત કરવાનું, જીવનનો ઉલ્લાસ ભોગવવાનું એક પ્રબળ ગાંડીવ બન્યું છે.... આ પ્રમાણે અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પ્રધાન સૂર - જીવનનો ઉલ્લાસ - આત્મસિદ્ધિ અને ઐક્યસિદ્ધિની પાંખે ચઢી, ભાવનાના વ્યોમમાં અપૂર્વતા શોધતો વિહરે છે. અને શક્તિનાં, સુખનાં, સરસતા અને પ્રેમનાં બીજ દશે દિશામાં વેરતો જાય છે... આ ઉલ્લાસને મર્યાદા માત્ર મોતની છે... અને નિયમન માત્ર ભાવનાનું છે... 'કૃષ્ણચંદ્રની કૌમુદી સરખા' આ ગુજરાતને તેના જીવન અને સાહિત્ય દ્વારા બળ ને તેજ, પ્રભાવ ને પ્રેમથી નવે અવતારે લાવતો હું જોઉં છું...'

૧૯૨૬ની સાહિત્યસંસદની બેઠક વખતે મુનશી વાચકો અને વિવેચકોના 'રસાસ્વાદનો અધિકાર'ની તાત્ત્વિક ચર્ચા કરે છે. અને કેટલાક ચર્ચાસ્પદ તથા ચિંત્ય વિધાનો સોદાહરણ કરી નવો ઊહાપોહ સાહિત્યજગતમાં મચાવે છે, તે વાંચીએ: 'જેમ કલાકારોને રસદર્શન તે સર્જનનો અધિકાર છે તેમ રસિકોને રસાસ્વાદનો અધિકાર છે... સરસતા એટલે જે રસિકતા સંતોષે તે લક્ષણ. રસિકતા એટલે સરસતા જોઈ રાચે તે શક્તિ. આ રસિકતા કલાની કસોટી છે. જે કૃતિ તેને ન સંતોષે તે કલાત્મક કહેવાય નહિ... વિવેચકનું કાર્યક્ષેત્ર આપણે સમજવું જોઈએ. વિવેચક એ કલાકાર નથી, તે સર્જક નથી, પ્રચારક છે. પ્રોડ્યુસર અને કન્ઝ્યુમર વચ્ચે તે ડિસ્ટ્રિબ્યુટર છે... કલાકારને જીવન જોડે તાદાત્મ્ય સાધ્યા વિના ચેન પડતું નથી. વિવેચક કલા જોડે તાદાત્મ્ય સાધતાં પણ આત્મગૌરવ ને નિરીક્ષણ વૃત્તિ ખોઈ શકતો નથી. કલાકાર મસ્ત છે, વિવેચક સ્વસ્થ છે... વિવેચકે ઘણી વાર કલાકારને કચરી નાખ્યો છે.... સામાન્ય રીતે કલાકારને સમકાલીન વિવેચકો - અલૌકિક અપવાદ સિવાય - સમજી શકતા નથી... કેટલાક ટીકાકાર બાળક સમા હોય છે... કેટલાક બારોટ બની રહે છે..... કેટલાક વેપારી બને છે... કેટલાક ટીકાકારો જાહેરખબરિયા હોય છે.... કેટલાક વિવેચકો સાહિત્યમાં ધૂળેટિયા હોય છે... આવા બધા ટીકાકારોને વિષકન્યા કહી શકાય.... આ વિષકન્યા ધર્મની આકર્ષક સ્વાંગ લે છે. પણ જ્યાં રસિકતા જ ગુરુ છે, જ્યાં રસાસ્વાદ જ પૂજકને અધિકાર અર્પે છે. તેવા કલા અને સાહિત્યના... વૃત્તિઓના સ્વયંનિર્ણીત વિકાસમાં જ આ માનવતા આત્મસિદ્ધિ જુએ છે. અને છતાં તેના સંયમને આત્મસિદ્ધિનું સાધન બનાવે છે. એમાં સ્વચ્છંદથી થતો શક્તિચ્છેદ નથી, ને સંયમથી ઉદ્ભવતી શુષ્કતા નથી. સ્વચ્છંદનો ગભરાટ ને સંયમની સ્વસ્થતા બંને, અતિનૈતિક માનવતાના દુર્ધર્ષ ને અડગ સિંહાસન પર જ્યાં 'સ્વ-ભાવ-સિદ્ધિ' એક અને અચળ ધ્યેય છે તેવા સ્થાન પર મનુષ્યને બેસાડે છે. પ્લુટાર્કની નીતિ નિર્લિપ્તિક માનવતાનું અતિનૈતિક સ્વરૂપ જર્મન તત્ત્વવેત્તા નીટ્ઝેને દેખાયું.... નીટ્ઝેની આર્ષદૃષ્ટિને પણ વૃત્તિઓના વિકાસમાં જ માનવતા સમાયેલી જણાય છે. પણ વૃત્તિઓ તે દરેકની નહિ પણ માત્ર માસ્ટર્સની - પ્રભુઓની, વીરની, ભોક્તાની... નીટ્ઝેનું આર્ષદર્શન દુનિયાના કોઈ પણ આર્ષદર્શનથી ભવ્યતામાં, પ્રતાપમાં કે પ્રેરકતામાં ઊતરતું નથી. તે કહે છે : 'હું માનવશ્રેષ્ઠને વર્ણવું છું. મનુષ્ય છે તે પોતાનાથી પર એવા માનવશ્રેષ્ઠને સરજાવવા માટે જ. તમે એ સર્જન માટે શું કર્યું ? પ્રાણીમાત્રે પોતાનાથી શ્રેષ્ઠ એવું સર્જ્યું. તમે શું આ પ્રવાહ પાછો વાળશો? ..... જીવનને તિરસ્કાનારા તે બધા જાતે કોહવાઈ ગયેલા, વિષથી ભરપૂર છે. પૃથ્વી તેનાથી થાકી છે. તેમને જવા દો. બિલ્ડ યૉર સીટીઝ ઓન ધ વીસુવિયસ. લીવ ડેન્જરસલી...'

'... શ્રવણ માનવતાનું અતિનૈતિક સ્વરૂપ તે આર્ય માનવતા... વેદમાં, ઉપનિષદોમાં, સૂત્રોમાં, મહાભારતમાં અને ગીતામાં તે માનવતાનાં આર્ષદર્શનો મોજૂદ છે... આર્યની પ્રેરણાશક્તિ ભૂખમાંથી ઉદ્ભવે છે... પોતાના કે પારકા દુ:ખથી આર્ય વિહ્વળ બનતો નથી. આર્ય ઉચ્ચારે છે : 'હે અગ્નિ ! પરમ એવી શક્તિમાં ભાગ આપ... જેથી મારો કોઈ વિજેતા થાય નહિ'....શ્રી, વિજય અને ભૂતિ તેનું પરમ ધ્યેય છે... શ્રી, વિજય અને ભૂતિ મેળવવા, પોતાના સ્વભાવની સિદ્ધિ મેળવવા, પોતાને જ પોતાનો શાસનકાર, પોતાને જ પોતાની નીતિ, પોતાના સ્વભાવને જ પોતાનો સ્વધર્મ માનીને....'

'આ પ્રમાણે આર્ષદ્રષ્ટાઓ યુગેયુગે માનવતાનાં દર્શન કરી, કરાવી, પ્રયત્નની મહત્તા પ્રેરી સ્વભાવની સિદ્ધિનાં રહસ્યો શીખવી, આ દેહે અને આ સ્વભાવે અલ્પતા છાંડી ગગનચુંબી મહત્તા પ્રાપ્ત કરવાની આકાંક્ષા પ્રગટાવે છે. એમણે સેવેલા શબ્દબ્રહ્મના સર્વવ્યાપી પ્રતાપમાં તણાઈ, આપણે ભૂતકાલીન માનવતાની ભવ્યતાના ધ્યાનમાં લીન બનીએ. સર્વ ધર્મો છોડી 'માનવતા'ના શાશ્વત ધર્મને શરણે જતાં ગર્વ અને આનંદ અનુભવીએ....' (ક્રમશઃ)

ઇતિહાસધારા

અશોક હર્ષ

મુગલ સમ્રાટ શાહજહાંએ એની પત્ની મુમતાજમહલના મૃત્યુ પછી પોતાનો બધો પ્રેમ પોતાની પુત્રી જહાનઆરા પર ઠાલવ્યો હતો. ધૈર્ય અને બુદ્ધિમત્તાના પ્રતીક સમી જહાનઆરા પણ શાહજહાંના અંતિમ દિવસોમાં તેના હૈયાનો વિસામો બનીને રહી હતી. શાહજહાંના તેના પરના અપાર વાત્સલ્યની એક નાનીસરખી ઘટના અહીં આપી છે.

ઈ. ૧૬૪૪ની માર્ચની ૨૬મીની રાત. આગ્રાના કિલ્લામાંના પિતાના ખંડમાંથી જહાનઆરા ચાર દાસીઓ સાથે પાછી ફરી રહી હતી ત્યાં એકાએક તેની ઓઢણીનો છેડો પરસાળમાંના દીવા પર પડતાં દીવો નીચે પડ્યો અને નિમેષમાત્રમાં દીવાની લાગેલી ઝાળથી પ્રગટેલી જ્વાળા ભડભડ કરતી જહાનઆરાના આખા દેહને ફરી વળી. તેને બચાવવા જતી દાસીઓ પણ દાઝી ગઈ અને તેમની ચીસો આખા મહેલમાં ફરી વળી.

જહાનઆરાનો બરડો અને બંને બાવડાં સખત દાઝી જતાં શાહજહાંના શોકનો પાર રહ્યો નહિ. દિવસરાત મટકુંય માર્યા વિના જહાનઆરાની પથારી પાસે બેસી રહી તેની સેવાશુશ્રૂષા કરતો રહ્યો. દાઝેલા ભાગો પર તે દવા ચોપડતો, પુત્રીનું મોં ઝાલી પોતાના હાથે તેને પાણી પાતો. નજીક અને દૂરના અનેક ચિકિત્સકો જહાનઆરાની સારવાર માટે તેણે એકત્ર કરેલા. રોજ એક હજાર રૂપિયા જહાનઆરાના ઓશીકા નીચે મૂકી રાખી વખતે દિવસે ભિખારીઓને તે દાનમાં આપી દેતો. સંખ્યાબંધ કેદીઓને તેણે મુક્તિ આપી દીધેલી અને પોતે સાંજથી મધરાત સુધી ઘૂંટણિયે પડીને અલ્લાહની દુઆ માગતો. એ વખતે એનાં કપડાં સુધ્ધાં આંસુથી ભિંજાઈ જતાં.

જહાનઆરાને બચાવવા કૂદી પડેલી દાસીઓમાંની બે મૃત્યુ પામેલી. જહાનઆરા ચાર મહિના સુધી જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતી રહી. છેવટે આરિફ નામના એક ગુલામે તૈયાર કરેલા મલમથી તેના ઘા રૂઝાઈ જઈ તે સાજી થઈ.

જહાનઆરા સાજી થઈ જતાં શાહજહાંના આનંદનો કોઈ પાર રહ્યો નહિ. તેણે એક શાનદાર ઉત્સવ ઊજવ્યો અને લાખો રૂપિયા ગરીબોને વહેંચ્યા.

*

વડોદરામાં ગાયકવાડની મરાઠી સત્તાની સ્થાપના પહેલાં ત્યાં રૂસ્તમઅલી બાબી નામના મુસ્લિમ રાજ્યકર્તાનું શાસન હતું. શિકારના ભારે શોખીન રૂસ્તમઅલીના એક વખતના શિકાર સમયે એક ચિત્તો તેના પર અચાનક તૂટી પડેલો ત્યારે દલા નામના પટેલે તેને કડીઆળી ડાંગના એક જ ફટકે પૂરો કરી બાબીનો જાન બચાવેલો. પોતાના આ જીવનરક્ષકને વડોદરામાં વસાવી તેને દોઢસો ઘોડેસ્વારની મનસબદારી આપી. દલા પટેલ તેમની પ્રામાણિકતા તેમ જ તેમના શૌર્યને લઈને રાજ્યભરમાં પ્રિય થઈ પડ્યા, પટેલકુટુંબ અને રાજકુટુંબ પણ એકબીજાંની ખૂબ નિકટ આવી ગયાં.

દલા પટેલને ફૂલકુંવર નામની એક પુત્રી હતી જે વસોમાં પરણાવેલી. એક વાર સૌરાષ્ટ્રમાં કશોક મહેસૂલી ઝઘડો ઊભો થતાં દલા પટેલને ત્યાં મોકલવામાં આવ્યા. ફૂલકુંવર ત્યારે દિવાળી ઊજવવા વડોદરા આવેલી. દલા પટેલની પત્નીએ રૂસ્તમઅલીને પોતાનો ધર્મબંધુ માનેલો એટલે ભાઈબીજના દિવસે તેને પોતાને ત્યાં જમવા નોતર્યો.

રૂસ્તમઅલી વાજતેગાજતે આવી પહોંચતાં તેનું યોગ્ય સ્વાગત કરી જમવા બેસાડવામાં આવતાં, ફૂલકુંવર તેના 'બાબીમામા' માટે ચાંદીનાં પાત્રોમાં પીરસવા આવી. ઊંચું જોઈ ફૂલકુંવરનું મોં જોતાં જ તેના આ બાબીમામાના હૃદયમાં વાસનાનું ઝેર અને આંખોમાં કામાંધતા વ્યાપી ગયાં. જમીને ઘેર પહોંચતાં જ બાબીએ દલા પટેલને ત્યાં કહેણ મોકલાવ્યું કે, 'ફૂલકુંવર લાંબા સમયે પિયર આવી હોઈને તેની મામી તેને મળવા માગે છે.'

ભોળી ફૂલકુંવર તો ખુશ થતી સોળે શણગાર સજીને પાલખીમાં બાબીના મહેલે ઊપડી. એ મામીને મળે એ પહેલાં તો બાબીએ આવી એનો હાથ પકડી લીધો. એની નજરમાં દોડતાં સાપોલિયાં પારખી જઈ ફૂલકુંવર સિંહણની જેમ ગર્જતાં બાબીના હાથમાંથી પોતાનો હાથ છોડાવી લઈને પોતાના કુળધર્મ અને શિયળની રક્ષાર્થે ઉપરથી સીધું નીચે પડતું મૂકી દીધું. પળવારમાં જ તેના પ્રાણ પરવારી ગયા. તેના છૂંદાયેલા દેહને દલા પટેલને ત્યાં પહોંચાડવામાં આવ્યું એ સાથે જ શહેરના આગળ પડતા શેઠ સુરેન્દ્ર દેસાઈ દલા પટેલના ત્યાં પહોંચ્યા અને હાલપૂરતો આ વાત પર પડદો પાડી દેવાનું જણાવી દલા પટેલને કાસદ દ્વારા ખાસ કહેણ મોકલીને ફૂલકુંવરના શબના અગ્નિસંસ્કાર કર્યા.

પરંતુ કાસદ પહોંચે તે પહેલાં તો દલા પટેલ ઘેર આવી પહોંચ્યા - ઘટનાની જાણ થતાં એ જ ક્ષણે નિશ્ચય કરી લીધો કે વડોદરાની ધરતી પર હવે બાબી રૂસ્તમઅલીનું નામનિશાન રહેવું ન જોઈએ. સુરેન્દ્ર શેઠનો ભલામણપત્ર લઈ તે સીધા પૂના પહોંચ્યા. પેશવા દેવદર્શનેથી પાછા ફરતાં હરિભક્તિની પેઢી પર રોકાતા, અને દલા પટેલે એ પેઢી પર જ પેશવાને પૂરી ઘટના અથથી ઇતિ કહી સંભળાવીને વડોદરા પર ચઢાઈ કરવા જણાવ્યું. પેશવા સંમત થયા. પેશવાના કહેવાથી દામાજી ગાયકવાડ પણ પોતાના હાથ નીચેના લશ્કર સાથે આગળ વધ્યા. બન્ને લશ્કરો ડભોઈ મુકામે એકત્ર થયાં અને વડોદરા પરની કૂચ આગળ વધી.

રૂસ્તમઅલીને હણીને દામાજી ગાયકવાડ વડોદરાની ગાદીએ બેઠા જે રાજ્યોના વિલીનીકરણ સુધી તેમના વંશજોએ ભોગવી. રૂસ્તમઅલી હણાતાં તેના નાસી છૂટેલા ત્રણ ભાઈઓમાંના એકે પાલનપુરમાં, બીજાએ રાધનપુરમાં અને ત્રીજાએ બાલાસિનોરમાં ગાદીઓ સ્થાપેલી. □

કંકાવટી

ઉષા મહેતા

ઉષા મહેતાને આ વર્ષના ગણતંત્ર દિવસે પદ્મવિભૂષણ ઇલકાબ આપવાની



જાહેરાત થઈ. તેમનો જન્મ ૨૫મી માર્ચ ૧૯૨૦ને દિને સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ ગામમાં થયો હતો. માધ્યમિક શિક્ષણ ભરૂચ અને મુંબઈની ચંદારામજી કન્યાશાળામાં અને ઉચ્ચ શિક્ષણ મુંબઈની વિલ્સન કૉલેજમાં. શાળાજીવનમાં જ વક્તૃત્વકળા હરીફાઈમાં એમણે પારિતોષિકો જીતવા માંડેલાં. મુંબઈ વિશ્વવિદ્યાલયની ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં એમણે પ્રથમ સ્થાન મેળવેલું. બી.એ.માં ફિલૉસૉફી વિષય લઈને ૧૯૩૯માં મુંબઈ વિશ્વવિદ્યાલયમાં એ પ્રથમ આવ્યાં. અને વિલ્સન કૉલેજમાં દક્ષિણા ફેલો નિમાયાં. પિતા ન્યાયાધીશ હોવાને કારણે એમના આગ્રહથી ૧૯૩૯માં એલએલ.બી.ની પરીક્ષા પસાર કરી. એ સમયે રાષ્ટ્રપ્રેમનો જુવાળ હતો. એ નાનાં હતાં, ત્યારે ભરૂચમાં ૧૯૩૦ના મીઠાના સત્યાગ્રહમાં વાનરસેનામાં જોડાયેલાં, અને પકડાયેલાં. એમણે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની પરીક્ષાઓ આપી અને કોવિદની પરીક્ષામાં ૧૯૩૯માં આખા ભારતમાં એ પ્રથમ આવ્યાં. તે પછી હિંદી શિક્ષણનું કાર્ય પણ શરૂ કરેલું. એ કૉન્ગ્રેસમાં સ્વયંસેવિકા તરીકે જોડાયેલાં, 'ભારત છોડો આંદોલન'નો ઠરાવ ઑગસ્ટ ક્રાંતિ મેદાનમાં પસાર થયો ત્યારે એ ત્યાં સ્વયંસેવિકા હતાં. અને એમણે આંદોલનમાં જોડાવાનું નક્કી કરેલું. આંતરકૉલેજ વક્તૃત્વ હરીફાઈમાં એમણે લાગલગાટ ઇનામો જીતેલાં. એટલે કૉન્ગ્રેસે ભૂગર્ભ રેડિયો શરૂ કર્યો, ત્યારે એમાં એમને લોહિયા, અચ્યુત પટવર્ધન, ઇત્યાદિ નેતાઓએ રેડિયો-પ્રસારણનું કામ સોંપ્યું. એમનો અવાજ ભારતભરમાં આંદોલનને વેગીલું બનાવવામાં સહાયભૂત નીવડ્યો. સરકારે રેડિયો સ્ટેશન શોધવાનો બહુ પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ ગઈ. એણે મોટાં ઇનામો જાહેર કર્યાં અને જે રેડિયો ઇજનેરે રેડિયો સ્ટેશન સ્થાપવામાં મદદ કરેલી, તેણે જ દગો દીધો, ને પોલીસે છાપો માર્યો. એ લોકો પકડાયાં. પછી પોલીસે બાતમી મેળવવા ખૂબ ત્રાસ આપ્યો જેને પરિણામે આજદિન સુધી એ ખોરાક લઈ શકતાં નથી. અદાલતે એમને ચાર વર્ષની કેદની સજા કરેલી.

યરવડા જેલમાં એમને મૃદુલા સારાભાઈ, મણિબહેન પટેલ, પૂર્ણિમા બેનરજી, વાયોલેટ આલ્વા - બધાંનો સાથ મળ્યો. બધાં એમની ખૂબ કાળજી રાખતાં. લડાઈ પૂરી થતાં મુંબઈ રાજ્યમાં કૉંગ્રેસ સત્તા પર આવી, અને એ વખતના મુંબઈના ગૃહમંત્રી મોરારજીભાઈ દેસાઈએ પહેલું કામ ઉષા મહેતાને છોડાવવાનું કર્યું. એ જ્યારે જેલમાંથી છૂટીને આવ્યાં, ત્યારે બોરીબંદર સ્ટેશન પર એમના સ્વાગત માટે હજારો લોકો આવ્યાં હતાં, અને હારોનો ઢગ થયો હતો. જેલમાંથી છૂટ્યા પછી એમનો વિચાર એમ.એ.નો અધૂરો રહેલો અભ્યાસ પૂરો કરવાનો હતો, પણ એમને વિલ્સન કૉલેજના પ્રિન્સિપાલે કૉલેજમાં ફિલસૂફીના વ્યાખ્યાતાને સ્થાને નીમ્યાં. એટલે એ એમ.એ. ન થયાં, પણ બી.એ.માં પ્રથમ હોવાથી એમણે પીએચ.ડી. માટે નામ નોંધાવ્યું અને 'મહાત્મા ગાંધીની રાજકીય ફિલસૂફી' પર શોધપ્રબંધ લખી ૧૯૫૩માં એમણે પીએચ.ડી.ની ડિગ્રી મેળવી. એમના પરીક્ષક કિશોરલાલ મશરૂવાળા હતા. એ પછી અમેરિકાની ફુલબ્રાઈટ છાત્રવૃત્તિ સહિત ૫૩-૫૪નાં વર્ષોમાં અમેરિકામાં ભણી પાછાં આવ્યાં. મુંબઈ વિશ્વવિદ્યાલય, કૉલેજ અધ્યાપક સંઘ તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી શ્રેષ્ઠ અધ્યાપિકાનાં પારિતોષિક મળ્યાં.

વર્ષોથી એ ગાંધીસંસ્થાનો જોડે ઘનિષ્ઠભાવે સંકળાયેલાં છે અને મુંબઈ ગાંધી સ્મારક નિધિ તથા મણિભવન ગાંધી સ્મારક સંગ્રહાલયનાં અધ્યક્ષ છે. દેશભરની ગાંધીસંસ્થાઓ જોડે સંકળાયેલાં છે. સ્વાતંત્ર્ય સેનાની તરીકે એમને તામ્રપત્ર પણ અર્પણ થયું હતું. મહારાષ્ટ્ર સરકારે પ્રાદેશિક ભાષાઓની ઉપેક્ષા કરી અને શિક્ષણમાં સ્થાન આપ્યું. તેથી એમણે ભાષામંચ શરૂ કર્યો અને તેની મારફત પ્રાદેશિક ભાષાઓને મહારાષ્ટ્રમાં શિક્ષણમાં ગૌરવભર્યું સ્થાન મળે એને માટે લડત ચલાવી. અત્યારે એ મામલો સુપ્રીમ કોર્ટમાં ગયો છે. એમના પુસ્તક 'ભારતનાં સ્ત્રીરત્નો'ને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો છે.

('વિશ્વરંગ' માર્ચ ૧૯૯૮માંથી)

લીલા વટાણાનાં દહીંવડાં

સામગ્રી : ૧ વાટકી ફોલેલા લીલા વટાણા, ૨ ટે. સ્પુન ચણાનો લોટ, ૧ ટી. સ્પૂન સમારેલી કોથમીર, ૨ વાટકી વલોવેલું દહીં, ગળી ચટણી, મીઠું, લાલ મરચું, જીરાનો ભૂકો, તળવાનું તેલ, ૧ ટી. સ્પૂન ખાંડ.

ઊકળતા પાણીમાં વટાણા નાખી બાફી નાખવા. પછી બરાબર નિતારી હાથથી છૂંદી નાખવા. તેમાં ચણાનો લોટ નાખી અને મીઠું, આદુ-મરચાં તથા કોથમીર નાખવાં. તેને બરાબર હલાવી તેનાં વડાં વાળવાં. તેલ ગરમ મૂકી તેમાં વડાં તળવાં. ડીશમાં ગોઠવી ઉપર દહીં રેડવું. તેના ઉપર ગળી ચટણી રેડી મીઠું, મરચું, જીરાનો ભૂકો અને થોડી કોથમીર ચારે બાજુએ ભભરાવવાં. પછી ઉપયોગમાં લેવું.

કલાવાર્તા

સ્વ. કલાકાર અભય ખટાઉ

અભય ખટાઉ પ્રભુને પ્યારા થઈ ગયા! ૧૯૮૮ના એપ્રિલની ૨૧મીએ અચાનક



સ્ટ્રોકને કારણે એમણે છેલ્લો શ્વાસ બોસ્ટનમાં લીધો. કુટુંબીઓ એમને તબીબી ઉપચાર માટે અમેરિકા લઈ ગયાં હતાં. શસ્ત્રક્રિયા તો સફળ નીવડી હતી. હૉસ્પિટલમાંથી એમને રજા પણ અપાઈ હતી. સ્વદેશ પાછા ફરતાં પહેલાં સંસ્કૃતિના ચાહક અને કલાપ્રેમી અભય ખટાઉ ન્યૂયોર્કનાં વિવિધ સંગ્રહાલયો અને આર્ટ્સ ગૅલેરીઓની મુલાકાત લેવાનું પણ નક્કી કર્યું હતું; પણ ... નિયતિએ એમને અચાનક ઝૂંટવી લીધા. ક્રિષ્ણાબેને સહૃદયી પતિ ગુમાવ્યા. સંતાનોએ પ્રેમાળ પિતા, પૌત્ર પૌત્રીઓએ અત્યંત વ્હાલસોયા 'દાદાજી' અને આપણા દેશે એક આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત ચિત્રકાર અને પશ્ચિમી સંગીતના ચાહક ગુમાવ્યા.

અભય ખટાઉની કારકિર્દી તરુણાવસ્થામાં ૧૯૪૬થી શરૂ થઈ. ત્યારે ૧૯ વર્ષની વયે એમનાં ચિત્રોનું પ્રથમ પ્રદર્શન યોજાયું હતું. ચાર વર્ષની વયે મેનીનજાઇટિસનો હુમલો થયો એ કારણે એમની શ્રવણશક્તિ થોડી જોખમાઈ હતી. ૭ વર્ષની વયે તબીબી ઉપચાર માટે એમને વિયેના લઈ જવાયા ત્યાં સંગીતના આ શહેરમાં એમની કળાનો શોખ પરખાયો અને પછી પાંગર્યો. એમની સર્જનશક્તિને યોગ્ય માર્ગદર્શન મળે એવા કલાશિક્ષક સાંપડ્યા. આ કલાકારમાં સર્જનશક્તિનો પ્રાદુર્ભાવ માતા જયાબહેનને કારણે થયો હતો. નાનપણમાં કાગળ અને રંગીન પેન્સિલો આપીને એમણે પ્રોત્સાહન આપ્યું હતું. પિતા લક્ષ્મીદાસે પણ પોતાના એકના એક સંતાનના કલારસને ઉત્તેજન આપ્યું હતું.



રતિ-કલ્યાણ - (યક્ષગણ)

વિયેનાથી પાછા આવ્યા બાદ એમને બાળકોની સર્જનશક્તિના વિષય પરત્વે અધિકારી ગણાતા અને સંવેદનશીલ કલાશિક્ષક શ્રી પુલીન બિહારી દત્તનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. અભય એમના પ્રભાવ હેઠળ પણ આવ્યા. એમની આંતરિક સર્જનશક્તિનું પ્રાકટ્ય થયું જેણે સમસ્ત જીવન કળાને સમર્થવાનું બળ પૂરું પાડ્યું. શારીરિક ક્ષતિગ્રસ્ત હોવા છતાં ૪૧ પ્રદર્શનો યોજાયાં એ કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી.

વિશ્વયાત્રા કરવાને લીધે અભયે કલાના સ્થાનની ક્ષિતિજો વિસ્તારવા માટે પુષ્કળ કલાપ્રદર્શનોની મુલાકાત લીધી. એમાં એમને એમના મિત્ર શ્રી ગોપાલ



નૃત્ય (શિવપાર્વતી)



શાક વેચનારીઓ

પોર્ટેકરનું માર્ગદર્શન ઉપકારક નીવડ્યું. કલાકારોની મુલાકાતો, એમની સાથેની ચર્ચાવિચારણા, કલાના વિવિધ પ્રવાહોથી વાકેફ રહેવા સતત પુસ્તકોનું વાચન તથા લેખિનીને ચાલુ રાખી. ઉદ્યોગપતિના કુટુંબમાં જન્મવાને કારણે ખટાઉ કુટુંબનાં અનેક સાહસોના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ તરીકેની જવાબદારી પણ નીભાવી.

અભય ખટાઉની સર્જનશક્તિ ક્યારેય સ્થગિત કે કુંઠિત નહોતી થઈ. રંગો અને આકારની વેધક સૂઝને લીધે એમનાં ચિત્રોમાં એમના પ્રથમ અનુભવો તથા કલ્પનાશક્તિ પ્રતિબિંબ થતી રહી. પ્રથમ પ્રદર્શન મુંબઈની ચાઈલ્ડ આર્ટ સોસાયટીની નિશ્રામાં પ્રયોજાયું હતું, પણ ત્યાર પછી આ પ્રવૃત્તિચક્ર હમેશાં ગતિમાન રહ્યું છે. પુખ્ત ચિત્રકાર તરીકે એમણે એમની ક્ષિતિજો અને દૃષ્ટિ હમેશાં વિસ્તારી. પ્રણાલિકાગત ભારતીય વિષયોથી માંડીને ઑપેરાનાં કાર્મેન આઈડા જેવાં પાત્રોનાં રેખાચિત્રો સર્જ્યાં. આફ્રિકાની મુલાકાત આઠના દશકમાં લીધી ત્યારે આફ્રિકી નૃત્યકારોનાં શારીરિક સૌષ્ઠવ અને શિલ્પીનાં ટાંકણાંએ કંડાર્યાં હોય એવા ચહેરાઓથી ખૂબ પ્રભાવિત થયા. નૃત્યકારોએ અભયની કલ્પના પર હમેશાં કાબૂ જમાવ્યો હતો. એવું પણ કહી શકાય. શ્રીલંકાનાં કેન્ડી નર્તકો, ઇન્ડોનેશિયાના બાલી નર્તકો, આપણા મધ્ય પ્રદેશના બસ્તરના આદિવાસી નૃત્યકારો અને દક્ષિણ ભારતના કથકલી તથા ભરત નાટ્યમ્‌ના કલાકારોનાં એમનાં ચિત્રો માણવા જેવાં છે.

એમનાં ચિત્રોનાં પ્રદર્શનો મુંબઈ, દિલ્હી, કલકત્તા, બેંગ્લોર, પણજી અને અમદાવાદમાં અનેક વાર તથા વિદેશના દેશોની વાત કરીએ તો શ્રીલંકા, જાપાન, ઇઝરાયેલ, નેપાળ, જર્મની, ઇંગ્લંડ, તેમજ અમેરિકાનાં અનેક શહેરોમાં યોજાયાં હતાં. વિશ્વના કલાસમીક્ષકોએ એમની કલાની પ્રશંસા કરી હતી. કલાના ઇતિહાસમાં અભય ખટાઉના સ્થાન વિશે લખતાં આપણા એક પ્રખ્યાત કલાસમીક્ષકે લખ્યું છે : 'કલાના મુખ્ય પ્રવાહોથી દૂર રહીને એમણે પોતાનું આગવું વ્યક્તિત્વ માનવીય આકાર અને રંગોની બાબતમાં જાળવી રાખ્યું હતું. ભારતીય પુરાણોનાં પાત્રોએ અભયની ચિત્રકળાને ચાલના આપી હતી.'

વ્યક્તિ તરીકે એ નિરભિમાની, આનંદી અને પુષ્કળ માનવતાસભર હતા. આંતરમુખી હોવા છતાં ઘણાબધા લોકો સાથે વાતચીત કરીને એમની પ્રવૃત્તિઓ અને કલ્યાણ વિશે હમેશાં પૃચ્છા કરતા. મહેમાનોને આગ્રહ કરીને જમાડવામાં એમને અનેરો આનંદ આવતો. શાંત સ્વભાવના હોઈ સામી વ્યક્તિ બોલે ત્યારે ધ્યાનથી સાંભળીને શિષ્ટતાપૂર્વક યોગ્ય પ્રતિભાવ આપતા. એમને નજીકથી જે કોઈ જાણતું-ઓળખતું હતું તે સહુને એમની ખોટ હમેશાં સાલશે.

છેલ્લાં થોડાં વર્ષોથી એમની તબિયત સહકાર આપતી નહોતી. કેટલીક ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં એમણે રસ લેવા માંડ્યો હતો. ૧૯૯૧માં એમના પ્રદર્શનની બધી આવક 'હંગર પ્રોજેક્ટ' તથા 'કેન્સર પેશન્ટ્સ એઈડ એસોસિએશનને અર્પણ કરી હતી. કળાનો ઉપયોગ એમણે ધંધાકીય રીતે નથી કર્યો. તેમજ કીર્તિધનના મોહમાં પણ એ કદી લપટાયા નથી. એ પૂર્ણ ભર્યુંભાદર્યું જીવન જીવ્યા. ક્ષરદેહે એમણે ભલે વિદાય લીધી પણ એમના ચાહકો અને મિત્રની સ્મૃતિમાં એ કાયમ જીવંત રહેશે.

-ડૉ. હર્ષિદા રામુ પંડિત

ફિરદોસ અમૃત કેન્દ્રના વિદ્યાર્થીઓનો એક સ્તુત્ય પ્રયોગ

ફિરદોસ અમૃત કેન્દ્રનાં ધોરણ ચારથી દસ સુધીનાં વિદ્યાર્થીઓની મુદ્રણક્ષમ કૃતિઓનું (ગ્રાફિક્સ કૃતિઓનું) એક નોંધપાત્ર






લીનોકટ-'૯૭ : અપરાજિતા ↕ મોનોપ્રિન્ટ '૯૭ : હિરવા બકેરી ➡



કોલોગ્રાફી-'૯૭ : અનોલી શાહ



મોનોપ્રિન્ટ-'૯૭ : ફેની



કોલોગ્રાફી-'૯૭ : રેવન્તા સારાભાઈ

પ્રદર્શન રવિશંકર રાવળ કલાભવનમાં યોજાઈ ગયું.

યુવા કલાકારોની કૃતિઓમાં ત્રણ પ્રકારની કૃતિઓ જોવા મળી - મોનો-પ્રિન્ટ્સ, કોલોગ્રાફી પ્રિન્ટ્સ, લિનોકટ કૃતિઓ. સૌથી વધુ કૃતિઓ મોનો-પ્રિન્ટ્સ જ હતી. ફેનીની કૃતિઓ પ્રિન્ટ ટેકનિકના જ્ઞાનને કારણે વધુ ધ્યાનપાત્ર હતી. અન્ય વિદ્યાર્થી-ઓની કૃતિઓ પણ તેમની નૈસર્ગિક અને વિસ્મયની અભિવ્યક્તિ અને તેમના પર્યાવરણના કુતૂહલપૂર્ણ નિરીક્ષણને કારણે ધ્યાનપાત્ર બની. તેમની કૃતિઓના આકારો અને રંગોમાં સાદાઈ વર્તાતી હતી. તેમના વિષયો મોટે ભાગે પ્રકૃતિ અને માનવાકૃતિઓ - ચહેરાઓ હતા. જે સ્વતંત્રતાથી અને રમત-આનંદથી તેમણે પ્રિન્ટ કાઢવાની પ્રક્રિયામાં રસ લીધો હશે તે તેમની કૃતિઓમાં પણ અભિવ્યક્ત થયો છે. તેમાં તેમના મનમાંથી સીધી દશ્યકલ્પન કૃતિઓ જ સર્જાઈ છે. તેમાં તેમની નિર્દોષતા, જીવન અને પ્રકૃતિને વિસ્મયથી જોવાની દૃષ્ટિ અને નિરીક્ષણનાં દર્શન થાય છે. તો રંગો, રૂપો અને રેખાઓ સાથે આનંદપૂર્વક રમત-ગમત કરવાની તેમની વૃત્તિઓનાં પણ દર્શન થાય છે.

અંતમાં, આવા વિદ્યાર્થીઓનાં ગ્રૂપ પ્રદર્શનોનો સૌથી મોટો ફાયદો શૈક્ષણિક છે. એક નવા માધ્યમ સાથેનો તેમનો સંસર્ગ તેમજ તેમની સર્ગશક્તિને બહાર લાવવાની તકો મળે છે. -

-બંસીલાલ દલાલ

સ્વાતંત્ર્યનાં પચાસ વર્ષ નિમિત્તેની ઉજવણીને ઝડપતી છબીઓનું પ્રદર્શન

કમિશનરેટ ઓવ યૂથ સર્વિસિસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગુજરાત દ્વારા આયોજિત એક નોંધપાત્ર રાષ્ટ્રિય કક્ષાનું

COLOUR



FIRST PRIZE



SECOND PRIZE



THIRD PRIZE



CONSOLATION PRIZE 5



CONSOLATION PRIZE 4



CONSOLATION PRIZE 4

BLACK & WHITE



SECOND PRIZE



FIRST PRIZE




THIRD PRIZE



CONSOLATION PRIZE 5


ફોટોગ્રાફિક પ્રદર્શન રવિશંકર રાવળ ગેલેરીમાં યોજાઈ ગયું. તેમાં 'ઉજવણી'ના પ્રસંગોને રજૂ કરતી શ્વેત-શ્યામ તથા રંગીન તસવીરો રજૂ થઈ હતી. કુલ ૨૩૯ તસવીરો પ્રદર્શિત થઈ. તેમાં શ્વેતશ્યામ તથા રંગીન એમ બે વર્ગની તસવીરોને અનુક્રમે પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા પાંચ આશ્વાસન ઈનામો આપવામાં આવ્યાં. શ્વેત-શ્યામ છબીઓમાં વડોદરાના કમલ રાણા, નફિસખાન તથા અમદાવાદના આનંદ પટેલની તસવીરો તેમના વિશિષ્ટ દૃષ્ટિકોણને કારણે નોંધપાત્ર હતી. રંગીન તસવીરોમાં વડોદરાના મધુસૂદન ગાંધી તથા ઘનશ્યામ કહારની તસવીરો તથા અમદાવાદના કિશોરસિંહ રાઠોડની તસવીરો નોંધપાત્ર રહી. મોટા ભાગની તસવીરો 'ઉજાણી'ના આનંદપૂર્ણ વાતાવરણને ઝડપે છે.

- બંસીલાલ દલાલ



શ્રી રવિશંકર રાવળ (કેરિકેચર)

સાહિત્યસંપર્ક



શ્રી ઠાકરભાઇ મિસ્ત્રી જૂના પઢાના કલાકાર છે. એમણે અનેક ગુરુઓ પાસેથી કલાની શિક્ષા-દીક્ષા પ્રાપ્ત કરી હતી. એઓ ચિત્ર, શિલ્પ, ફોટોગ્રાફી, સ્થાપત્યકલા, શિલ્મ ઉદ્યોગ, ભીંતચિત્રો, પોર્ટ્રેઇટ્સ, ભવ્ય લગ્ન મંડપોના સૃષ્ટા ઉપરાંત કલાને લગતી બેંતાલીસ પ્રકારની ટેકનિકો જાણે છે. સંગીતનો અભ્યાસ, સાહિત્યની સૂઝ તથા અનેક વિદ્વાન મહાનુભાવો સાથેનો સ્નેહ, પરિચય એમની મૂડી છે.

આજે ત્યાશી વર્ષની જૈફ ઉંમરે, શરીરની શિથિલતા હોવા છતાં સતત નિયમિત ચિત્રસર્જન કરે છે. એમની પાસે અનુભવોનો ભંડાર છે. ચિત્રકલામાં તૈલરંગો પર એમનો અધિકાર અચરજ પમાડે એવો છે. તેઓ યુરોપ-અમેરિકાના પ્રવાસે ત્રણ વાર ગયા હતા. અનેક આત્મીય મિત્રોના સહકારથી આ પ્રવાસો યોજાયા હતા. કલાતીર્થોની મુલાકાત, કલાની સૂક્ષ્મતાનો અભ્યાસ, ઐતિહાસિક તથા સાંસ્કૃતિક પરિચય, અનેક પ્રકારની કલા-પદ્ધતિ (Technical)નું વિશ્લેષણ, સામાજિક, રાજનૈતિક, ઔદ્યોગિક અને ત્યાંની સંસ્કારિક પરિસ્થિતિ, જાહેર જોવાલાયક સ્થળો, એની વિશિષ્ટતા ઇત્યાદિનું સૂક્ષ્મ અવલોકન કરી 'યુરોપ અમેરિકાનાં કલાધામો' ગ્રંથનું નિર્માણ કર્યું છે. આ ગ્રંથમાં ખાસ કરી મ્યુઝીઅમો, વિશાળ ભવનો, ડિપાર્ટમેન્ટલ સ્ટોરો, ધાર્મિક સ્થાનો વગેરેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

અનભિજ્ઞ વિદેશી પ્રદેશોમાં ભાષાની અગવડ છતાં ઠંડીના દિવસોમાં દરરોજ વીસ-પચ્ચીસ કિલોમીટર ચાલીને શક્ય એટલી માહિતી મેળવવા પ્રયત્નો કર્યા છે.

વિસ્તૃત અને વિપુલ માહિતીપ્રદ આ પુસ્તક ૩૭ પ્રકરણોમાં વહેંચાયેલું છે.. આ ગ્રંથ કલાકારો, કલાના વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ, કલાના અભ્યાસીઓ, અને વાચનપ્રિય વ્યક્તિઓ માટે પ્રચુર માહિતી દર્શાવે છે. શ્રી ઠાકોરભાઈનો જીવ તો કલાકારનો જ છે. આ પ્રવાસોમાં કેન્દ્રસ્થાને મહાન કલાકારોની કૃતિઓનું દર્શન કરવાનો એમની કલાનું રહસ્ય સમજવાનો જ હતો. એમણે મ્યુઝીઅમો, આર્ટ ગેલેરીઓ, સ્મારકો, રાજ્યપરિવારના દબદબાભર્યા કલાવારસાનો, ત્યાંની સામાન્ય પ્રજાના કલાપ્રેમનું અભ્યાસપૂર્વક નિરીક્ષણ કર્યું છે. એની થોડી ઝલક અહીં આપું તો અસ્થાને ન ગણાય.

એમણે કલાધામોને વિભાજિત કર્યાં છે. પ્રથમ યુરોપ અને બે વિભાગમાં અમેરિકા. યુરોપ કલા-સંસ્કૃતિથી સમૃદ્ધ છે, જ્યારે અમેરિકા ધનાઢ્ય છે. જો કે આ દેશોએ મ્યુઝીઅમો અને કલાસંપત્તિની જાળવણી અદ્‌ભુત રીતે કરી છે.

યુરોપ ખંડમાં ગ્રીસ, ઈટાલી અને સ્પેન કલાની દૃષ્ટિએ વિશેષ સ્થાન ધરાવે છે. યુરોપના પુનરુત્થાન કાળમાં ઈટાલીએ જગતવ્યાપી કલાકારો આપ્યા. રોમ, પીસા ફ્લોરેન્સ, વેનિસ, મિલાનનું સ્થાન વિશિષ્ટ છે. માઈકેલ-એન્જેલો, લિયોનાર્દો-દ-વિન્સી, રાફેલ, લોરેન્ઝો, ગીઓટો, બોટીસેલી, ગેલેલિયો, કવિદાન્તે, જેવા કલાકારો, શિલ્પીઓ, વિજ્ઞાનીઓ અને સાહિત્યકારો ઈટાલીએ આપ્યા.

સિસ્ટાઈન ચૅપલની દીવાલો અને છત કલાના ઉત્તમ નમૂનાથી સજ્જ છે. લિયોનાર્દો-દ-વિન્સી, રાફેલની અજોડ કૃતિઓ ત્યાં સચવાયેલી છે. એન્જેલોનું 'ધી લાસ્ટ જજમેન્ટ' વિશાળ ચિત્ર છે. એમ્ફિ થિયેટર રોમનું સૌથી પ્રાચીન થિયેટર છે. તેનો વિસ્તાર ૬૧૭ x ૫૧૨ ફૂટ જેટલો છે. ફ્લોરેન્સની નાશલીલાનું વર્ણન વાંચતાં રૂંવાડાં ખડાં થઈ જાય. કળાની અમૂલ્ય નિધિનો નાશ. એક લાખ તીસ હજાર નેગેટિવો અને આઠ લાખ પુસ્તકોને નુકસાન પહોંચ્યું હતું!

નેધરલેન્ડમાં અમસ્ટરદામમાં એક વિશાળ ખંડમાં 'લાસ્ટ સપર'નું ચિત્ર છે. આ ભીંતચિત્ર માટે કહેવાય છે કે 'It is grand in style, grand in size and grand in conception.' આ ચિત્ર લિયોનાર્દો-દ-વિન્સીએ ૧૪૯૫-૯૭ માં ચીતર્યું હતું. પેરિસનાં મ્યુઝીઅમ જોવા માટે મહિનાઓ જોઈએ. બધી આર્ટ ગેલેરીઓ જોવા માટે ૪૫ કિલોમીટર ચાલવું પડે. જગપ્રસિદ્ધ 'મોનાલીસા'નું પ્રખ્યાત ચિત્ર અહીં છે. લિયોનાર્દો-દ-વિન્સીએ આ ચિત્ર કર્યું હતું.

લંડન શહેર ખૂબ સમૃદ્ધ છે. ચર્ચો અને મ્યુઝીઅમોથી ભરેલું છે. એક આર્ટ ગેલેરીમાં ૪૦૦૦ જેટલાં પોર્ટ્રેઇટ્સ છે. લંડનની નેશનલ ગેલેરી ખૂબ વિશાળ છે. ૧૩મી સદીથી ૧૯મી સદી સુધીના ચિત્રકારોનાં ચિત્રો છે.

'રોયલ અકાદમી ઑફ આર્ટ' - માહિતી મુજબ ૭૦૦૦ વિદ્યાર્થીઓ ઉત્તમ કલાકાર તરીકે ખ્યાતિ પામ્યા. બ્રિટિશ લાયબ્રેરીમાં એક કરોડ અને પંચાવન લાખ પુસ્તકો છે. એક દુર્લભ પુસ્તકની લંબાઈ ત્રણ ફુટની છે. અહીં મહાભારત અને રામાયણ તથા હિન્દુ ગ્રંથોની ૩૦૦ થી ૪૪૦ વરસ જૂની હસ્તલિખિત પ્રતો છે. લંડનમાં તુસોદનુન જગવિખ્યાત વેક્સ મ્યુઝીઅમ છે. ઈજીપ્તના તુતનખામનનું કોફિન ૧૧૦.૪ કિલોગ્રામ સોનાનું છે. લંડનમાં રોયલ વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યુઝીઅમ, ન્યૂયૉર્કમાં મેટ્રોપોલિટન

મ્યુઝીઅમ, જર્મની અને ફ્રાન્સમાં પેરિસમાં, રોમમાં પણ વિશાળ મ્યુઝીઅમો છે.

લેનીનગ્રાડની હર્મિટેજ ગેલેરીમાં ૩૦ લાખ જેટલી વસ્તુઓ સંગ્રહાયેલી છે. બ્રિટનમાં ધાર્મિક સ્વતંત્રતા હોવાથી ત્યાં દરેક ધર્મનાં મંદિરો છે. ૩૫૦ જેટલાં જ્યુઝ કોંગ્રીગ્રેશન, ૪૦૦ મસ્જિદો છે, ૧૪૦ ગુરુદ્વારો, ૧૫૦ મંદિરો - જેમાં સ્વામીનારાયણનું મંદિર આગવી પ્રતિભાઓ ધરાવે છે.

બ્રિટનમાં પ્રાઇવેટ ફ્લેટનું એક મોટું સંકુલ લંડનમાં છે જે ૪૦ એકર વિસ્તારમાં વિસ્તરેલું છે. ૨૦૧૧ ફ્લેટ્સ છે ને ૨૦૦૦ કાર-પાર્કિંગની જગ્યા છે.

ફ્રાન્સના ચિત્રકાર કમ લાહિતે પિત્રા સાઉએ ૨૦૦ x ૪૦ મીટરના કેનવાસ પર એક વિશાળ કદનું ચિત્ર બનાવ્યું છે. જેમાં પાંચ ટન કેનવાસ, અને ૩ ટન રંગ વપરાયા હતા.

અમેરિકાના અવનવા અંશો : પ્રતિ વર્ષ અમેરિકન પ્રજા ૧૦૦ કરોડ ડોલર સંગીત અર્થે ઓપેરા કોન્સર્ટ માટે ખર્ચે છે. ૫૪ ભાષામાં ટેલીવિઝનનું પ્રસારણ અને ૨૮૦૦ ડ્રાઇવ-ઈન થિયેટરો છે.

અમેરિકાનું ઊંચામાં ઊંચું બિલ્ડિંગ ૧૧૦ માળ, ઊંચાઈ ૧૫૫૯ ફુટ, ૧૬૦૦૦ બારીઓ, એરિયા ૪૪૦૦૦૦૦ ફુટ ને ૧૬૭૦૦ માણસો તેમાં રહે છે.

દુનિયાની મોટી લાયબ્રેરી વૉશિંગ્ટનમાં છે. કેપિટલ હિલ ૧૯૮૬માં બંધાઈ. ૨૦ મિલિયન વોલ્યુમ છે. ૬૪ એકરમાં બિલ્ડિંગો જેનું કુલ ફ્લોરનું ક્ષેત્ર ૫૩૨ માઈલ જેટલું થાય, એટલું એટલાં પુસ્તકો છે.

અમેરિકાનું મોટું પેઇન્ટિંગ ૧૮૮૩માં અઢી વરસે થયું. ફ્રાન્સના ચિત્રકારે ૧૬ જેટલાં આસિસ્ટન્ટ્સ સાથે ૪૧૦ ફુટ લાંબું ૭૦ ફુટ ઊંચાઈનું, સાડા પાંચ ટન વજન ધરાવતું પેઈન્ટિંગ નોર્થ કેરોલ્ડના યુ.એસ.એસ.માં છે.

અમેરિકામાં ૩૦૦૦૦ ઉપરાંત ગ્રંથાલયો-બુકસ્ટોલો છે. ૯૬૩ મ્યુઝીઅમો છે. વરસે દસ કરોડ લોકો જોવા જાય છે.

વોલ્ટ ડેઝની : આ મહર્ષિ કલાકારે ધરતી પર સ્વર્ગ રચવાનાં સ્વપ્નોને સાકાર કર્યાં છે. આ વિરાટ સંકુલની અજાયબ નગરી, સેંકડો કલાકારો, એન્જિનિયરો, ટેક્નોલૉજિસ્ટો, વિજ્ઞાનીઓ, સાયન્ટિસ્ટો, સ્થપતિઓ, ઇલેક્ટ્રિક કમ્પ્યુટરો, ડિઝાઇન નિષ્ણાતો, જાદુગરો ભેગાં કરી જ્ઞાન, બુદ્ધિ ને પરિશ્રમ વડે તૈયાર થએલું આ માયાવી નગર આશ્ચર્ય ઉપજાવે છે. કરોડો લોકો એ જોઈ આનંદ અનુભવે છે. વરસો જૂની અમેરિકન લાયબ્રેરી ઑફ કોન્ગ્રેસ, દુનિયાની સૌથી મોટી લાયબ્રેરી જેમાં ૩૭૦ ભાષાનાં પુસ્તકો છે. ૫૦૦૦ માણસો કામ કરે છે. ૮૬૦ કિલોમીટર લંબાઈની આલમારીઓ, ૮૦ કરોડ ચીજવસ્તુઓ સચવાઈ છે. ૨૦ કરોડ પુસ્તકો છે. ૨૩ વિશાળ વાચક ખંડો છે. ૮૦૦૦ સ્કવેર મીટર સ્ટોરની કેબિનેટમાં ૪ કરોડ નકશાઓ, અને ઈ.સ. ૧૪૮૨નો એટલાસ છે. ૯ કરોડ પોસ્ટર્સ સંગ્રહાલયમાં છે. અંદાજે દર વરસે ૭૦૦૦૦ પુસ્તકો નાશ પામે છે.

ચિત્રોની દુનિયામાં કેટલાક વિશિષ્ટ ચિત્રશૈલીના ચિત્રકારોની કૃતિઓ છે. જેમાં ડચ, ઈટાલિયન, ઇંગ્લિશ, સ્પેનીશ કલાકારોનું રિયાલીસ્ટિક ગ્લાસ વર્કસ, સ્કોઝ કોરિયાબાજ, રોનેકો વ. ખૂબ કાળજીપૂર્વક સંગ્રહાયેલાં છે જે સમગ્ર માનવજાતિની આપેલાં પેઢીની સંસ્કાર વારસાની સદાય યાદ આપતી રહેશે.

મહાન કલાકારો, લિયોનાર્દો-દ-વિન્સી, માઈકલ એન્જલો, મોને, માન્તે, સેઝાં, વાનઘોઘનાં ચિત્રો અમેરિકામાં ન્યૂયોર્ક સિટીના મ્યુઝીઅમમાં છે.

દરેક વિષયનાં કુલ ૬૨ જેટલાં મ્યુઝીઅમો, સોસાયટીઓ, ગેલેરીઓ, ચાર્ટ મ્યુઝીઅમો, એકેડેમીઓ વ. છે.

આમાંનું ઘણું શ્રી ઠાકોરભાઈએ સ્વયં જોયું છે, અને એક વિશાળ ગ્રંથમાં સચિત્ર પ્રગટ કર્યું છે. આ પુસ્તક શાળાનાં પુસ્તકાલયોમાં, જાહેર ગ્રંથાગારમાં, પ્રવાસીઓ અને કલારસિકોએ વસાવવા જેવું છે. **- વાસુદેવ સ્માર્ત**

પ્રાપ્ય પ્રકાશનો

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. ('સંસ્કૃત' બિલ્ડિંગ, ત્રીજે માળે, ગુજરાત હાઈકોર્ટ રોડ, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯)નાં પ્રકાશનો:

વેવલેન્થ : લેખિકા : ડૉ. જયા મહેતા, પ્ર. આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૧૩૦, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૭૫. ડૉ. સુરેશ દલાલની મુલાકાત અંગેના આ પુસ્તકમાં લેખિકાએ એમની પ્રવૃત્તિઓ અને જીવનનાં પાસાં સાંકળી લીધાં છે.

આવતી કાલ.... મારી પ્રિયતમા : લે. સુરેશ દલાલ. પ્ર. આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૧૬૮, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૧૨૦. વિવિધ કવિઓની પંક્તિઓ સાથે કરાવેલા રંગદર્શી પરિચયનું પુસ્તક.

તરાપો : લે. : સુરેશ દલાલ, પ્ર. આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૧૪૨, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય રૂા. ૧૦૦. ગુપ્ત નામોથી પ્રકાશિત થયેલાં કાવ્યોનો આ સંગ્રહ છે.

ઝળહળ : લેખક : ભગવતીકુમાર શર્મા, પ્ર. આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૯૫, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય રૂા. ૬૦. ભક્તિગીતોના ગુચ્છ સાથેનો રંગદર્શી કાવ્યોનો સંગ્રહ. એમાંથી એક શેર: 'ઉદાસી આ સૂરજની આંખે ચઢી છે.'

શો મસ્ટ ગો ઑન : લેખક શાહબુદ્દીન રાઠોડ, પ્ર. આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ ૧૫૬, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય રૂા. ૧૨૦. આ સંગ્રહના લેખોમાંથી અનેક પ્રકારનું હાસ્ય નિષ્પન્ન થાય છે. એમાં હ્યુમરનું ઊંડાણ ભારોભાર છે.

જળ પર હસ્તાક્ષર : અનુવાદક કિશોર શાહ, પ્ર. આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૧૨૬, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૧૦૦. ઓશો રજનીશનાં 'સિગ્નેચર ઑન વૉટર'માંનો અનુવાદિત કાવ્યોનો સંગ્રહ.

પરિવર્તનને પંથે : સંપાદન ચિમનલાલ ત્રિવેદી, પ્ર. આવૃત્તિ : ૧૯૯૦, પૃષ્ઠ : ૩૨૯, ડીમાઈ,કાચું પૂંઠું, મૂલ્ય : રૂા. ૨૦૦. સ્વામી સચ્ચિદાનંદના લેખોનો સંચયગ્રંથ હૃદય અને બુદ્ધિને કેળવવામાં અસરકારક નીવડી શકે તેવો છે. વૈશ્વિક ચિંતનમનનને અંતે સ્ફુરેલી સાધુહૃદયની આ નિર્મળ વાણી છે.

આયુર્વેદ અને ઔષધી - ૭

તુલસી

દરેક ઘરને આંગણે તુલસી હોવી જ જોઈએ. કહે છે કે તુલસી અને ગાય, તેને ઘેર વૈદ્ય ન જાય. તુલસીના છોડ પાસે તુલસીના માંજર પડે છે. ચોમાસામાં આ માંજરમાંના બીમાંથી તુલીસીનો છોડ થાય છે. તુસલીનાં બી વાવવાથી પણ તુલસીનો છોડ થાય છે. ચોમાસામાં તો તે વધ્યા જ કરે છે. દેવ-દિવાળીને -કારતક સુદિ ૧૧ને -દિવસે તુલસી-વિવાહ પછી તે સુકાવા લાગે. શ્વેત (રામ) અને કૃષ્ણ એમ બે પ્રકારની તુલસી થાય છે. તેમાં કૃષ્ણ તુલસી વધુ ગુણકારી છે.



તુલસીનાં પાન જ ઔષધ તરીકે ઉપયોગી છે. રોજ ૫ થી ૭ તુલસીનાં પાન ચાવીને ખાવાં જોઈએ. આપણે પ્રસાદમાં, પંચામૃતમાં કે ચરણામૃતમાં આ રીતે રોજ તુલસીનાં પાનનું સેવન કરીએ છીએ. તુલસીનાં પાનને વાટી તેનો રસ કાઢીને પણ ઉપયોગ કરી શકાય. પાનને સૂકવી તેના ચૂર્ણનો ઉપયોગ પણ થઈ શકે. તુલસી ગરમ છે એટલે ગરમ પ્રકૃતિવાળા, પિત્તના રોગી અને ચામડીના રોગીએ તેનો ઓછો ઉપયોગ કરવો જોઈએ.

તુલસી ગરમ હોવાથી કફના તમામ રોગોમાં અતિ ઉપયોગી છે. શરદી, સળેખમ, સસણી, ઉધરસ, શ્વાસ જેવા કફના રોગોમાં તુલસીના સેવનથી લાભ થાય છે. તેનો કફહર ઔષધ સાથે અનુપાન તરીકે પણ ઉપયોગ થઈ શકે. આ ઉપરાંત પાચનતંત્રના રોગોમાં પણ તે ઉપયોગી છે. ભૂખ મરી જવી, પાચન બરાબર ન થવું. પેટનો દુખાવો, પેટના કૃમિ વગેરેમાં પણ તુલસીનો ઉપયોગ થઈ શકે. ફ્લૂ અને મલેરિયા જેવા તાવમાં તો તુલસી અક્સીર છે. તેનાં પાન મરીના ભૂકા સાથે મેળવીને ધીમે ધીમે ચાવીને ખાવાથી તાવ ઊતરવા લાગે છે. શરીરની તૂટ, અશક્તિ, તાવની ઠંડી વગેરે મટાડે છે.

આ ઉપરાંત તુલસી બુદ્ધિવર્ધક, હૃદય, ચાક્ષુષ્ય છે. વળી તે જંતુઘ્ન છે તુલસીના કારણે મચ્છર, ડાંસલા, ચાંચડ વગેરેનો ત્રાસ ઘટે છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા





શ્રાવણ માસ સોહામણો, હિંડોળાના રે દંન;
હિંચે તે ગોરી રાધિકા, ઘણું પીડે અનંગ.
શ્રાવણે પાક્યો આંબલો, કોને કરીએ ભેટ;
રત્નાના સ્વામી રે શામળા, આજો જમુનાને બેટ.

- રત્નો

કવિ પ્રદીપજીને દાદા ફાળકે ઍવોર્ડ

'દૂર હઠો અય દુનિયાવાલો હિંદુસ્તાન હમારા હૈ' - એ મશહૂર ફિલ્મી ગીતના રચયિતા વયોવૃદ્ધ કવિશ્રી પ્રદીપજીને તા. ૧૧મી જુલાઈ ૧૯૯૮ને રોજ પિસ્તાલીસમા રાષ્ટ્રિય ફિલ્મ એવોર્ડ અર્પણના કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ કે. આર. નારાયણનના હસ્તે ફિલ્મી-દુનિયાનો પ્રતિષ્ઠિત ગણાતો દાદા ફાળકે એવોર્ડ એનાયત થયો.

પ્રદીપજીનો જન્મ છઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૧૫ના રોજ ઉજ્જૈન જિલ્લાના બડનગર શહેરમાં થયો હતો. તેમનું નાનપણનું નામ પં. રામચન્દ્ર દ્વિવેદી (દવે) હતું. પ્રદીપજીના વડવાઓ મૂળ ઉત્તર ગુજરાતના ઔદિચ્ય બ્રાહ્મણ હતા, પણ કોઈ કારણવશાત્ ગુજરાત છોડી ઉત્તર ભારત ગએલા અને કાળક્રમે ત્યાં જ સ્થાયી થએલા. પ્રદીપજીએ ઇન્ટર સુધીનો અભ્યાસ અલ્હાબાદમાં કર્યો હતો, અને લખનૌ યુનિવર્સિટીમાંથી બી.એ. થયા. ત્યાર પછી એક શાળામાં શિક્ષક તરીકે પ્રદીપજીએ



રાષ્ટ્રપતિ કે. આર. નારાયણન તથા કેન્દ્રનાં માહિતી અને પ્રસારણ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ પ્રદીપજીના આશીર્વાદ મેળવતા.

પોતાની કારકિર્દીની શરૂઆત કરી.

શિક્ષકનો વ્યવસાય કવિતાની સાધનામાં ઘણો મદદરૂપ બન્યો. એમની ઉચ્ચ સ્તરની રચનાઓ સાંભળતાં આપણને એમ પણ લાગે કે, ફિલ્મક્ષેત્ર કરતાં જો તેઓ સાહિત્ય ક્ષેત્રે પ્રવૃત્ત થયા હોત તો ઘણી વધારે પ્રતિષ્ઠા મેળવી શક્યા હોત.

સુકલકડી કાયાવાળા પ્રદીપજી શાંત, સૌજન્યશીલ અને પ્રેમાળ વ્યક્તિ તરીકે ઊપસી આવ્યા હતા. જ્યારે તેઓ પોતાની રચના રજૂ કરતા હોય ત્યારે શ્રોતાઓને જાણે કવિતાનું ઝરણું કલકલ કરતું વહેતું હોય એવો અનુભવ થાય.

એક વાર મથુરામાં એમની જ્ઞાતિની એક પરિષદ યોજાએલી, એમાં અમદાવાદથી શ્રી રવિશંકર રાવળ પણ ગયેલા. પ્રદીપજીના મોટા ભાઈએ તેમનો પરિચય રવિશંકર રાવળ સાથે કરાવ્યો. એક કલાકાર બીજા કલાકારને તરત પારખી લે છે. રવિભાઈ ચિત્રકાર અને કવિતાના ચાહક એટલે પ્રદીપજીમાં તેમને રસ પડ્યો. રવિભાઈ પ્રદીપજીને પોતાની સાથે મુંબઈ લઈ ગયા. અહીં વિલેપારલેમાં તેઓ એક સ્નેહી મિત્રને ત્યાં ઊતર્યા. એ સમયે વિલેપારલે મુંબઈના સાહિત્યધામ તરીકે ગણાતું. ત્યાંની હાઈસ્કૂલમાં પ્રદીપજીનાં ગીતોનો કાર્યક્રમ રખાયો. પ્રદીપજીની રચનાઓ એમના જ મધુર કંઠમાં સાંભળી સમગ્ર શ્રોતાગણ મુગ્ધ થઈ ગયો.આ શ્રોતાઓમાં બૉમ્બે ટોકિઝના દિગ્દર્શક હિમાંશુ રોયના વિશ્વાસુ શ્રી નૃસિંહપ્રસાદ આચાર્ય પણ આવેલા. તેઓ પ્રદીપજીને બૉમ્બે ટૉકિઝના સ્ટુડિયો પર લઈ ગયા અને હિમાંશુ રોયનો પરિચય કરાવ્યો અને તેમને કામ આપવાની ભલામણ કરી. ટ્રાયલ થિયેટરમાં દેવિકારાણી, અશોકકુમાર, એસ. મુખરજી અને જ્ઞાન મુખરજીની સમક્ષ કસોટી પાર કરી. અને એમને 'કંગન' ફિલ્મ માટે ચાર ગીતો લખી આપવાનું કામ સોંપાયું. નસીબે તેમને યારી આપી અને એ ફિલ્મનાં ચારેય ગીતો ઘણાં જ લોકપ્રિય થયાં.

હિમાંશુ રોયે એમને નોકરી માટે ઑફર કરી. શાળામાં શિક્ષક તરીકે તેમને અલ્હાબાદમાં સાઠ રૂપિયા મળતા હતા તેની સામે અહીં એમને રૂપિયા બસોના પગારથી નોકરી મળતી હતી, તે તેમણે સ્વીકારી લીધી અને એ રીતે તેઓ ફિલ્મ-જગતમાં પ્રવેશ્યા અને મુંબઈ-વિલેપારલેમાં સ્થાયી થયા.

પછી તો પ્રદીપજીને ફિલ્મી ગીતો રચવાનું કામ મળવા લાગ્યું. ઈ. ૧૯૪૦ માં 'બંધન' ફિલ્મનાં 'ચલ ચલ રે નવજવાન, કહના મેરા માન' અને 'ચના જોર ગરમ બાબુ મૈં લાયા મજેદાર' એ ગીતોએ તો યુવાનોમાં નવું જોમ પ્રગટ કર્યું.

આમ, શ્રી રવિશંકર રાવળે પ્રદીપજીને મુંબઈ લાવી પોતાની જાણકારીવાળા ફિલ્મી મિત્રોમાં તેમનો પરિચય કરાવ્યો, અને બંને ગાઢ મિત્રો બની ગયા.

કવિ પ્રદીપજી શ્રી રવિશંકર રાવળ સાથે અવારનવાર અમદાવાદ આવતા અને ત્યારે કુમાર કાર્યાલયની મુલાકાત અવશ્ય લેતા. અને દર બુધવારે રાત્રે યોજાતી 'કુમાર'ની બુધવાર કવિતા-સભામાં અચૂક હાજરી આપતા. અહીં એમને 'કુમાર' ના તંત્રી શ્રી બચુભાઈ રાવતનો અને કવિ ઉમાશંકર જોશી, બાલમુકુંદ દવે વગેરે જેવા કેટલાય કવિઓનો પરિચય થયો. દરમિયાનમાં પ્રદીપજી રાજકોટના પ્રતિષ્ઠિત કુટુંબનાં શ્રી ભદ્રાબહેન સાથે ગાઢ પરિચયમાં આવ્યા અને ઈ. ૧૯૪૨માં તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગયા.


કવિ પ્રદીપજી પ્રૌઢ વયે

એ સમયમાં ભારતમાં ગાંધીજીની '૪૨ની ક્રાંતિકારી લડત જોરશોરમાં ચાલતી હતી. સમગ્ર ભારતના યુવાનોમાં આઝાદીનું ઝનૂન ખૂબ જલદ અને ટોચ પર હતું, અને 'કરેંગે યા મરેંગે'નો નાદ યુવાન હૈયાંઓમાં સતત ગાજતો હતો. એવામાં ઈ. ૧૯૪૩માં 'કિસ્મત' ફિલ્મ આવી અને સતત એક જ થિયેટરમાં સાડાત્રણ વર્ષ સુધી દર્શાવ્યાનો 'રેકૉર્ડ કર્યો. એ ફિલ્મનું કવિ પ્રદીપજીનું લોકપ્રિય ગીત 'દૂર હઠો અય દુનિયાવાલો હિન્દુસ્તાન હમારા હૈ' - એ ગીતે તો ભારતની આઝાદી ઝંખતા પ્રત્યેક ભારતવાસીની મનોભાવનાને એકદમ ઉગ્ર બનાવી દીધી. અને પરદેશીઓ 'હિંદ છોડો' એ લડત સમગ્ર ભારતમાં ઉગ્રપણે વ્યાપી ગઈ. એ જમાનામાં આવાં ગીતોને સેન્સરમાંથી પાસ કરાવવા માટે પ્રદીપજીને ભારે જહેમત લેવી પડી હતી.

પછી તો પ્રદીપજીએ એ સમયની ઘણી ફિલ્મોમાં એક એકથી ચડિયાતાં ગીતો રચીને ભારતની જનતાનો - યુવાનોનો પ્રેમ સંપાદન કરી લીધો. ઈ. ૧૯૪૭માં દેશ આઝાદ થયો અને સ્વતંત્રતા આવી. દરમ્યાનમાં કવિ પ્રદીપજીએ દેશપ્રેમનાં ઘણાં ગીતો લખ્યાં અને ફિલ્મોમાં પ્રકટ થયાં.

ઈ. ૧૯૬૨માં આપણા પડોશી દેશ ચીને 'હિન્દીચીની ભાઈ ભાઈ'ની વ્યાપક ભાવનાને ફગાવી દઈ, ભારતની સરહદો પર આક્રમણ કર્યું. આપણો આખો દેશ અને તે સમયની સરકાર ચોંકી ઊઠી. ચીનના એ આક્રમણ વખતે ભારતના સંખ્યાબંધ નવજવાનો શહીદ થએલા. એ જવાનોને શ્રદ્ધાંજલિ

અર્પણ કરવાના એક સમારંભમાં કવિ પ્રદીપજીએ રચેલું અને સૂરસામ્રાજ્ઞી લતા મંગેશકરના મુલાયમ મધુર કંઠે ગવાએલું ગીત - 'અય મેરે વતન કે લોગો...' - એ ગીતે તો ઘણાય શ્રોતાઓની આંખો આંસુથી છલકાવી દીધી હતી. આજે પણ એ ગીત અવારનવાર ટી.વી. - રેડિયો - સમારંભોમાં સંભળાયા કરે છે અને ભવિષ્યે સંભાળાયા કરશે.

પ્રદીપજીએ બધાં જ નામાંક્તિ સંગીતકારો માટે ગીતો લખ્યાં છે. એમણે સંસ્કૃતનિષ્ઠ હિંદીમાં જ ગીતો લખ્યાં છે. ૪૦-૫૦ના દાયકાની ફિલ્મોમાં રાષ્ટ્રભક્તિ પ્રેરિત અસંખ્ય ગીતો કવિ પ્રદીપજીએ રચ્યાં છે. અને તે સમયે ભારતની સમગ્ર પ્રજાનો ઉત્સાહ અને જોમ તેમણે વધાર્યાં હતાં; તો બીજી તરફ અંગ્રેજોનો પ્રકોપ પણ તેમણે ઘણો વેઠ્યો હતો. આમ તેઓ એક રાષ્ટ્રિય કવિ તરીકે પ્રતિષ્ઠા પામ્યા.

જ્યારે આજે આપણો દેશ આઝાદીની ૫૦મી વર્ષગાંઠ ઊજવી રહ્યો છે ત્યારે ભારત સરકારે ઈ. ૧૯૯૭નો 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર-એવોર્ડ' પ્રદીપજીને એનાયત કર્યો છે તે રાષ્ટ્રપ્રેમી જનતા માટે ગૌરવનો વિષય કહી શકાય.

૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઑગસ્ટ, ગાંધી જયંતી કે કોઈ રાષ્ટ્રિય તહેવાર કે કાર્યક્રમ હોય ત્યારે દૂરદર્શન, આકાશવાણી કે સમારંભોનાં લાઉડસ્પીકરો કવિ પ્રદીપજીની દેશભક્તિની રચનાઓ અચૂક પ્રસારિત કરતાં હોય છે, તેવા કવિશ્રી પ્રદીપજીને આખરે મોડે મોડે પણ તેમની રાષ્ટ્રભક્તિની કદરરૂપે આ એવોર્ડ અર્પણ થયો તે જાણે અત્યાર સુધી તેમને થતો આવેલો અન્યાય આપણી હાલની સરકારે દૂર કર્યો છે.

એવોર્ડ સ્વીકાર્યા બાદ પ્રદીપજીએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો છે કે, 'ભલે સરકારે મોડો મોડો પણ મને સર્વોચ્ચ એવોર્ડથી સન્માન્યો તેથી હું ઘણો સંતુષ્ટ છું. કેટલાકનું મરણોત્તર સન્માન થાય છે તો કેટલાકનું છેલ્લી અવસ્થાએ સન્માન થાય છે અને એવોર્ડ અપાય છે જ્યારે મને તેથી વહેલો એવોર્ડ મળે છે એ આનંદની વાત છે.'

અંદાજે ૮૩ જેટલી ફિલ્મોમાં લગભગ ૧૫૦૦થી વધુ ગીતો આપનાર પ્રદીપજીને૧૯૬૧માં સંગીત નાટક અકાદમી એવોર્ડ, ૧૯૯૫માં રાજીવ ગાંધી એવોર્ડ અને માહિતી ખાતાની 'રાષ્ટ્રિય કવિ'ની પદવી, ૧૯૯૬માં સૂરસાગર એવોર્ડ અને રાષ્ટ્રિય એકતા એવોર્ડ વગેરે એવોર્ડ અગાઉ મળી ચૂક્યા છે. ૮૪ વર્ષના બહુસન્માનિત કવિ શ્રી પ્રદીપજીને નિરામય દીર્ઘાયુષ્ય પરમાત્મા આપે તેવી અભ્યર્થના... - કાન્તિલાલ વ. રામી

કરાટે : એક યુદ્ધકળા

અશરે ૧,૪૦૦ વર્ષ પહેલાં ધર્મપ્રચારકો એક સ્થળેથી બીજા સ્થળે, એક દેશથી બીજા દેશમાં જ્યારે ધર્મ-પ્રચારાર્થે જતા ત્યારે તે વખતે દુર્ગમ પહાડો, ખીણો, જંગલો વગેરેમાંથી પસાર થવું પડતું અને ઠંડી-ગરમી-વરસાદ અને જંગલી જાનવરો તથા ચોર-લૂંટારાનો પણ સામનો કરવો પડતો. ધર્મમાં હથિયાર નિષેધ હોવાથી ઘણી વાર જાન પણ ગુમાવવો પડતો. કાળક્રમે તેઓએ હથિયાર વિનાની યુદ્ધકળા તથા એવી કસરતોનો આવિષ્કાર કર્યો કે જેથી ચોર-લૂંટારા તથા જંગલી જાનવરોથી રક્ષણ તો મળી શકે, સાથે સાથે ઠંડી,ગરમી, વરસાદનો સામનો કરી શકે તેવી રીતે શરીર કેળવ્યું. સૌપ્રથમ આ યુદ્ધકળા મંદિરો અને ધર્મગૃહો પૂરતી સીમિત હતી. આમ જનતામાં તેનો ફેલાવો ઘણાંય વર્ષો પછી થયો.

બૌદ્ધભિક્ષુઓ બરફના પહાડો, નદી-નાળાં, જંગલો, ચોરડાકૂઓ વગેરે મુસીબતોનો સામનો કરી ઉત્તરમાં ચીનનાં રાજ્યોમાં ધર્મ-પ્રચારાર્થે ગયા ત્યારે તે વખતના તત્કાલીન રાજા કુંગ-ફૂ વુ જુએ ધર્મ અને યુદ્ધકળાથી પ્રભાવિત થઈ બૌદ્ધભિક્ષુઓને પોતાના રાજ્યમાં રાજ્યાશ્રય આપ્યો અને યુદ્ધકળાને પ્રોત્સાહન પૂરું પાડ્યું. આમ આ કળાનો વધુ વિકાસ ત્યાં થયો. આ રાજાના નામ પરથી આ કળાનું નામ કુંગ-ફૂ રાખવામાં આવ્યું. 'કુંગ-ફૂ એટલે માનસિક અને શારીરિક શક્તિનો ભેગો ઉપયોગ.'

આમ, ધીમે ધીમે આ કળાનો ફેલાવો ઉત્તરનાં રાજ્યોમાં ખાસ કરીને ચીનમાં વધુ થયો. ચીનાઓએ સ્વરક્ષણ માટેના બીજા ઘણા દાવપેચ શોધી કાઢ્યા. તે વર્ષોમાં કબીલા પ્રથા પૂરજોશમાં હતી. અલગ અલગ રાજાઓ અલગ અલગ રાજ્યો ચલાવતા. રાજ્યના રક્ષણ માટે અને તેનો વ્યાપ વધારવા માટે ભાડૂતી સૈનિકો રાખતા. આ સૈનિકો જે તે કબીલા તરફથી લડતા અને યુદ્ધકળાના સારા અભ્યાસુઓ હતા. અત્યારે જેમ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કારખાનાંઓમાં કામકાજ થાય છે, તેવી રીતે કબીલાના ખેરખાંઓ-સરદારો પોતાની અલગ ટુકડીઓ રાખતા અને નિયમિત અભ્યાસ કરતા તથા રાજ્યના સૈન્યમાં ભાડેથી કામ કરતા. આ ખેરખાંઓ પોતાની યુદ્ધકળાના દાવપેચ ખાનગી રાખતા કેમ કે દાવપેચ જેટલા ખાનગી તેટલી યુદ્ધમાં જીતવાની શક્યતા વધારે રહેતી.

કુંગ-ફૂના કેટલાક પ્રકારો આ પ્રમાણે છે : (૧) વિંગ-ચુંન-કુંગ-ફૂ, (૨) હોપ-ગર કુંગ-ફૂ, (૩) તાઈ-ચુઆન કુંગ-ફૂ, (૪) વુ-શું કુંગ-ફૂ, (૫) આશીઆરા કુંગ-ફૂ, વગેરે. અત્યારે તો દરેકના નિયમો-દાવપેચને હળવા બનાવી જનતામાં રજૂ કરવામાં આવ્યા છે. છતાં મુખ્ય સંસ્થામાં તેની ભયાનકતા ઓછી નથી.

અહીં યુદ્ધકળાનો સામાન્ય ઇતિહાસ પ્રસ્તુત કરવા પ્રયત્ન કર્યો છે. કુંગ-ફૂની વિવિધ શૈલીઓને લઈને યુદ્ધકળાના ઇતિહાસમાં વૈવિધ્ય જોવા મળે છે, જેમાં શસ્ત્રોનો પણ સમાવેશ થાય છે.

ચીન-જાપાન વચ્ચે રાજકીય વિગ્રહોનું પ્રમાણ પુષ્કળ હતું. પ્રજા સતત ભયના ઓથાર નીચે જીવતી. ઓકીનાવા ટાપુની પ્રજાએ એમાં કેટલાક ફેરફાર કર્યા અને તે કળાને કરાટે નામ આપ્યું. 'કરા' એટલે ખાલી અને 'ટે' એટલે હાથ. ખાલી હાથની લડાઈ એટલે કરાટે.

ગિચિન ફૂનાકોશી નામના એક જાંપાની ઓકીનાવા જઈને ત્યાંથી આ કળા શીખી આવ્યા અને જાપાનમાં તેનો પુષ્કળ અભ્યાસ કરી પાંચ સ્ટાઈલોની શોધ કરી. આમ, આધુનિક કરાટેની સ્થાપનાનું શ્રેય ગિચિન ફૂનાકોશીને ફાળે જાય છે.

ભારતમાં પ્રચલિત કેટલીક સ્ટાઈલો જોઈએ :

(૧) વાડોકાઈ, (૨) ગોજુકાઈ, (૩) જુડોકરાઈ, (૪) કાનવાઈ, (૫)સોટોકાન, (૬) સીદો, (૭) ગોજીરૂયુ (ર્યુ), (૮) શોરીનરૂ, (૯) વાડો રૂયુ, (૧૦) ટે ફ્વાન ડો.

બ્લેક કેટ કમાન્ડો તરીકે ઓળખાતા સુરક્ષા દળને કુંગ-ફૂ, જુજુત્સુ, નીન્જા પ્રકારની યુદ્ધકળાની ઉચ્ચ તાલીમ આપવામાં આવે છે. જુજુત્સુ એ જુડોનું ઘાતક સ્વરૂપ છે. 'હિન્દુસ્તાની' પિક્ચરમાં હીરો કમલ હસનને યુદ્ધકળાનો નિષ્ણાત બતાવાયો છે, જે જુજુત્સુ પ્રકારની કળા છે. હાલમાં હોમ ટી.વી. પર દેખાડવામાં આવતાં 'એક્શન ડ્રામા' હમાવાર ૬૦૦-૮૦૦ વર્ષ જૂની વાતને આવરી લઈ અલગ અલગ પ્રકારની યુદ્ધશૈલી દેખાડાય છે જે રસિયાઓ નિયમિત જોતા હશે જ.

જનતામાં કરાટે પ્રત્યેનો શોખ વધતો જાય છે. કરાટેમાં કે બીજી કોઈ યુદ્ધકળામાં શરીરની મજબૂતાઈ કેળવાય તો ઘણાં ઉત્તમ પરિણામો મળે છે.

બ્રેકિંગ-તોડફોડ : લાકડાનાં પાટિયાં, પથ્થરની પાટ, નળિયાં, ઈંટો, બરફની પાટ વગેરેને એક કરતાં વધુ ગોઠવીને હાથ-પગ, માથું કે કોણીથી તોડવું 'કરાટેકા' માટે સહજ બની જાય છે. કરાટે શિખનારને કરાટેકા કહેવામાં આવે છે. ઘણા કરાટેકા એકસાથે ૧૦ થી ૧૫ વ્યક્તિઓ લાઈનબંધ ઊભી રાખી તેમની ઉપરથી કૂદી જવું, પેટ પરથી મોટર કે મોટર સાઈકલ પસાર કરવી, ખાલી હાથથી પાટિયામાં ખીલી ઠોકવી, લોખંડનો સળિયો ગળામાં વિંટાળી દેવો વગેરે માન્યામાં ન આવે અને આશ્ચર્ય પમાડે તેવા પ્રયોગો કરતા હોય છે. આવી રીતે કુશળ થયેલો કરાટેકા કોઈ અપ્રિય સંજોગો કે ખરાબ દુશ્મનથી ડરે ખરો કે ?

ઈ.સ. ૧૯૭૨માં ઇંગ્લંડ બ્રેડફોર્ડ શહેરમાં એક મકાન તોડવાનું કામ ફિલ મિલ્નર અને તેના ૧૪ જેટલા કરાટેના ઉસ્તાદોએ હાથમાં લઈ ફક્ત હાથ અને પગના ઉપયોગથી છ કલાકમાં છ ઓરડાવાળા એ મકાનને કાટમાળમાં ફેરવી નાખ્યું! બીજો એક કિસ્સો પણ જાણવા જેવો છે.ઈ.સ. ૧૯૮૨ના કૅનેડાના એલ્નોરા શહેરમાં બ્લેક લેપર્ડ કરાટે ક્લબના ૧૫ જેટલા સભ્યોએ ૭ ઓરડાવાળા મકાનને ૧૯૮ મિનિટમાં તોડી નાખ્યું - ફક્ત હાથ-પગનો જ ઉપયોગ કરીને!

અત્યારે તો કરાટે વિશે લગભગ બધા લોકો જાણતા થયા છે. ઘણી સ્કૂલોમાં ફરજિયાત વિષય તરીકે એને ઉમેરવામાં આવ્યો છે. કરાટેમાં તાકાતની સાથે યુક્તિનું પણ ઘણું મહત્ત્વ છે. એક ઉપર એક ગોઠવેલાં એકથી વધુ પાટિયાં તોડી નાખવાં અઘરાં નથી. હવે પાટિયું કે ઈંટ તૂટવાનું કારણ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી જોઈએ. કુશળ કરાટેકા ૧" જાડા પાટિયાના બે ટુકડા કરવા માગે છે. ધારો કે એક નહીં પણ છ લાકડાંનાં પાટિયાંના ટુકડા તોડવા છે.

સૌપ્રથમ એક પાટિયાને તેની બંને ધારો નીચે ટેકણિયાં ગોઠવશે. વચ્ચે કોઈ ધાર રહેશે નહીં. હવે બીજું પાટિયું પહેલા પાટિયા પર એવી રીતે ગોઠવશે કે બંને પાટિયા વચ્ચે ૧/૨ સે.મી. અંતર રહે. આ માટે બીજા બે ટેકણિયા બીજા પાટિયાની ધારો નીચે મૂકશે. એવી જ રીતે છએ છ પાટિયાં ગોઠવી દેશે. હવે કરાટેકા પાટિયાની બરાબર વચ્ચેનું નિશાન લઈ સેકંડના છ મીટરના વેગે મુક્કો વીંઝશે જેથી પાટિયાં પર એટલું દબાણ સર્જાય કે પાટિયાં ૧ સે. મી. જેટલાં નીચે વળે. વીંઝાતા મુક્કાથી ઉપર તરફ દબાણ સર્જાશે અને નીચે તરફ ખેંચાણ વર્તાશે જેથી નીચે તરફ તિરાડ પડવાની શરૂઆત થઈ તૂટવા માંડે છે. જો પાટિયું ૧ સે.મી. વળે તો ચોક્કસ તૂટી જશે. હવે ઉપરનું તૂટેલું પાટિયું તેની નીચેના પાટિયા પર દબાણ સર્જે છે. મુક્કામાંથી વહી આવતી તાકાત ઉપલા પાટિયામાંથી નીચલા પાટિયા પર જાય છે અને એમ ક્રમશઃ સેકંડોમાં છએ છ પાટિયાં પર ફરી વળે છે. આમ ઓછી તાકાતમાં વધુ પાટિયાં તોડી શકાય છે. જો મુક્કો બરાબર પાટિયાની વચ્ચે પડે તો જ નીચેના પાટિયા ઉપરના પાટિયાની સરખામણીમાં ૧ સે.મી. જેટલાં વળે, નહીં તો નીચેનાં પાટિયાં તૂટશે નહીં.

એવી રીતે ધારો કે માથાથી ઈંટ તોડવી છે. તો માથાનો વેગ સેકંડના ૧૯.૫ મીટર કરતાં વધુ હોવો જરૂરી છે. જે નવા નિશાળિયા માટે શક્ય નથી. કરાટે શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. પુરુષ કે સ્ત્રી પાંચ વર્ષથી માંડી પંચાવન વર્ષ સુધીનાં શીખી શકે છે. જાપાનમાં ૬૫ વર્ષની ઉંમરના કરાટે શીખે છે એવા દાખલા નોંધાયા છે. કરાટે શીખવા માટે કોઈ સારી સંસ્થા અને બને તો સરકારમાન્ય સંસ્થામાં જોડાઈ પ્રવીણતા પ્રાપ્ત કરવી જોઈએ.

અને છેલ્લે યુદ્ધકળાના બેતાજ બાદશાહ 'બ્રુસ-લી'ને કેમ ભુલાય! બ્રુસ-લી (૧૯૪૦-૭૨)ફિલૉસૉફર, એક્ટર, કુંગ-ફૂના ઉસ્તાદ હતા. યુદ્ધકળાના ચાહકોના દિલમાં હજીયે તે જીવંત છે. કુંગ-ફૂની દુનિયામાં આકાશના ધૂમકેતુની જેમ ચમકીને અદૃશ્ય થઈ ગયા. તેમના મૃત્યુ પર શંકાનાં વમળો હજુય ઘુમરાય છે. -ડી. પી. પટેલ ('વિજ્ઞાનદર્શન'માંથી)

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૫૯૨થી
મંગાવી, તેનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કરેલો. (તેમાં આકાર, રૂપ, રંગ, કદ, વજન, ઉપરાંત અંદરનો ગર્ભ, ગોટલો, રેસા, ગર્ભનો રંગ, સ્વાદ, મીઠાશ, સુગંધ આદિ તત્ત્વોની નોંધ કરેલી.) સન૧૯૫૫ની ગ્રીષ્મમાં મુંબઈમાં ભરાયેલા પ્રથમ અખિલ ભારતીય આમ્રફળ પ્રદર્શનમાં સૌરાષ્ટ્ર સરકારના ખેતીવાડી વિભાગ તરફથી હું ગયેલો અને ત્યાં કેરીની આઠેક જાતો પ્રદર્શિત કરેલી. તેમાં 'કેસર'ને ('હાફુસ' બહારના વર્ગમાં) પ્રથમ ઈનામ મળેલું. એ સિવાય તેમાં મૂકેલી જૂનાગઢની ખાસ જાતો, 'ખોડી' અને 'દૂધપેડો' ખૂબ વખણાયેલી. (પ્રદર્શનમાં ભાગ લઈ રહેલા, લગભગ ૪૦૦ એકરનું ફાર્મ ધરાવનાર અને કેરીની અઢીસો જેટલી જાતો ઉગાડનાર આંધ્રના સીતારામ રેડ્ડી તો તેની પાછળ ગાંડા થઈ ગયેલા. તેમણે મને તેમની પાસેની તમામ કેરીની જાતો આપેલી અને બદલામાં 'ખોડી' અને 'દૂધપેડા'નાં અમારી પાસે રહેલાં બધાં જ ફળો લઈ ગયેલા) 'ખોડી' રસની જાત છે. બહારથી ગુલાબી મોંવાળો નારંગીયો રંગ અને અંદરનો કેસરી, મીઠો અને સ્વાદપૂર્ણ સુગંધીદાર રસ એવા સર્વ ગુણો ધરાવતી આવી ઉત્તમ કોટીની રસની જાત ભાગ્યે જ મળે. જૂનાગઢના નવાબની એ ખાસ પસંદગીની જાત હતી. જ્યારે 'દૂધપેડો' તો ઘણી જ ટકાઉ જાત. બહારથી લાલાશ વગરના પીચ જેવો રંગ, મધ્યમસરનું કંઈક ચીપટા ટમેટા જેવું કદ, અને અંદરથી પાતળા કાગળ જેવા ગોટલા પર માવાના રંગ અને સ્વાદવાળો ગર્ભ ધરાવતી આ જાત તો ભારતની વિરલતર જાતોમાંની એક છે. આ સિવાય માંગરોળમાં જેનું એક જ ઝાડ હતું તે'નારંગીયા હાફુસ'નાં પાંદડાં અને ફળોમાં નારંગીની ખુશબો જોઈ જૂનાગઢ પાસે શાહપુરમાં ભરાયેલાં આમ્રદર્શનમાં, સૌ આશ્ચર્ય પામી ગયેલા. યાદ કરું છું ત્યારે ઊનાના પારસી સાવકશા શેઠના બગીચામાં 'અમરતીયો' નામની જાત માં (ઉ.પ્ર.ની 'ગુલાબખાસ' કેરીની જેમ) ગુલાબની સુરભિની વાત તાજી થાય છે.તો બીલીમોરાનાં મોહનસિંહ ચૌહાણના માંડલ ફાર્મ અને નર્સરીમાં ઉગાડેલી 'કર્નલકાદરી' નામની, બહારથી લીલા રંગની અને અંદરના ગર્ભમાં અનાનસ જેવો રંગ અને સ્વાદ ધરાવતી જાત, તથા તેમના જ ફાર્મની 'દેવરૂખીયો' નામની રસની કેરીની ઉમદા જાત, હૈદરાબાદ તરફની 'જહાંગીર' અને 'હીમામપસંદ', આંધ્રની 'ચિરકુરસમ', 'પંચધારા કલસી ' અને 'ફીરંગી લુડવા' જેવી જાતો, મહારાષ્ટ્ર અને કર્ણાટકની બદામની સોડમવાળી 'બદામી', ગોવાની હાફુસ (અલફોન્ઝો), પાયરી(પાદિરી), ઉપરાંત ઓછી જાણીતી ફર્નાન્ડીન, બિહારની ચંપાની ફૂલની ગંધવાળી અને એવા જ રસ-રંગયુક્ત 'ચંપા' નામની જાત, ઉત્તરપ્રદેશમાં બનારસનો 'લંગડો' અને લખનૌની 'દશેરી', તથા કલકત્તાની 'હિમસાગર' અને 'કોહિનૂર' મુખ્ય અને મહત્ત્વની જાતો છે. (આમાંની ઘણીખરી જાતોની કલમો મંગાવી એ વર્ષોમાં મેં જૂનાગઢના સક્કરબાગમાં વવડાયેલી.)

વળી એ જ અંકના છેલ્લા પૃષ્ઠ (ક્રમાંક ૪૪૦)પર 'કલાકણિકા'માં જે વિવરણાત્મક નોંધ છે તેમાં'પશુશાળા' છપાયું છે ત્યાં 'પટ્ટશાલા' વાંચવું જોઈએ.

- મધુસૂદન ઢાંકી (અમદાવાદ)

'કુમાર' ૮૪૨ માં જામ રણજિતના જીવનચરિત્રમાં લેખક 'મારા જ્ઞાન ગુમાનની ગાંસડી ઉતરાવો શિરેથી આજ' ના ભજનના સર્જક કવિવર રવીન્દ્રનાથ ઠાકુરને ગણાવે છે. આ હકીકતદોષ છે. તેના લેખક બંગાળના જ શ્રી ચિત્તરંજનદાસ હતા અને તેનો અનુવાદ શ્રી મેઘાણીએ કરેલો.

'કુમાર' ૭૬૨માં આપણા સંસદ ભવન અંગે લેખક લખે છેઃ 'આ બંધારણીય સત્તાના અધ્યક્ષ તરીકે આપણા પનોતા પુત્ર શ્રી વિઠ્ઠલભાઈ પટેલ નિમાયા હતા' આ વિધાનમાં હકીકતદોષ છે. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તા ૨૨-૧૦-૩૩ના રોજ વિયેનામાં ગુજરી ગયા હતા. બંધારણીય સભાના અધ્યક્ષ તો શ્રી રાજેન્દ્રબાબુ હતા.

-રમેશ દવે (અમદાવાદ)

ધ્વજ ત્રિરંગા



ઝાંસીને
(અંજલિ)
(મિશ્ર)

બની ઊઠી એ ગગને શું અશ્વની,
સ્વાતંત્ર્યની કેસરિયાળ પાંખ;
ત્રિનેત્ર થૈ દેશ તણી શું આંખો
જ્વાલા થઈ ગૈ કરતી જ ખાખ !

દૌર્બલ્ય નૈરાશ્ય તણા જ ભાવો,
વિલાસ ને આલસ દુર્ગુણોની -
રાખો થકી જન્મ ધરે હમા-શી
કો પંખિણી વિશ્વનવીને સર્જવા!

ને દેશના એ ઉરમાં જગાડી ગૈ
અભીપ્સિતાપ્રેરક ભાવનાઓ -
જે ઝંખનાની ચિનગારી રૂપમાં
દૈ ગૈ તિખારા સમ મા'નુભાવો!

જલી રહી દીપ-શિખા સમગ્ર જે
થૈ શાશ્વતી રૂપ સ્વતંત્રતા તે!
જાગી ઊઠો, એ અમ કામનાઓ,
ત્રિરંગી ઝંડે હટતાં ફિરંગીઓ !

સ્થાનસમર્પિત

અ. સૌ. દમયંતીબહેન
તનસુખરાય ઓઝાની
સ્મૃતિમાં

૧૮૯૯, રૂપાણી, આતાભાઈ એવન
ભાવનગર-૩૬૪૦૦૧

> સુખી કો' તો સુખી છીએ, 'દુખ્ખી કો' તો દુખ્ખી છીએ;
> દિવસ આઝાદીના છે, પણ ગુલામોથી પનારો છે.
>
> — અમૃત 'ઘાયલ'

> ગાંધીજીનું બળ આખરે જનતાનું બળ હતું. તે એમાંના એક હતા. આત્મીય સ્વજન. સગા ભાઈ. તે એમની જેમ જીવતા, રહેતા, ફરતા. સૌની નજીક હતા. સૌના દિલમાં હતા. માટે સૌ એમની વાત સાંભળતા, એમનો સંદેશ ઝીલતા, એમની માગણી સ્વીકારતા. (ફાધર વાલેસ)

બ્રિટનના પ્રસિદ્ધ સાહિત્યકાર જ્યોર્જ બર્નાડ શૉને એક વાર એક ભોજન-સમારંભમાં જવાનું આમંત્રણ મળ્યું. તેમાં શાકાહારીઓને ખાવા જેવું ફક્ત એક જ સલાડ હતું. દરેક લોકો ભોજન કરવા લાગ્યા, પરંતુ બર્નાડ શૉ થોડી વાર ચૂપ બેસી રહી પછી પેલું સલાડ ખાવા લાગ્યા. આ જોઈ પાસે બેઠેલા એક સજ્જન બોલ્યા: 'મિસ્ટર શૉ! આટલી સ્વાદિષ્ટ વાનગી છોડી આપ આ શું ખાઈ રહ્યા છો?' બર્નાડ શૉએ જવાબ આપ્યો : 'મારું પેટ કબ્રસ્તાન નથી. તેમાં માત્ર શાકાહારી ભોજન માટે જગ્યા છે, મડદાં માટે નહીં.'

◆ નીલગીરીનું ઝાડ સહુથી વધુ ઝડપથી ઊગે છે.

◆ લીમડાનાં પાન બાફીને સાધારણ ગરમ હોય ત્યારે સોજા પર બાંધવાથી સોજો ઊતરે છે.

◆ આદુના રસમાં સાકર નાખીને પીવાથી કફના રોગ અને વારંવાર પેશાબ થવો - બહુમૂત્રતાનો રોગ મટે છે.

◆ અંગ્રેજી મૂળાક્ષરોમાં 'O' (ઓ) જ એક એવો મૂળાક્ષર છે જે ઈ. પૂર્વે ૧૩૦૦માં શોધાયા પછી તેના આકારમાં કોઈ પણ ફેરફાર થયો નથી.

◆ વિશ્વમાં સૌથી વધુ ચિત્રો ચીતરવામાં ચિત્રકાર પાબ્લો પિકાસોનું નામ મોખરે છે.


◆ એક વિદ્યાર્થીના શાળાના રિપોર્ટમાં લખેલું: અભ્યાસ બહુ નબળો, ચાલચલગત બરાબર નહીં, અનિયમિત હાજરી. વિદ્યાર્થીએ આ વાંચી તેના પપ્પાને કહ્યું: 'પપ્પા, આપણે શાળા ઉપર માન-હાનિનો દાવો માંડીએ તો કેમ?'




કલાકાણિકા : વહાણના આગળના ભાગનો ઓકનો સ્તંભ, જેના ઉપરના છેડે કોઈ પ્રાણીનું મસ્તિષ્ક કોતરવામાં આવ્યું છે. વર્ષો પૂર્વે બેલ્જિયમમાં શેલ્ટ નદીના તળિયેથી તેને શોધી કાઢવામાં આવેલો.

ઈ. ૧૯૯૮ સંબંધિત અંકયંત્ર - ૬-૭

(માધવજી દેવળીઆ)



પોસ્ટકાર્ડ જેવા પાતળા પૂંઠામાંથી આ આકૃતિ પ્રમાણેના ચાર જુદા જુદા ચડ-ઊતર ગોળાકાર કાપી, એમાં દર્શાવ્યા પ્રમાણે આંકડાઓ લખીને, પછી ચારેને મધ્યબિંદુમાંથી ટાંકણી કે ફૂદડી જેવા સાધન વડે જોડી દો. હવે જોશો તો જણાશે કે એમાં સીધી લીટીએ આવતાં સાતે ખાનાંની રકમનો સરવાળો ૧૯૯૮ જ આવશે, એટલું જ નહીં પરંતુ એ ચારેમાંથી ચાહો તેટલા ગોળાકારોને ચાહો તેમ ફેરવતાં પણ સીધી લીટીએ




ગણિત-યંત્ર

ઉપરનાં સાત વર્તુળો માં ૪૯ આંકાડાઓને એવી રીતે ગોઠવવામાં આવ્યા છે, કે દરેક ત્રિજ્યાના સીધા ખાનામાં આવતા સાતેય આંકડાઓનો સરવાળો ૧૯૯૮


આવતાં સાતે ખાનાંનો સરવાળો પણ ૧૯૯૮ જ આવશે, આમાંના કોઈ પણ ગોળાકારની બધી રકમોમાં અમુક વધારો કે ઘટાડો કરીને સરવાળાની રકમમાં ફેરફાર કરી શકાય.

કૌશલકળાના ખેલ (૩)..........લેખક - નિરંજન ઠક્કર

શાળાનાં પ્રદર્શનોમાં કે વિજ્ઞાનમેળાઓમાં યોજી શકાય તેવો આ એક આશ્ચર્યકારક ને બુદ્ધિશાળી પ્રેક્ષકો પણ દિઙ્‌મૂઢ થઈ જોઈ રહે એવો પ્રયોગ છે. પ્રેક્ષકો સામે દોરી પર નળની ચકલી લટકાવેલી છે. આ ચકલીને કોઈ ઠેકાણેથી નળીની સાથે સંબંધ દેખાતો નથી, ને છતાં તેમાંથી નીચે રાખેલી ડોલમાં સતત પાણી પડે છે. (જુઓ આકૃતિ અ)



અ



બ

રહસ્ય : નજીકની કોઈ છૂપી જગ્યાએ સતત પાણી મળી રહે તેવી ગોઠવણ કરવી. આજુબાજુમાં નળ ન હોય તો ચકલી લટકાવી હોય એથી થોડી દૂર વધુ ઊંચે ટાંકી ગોઠવી તેમાંથી રબ્બરની નળી વડે પાણી મેળવવું. આ નળીને છેક ડોલની નીચે લાવવી. તળિયે કાણું રાખી તેની સાથે ટાંકીમાંથી આવતી નળી જોડવી. હવે ડોલના તળિયાના કાણા પર એક લાંબી કાચની નળી ગોઠવવી. આ કાચની નળીનો ઉપરનો છેડો છેક ચકલીના મોઢિયામાં ઘુસાડેલો રાખવો - ચુસ્ત રીતે નહીં, રમતો. નળીમાં પાણી ચાલુ કરવાથી તે કાચની નળી મારફતે છેક ચકલીના મોઢિયામાં આવશે અને ત્યાંથી પાછું ડોલમાં ફેંકાશે. આ પાણીની ધારની અંદર કાચની પારદર્શક નળી છુપાઈ રહેશે; પાણીની ધાર તથા કાચની નળીને જુદાં પારખી શકાશે નહિ. (જુઓ આકૃતિ-બ.) (નોંધ: કાચની નળી તદ્દન સીધી હોવી જોઈએ. ડોલના તળિયા સુધી આવતી રબરની નળીને રેતીના થર કે બીજાં આચ્છાદનો વડે ઢાંકી રાખવી. પ્રેક્ષકોની હાજરીમાં પ્રયોગ ચાલુ કે બંધ ન કરવો પણ સતત ચાલુ રાખવો.

['કુમાર' વર્ષ ૩૯, સળંગ અંક ૪૬૭, નવેમ્બર ૧૯૬૨માંથી ઉદ્‌ધૃત]